અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD
SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૩૧૯ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

## 'ભારતમાં EVM એ 'બ્લેક બોક્સ' છે, કોઈને તેની તપાસ કરવાની મંજૂરી નથી'

# એલોન મસ્કે EVM નાબૂદ કરવા માટે હાકલ કરતાં ભારતમાં રાજકીય વિવાદ

(એજન્સી) તા.૧૬

સ્પેસએક્સ અને ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે હેકિંગના જોખમોને કારણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) નાબૂદ કરવાની હિમાયત કરતા, ભારતમાં એક નવો વિવાદ ઊભો થયો છે. મસ્કની ટિપ્પણી અંગે ખાસ કરીને વિરોધ પક્ષો મજબૂત રીતે પડઘો પાડી રહ્યા છે, જેઓ લાંબા સમયથી EVMની વિશ્વસનિયતા અંગે શંકા વ્યક્ત કરી રહ્યા છે. મસ્કની આ પ્રતિક્રિયા યુનાઈટેડ સ્ટેટ્સની પ્રમુખપદની ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર રોબર્ટ એફ.કેનેડી જુનિયર દ્વારા દર્શાવવામાં આવેલી ચિંતાઓ પછી આવી છે. તેમણે પ્યુર્ટો રિકોની પ્રાથમિક ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાતા EVM સંબંધિત અનિયમિતતાઓ અંગે વાત કરી હતી. મસ્કે કહ્યું કે, આપણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોને નાબૂદ કરવા જોઈએ. માનવ અથવા AI દ્વારા હેક થવાનું જોખમ ઓછું હોવા છતાં, હજી પણ તેની શકયતા ઘણી વધારે છે. કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મસ્કની ટિપ્પણીઓનો જવાબ આપ્યો અને ભારતીય EVMને "બ્લેક બોક્સ" તરીકે લેબલ કર્યું. તેમના ઠ એકાઉન્ટ પર મસ્કની પોસ્ટ શેર કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતમાં EVM એક 'બ્લેક બોક્સ' છે અને કોઈને તેની તપાસ કરવાની મંજૂરી નથી.



**તેમણે કહ્યું હતું કે, આપણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો દૂર કરવા જોઈએ. માણસો અથવા AI દ્વારા તે હેક થવાનું જોખમ ઓછું હોવા છતાં તેની વધુ શક્યતા રહે છે**

અમારી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે સંસ્થાઓમાં જવાબદારીનો અભાવ હોય ત્યારે લોકશાહી એક કપટ બની જાય છે અને છેતરપિંડી થાય છે. સમગ્ર ભારતમાં સોશિયલ મીડિયા પર આ મસ્કનું નિવેદન બહોળા પ્રમાણમાં પ્રસારિત થયું હોવાથી આ મુદ્દો વધુ ઉગ્ર બન્યો હતો. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે મસ્કની ટિપ્પણીઓ ભારત માટે લાગુ પડતી નથી. ચંદ્રશેખરે જવાબ આપ્યો કે, મસ્કનો દૃષ્ટિકોણ યુએસ અને અન્ય સ્થળોને લાગુ પડી શકે છે જ્યાં તેઓ ઈન્ટરનેટ-કનેક્ટેડ વોટિંગ મશીનો બનાવવા માટે નિયમિત કમ્પ્યુટ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. પરંતુ ભારતીય ઈવીએમ કસ્ટમ-ડિઝાઈન કરેલા, સુરક્ષિત અને કોઈપણ નેટવર્ક અથવા મીડિયાથી અલગ છે – તેમાં કોઈ કનેક્ટિવિટી, કોઈ બ્લૂટૂથ, Wi-Fi, ઈન્ટરનેટ નથી. તેમણે મસ્ક પર કટાક્ષ કરતા કહ્યું કે, ભારતે કર્યું છે તેમ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનને આર્કિટેક્ટ અને યોગ્ય રીતે બનાવી શકાય છે. અમને આ અંગે ટ્યુટોરીયલ ચલાવવામાં આનંદ ખુશી થશે. ભારતમાં EVM પરની ચર્ચા નવી નથી, તેમ છતાં, મસ્કની ટિપ્પણીઓ પછી ફરીથી આ અંગે ચર્ચા શરૂ થઈ છે. સુપ્રીમ કોર્ટમાં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)નું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ, જેમણે VVPAT પેપર સ્લિપ્સ સાથે EVM મતોની વ્યાપક ક્રોસ-વેરિફિકેશન માટે હાકલ કરી હતી, તેમણે પણ મસ્કના નિવેદનનો જવાબ આપ્યો અને ટિપ્પણી કરી કે, વિશ્વના અગ્રણી ટેક્નોલોજી નિષ્ણાતોમાંના એક એલોન મસ્ક, વિશ્વને EVMમાં છેડછાડના જોખમને કારણે EVMને દૂર કરવા વિનંતી કરે છે. આ કારણે મોટાભાગના યુરોપ અને બાંગ્લાદેશે પણ તેનો ઉપયોગ બંધ કરી દીધો છે.

# EVM વિવાદ : 'કંઈપણ હેક થઈ શકે છે', પૂર્વ IT પ્રધાન રાજીવ ચંદ્રશેખરને એલોન મસ્કે સંભળાવ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ટેક જાયન્ટ એલોન મસ્ક દ્વારા કરવામાં આવેલા EVM પરના નિવેદનનો જવાબ આપતા ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા અને પૂર્વ IT મંત્રી રાજીવ ચંદ્રશેખરે ભારતીય ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) 'સુરક્ષિત' અને 'અલગ' હોવાનો દાવો કર્યા પછી બાદમાં મસ્ક દ્વારા ચંદ્રશેખરના દાવાને ફગાવી દેવામાં આવ્યા હતા. પ્યુઅર્ટો રિકોની પ્રાથમિક ચૂંટણીઓમાં EVM સંબંધિત વોટિંગની ગેરરીતિઓ પર યુએસ પ્રમુખપદના અપક્ષ ઉમેદવાર રોબર્ટ કેનેડી જુનિયરની સોશિયલ મીડિયા પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા મસ્કે X પર 'આપણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોને દૂર કરવા જોઈએ' એવું કહ્યા બાદ વર્ચ્યુઅલ ચર્ચા શરૂ થઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, 'માણસ અથવા AI દ્વારા હેક થવાનું જોખમ, નાનું હોવા છતાં હજી પણ ઘણું વધારે છે.' ચંદ્રશેખરે સૂચવ્યું કે મસ્ક 'વિશાળ વ્યાપક સામાન્યીકરણ નિવેદન' કરી રહ્યા છે અને ઉમેર્યું કે તેમનો 'વ્યુ યુએસ અને અન્ય સ્થળો પર લાગુ થઈ શકે છે - જ્યાં તેઓ ઈન્ટરનેટ કનેક્ટેડ વોટિંગ મશીનો બનાવવા માટે નિયમિત કમ્પ્યુટર પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.' 'પરંતુ ભારતીય EVM કોઈપણ નેટવર્ક અથવા મીડિયાથી કસ્ટમ ડિઝાઈન, સુરક્ષિત અને અલગ છે - કોઈ કનેક્ટિવિટી, કોઈ બ્લૂટૂથ, વાઈફાઈ, ઈન્ટરનેટ નથી એટલે કે ત્યાં કોઈ રસ્તો નથી.' ચંદ્રશેખરને જવાબ આપતાં મસ્કે કહ્યું, 'કોઈપણ વસ્તુને હેક કરી શકાય છે.' રસપ્રદ વાત એ છે કે, પૂર્વ પ્રધાન સંમત થયા હતા કે, 'તકનિકી રીતે' મસ્ક સાચા હતા જ્યારે પુનરોચ્ચાર કરતા હતા કે, EVM સુરક્ષિત અને વિશ્વસનીય હોવાને લગતી વાતચીત 'અલગ' છે. ચંદ્રશેખરે લખ્યું કે, 'તકનિકી રીતે તમે (તમે) સાચા છો - કંઈપણ શક્ય છે દા.ત. ક્વોન્ટમ કમ્પ્યુટ સાથે હું કોઈપણ સ્તરના એન્ક્રિપ્શનને ડિક્રિપ્ટ કરી શકું છું, લેબ લેવલ ટેક અને પુષ્કળ સંસાધનો સાથે હું કોઈપણ ડિજિટલ હાર્ડવેર/સિસ્ટમને હેક કરી શકું છું (સહિત) ફ્લાઈટ કંટ્રોલ જેટ વગેરેની કાચની કોકપીટ વગેરે. પરંતુ તે EVMથી અલગ પ્રકારની વાતચીત (વાતચીત) છે જે પેપર વોટિંગની સરખામણીમાં સુરક્ષિત (અને) વિશ્વસનીય છે અને આપણે અસંમત થવા માટે સંમત થઈ શકીએ છીએ.' નોંધનીય રીતે ધ વાયરે અહેવાલ આપ્યો છે કે, તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીમાં ૫૪૩ સંસદીય મતવિસ્તારોના ચૂંટણી પંચના ડેટા દર્શાવે છે કે, કેરળમાં દમણ અને દીવ, લક્ષદ્વીપ અને અટિંગલ જેવા કેટલાક મતવિસ્તારોને બાદ કરતાં ગણતરી કરાયેલા EVM મતોની સંખ્યા EVMમાં પડેલા મતોથી અલગ છે.



# એલોન મસ્ક દ્વારા હેકિંગના જોખમને દર્શાવ્યા પછી રાહુલ ગાંધીએ EVM ચર્ચામાં ઝંપલાવ્યું

(એજન્સી) તા.૧૬

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોને ખતમ કરવાના ટેક અબજોપતિ એલોન મસ્કના કોલને પગલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ભારતમાં EVMને 'બ્લેક બોક્સ' ગણાવ્યા અને એક સમાચાર અહેવાલને ટાંક્યો જેણે મુંબઈ ઉત્તર-પશ્ચિમ લોકસભા બેઠકના પરિણામ પર હોબાળો મચાવ્યો હતો.

રાહુલ ગાંધીએ X પર લખ્યું કે, 'ભારતમાં EVM એ 'બ્લેક બોક્સ' છે અને કોઈને તેની તપાસ કરવાની મંજૂરી નથી. આપણી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.'

**ટેક અબજોપતિએ કહ્યું કે, 'જોખમ નાનું પણ ખૂબ ઊંચું છે' હેક થવાનું જોખમ છે એમ કહી એલોન મસ્કે EVMની સુરક્ષા અંગે ચર્ચા જગાવી છે**

તેમણે ઉમેર્યું હતું કે, 'જ્યારે સંસ્થાઓમાં જવાબદારીનો અભાવ હોય છે ત્યારે લોકશાહી એક ધૂર્ત બની જાય છે અને છેતરપિંડીનો શિકાર બને છે', મુંબઈ ઉત્તર-પશ્ચિમ લોકસભામાં વિજેતા ઉમેદવારના સંબંધીઓ ફોનનો ઉપયોગ કરતા હતા જે EVM સાથે જોડાયેલા હતા.

મીડિયા અહેવાલ અનુસાર, મુંબઈ નોર્થ વેસ્ટ લોકસભાના ૪૮ મતોથી જીતેલા સાંસદ રવિન્દ્ર વાયકરના સાળા મંગેશ પાંડિલકર પર ૪ જૂનના રોજ મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. પાંડિલકર પાસે NESCO સેન્ટરમાં EVM મશીનને અનલોક કરવા માટે OTP જનરેટ કરવા માટે વપરાયેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, રિપોર્ટ અનુસાર કોલ રેકોર્ડની તપાસ કરવા અને તેનો ઉપયોગ અન્ય હેતુઓ માટે કરવામાં આવ્યો હતો કે કેમ તે ચકાસવા માટે મોબાઈલ ફોન ફોરેન્સિકમાં મોકલવામાં આવ્યો છે. શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ X પર પોસ્ટ કર્યું કે, 'આ ઉચ્ચ સ્તરે છેતરપિંડી છે અને તેમ છતાં @ECISVEEP ઊંઘવાનું ચાલુ રાખે છે. જો ECI આમાં પગલું નહીં ભરે તો ચંદીગઢ મેયરની ચૂંટણી પછીનું સૌથી મોટું ચૂંટણી પરિણામ કૌભાંડ હશે અને આ લડાઈ અદાલતોમાં જોવા મળશે. આ માટે સજા કરવામાં આવે.' સેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે, 'આશ્ચર્યજનક રીતે કે નહીં, સંપૂર્ણ રીતે છેતરપિંડી છે. ચૂંટણી પંચે મતગણતરી કેન્દ્રના સીસીટીવી ફૂટેજ શેર કરવાનો ઈનકાર કર્યો છે. મને લાગે છે કે, તે ચંદીગઢની બીજી ક્ષણ ટાળવાનો પ્રયાસ કરી રહી છે.'



# ગુજરાત ટુડે

સર્વે મુસ્લિમ બિરાદરોને ઈદ-ઉલ-અઝહા મુબારક

અંક બંધ રહેશે

આજે ઈદ-ઉલ-અઝહા નિમિત્તે 'ગુજરાત ટુડે' કાર્યાલય રજા પાળશે જેથી આવતીકાલ તા.૧૮-૦૬-૨૦૨૪નો અંક પ્રસિદ્ધ થશે નહીં.

તા.૧૯-૦૬-૨૦૨૪નો અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.

-વ્યવસ્થાપક

# EVM અનલોક કરવા માટે ફોનનો ઉપયોગ કરવા બદલ શિંદે સેનાના સાંસદના સાળા સામે કેસ નોંધાયો

**એક મતગણતરી કેન્દ્ર પર 'ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અનલોક કરવા માટે OTP જનરેટ કરનાર' મોબાઈલ ફોનનો કથિત ઉપયોગ કરવા બદલ નવા ચૂંટાયેલા મુંબઈ ઉત્તર-પશ્ચિમ લોકસભા સાંસદ રવિન્દ્ર વાયકરના સાળા સામે કેસ નોંધવામાં આવ્યો હતો**

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મુંબઈ પોલીસે નવા ચૂંટાયેલા મુંબઈ ઉત્તર-પશ્ચિમ લોકસભા સાંસદ રવિન્દ્ર વાયકરના સાળા મંગેશ પાંડિલકર વિરુદ્ધ ૪ જૂન કે જે દિવસે પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા, ના રોજ મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાના આરોપમાં કેસ નોંધ્યો છે.

પંડિલકરે કથિત રીતે મુંબઈમાં ગોરેગાંવ વિસ્તારમાં મતગણતરી કેન્દ્રની અંદર મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મતગણતરી કેન્દ્ર પર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) અનલોક કરવા માટે ફોનનો ઉપયોગ વન-ટાઈમ પાસવર્ડ (OTP) જનરેટ કરવા માટે કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથના સાંસદ વાયકરે મુંબઈ ઉત્તર-પશ્ચિમ બેઠક પર ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેનાના અમોલ ગજાનન કીર્તિકરને માત્ર ૪૮ મતોથી હરાવ્યા હતા. આનાથી વિવાદ ઊભો થયો હતો અને ઠાકરેએ કહ્યું હતું કે, તેમની પાર્ટી પરિણામને પડકારશે. પરિણામ જાહેર થયા બાદ પોલીસ અને ચૂંટણી પંચને આ બેઠક પરથી ચૂંટણી લડનારા ઘણા ઉમેદવારોની ફરિયાદો મળી હતી. આ ઉપરાંત પોલીસે પંડિલકરને મોબાઈલ ફોન આપવાના આરોપમાં ચૂંટણી પંચના કર્મચારી વિરુદ્ધ પણ કેસ નોંધ્યો છે.

અનુસંધાન બીજા પાને




## સખી-દાતા-ગુજારીસ

માસ મે જીલ્હજ
સાથી હાથ બઢાના એ અકેલા થક જાયગા

**ઝકાત • લીલ્લા • હદીયા**
મહેનત અને રૂપિયા થકી


વૃધ્ધ, વિકલાંગ, મંદ બુધ્ધી વ્યકતિને રોજ એક ટાઈમનું ફ્રી ભોજન
ગરીબ બહેનોને રાહત રોજગાર ગરીબની પાર્ટ ટાઈમ શાળા
મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય, ગૃહશાળા ભુજ-કચ્છ
સ્થળ : બી ડીવીજન પોલીસ સ્ટેશન પાછળ, સરપટ ગેટ અંદર ભુજ કચ્છ

સંપર્ક : આમદભા ખત્રી મો.૯૯૭૪૮૪૩૬૩૨

: આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044

છોટી સમજ / છોટી જાણકારી
સખી દાતાના રૂપીયા, (૪૧) અનાજ ૧૦૧૪૯૦/-
વૃધ્ધને રોટી, બહેનોને રોજગાર ૧૬૭૬૦૦/-
માસ ૧ વાધી રૂા. – /-
ગાટી રૂા. ૬૬૧૧૦ /-
રૂપીયા દેકે-સેવા-દેખો

હિતેચ્છુ : ડો. શહીદાબેન અરોરા
હારૂનભાઈ ખત્રી
કાનુની સલાહકાર : અશોક સી. માંડલિયા (એડવોકેટ)



# એનટીએની ઈમાનદારી પર ગંભીર સવાલ નીટની પરીક્ષા કેવી રીતે લેવાઈ : કોંગ્રેસ



(એજન્સી) તા.૧૬

મેડિકલ એડમિશનને લગતી NEET (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામ) પરીક્ષામાં ગેરરીતિના આરોપો અને તેના પર ચાલી રહેલી રાજનીતિને લઈને હવે વિપક્ષે સરકાર પર નિશાન સાધ્યું છે. NEET (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ એક્ઝામ)ની પરીક્ષામાં ગેરરીતિઓ અંગે કોંગ્રેસે રવિવારે કહ્યું હતું કે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીની અખંડિતતા અને NEETની રચના અને સંચાલનની રીત પર 'ગંભીર પ્રશ્નો' છે. વિપક્ષે આશા વ્યક્ત કરી કે જ્યારે સંસદની નવી સ્થાયી સમિતિઓની રચના કરવામાં આવશે, ત્યારે તેઓ NEET, NTA અને NCERTની સંપૂર્ણ સમીક્ષા કરશે. 'હું ૨૦૧૪ અને ૨૦૧૯ની વચ્ચે આરોગ્ય અને પરિવાર કલ્યાણ પરની સંસદીય સ્થાયી સમિતિનો સભ્ય હતો. મને તે સમયે NEET માટે મળેલો વ્યાપક સમર્થન યાદ છે. પરંતુ ત્યાં સાંસદો પણ હતા-ખાસ કરીને તમિલનાડુના-જેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે NEET સીબીએસઈના વિદ્યાર્થીઓને ફાયદો થાય છે અને અન્ય બોર્ડ અને શાળાઓના વિદ્યાર્થીઓને ગેરલાભ થાય છે.' તેમણે આગળ કહ્યું, "મને હવે લાગે છે કે CBSEના આ મુદ્દા પર યોગ્ય વિશ્લેષણની જરૂર છે. શું NEET ભેદભાવથી ભરેલી છે ? શું ગરીબ પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને તકોથી વંચિત રાખવામાં આવે છે ? મહારાષ્ટ્ર જેવા અન્ય રાજ્યોમાં પણ આ અંગે ઊંડી શંકા વ્યક્ત કરવામાં આવી છે."

# મધ્યપ્રદેશ : મંડલામાં ઘરોમાં મૂકેલા ફ્રીઝમાં બીફ મળી આવતાં ૧૧ જેટલાં મકાનો પર પોલીસે બુલડોઝર ફેરવ્યું

(એજન્સી) મંડલા, તા.૧૬

મધ્યપ્રદેશના આદિવાસી પ્રભુત્વવાળા મંડલામાં ગેરકાયદેસર ગૌમાંસના વેપાર સામેની કાર્યવાહીના ભાગરૂપે વહીવટીતંત્રે સરકારી જમીન પર ૧૧ લોકો દ્વારા બાંધવામાં આવેલા મકાનોને તોડી પાડ્યા હતા. મંડલાના પોલીસ અધિક્ષક (એસપી) રજત સકલેચાએ જણાવ્યું કે, નૈનપુરના ભૈંસવાહી વિસ્તારમાં કતલ માટે મોટી સંખ્યામાં ગાયો લાવવામાં આવી હોવાની બાતમી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, 'એક ટીમ ત્યાં પહોંચી અને અમને આરોપીઓના ઘરની પાછળના ઠેકાણા પાછળ ૧૫૦ ગાયો બાંધેલી જોવા મળી. તમામ ૧૧ આરોપીઓના ઘરે રેફ્રિજરેટરમાંથી ગાયનું માંસ (બીફ) મળી આવ્યું હતું. અમને પ્રાણીઓની ચરબી, ચામડી અને હાડકાં પણ મળ્યા, જે એક રૂમમાં રાખવામાં આવ્યાં હતાં.'



"સ્થાનિક સરકારી પશુચિકિત્સકે પુષ્ટિ કરી છે કે, જપ્ત કરાયેલું માંસ બીફ છે," એસપીએ જણાવ્યું હતું. અમે ડીએનએ પૃથક્કરણ માટે સેમ્પલ પણ હૈદરાબાદ મોકલ્યા છે. ૧૧ આરોપીઓના મકાનો સરકારી જમીન પર હોવાથી તોડી પાડવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, ગાય અને ગૌમાંસની રિકવરી બાદ શુક્રવારે રાત્રે એફઆઈઆર નોંધવામાં આવી હતી. એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બાકીના ૧૦ની શોધ ચાલુ છે. સકલેચાએ જણાવ્યું કે, ૧૫૦ ગાયોને ગૌશાળામાં મોકલવામાં આવી છે. ભૈંસવાહી વિસ્તાર છેલ્લા કેટલાક સમયથી ગાયની તસ્કરીનું કેન્દ્ર બની ગયો છે. મધ્યપ્રદેશમાં ગૌહત્યા માટે સાત વર્ષની જેલની જોગવાઈ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ એકત્ર કરવામાં આવ્યો છે અને બાકીના આરોપીની વિગતો પણ મેળવવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, તમામ આરોપીઓ મુસ્લિમ છે.

# મુંબઈની ઉત્તર-પશ્ચિમ લોકસભા બેઠક પર EVM અને મોબાઈલ ફોન વચ્ચે કોઈ સંબંધ હોવાના મીડિયા અહેવાલોને ચૂંટણી અધિકારીએ ફગાવ્યાં, કહ્યું : ફેક ન્યૂઝ છે

**EVM વિવાદ : વોટિંગ મશીનને અનલોક કરવા કોઈ OTPની જરૂર નથી પડતી : મુંબઈના ચૂંટણી પંચના અધિકારી**

(એજન્સી) મુંબઈ, તા.૧૬

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) મુદ્દે ફરી વિવાદનો મધપૂડો છંછેડાયો છે. મુંબઈ પોલીસે શિંદેની શિવસેનાના સાંસદ રવિન્દ્ર વાયકરના સંબંધી વિરુદ્ધ કેસ દાખલ કર્યા બાદ EVMની વિશ્વસનીયતા સવાલોની જાળમાં ફસાઈ ગઈ છે. આ ઘટના સામે આવ્યા બાદ શિવસેના યુબીટી, સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓ ચૂંટણી પંચ અને સરકાર પર આંગળી ચીંધી રહ્યા છે. આ દરમિયાન ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સ યોજી વિપક્ષી નેતાઓના તમામ આરોપોને ફગાવી દીધા છે. ચૂંટણી પંચે કહ્યું છે કે, EVMને કોઈ પણ પ્રકારના ઓટીપીથી અનલોક થતું નથી.

આ વિવાદ પછી ચૂંટણી પંચના રિટર્નિંગ ઓફિસર વંદના સૂર્યવંશીએ કહ્યું કે, 'આજે EVM અનલોક અંગેના કેટલાક અહેવાલો સામે આવ્યા છે અને તે અંગે કેટલાક લોકોએ ટ્વિટ કર્યા છે. જો કે, EVM ઓટીપીથી અનલોક થતું નથી. ઈવીએમ ડિવાઈસ ક્યાં પણ કનેક્ટ નથી. હાલ જે અહેવાલો ચાલી રહ્યા છે, તે સંપૂર્ણ ખોટા છે. EVM સ્ટેન્ડઅલોન સિસ્ટમ છે. ઈવીએમના અહેવાલો સંપૂર્ણ ખોટા છે. અમે કેટલાક મીડિયા હાઉસને નોટિસ ઈશ્યૂ કર્યા છે. આઈપીસીની કલમ ૪૯૯ હેઠળ માનહાનિનો કેસ પણ દાખલ કર્યો છે. મેં સમાચાર પત્રના રિપોર્ટરને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. અમે આઈપીસીની કલમ ૫૦૫ અને ૪૯૯ હેઠળ તેમને નોટિસ મોકલીશું. ચૂંટણી પંચે ચૂંટણી અધિકારી ગૌરવ કુમારને મોબાઈલ રાખવાની મંજૂરી આપી હતી, તે તેમનો પોતાનો મોબાઈલ હતો. પોલીસની તપાસ બાદ અમે આંતરિક તપાસ કરીને આખરી નિર્ણય કરાશે.

સીસીટીવી ફૂટેજ અંગે તેમણે કહ્યું કે, 'અમે કોર્ટના ઓર્ડર વગર કોઈને પણ સીસીટીવી ફૂટેજ નહીં આપીએ, પોલીસને પણ નહીં. EVM કોઈ પ્રોગ્રામ માટે નથી અને તે હેક પણ કરી શકાતું નથી. ચૂંટણી પંચની ફરિયાદ બાદ આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે.'

વાસ્તવમાં લોકસભા ચૂંટણી દરમિયાન મતગણતરી કેન્દ્રની અંદર મોબાઈલનો ઉપયોગ કરવા મામલે મુંબઈ પોલીસે શિવસેના શિંદે જૂથના સાંસદ રવિન્દ્ર વાયકરના સાળા મંગેશ પાંડિલકર વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. આ ઉપરાંત પોલીસે પાંડિલકરને મોબાઈલ આપનારા ચૂંટણી પંચના એક કર્મચારીની સામે પણ કેસ નોંધ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ ગોરેગાંવ ચૂંટણી સેન્ટરની અંદર મોબાઈલનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ હોવા છતાં રવિન્દ્ર વાયકરના સાળા પાંડિલકરે મોબાઈલનો ઉપયોગ કર્યો હતો. આ મામલે ઉત્તર-પશ્ચિમ બેઠક પર ચૂંટણી લડનારા ઉમેદવારો અને ચૂંટણી આયોગ દ્વારા પોલીસને ફરિયાદો મળી હતી, જેના આધારે આ કેસ નોંધવામાં આવ્યો છે. આ બેઠક પર રિકાઉન્ટિંગ થયા બાદ વાયકર માત્ર ૪૮ મતોથી ચૂંટણી જીત્યા હતા, ત્યારબાદ ઘણો વિવાદ પણ થયો હતો.

સૂત્રના જણાવ્યા મુજબ મતગણતરી વખતે જે મોબાઈલમાં OTP જનરેટ થાય છે, તે મોબાઈલ ચૂંટણી અધિકારી ગૌરવકુમારના બદલે સાંસદના સાળા પાંડિલકર પાસે હતો અને તે ત્યાં મોબાઈલનો ઉપયોગ કરતો હતો. પોલીસને આશંકા છે કે, જ્યારે જોરદાર ટક્કર ચાલતી હતી, ત્યારે તેણે સવારથી સાંજે ૪:૩૦ સુધી ફોનનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી પંચ પાસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ પણ છે, જે મુંબઈ પોલીસને સોંપવામાં આવ્યા હોવાનો અહેવાલો સામે આવ્યા હતા. આ કેસની તપાસ કરવા માટે મુંબઈ પોલીસને ત્રણ ટીમો બનાવાઈ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ફોન જપ્ત કર્યા બાદ પોલીસે ફોનના સીડીઆર મેળવી રહી છે અને તમામ મોબાઈલ નંબરોની પણ તપાસ કરી રહી છે.

ફોન જપ્ત કર્યા બાદ પોલીસ જાણવા માંગે છે કે, કોને કોને ફોન કરવામાં આવ્યા અને મોબાઈલ પર કેટલા ઓટીપી આવ્યા ? પોલીસે એ પણ જાણવા માંગે છે કે, આ મોબાઈલ પર ફોન આવ્યા હતા કે નહીં ? નિયમો મુજબ ઓટીપી જનરેટ થયા બાદ મોબાઈલ આરઓ (રિટર્નિંગ ઓફિસર)ને સોંપવામાં હોય છે. હાલ મોબાઈલ પરત કેમ ન લેવામાં આવ્યો, તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. હાલ મોબાઈલને ફોરેન્સિંગ લેબમાં મોકલી દેવાયો અને છે અને તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

આ ઘટના સામે આવ્યા બાદ શિવસેના યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ ચૂંટણી પંચ પર નિશાન સાધી કહ્યું છે કે, ECનો નવો અર્થ 'Entirely Compromised (સંપૂર્ણપણે સમાધાન)' છે, ચૂંટણી પંચ નહીં. જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું કે, 'ટેક્નોલોજીનો ઉપયોગ સમસ્યાઓ દુર કરવા માટે થાય છે, જો તે મુશ્કેલી બની જાય, તો તેનો ઉપયોગ બંધ કરી દેવો જોઈએ. આજે વિશ્વભરના ઘણા દેશોમાં ઈવીએમમાં ગડબડી અંગે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે અને જાણિતા ટેક્નોલોજી નિષ્ણાતો EVMમાં હેરાફેરીના ખતરા અંગે જાહેરમાં લખી રહ્યા છે. જો આવું જ હોય તો EVMનો ઉપયોગ કરવાની જીદ કેમ કરવામાં આવી રહી છે ? ભાજપ આ અંગે સ્પષ્ટ જવાબ આપે. અમે ફરી માંગ કરી રહ્યા છે કે, આગામી તમામ ચૂંટણીઓ બેલેટ પેપરથી કરવામાં આવે.'

કોંગ્રેસે પણ ઘટના અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ સેર કરી છે. કોંગ્રેસે એક્સ પર લખ્યું છે કે, 'EVM સંબંધીત વધુ એક મામલો સામે આવ્યો છે. મુંબઈમાં એનડીએના ઉમેદવાર રવિન્દ્ર વાયકરના સંબંધીનો મોબાઈલ ફોન ઈફસસાથે જોડાયેલો હતો. વાયકરની માત્ર ૪૮ મતોથી જીત થઈ છે. આવી સ્થિતિમાં એવો સવાલ થાય છે કે, આખરે એનડીએના ઉમેદવારના સંબંધીનો મોબાઈલ ઈવીએમ સાથે કેમ જોડાયેલો હતો ? જ્યાં મતગણતરી ચાલી રહી હતી, ત્યાં મોબાઈલ ફોન કેવી રીતે પહોંચ્યો ? શંકા ઊભી કરનારા પ્રશ્નો ઘણા છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરવી જોઈએ.' કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ઘટનાને ગંભીર ગણાવી કહ્યું છે કે, 'ભારતમાં EVM એક બ્લેક બોક્સ છે અને તેની તપાસ કરવાની કોઈને પણ મંજૂરી નથી. આપણી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે ઘણી ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. સંસ્થાઓમાં જવાબદારીના અભાવના કારણે લોકશાહી એક દેખાડો બની જાય છે અને છેતરપિંડીની સંભાવના વધી જાય છે.'

# નીટ વિવાદમાં સ્ટાલીને પણ ઝંપલાવ્યું : વિદ્યાર્થી વિરોધી, ગરીબ વિરોધી સિસ્ટમનો બચાવ કરવાનું બંધ કરો

(એજન્સી) તા.૧૬

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) વિવાદમાં ઝંપલાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે સિસ્ટમ વિદ્યાર્થી વિરોધી, ગરીબ વિરોધી લોકોનો બચાવ કરવાનું બંધ કરવું જોઈએ. પેપર લીકના આરોપોએ વ્યાપક વિરોધને વેગ આપ્યો અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો ત્યારે તેમની પ્રતિક્રિયા આવી. એમકે સ્ટાલિને લખ્યું, "#NEETની આસપાસ ચાલી રહેલા વિવાદો તેના મૂળભૂત રીતે અસમાન સ્વભાવને પ્રકાશિત કરે છે. એવા સમાજમાં જ્યાં હજારો વર્ષોથી શિક્ષણનો ઇન્કાર કરવામાં આવે છે, આપણે દલિત લોકોની પ્રગતિ માટે વધુ તકો આપવી જોઈએ. તેનાથી વિપરીત, NEETની તકોને અવરોધે છે. તેમણે ઉમેર્યું કે, "કેન્દ્રીય શિક્ષણ પ્રધાનના રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (NTA)ના બચાવ છતાં તાજેતરની ઘટનાઓ અલગ ચિત્ર રજૂ કરે છે. ગુજરાત પોલીસે નાણાકીય લાભોના બદલામાં તપાસકર્તાઓએ OMR શીટ્સ સાથે ચેડાં કરવાના આરોપો પર FIR નોંધી છે, જેમાં ચેકની કિંમતનો સમાવેશ થાય છે." ઘણા કરોડ રૂપિયા અને આઠ કોરા ચેક, આ ષડયંત્ર, એક શાળાના આચાર્ય, એક ભૌતિકશાસ્ત્રના શિક્ષક અને ઘણા NEET કોચિંગ કેન્દ્રો, પ્રણાલીગત પરિવર્તનની તાત્કાલિક જરૂરિયાતને રેખાંકિત કરે છે." તેમણે નિષ્કર્ષ કાઢ્યો કે, "શાહીદ અનિતાથી માંડીને અસંખ્ય વિદ્યાર્થીઓ કે જેમણે દુઃખદ રીતે પોતાનો જીવ લીધો છે, અમે પૂરતા પ્રમાણમાં સાક્ષી છીએ. NEET, એક પરીક્ષા, જે મેરિટના માપદંડ તરીકે ઢંકાયેલી છે, તેણે સમાજના તમામ સ્તરોને અસર કરતા વ્યાપક કૌભાંડ તરીકે વારંવાર જાહેર કર્યું છે. કેન્દ્ર સરકારે આ વિદ્યાર્થી વિરોધી, સામાજિક ન્યાય વિરોધી અને ગરીબ વિરોધી NEET સિસ્ટમનો બચાવ કરવાનું બંધ કરવું જોઈએ."

# સુરેશ ગોપીએ સ્પષ્ટતા કરી કે તેમણે ઈન્દિરા ગાંધીને 'ભારતની માતા' નહીં પણ 'કોંગ્રેસની માતા' કહ્યાં હતાં

**ગોપીએ રવિવારે સ્પષ્ટતા કરી હતી કે તેણે દિવંગત નેતાને દેશમાં કોંગ્રેસ પાર્ટીની માતા કહ્યાં હતાં અને મીડિયા દ્વારા તેમની ટિપ્પણીનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું**

**ગઈ ૧૬મીએ ગુજરાત ટુડેએ પહેલા પાને ભાજપ, આરએસએસના નિવેદન આપનાર નેતાની સ્પષ્ટતા છાપેલ. આજે વળી એક વધુ નેતાની ક્લાસ લેવાઈ ગઈ. ફક્ત ચોવીસ કલાકમાં આ ચોથી સ્પષ્ટતા !!**

**ન્યુઝ GT પોઈન્ટ**

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૬

ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને "ભારતની માતા" તરીકે ગણવાના સંદર્ભે વ્યાપક ટીકાના એક દિવસ પછી કેન્દ્રીય પ્રધાન સુરેશ ગોપીએ રવિવારે સ્પષ્ટતા કરી કે તેમણે દિવંગત નેતાને દેશની કોંગ્રેસ પાર્ટીની માતા કહ્યા અને તેમની ટિપ્પણીનું મીડિયા દ્વારા ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. અભિનેતામાંથી રાજકારણી બનેલાએ ગોપીએ કહ્યું કે તેઓ દિલથી વાત કરનાર વ્યક્તિ છે અને તેઓ દ્રઢપણે માને છે કે તેમણે ઈન્દિરા ગાંધી વિશે જે કહ્યું તેમાં કંઈ ખોટું નથી. મીડિયાને સંબોધિત કરતી વખતે, ભાજપના નેતાએ પત્રકારોને પૂછ્યું કે શું તેઓ ભાષાનો સંદર્ભિત અર્થ સમજી શકતા નથી. મેં શું કહ્યું હતું ? જ્યાં સુધી કોંગ્રેસનો સંબંધ છે...કોઈને ગમે કે ન ગમે... કરૂણાકરણ કેરળમાં કોંગ્રેસ પાર્ટીના પિતા છે. ભારતમાં તેની માતા ઈન્દિરા ગાંધી છે. મેં આ વાત હૃદયપૂર્વક કરી રહ્યો છું. પેટ્રોલિયમ અને પર્યટન રાજ્ય મંત્રીએ રવિવારે પણ ઈન્દિરા ગાંધીના વખાણ કરવાનું ચાલુ રાખતા કહ્યું કે, ઈન્દિરા ગાંધી આઝાદી પછી અને તેમના અવસાન સુધી ભારતના વાસ્તવિક આર્કિટેક્ટ છે. મારે કોઈપણ રીતે આ વિશેષતાઓ ગણવી પડશે. હું એવી વ્યક્તિને ભૂલી શકતો નથી જેણે દેશ માટે નિષ્ઠાપૂર્વક કામ કર્યું હતું.

શનિવારે થ્રિસુરમાં કોંગ્રેસના દિવંગત મુખ્યમંત્રી કે કરૂણાકરણના સ્મારકની મુલાકાત લેતી વખતે, ગોપીએ ઈન્દિરા ગાંધીને "ભારતની માતા" અને કરૂણાકરણને "હિંમતવાન પ્રશાસક" ગણાવ્યા હતા. બીજેપી નેતાએ એમ પણ કહ્યું હતું કે તેઓ કરૂણાકરણ અને માર્ક્સવાદી દિગ્ગજ ઈકે નયનરને તેમના "રાજકીય ગુરૂ" માને છે. ગોપીએ કહ્યું કે તેઓ ઈન્દિરા ગાંધીને "ભારતથિન્તે મથવુ" (ભારતની માતા) તરીકે જોતા હતા, કરૂણાકરણ તેમના માટે "રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીના પિતા" હતા. તેમણે સમજાવ્યું કે કરૂણાકરણને કેરળમાં કોંગ્રેસના "પિતા" તરીકે વર્ણવવું એ રાજ્યમાં જૂની પાર્ટીના સ્થાપકો અથવા સહ-સ્થાપકોનો અનાદર નથી.

ગોપીએ તાજેતરમાં થ્રિસુર લોકસભા સીટ જીતીને કેરળમાં ભાજપનું ચૂંટણી ખાતું ખોલ્યું હતું. થ્રિસુરમાં લોકસભાની ચૂંટણી માટે ત્રિ-પક્ષીય હરીફાઈ જોવા મળી હતી, જેમાં કોંગ્રેસ, ભાજપ અને સીપીઆઈના મુખ્ય ઉમેદવારો વચ્ચે લડાઈ હતી.

# રાષ્ટ્રવ્યાપી નીટના વિરોધ વચ્ચે વિપક્ષના ચોતરફી પ્રહાર

(એજન્સી) તા.૧૬

મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની અખિલ ભારતીય પરીક્ષા નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) પર વિપક્ષના નેતાઓએ કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. આ પરીક્ષાના કારણે દેશના ઘણા ભાગોમાં ઉમેદવારોએ વિરોધ કર્યો છે. DMK, જે તેની શરૂઆતથી NEETનો વિરોધ કરી રહ્યું છે, તેણે પરીક્ષાની પવિત્રતાને નષ્ટ કરવા માટે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સીની ટીકા કરી છે અને કહ્યું છે કે કેન્દ્ર ફક્ત "પ્રેક્ષક" બની ગઈ છે અને કોચિંગ કેન્દ્રોને સમર્થન આપે છે. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "મૌન" પર સવાલ ઉઠાવ્યા છે અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની માંગ કરી છે. ૫ મેના રોજ ૨૪ લાખ વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવેલી મેડિકલ પ્રવેશ પરીક્ષાનું પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું, જ્યારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની મતગણતરી થઈ હતી. પરિણામ બાદ પેપર લીકના આક્ષેપો સામે આવ્યા હતા. ૬૭ વિદ્યાર્થીઓએ ૭૨૦/૭૨૦નો પરફેક્ટ સ્કોર હાંસલ કર્યો. કટ-ઓફ ઝડપથી વધ્યો છે, જેના કારણે ઘણા લોકોને શંકા છે કે તેમને મેડિકલ કોલેજમાં સીટ મળશે કે નહીં. અન્ય એક મુદ્દો જે ચકાસણી હેઠળ આવ્યો છે તે પરીક્ષા કેન્દ્રમાં સમયના બગાડની ભરપાઈ કરવા માટે ઘણા વિદ્યાર્થીઓને ગ્રેસ માર્કસ આપવાનો છે. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓનો આરોપ છે કે આ કારણોસર તેમના માર્ક્સ વધારવામાં આવ્યા છે. આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે અને કેન્દ્રએ કોર્ટને કહ્યું છે કે તેણે ૧,૫૬૩ ઉમેદવારોને આપવામાં આવેલા ગ્રેસ માર્ક્સ રદ કર્યા છે. હવે તેમની પાસે ફરીથી પરીક્ષા આપવા અથવા ગ્રેસ માર્ક્સ આપવાનો વિકલ્પ છે. પરંતુ વિદ્યાર્થીઓના એક વર્ગનું કહેવું છે કે આટલું પૂરતું નથી અને તમામ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફરીથી યોજવી જોઈએ.

# કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત અધિકારી દ્વારા NEET પર તપાસની માંગ કરી

**રાજ્યસભાના સાંસદે પણ આ મુદ્દે PM મોદી પર પ્રહાર કરતા કહ્યું કે, જો કોઈ પરીક્ષામાં ટેસ્ટિંગ સિસ્ટમ ભ્રષ્ટ થઈ જાય તો PMએ તે અંગે મૌન રહેવું ખરેખર યોગ્ય નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષા NEET પર ચાલી રહેલા વિવાદ વચ્ચે પૂર્વ માનવ સંસાધન વિકાસ પ્રધાન કપિલ સિબ્બલે રવિવારે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત અધિકારીઓ દ્વારા ગેરરીતિઓના આરોપોની તપાસની માંગ કરી હતી. તેમણે સરકારને તમામ રાજ્યો સાથે આ પરીક્ષા ભવિષ્યમાં કેવી રીતે યોજાવાની છે તે અંગે સંપૂર્ણ પરામર્શ કરવા જણાવ્યું હતું. પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં રાજ્યસભાના સાંસદે પણ આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કહ્યું હતું કે, 'જો કોઈ પરીક્ષામાં પરીક્ષણ પ્રણાલી ભ્રષ્ટ થઈ જાય તો વડાપ્રધાન માટે ચૂપ રહેવું ખરેખર યોગ્ય નથી.' સિબ્બલે તમામ રાજકીય પક્ષોને આ બાબતને સંસદના આગામી સત્રમાં જોરદાર રીતે ઉઠાવવા વિનંતી કરી હતી, પરંતુ તે ચર્ચા માટે લેવામાં આવશે તે અંગે આશાવાદી ન હતા. તેમણે એવી આગાહી કરી હતી કે, આ મામલો સબ-જ્યુડીસ છે તેમ કહીને સરકાર તેને મંજૂરી આપશે નહીં. 'હાલની નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ખરેખર બગડી ગઈ છે અને મીડિયા પ્લેટફોર્મ્સ પર ભ્રષ્ટાચાર પ્રકાશમાં લાવવામાં આવ્યો છે, જેમ કે ડોક્ટર બનવા માટેના પ્રશ્નપત્રો માટે ઉકેલો પૂરા પાડવા.' ૨૯ મે, ૨૦૦૯થી ૨૯ ઓક્ટોબર, ૨૦૧૨ સુધી માનવ સંસાધન વિકાસ મંત્રી રહેલા સિબ્બલે જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં આમાંથી કેટલીક ઘટનાઓએ મને હેરાન કરી દીધો છે અને તે એક મહાન રાષ્ટ્રીય ચિંતાનો વિષય છે. મને લાગે છે કે, NTAએ આમાંના કેટલાક ગંભીર પ્રશ્નોના જવાબ આપવા જોઈએ.' સિબ્બલે કહ્યું કે, તેનાથી પણ વધુ આશ્ચર્યજનક અને નિરાશાજનક વાત એ છે કે, જ્યારે પણ આવું કંઈક થાય છે અને વર્તમાન સરકારના નેજા હેઠળ ભ્રષ્ટાચાર થાય છે, ત્યારે અંધ ભક્તો તેના માટે યુપીએને દોષી ઠેરવવાનું શરૂ કરે છે અને તે સૌથી દુર્ભાગ્યપૂર્ણ છે કારણ કે, તેઓ એવું લાગતુ નથી. તેમણે ધ્યાન દોર્યું કે, NEET નિયમન ૨૦૧૦માં મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI) દ્વારા તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. MCI આરોગ્ય મંત્રાલય હેઠળ હતું અને શિક્ષણ મંત્રાલય હેઠળ નહીં. સિબ્બલે કહ્યું કે, 'તેથી એચઆરડીના મંત્રી તરીકે મને આની સાથે કોઈ લેવાદેવા નથી. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા બોર્ડ ઓફ ગવર્નર્સે એક નિયમ રજૂ કર્યો હતો, જેમાં કહ્યું હતું કે, MBBS કોર્સમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા હોવી જોઈએ. આ નિયમનને રિટ દ્વારા પડકારવામાં આવ્યો હતો. અરજદારો અને તેને સુપ્રીમ કોર્ટે ૧૮ જુલાઈ, ૨૦૧૩ના રોજ ફગાવી દીધી હતી, એમ કહીને MCIને NEET કે જે અખિલ ભારતીય પાત્રતા પ્રવેશ પરીક્ષા છે તે દાખલ કરવા માટે કોઈ કાયદાકીય યોગ્યતા નથી. તેથી આને સ્થગિત કર્યા પછી ૧૧ એપ્રિલ, ૨૦૧૪ના રોજ સમીક્ષા અરજી દાખલ કરવામાં આવી હતી. સમીક્ષાની મંજૂરી આપવામાં આવી હતી અને ૨૦૧૩નો આદેશ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. ભાજપ સરકાર સત્તામાં આવી અને ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સુપ્રીમ કોર્ટમાં એક રિટ પિટિશન દાખલ કરવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, NEET રેગ્યુલેશનને હડતાળ કરતો આદેશ પાછો ખેંચી લેવામાં આવ્યો છે, તો બોર્ડ ઓફ ગવર્નર્સ હેઠળ સ્કીમ દ્વારા નિયમન કેમ બહાર પાડવામાં આવતું નથી, અમલ કરવામાં આવી રહ્યો નથી. ત્યારબાદ ૪ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ તત્કાલીન ભાજપ સરકારે કલમ ૧૦-ડી દાખલ કરી અને ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ એક્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો. ૮ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ ભારતીય મેડિકલ કાઉન્સિલ એક્ટ ૧૯૫૬ના સ્થાને નેશનલ મેડિકલ કાઉન્સિલ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. તેમાં અન્ય વિભાગ ૧૪ શામેલ છે જે NEET પરીક્ષા માટે પ્રદાન કરે છે. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ સુપ્રીમ કોર્ટે આ કાયદાને સમર્થન આપ્યું હતું. આ કાયદો વર્તમાન સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આને યુપીએ સાથે કોઈ લેવાદેવા નથી.

સિબ્બલે પેપર લીક અથવા પરીક્ષામાં છેડછાડના આરોપોને નકારી કાઢતી તેમની ટિપ્પણી બદલ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, 'તેમને સોશિયલ મીડિયા પર જવા દો અને જુઓ કે ગુજરાતમાં આ કેવી રીતે થઈ રહ્યું છે. ગુજરાત રાજ્ય પ્રગતિશીલ રાજ્યોમાંનું એક છે, ભ્રષ્ટાચારના સંદર્ભમાં પણ તે કંઈક અંશે પ્રગતિશીલ હોય તેવું લાગે છે.' સિબ્બલે આક્ષેપ કર્યો હતો કે, માત્ર એક રાજ્યમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં જે રીતે પરીક્ષાઓ લેવામાં આવી રહી છે તેમાં વ્યાપક ભ્રષ્ટાચાર છે. તેમણે કહ્યું કે, 'જો ૬૭ વિદ્યાર્થીઓ મહત્તમ થયા છે અને તેમાંથી કેટલાક એક જ કેન્દ્રના છે તો મને લાગે છે કે, મંત્રીએ કંઈ ખોટું નથી કહેવાને બદલે તેના વિશે ચિંતા કરવી જોઈએ. આ સરકારમાં કોઈ એવો મંત્રી નહીં હોય જે કબૂલ કરે કે કંઈક ખોટું થયું છે.' રાજ્યસભાના સાંસદે કહ્યું કે, આ દેશની જટિલતા એવી છે કે, કોઈપણ પ્રકારની એકરૂપતા ચોક્કસ વર્ગના લોકોની તરફેણ કરે છે.

# મોહન ભાગવતના આકરા પ્રહારો પછી આરએસએસ યુપી વિધાનસભાની પેટાચૂંટણીની લડાઈ માટે ભાજપ સાથે ફરી જોડાશે

## સંઘના નેતાએ નમ્રતાની જરૂરિયાત પર ભાર મૂક્યો

(એજન્સી) તા.૧૬

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પોતાના દમ પર સાદી બહુમતી હાંસલ કરવામાં નિષ્ફળ ગયેલી ભાજપ પ્રત્યેની નારાજગીની પ્રારંભિક જાહેર અભિવ્યક્તિ પછી, શાસક પક્ષના વૈચારિક માર્ગદર્શક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) આ વિવાદને દફનાવવા તૈયાર છે.

આરએસએસ અને ભાજપ રાજ્યમાં ૧૦ સેગમેન્ટમાં વિધાનસભા પેટાચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશમાં ફરી એકત્ર થવાની તૈયારી કરી રહ્યા છે. જ્યારે નવ વર્તમાન ધારાસભ્યો લોકસભાની ચૂંટણીમાં જીત્યા છે, ત્યારે એક ધારાસભ્યને દોષિત ઠેરવ્યા બાદ બીજી બેઠક ખાલી થવાની તૈયારીમાં છે. લોકસભા ચૂંટણીમાં શાસક પક્ષને આશ્ચર્યચકિત કર્યા પછી પેટાચૂંટણી બીજેપીની આગેવાની હેઠળના એનડીએ અને એસપી-કોંગ્રેસ જૂથ વચ્ચે બીજી મોટી ચૂંટણી લડાઈ હશે. ઉત્તરપ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ સંઘના પ્રશિક્ષણ સત્ર માટે સીએમના હોમ સેગમેન્ટ ગોરખપુરની મુલાકાત લઈ રહેલા RSS વડા મોહન ભાગવતને મળે તેવી શક્યતા છે. બંને યુપીની રાજકીય સ્થિતિ અને આગળના માર્ગ પર ચર્ચા કરે તેવી શક્યતા છે. થોડા દિવસો પહેલા, આરએસએસના વડાએ જાહેરમાં રાજકારણમાં નમ્રતા અને સંયમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જે ટિપ્પણીઓ ભાજપને લક્ષ્યાંક તરીકે જોવામાં આવી હતી. ફરીથી આરએસએસના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે બીજેપીના અહંકારને કારણે તેને લોકસભામાં બહુમતી ગુમાવવી પડી. સંઘના સૂત્રોએ આજે ધ ટ્રિબ્યુનને જણાવ્યું હતું કે એક બીજા સાથે વૈચારિક રીતે જોડાયેલા બે સંગઠનો વચ્ચે બધુ બરાબર છે અને RSS અને BJP ફરી સાથે છે એવા સિગ્નલો મોકલવામાં આવ્યા છે. ભાગવતે યુપીમાં આરએસએસના કાર્યકરોને "ઘરે-ઘર" જઈને સામાજિક સમરસતાના આરએસએસ સંદેશને પ્રસારિત કરવા સૂચના આપી હોવાનું જાણવા મળે છે.

આરએસએસના સૂત્રોએ જણાવ્યું હતું કે, "ઈન્ડિયા બ્લોકે બંધારણ બદલાશે એવા જૂઠાણાંનો આશરો લેવા ઉપરાંત યુપીમાં જાતિવાદી રાજકારણ રમ્યું. આરએસએસનો અભિગમ હંમેશા સમાવેશ, સામાજિક સમરસતા અને એકતાનો રહ્યો છે. તે સંદેશ છે જે સ્વયંસેવકોએ આગળ લઈ જવાનો છે."

યોગી અને ભાગવત વચ્ચેની કોઈપણ સુનિશ્ચિત બેઠક અંગે કોઈ સત્તાવાર શબ્દ ન હોવા છતાં, પૂર્વ આરએસએસ વડાને મળવાની સંભાવના છે, જેઓ ગોરખપુરમાં હશે. બંને યુપીના LS ચૂંટણી પરિણામોની ચર્ચા કરી શકે છે, જ્યાં એસપીએ ૮૦માંથી ૩૭ બેઠકો જીતી હતી, ભાજપે ૩૩ અને કોંગ્રેસે છ બેઠકો જીતી હતી અને સૌથી મોટા રાજ્યમાં ભાજપના અપેક્ષાથી નીચા પ્રદર્શનની સમીક્ષા કરી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ ખાસ કરીને સાચું હતું કારણ કે પૂર્વીય યુપીમાં ભાજપે ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું હતું, જેને યોગીનું મેદાન માનવામાં આવે છે. પ્રદેશમાં ૨૯ સંસદીય વિભાગોમાંથી, ઈન્ડિયા બ્લોકે ૧૭ જીત્યા. સંઘ પરિવાર હવે યુપીમાં તેમની ચૂંટણી વ્યૂહરચના પર ફરીથી વિચાર કરશે. રાજ્ય ભાજપે ૮૦ નેતાઓને દરેક ન્જી સીટના પરિણામોની સમીક્ષા કરવા અને રિપોર્ટસાથે પાછા ફરવાનું કામ સોંપ્યું હોવાનું જાણવા મળે છે જેની કોર્સ સુધારણા માટે ચર્ચા કરવામાં આવશે.

# ઈન્ડિયા બ્લોકના સાથી પક્ષોએ 'EVM ટેમ્પરિંગ' મુદ્દે એલોન મસ્કની ટિપ્પણીને પકડી રાખી

**ભાજપના નેતા રાજીવ ચંદ્રશેખરે કહ્યું છે કે, એલોન મસ્કની ટિપ્પણી એ 'વિશાળ વ્યાપક સામાન્યીકરણ નિવેદન છે જે સૂચવે છે કે, કોઈ સુરક્ષિત ડિજિટલ હાર્ડવેર બનાવી શકતું નથી' એલોન મસ્કના ટ્વિટ બાદ વિપક્ષી નેતાઓએ EVMને લઈને કેન્દ્ર પર ફરી હુમલો કર્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

લોકસભા ચૂંટણીના પરિણામોના એક અઠવાડિયા કરતાં વધુ સમય પછી 'X' બોસ એલોન મસ્કને આભારી, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન્સ (EVM) અને તેને હેક કરી શકાય કે કેમ તે અંગેની ચર્ચા ફરી ચર્ચામાં આવી છે. EVM પર ટેસ્લાના સીઈઓ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને ભાજપના નેતા અને પૂર્વ ટેક્નોલોજી પ્રધાન રાજીવ ચંદ્રશેખર તરફથી તીવ્ર પ્રતિસાદ મળ્યો અને હવે વિપક્ષી નેતાઓ EVM પર તેમની ચિંતાઓ પર ભાર મૂકવા માટે મિસ્ટર મસ્કની ટ્વિટ શેર કરી રહ્યા છે. મસ્કની પોસ્ટ જેમાં તેણે EVM હેક થવાના જોખમને ફ્લેગ કર્યું હતું, એવા અહેવાલો વચ્ચે પણ આવે છે કે, મુંબઈ નોર્થ વેસ્ટના શિવસેના સાંસદ રવિન્દ્ર વાયકરના સંબંધી એવા ફોનનો ઉપયોગ કરી રહ્યા હતા જે EVM સાથે કનેક્ટ થઈ શકે. આ અહેવાલોએ EVMની ચર્ચાને વેગ આપ્યો છે, વિપક્ષી નેતાઓએ ચૂંટણી પંચના 'મૌન' પર સવાલ ઊઠાવ્યા છે. EVM પર એલોન મસ્કનું ટ્વિટ પ્યુર્ટો રિકોમાં મતદાનની ગેરરીતિઓના મતદાન પર પૂર્વ યુએસ પ્રમુખ જહોન એફ. કેનેડીના ભત્રીજા અને આગામી યુએસ ચૂંટણીઓ માટે સ્વતંત્ર આશાવાદી રોબર્ટ એફ. કેનેડી જુનિયરની પોસ્ટના જવાબમાં હતું. મસ્કે પોસ્ટ કર્યું કે, આપણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોને નાબૂદ કરવા જોઈએ. માણસો અથવા AI દ્વારા તે હેક થવાનું જોખમ, જોખમ નાનું હોવા છતાં ઘણું ઊંચું છે. તેના જવાબમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, મસ્કની ટિપ્પણી એક 'વિશાળ વ્યાપક સામાન્યીકરણ નિવેદન છે જે સૂચવે છે કે, કોઈ સુરક્ષિત ડિજિટલ હાર્ડવેર બનાવી શકતું નથી.' @elonmuskનો દૃષ્ટિકોણ યુએસમાં અન્ય સ્થળોએ લાગુ થઈ શકે છે - જ્યાં તેઓ ઈન્ટરનેટ કનેક્ટેડ વોટિંગ મશીનો બનાવવા માટે નિયમિત કમ્પ્યુટ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. પરંતુ ભારતીય ઈફસ કોઈપણ નેટવર્ક અથવા મીડિયાથી કસ્ટમ ડિઝાઈન, સુરક્ષિત અને અલગ છે - કોઈ કનેક્ટિવિટી, કોઈ બ્લૂટૂથ, વાઈફાઈ, ઈન્ટરનેટ નથી. એટલે કે તેમાં કોઈ રસ્તો નથી. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનોને ફરીથી પ્રોગ્રામ કરી શકાતા નથી. આનાથી મસ્કનો ટૂંકો પ્રતિસાદ મળ્યો, કારણ કે, તેઓ તેમના મુદ્દાને મજબૂતીથી વળગી રહ્યા. તેમણે કહ્યું, 'કોઈપણ વસ્તુને હેક કરી શકાય છે.' ચંદ્રશેખરે દલીલ કરી હતી કે, 'કંઈપણ શક્ય છે' ત્યારે પેપર બેલેટની તુલનામાં EVM એ એક વિશ્વસનીય મતદાન પદ્ધતિ તરીકે ચાલુ રહે છે. ચર્ચામાં કૂદી પડતાં વિપક્ષી નેતાઓએ EVM પદ્ધતિ વિશે વારંવાર-વારંવાર થતી ચિંતાઓ પર ભાર મૂકવા માટે એલોન મસ્કની ટિપ્પણી શેર કરી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ભારતમાં EVM એ 'બ્લેક બોક્સ' છે અને કોઈને તેની તપાસ કરવાની મંજૂરી નથી. તેમણે મસ્કની પોસ્ટ અને રવિન્દ્ર વાયકરની ચૂંટણી અંગેના સમાચાર અહેવાલને શેર કરતી વખતે જણાવ્યું હતું કે, 'આપણી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરવામાં આવી રહી છે. જ્યારે સંસ્થાઓમાં જવાબદારીનો અભાવ હોય ત્યારે લોકશાહી એક ધૂર્ત બની જાય છે અને છેતરપિંડીનો શિકાર બને છે.' સમાજવાદી પાર્ટીના વડા અને કોંગ્રેસના સહયોગી અખિલેશ યાદવે મસ્કની પોસ્ટ શેર કરી છે. તેમણે કહ્યું, ટેક્નોલોજી સમસ્યાઓને દૂર કરવા માટે છે, જો તે સમસ્યાઓનું કારણ બને છે તો તેનો ઉપયોગ બંધ કરવો જ જોઈએ. જ્યારે વિશ્વભરમાં અનેક ચૂંટણીઓમાં EVM સાથે ચેડાંના જોખમો દર્શાવવામાં આવી રહ્યા છે અને જાણીતા ટેક્નોલોજી નિષ્ણાતો જોખમો દર્શાવી રહ્યા છે, ત્યારે ભાજપે સ્પષ્ટ કરવું જોઈએ. તેઓ EVMનો ઉપયોગ કરવા માટે કેમ જોર મૂકી રહ્યું છે. આગામી ચૂંટણીઓ બેલેટ પેપર પદ્ધતિ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે તેવી માંગ કરી હતી. રાજ્યસભાના સાંસદ અને શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે)ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ મુંબઈ ચૂંટણી અંગેના અહેવાલો વિષે ધ્યાન દોર્યું. તેમણે X પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'આ ઉચ્ચતમ સ્તર પર છેતરપિંડી છે અને તેમ છતાં @ECISVEEP ઊંઘવાનું ચાલુ રાખે છે.' ભારતના વિરોધ જૂથે પણ તેના સત્તાવાર હેન્ડલ પરથી એલોન મસ્કની ટિપ્પણી શેર કરી હતી. ચૂંટણી પંચનું કહેવું છે કે, EVM એ એક સક્ષમ મતદાન પદ્ધતિ છે અને તેમના ઉપયોગ માટે મજબૂત ટેક્નિકલ અને વહીવટી સલામતી છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે તાજેતરમાં EVM પર સવાલ ઉઠાવનારાઓ પર નિશાન સાધ્યું હતું. લોકસભા ચૂંટણીના પરિણામો બાદ મીડિયાને સંબોધતા તેમણે કહ્યું કે, 'EVMના પરિણામો બધાની સામે છે. તે ગરીબ પર આરોપ કેમ લગાવવો ? તેને થોડા દિવસ આરામ કરવા દો. આગામી ચૂંટણી સુધી EVMને આરામ કરવા દો, પછી તે બહાર આવશે, પછી તેની બેટરી બદલાશે, પછી ફરીથી તેનો દુરૂપયોગ થશે, પરંતુ તે છેલ્લી ૨૦-૨૨ ચૂંટણીઓથી સમાન પરિણામો બતાવી રહી છે. સરકારો તો બદલાતી રહે છે.'

# NEET-UGમાં છેતરપિંડીનો આરોપ ધરાવતાં ૯ ઉમેદવારોને બિહાર પોલીસે નોટિસ મોકલી : રિપોર્ટ

**પરીક્ષાના એક દિવસ પહેલાં પટના નજીકના એક 'સેફ હાઉસ'માં પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબો મેળવવાનો આરોપ ધરાવતા નવ ઉમેદવારોમાંથી સાત બિહારના છે જ્યારે અન્ય યુપી અને મહારાષ્ટ્રના છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ અહેવાલ અનુસાર બિહાર પોલીસના આર્થિક અપરાધ એકમ (EOU)ના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ માનવજીતસિંહ ધિલ્લોને જણાવ્યું હતું કે, બિહારની પોલીસે ૧૫ જૂને રાજ્યની બહાર રહેતા લોકો સહિત નવ NEET-UG ઉમેદવારોને નોટિસ પાઠવી હતી, જેમાં તેમને પરીક્ષાનું પેપર લીક થયું હોવાના આરોપોની તપાસમાં જોડાવા કહ્યું હતું.

તેઓ બિહારના અન્ય ચાર ઉમેદવારો સાથે છે જેમની પહેલેથી જ ધરપકડ કરવામાં આવી છે, તેઓ પર પાંચ મેના રોજ પરીક્ષા લેવાના એક દિવસ પહેલા પટના નજીકના એક 'સેફ હાઉસ'માં પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબો પ્રાપ્ત કરવાનો આરોપ છે.

લગભગ ૨૪ લાખ ઉમેદવારોએ મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે પાંચ મેના રોજ અત્યંત સ્પર્ધાત્મક NEET-UG પરીક્ષા લખી હતી, પરંતુ પેપર લીકના આરોપો અને પરીક્ષાના સંચાલનમાં ગેરરીતિઓને કારણે તે અવ્યવસ્થિત રહી હતી. બાદમાં સરકારને ઉમેદવારોના પસંદગીના જૂથ માટે વૈકલ્પિક પુનઃ પરીક્ષાની જાહેરાત કરવા માટે પ્રોત્સાહિત કરી છે.

ગયા મહિને પરીક્ષા યોજાઈ તે પછી તરત જ બિહાર EOUએ પટના પોલીસની વિશેષ ટીમ પાસેથી પેપર લીકના આરોપોની તપાસ હાથ ધરી હતી.

રાજ્ય પોલીસે ૧૦ મેના રોજ જાહેરાત કરી હતી કે, આ કેસમાં ચાર ઉમેદવારો સહિત ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

EOUમાં પોલીસના વધારાના મહાનિર્દેશક એન.એચ. ખાને ગઈકાલે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, પોલીસની તપાસ પેપર લીક થવાનું ખૂબ જ સૂચક છે.

ધિલ્લોને ટાઈમ્સને જણાવ્યું કે, પહેલેથી જ ધરપકડ કરાયેલા ચાર ઉમેદવારોએ પટના નજીકના 'સેફ હાઉસ'માં પરીક્ષાના પ્રશ્નપત્ર અને જવાબો મેળવવાની કબૂલાત કરી હતી. અન્ય એક તપાસકર્તાએ જણાવ્યું હતું કે, ચારેય પરીક્ષામાં પાસ થયા હતા.

સંગઠિત ગુનેગારોએ પેપર લીક કરવામાં મદદ કરી હતી અને ચાર ઉમેદવારોના માતા-પિતાએ પ્રશ્નપત્રો મેળવવા માટે દરેકને ૩૦ લાખથી ૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

ધ હિન્દુએ અહેવાલ આપ્યો હતો કે, દરમિયાન ગુજરાત પોલીસે રાજ્યના ગોધરા શહેરમાં NEET-UGપરીક્ષા કેન્દ્રમાં છેતરપિંડી કરવાના આરોપમાં પાંચ લોકોની ધરપકડ કરી હતી.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આ અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે, 'NEET-UG પરીક્ષાનું આયોજનમાં કોઈપણ ગેરરીતિ અથવા અનિયમિતતાને કોઈ અવકાશ નથી પરંતુ જો આરોપો સાબિત થશે તો કોઈને બક્ષવામાં આવશે નહીં.'

## EVM અનલોક પહેલા પાનાનું ચાલુ

સૂત્રોએ જણાવ્યું હતું કે, ચૂંટણી અધિકારી દિનેશ ગુરવ પાસે એક ફોન હતો જે EVM અનલોક કરવા માટે જરૂરી OTP જનરેટ કરે છે. નિયમ મુજબ ફોનનો ઉપયોગ ચૂંટણી અધિકારી દ્વારા કરવાનો હતો અને અન્ય કોઈ દ્વારા નહીં. પોલીસે જણાવ્યું હતું કે, તેઓએ પંડિલકર અને ચૂંટણી પંચના અધિકારીના નિવેદન લીધા હતા જેમના ફોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેઓએ રિટર્નિંગ ઓફિસરને પણ આગળની કાર્યવાહી માટે જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, ફોનનો ઉપયોગ OTP જનરેટ કરવા માટે કરવામાં આવ્યો હોઈ શકે છે, જેની તપાસ પોલીસ કરી રહી છે, સૂત્રોએ જણાવ્યું હતું. ફોનનો ઉપયોગ ડેટા હેન્ડલ કરવા માટે પણ થતો હતો અને કોલ પણ કરવામાં આવતા હતા. પોલીસને શંકા છે કે, પંડિલકર સવારથી સાંજના ૪:૩૦ વાગ્યા સુધી ફોનનો ઉપયોગ કરી રહ્યો હતો જ્યારે મુંબઈ નોર્થ વેસ્ટ સીટ પર નજીકની હરીફાઈ ચાલી રહી હતી, સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, પંડિલકરે ફોનથી કોલ કરવાનું કબૂલ્યું હતું. નિયમ પ્રમાણે OTP-જનરેશન ફોન રિટર્નિંગ ઓફિસરને પરત કરવા જોઈએ. પોલીસ તપાસ કરશે કે મોબાઈલ ફોન કેમ પરત ન આવ્યો. આ મામલાની તપાસ માટે મુંબઈ પોલીસની ત્રણ ટીમો બનાવવામાં આવી હતી અને તેઓ ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા સીસીટીવીની તપાસ કરશે, જે વિવાદ વિશે વિગતો બહાર લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, પોલીસ તે ઉપકરણ પર કોલ કરવા માટે ઉપયોગમાં લેવાતા મોબાઇલ નંબર વિશે વિગતો મેળવ્યા પછી OTP બનાવવા માટે ઉપયોગમાં લેવાતા મોબાઇલ ફોનમાંથી કોલ રેકોર્ડ્સ એક્સેસ કરશે. જપ્ત કરાયેલા ફોન પર કેટલા કોલ અને ઓટીપી આવ્યા તેની પોલીસ તપાસ કરશે. તેઓ એ પણ તપાસ કરશે કે તે ફોન પર કોલ્સ આવ્યા હતા કે કેમ. આ વિવાદ ટેક અબજોપતિ એલોન મસ્કની પોસ્ટની પૃષ્ઠભૂમિ સામે આવ્યો હતો જેણે EVM વિશે ચિંતાઓ ઊભી કરી હતી. મસ્કએ સૂચવ્યું કે મનુષ્યો અથવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા હેક થવાના સંભવિત જોખમને કારણે તેમને દૂર કરવા જોઈએ પછી ભલે તે જોખમ ઓછું જ કેમ ન હોય.

# દિલ્હી જળ સંકટ : DJB ઓફિસમાં તોડફોડ નળના વપરાશને લઈને અથડામણમાં ત્રણ ઘાયલ

## ભાજપના નેતાઓએ AAP સરકારને ભ્રષ્ટાચારી અને ગેરવહીવટદાર હોવાનો આરોપ મૂકીને તેમને ગંભીર જળ સંકટ માટે જવાબદાર ઠેરવ્યા

(એજન્સી) તા.૧૬

એએનઆઈના અહેવાલ મુજબ દિલ્હીમાં ચાલી રહેલી પાણીની કટોકટીથી સમગ્ર રાજધાનીમાં વિરોધ પ્રદર્શન, તોડફોડ અને ઉગ્ર રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ છે. પાણીની તીવ્ર તંગીને લઈને રવિવારે અજાણ્યા વ્યક્તિઓએ છતરપુરમાં આવેલી દિલ્હી જલ બોર્ડ (ડીજેબી) કાર્યાલયમાં તોડફોડ કરી હતી. ANI દ્વારા શેર કરાયેલા ફૂટેજમાં ડીજેબી ઓફિસમાં તૂટેલી બારી અને તૂટેલા માટીના વાસણો દેખાય છે. આમ આદમી પાર્ટી (AAP)એ ઘટનાનો બીજો વીડિયો શેર કરીને આક્ષેપ કર્યો કે, તોડફોડ કરનારાઓ ભાજપના નેતાઓ અને કાર્યકરો હતા. વીડિયોમાં એક વ્યક્તિ ભાજપનો ખેસ પહેરેલો જોવા મળ્યો હતો.





AAPએ X પર લખ્યું, જુઓ કેવી રીતે બીજેપી કાર્યકર્તાઓ 'BJP ઝિંદાબાદ'ના નારા લગાવતા દિલ્હી જલ બોર્ડની ઓફિસ તોડી રહ્યા છે.

એક તરફ હરિયાણાની ભાજપ સરકાર દિલ્હીના પાણીના હકના હિસ્સાને રોકી રહી છે, જ્યારે બીજી તરફ ભાજપ દિલ્હીના લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યું છે.

બીજેપી નેતા રમેશ બિધુરીએ કહ્યું, 'તે સ્વાભાવિક છે. લોકો જ્યારે ગુસ્સે હોય ત્યારે કંઈપણ કરી શકે છે. હું ભાજપના કાર્યકરોનો આભારી છું જેમણે તે લોકોને કાબૂમાં રાખ્યા. તે સરકાર અને લોકોની સંપત્તિ છે. આ સંપત્તિને નુકસાન પહોંચાડવાથી કોઈ ફાયદો નથી.'

દ્વારકા જિલ્લામાં પણ તંગદિલી ફેલાઈ હતી, જ્યાં નળથી પાણી લેવા માટે થયેલા વિવાદમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા અને તેમને ઈન્દિરા ગાંધી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. દિલ્હી પોલીસે પુષ્ટિ કરી છે કે, ઘટના અંગે બે પીસીઆર કોલ કરવામાં આવ્યા હતા અને બંને પક્ષોના નિવેદનોના આધારે ક્રોસ ફરિયાદ નોંધવામાં આવી છે. તેઓએ સ્પષ્ટ કર્યું કે, આ સંઘર્ષમાં કોઈ સાંપ્રદાયિક એન્ગલ નથી અને તપાસ ચાલી રહી છે.

બીજેપી સાંસદ હર્ષ મલ્હોત્રાએ AAP સરકાર પર ભ્રષ્ટાચાર અને ગેરવહીવટનો આરોપ લગાવતા દાવો કર્યો, 'દિલ્હી સરકાર દિલ્હીની જનતા માટે પૂરતું પાણી મેળવી રહી છે. આજે આપણે જે તંગીનો સામનો કરી રહ્યા છીએ તે તેમના ભ્રષ્ટાચાર, બિન-આયોજન અને ગેરવહીવટને કારણે છે.'

વધતી જતી કટોકટીના જવાબમાં દિલ્હીના જળ પ્રધાન આતિશીએ પોલીસ કમિશનર સંજય અરોરાને પત્ર લખીને સંભવિત તોડફોડથી મોટી પાણીની પાઈપલાઈનને સુરક્ષિત રાખવા માટે કર્મચારીઓને તૈનાત કરવાની વિનંતી કરી છે. તેણીએ જણાવ્યું હતું કે, તાજેતરની ઘટનામાં દક્ષિણ દિલ્હીમાં મુખ્ય પાઇપલાઇનને ઈરાદાપૂર્વક નુકસાન કરાયું હતું, જેનાથી પાણીની તંગી વધી ગઈ હતી.

ઉત્તર-પૂર્વ દિલ્હીના બીજેપી સાંસદ મનોજ તિવારીએ જેમણે 'મટકાફોડ વિરોધ'નું નેતૃત્વ કર્યું હતું, તેમણે કહ્યું, 'દર વર્ષે પાણીની કટોકટી થાય છે. આતિશી કોની સાથે છેતરપિંડી કરે છે? આ આળસુ લોકો છે, તેમની પાસે કોઈ નથી. તેઓ માત્ર રાજ્યની તિજોરી લૂંટવા માંગે છે. હું આતિશીને કહેવા માંગુ છું કે, જૂઠ બોલવાની પણ એક હદ હોય છે. દિલ્હીના લોકો તેમને ચોક્કસ સજા કરશે.'

આ ભાવનાઓ પર પડઘો પાડતા દિલ્હી ભાજપના વડા વીરેન્દ્ર સચદેવાએ પાણીની ચોરી, ટેન્કર માફિયાઓ અને ઉપેક્ષિત માળખાગત સુવિધાઓ પર કટોકટીનો આરોપ મૂક્યો હતો. તેમણે દિલ્હી સરકારની ઉનાળુ એક્શન પ્લાન ન હોવા માટે અને છેલ્લા એક દાયકામાં પાણી પુરવઠા પ્રણાલીની સમસ્યાઓને ઉકેલવામાં નિષ્ફળ રહેવા બદલ ટીકા કરી હતી.

બીજેપી સાંસદ કમલજીત સેહરાવત અને પાર્ટીના અન્ય કાર્યકરોએ દિલ્હીના નજફગઢમાં 'માટલા ફોડ' વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેણીએ દ્વારકામાં પાણીની પાઈપલાઈનનું પણ નિરીક્ષણ કર્યું હતું અને તૂટેલી પાઈપોને કારણે પાણીના નોંધપાત્ર બગાડની જાણ કરી હતી.

દિલ્હી સરકારને આ માળખાકીય સમસ્યાઓને ઉકેલવા વિનંતી કરતા સેહરાવતે જણાવ્યું હતું કે, 'સરકારી ટેન્કરો મેળવવામાં અસમર્થ લોકોના, ખાનગી પાણીના ટેન્કરો મંગાવવાને કારણે તેમના ઘણા પૈસા ખર્ચાઈ રહ્યા છે.'

નવી દિલ્હીના બીજેપી સાંસદ બંસુરી સ્વરાજે AAP સરકાર પર કટોકટી રચવાનો આરોપ લગાવતા કહ્યું કે, 'દિલ્હી પાસે પાણીનો પૂરતો જથ્થો છે અને હરિયાણા તેમની વચ્ચેના કરાર કરતાં વધુ પાણી છોડી રહ્યું છે. જો કે, AAP સરકારે તેના એક દાયકામાં- લાંબા શાસનમાં દિલ્હી જલ બોર્ડને ૭૩૦૦ કરોડનું નુકસાન કરાવ્યું છે. તેઓએ દિલ્હી જલ બોર્ડના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કોઈ સમારકામ કરાવ્યું નથી અને AAP સરકારના સમર્થિત ગેરકાયદે ટેન્કર માફિયાઓ ૪૦% પાણી વેડફી નાખે છે અથવા ચોરી જાય છે.'

# 'કેજરીવાલ સરકાર હિંદુ બહુમતીવાળા વિસ્તારોમાં પાણી પુરવઠો અટકાવી દઈને તેને મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારો તરફ વાળી દે છે' : દિલ્હીમાં પાણીની ગંભીર કટોકટીને પ્રશ્ને ભાજપના કપિલ મિશ્રાનો દાવો

## મિશ્રાના આ આરોપને કારણે દિલ્હીમાં ચાલી રહેલી પાણીની વિકટ સમસ્યામાં સાંપ્રદાયિક રંગ ઉમેરાયો છે

(એજન્સી) તા.૧૬

દિલ્હીમાં પાણીની ગંભીર કટોકટી ચાલી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના નેતા કપિલ મિશ્રાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. રવિવારે સવારે પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયો સંદેશમાં મિશ્રાએ આરોપ લગાવ્યો હતો કે, આમ આદમી પાર્ટી (AAP) અયોગ્ય રીતે પાણીનું વિતરણ કરી રહી છે. તે હિંદુ-પ્રભાસિત વિસ્તારોમાં સપ્લાય અટકાવીને તેને મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં પાણીને વાળી રહ્યા છે. આ આરોપે રાષ્ટ્રીય રાજધાનીમાં પાણીની વિકટ સમસ્યામાં સાંપ્રદાયિક રંગ ઉમેર્યો છે.





મિશ્રાએ આરોપ લગાવ્યો હતો કે, AAP સરકાર બકરી ઈદ માટે વધારાની વ્યવસ્થા કરવાના બહાને હિન્દુ-બહુમતી વિસ્તારોમાંથી પાણીનો પુરવઠો ડાયવર્ટ કરી રહી છે.

મિશ્રાએ વીડિયોમાં કહ્યું છે કે, દિલ્હીમાં પાણીની ગંભીર કટોકટીનું સૌથી મોટું કારણ જાણીને તમે ચોંકી જશો. હિંદુ બહુમતીવાળા વિસ્તારોમાંથી પાણીને અવરોધિત કરવામાં આવી રહ્યું છે અને મુસ્લિમ વિસ્તારોમાં વધારાનો પુરવઠો મોકલવામાં આવી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં મોદીને મત આપવા બદલ હિંદુઓને સજા આપવામાં આવી રહી છે. યમુના વિહાર, મૌજપુર અને ગોકુલપુરીમાંથી પાણી સીલમપુર, જાફરાબાદ અને સીમાપુરીમાં મોકલવામાં આવી રહ્યું છે. આઈપી એક્સટેન્શનનું પાણી અલ્લાહ કોલોનીને આપવામાં આવી રહ્યું છે. રાજેન્દ્ર નગર, કરોલ બાગ અને આનંદ પરબતમાંથી પાણીને અટકાવીને જામા મસ્જિદ અને મતિયા મહેલને આપવામાં આવે છે.

આવું કેમ કરવામાં આવી રહ્યું છે ? શું હવે પાણી પુરવઠો પણ ધર્મ પર આધારિત હશે ?

**AAPની પ્રતિક્રિયા :**

તેના જવાબમાં સીલમપુરના AAP ધારાસભ્ય અબ્દુલ રહેમાને મિશ્રાના નિવેદનોને દુર્ભાગ્યપૂર્ણ ગણાવીને તેની ટીકા કરીને કહ્યું કે, જળ સંકટને હિન્દુ-મુસ્લિમ મુદ્દામાં ફેરવવામાં આવી રહ્યું છે. રહેમાનના મતે હવા અને પાણી દરેક માટે સમાન છે અને મિશ્રા દ્વારા આપવામાં આવેલું વિભાજનકારી નિવેદન હાનિકારક છે.

**દિલ્હી જળ સંકટ :**

પૂર્વ દિલ્હી, દક્ષિણ દિલ્હી અને રાજધાનીના અન્ય ભાગોમાં લોકો પાણીનું એક એક ટીપું મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે દિલ્હી ગંભીર જળ સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. કેટલાક વીડિયોમાં લોકો પાણીના ટેન્કર પર ચઢતા અને પાણી માટે લગાવેલી લાંબી કતારો જોવા મળે છે.

કેજરીવાલ સરકાર સામે કોંગ્રેસ અને ભાજપ બંનેએ મટકા ફોડના વિરોધ સાથે પાણીની તંગી અંગે વિરોધ ઉગ્ર બન્યો છે. ચાલી રહેલી કટોકટી માટે દિલ્હી સરકારને જવાબદાર ઠેરવવાનું લક્ષ્ય રાખીને ભાજપ તેના વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવાની યોજના ધરાવે છે.

# આ વ્યક્તિ જેઓ કંઈપણ કર્યા વિના રોજની ૧૦.૯૦ કરોડ રૂપિયાની રકમ કમાઈ લે છે, એક સમયે વિશ્વના સૌથી ધનિક શખ્સ હતા, હવે તેઓ ૧૬,૧૩,૭૯,૩૧,૮૧૭.૫૮ ડોલરની કિંમતના માઈક્રોસોફ્ટ કોર્પોરેશનના શેરના માલિક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

બિલ ગેટ્સ જેઓ એક સમયે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ હતા, તેઓ હવે ૧૩૨.૨ અબજ ડોલર (૧૩,૨૧૯.૯ કરોડ રૂપિયા)ની અંદાજિત સંપત્તિ સાથે નવમા સૌથી ધનિક વ્યક્તિ છે. બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ માટે તાજેતરની ૧૩ F ફાઈલિંગ અનુસાર, તેમનો રોકાણ પોર્ટફોલિયો વાર્ષિક ડિવિડન્ડ આવકમાં પ્રભાવશાળી ૪૭૬,૬૧૯,૮૪૮.૧૫ ડોલર જનરેટ કરે છે, જે દરરોજ સરેરાશ ૧,૩૦૫,૮૦૭.૮૦ ડોલર (૧૦.૯૦ કરોડ રૂપિયા) છે. શેરબજારની વધઘટને ધ્યાનમાં લીધા વિના ગેટ્સ આગામી વર્ષમાં લગભગ અડધા અબજ ડોલર ડિવિડન્ડ કમાવવા માટે તૈયાર છે. નોંધપાત્ર રીતે, ગેટ્સના પોર્ટફોલિયોમાં ૭૦%થી વધુ શેરો (૨૪માંથી ૧૭) ડિવિડન્ડ ચૂકવે છે, જે આવક-ઉત્પાદક રોકાણો માટેની તેમની પસંદગીને પ્રકાશિત કરે છે. કેનેડિયન નેશનલ રેલ્વે, માઈક્રોસોફ્ટ અને વેસ્ટ મેનેજમેન્ટ એ ત્રણ કંપનીઓ છે જે ગેટ્સની ડિવિડન્ડ આવકમાં સૌથી વધુ યોગદાન આપે છે. ગેટ્સની અન્ય ઉચ્ચ ઉપજ આપતી હોલ્ડિંગમાં ક્રાઉન કેસલ, ક્રાફ્ટ હેઈન્ઝ અને યુનાઈટેડ પાર્સલ સર્વિસનો સમાવેશ થાય છે. ગેટ્સ કેનેડિયન નેશનલ રેલ્વે કંપનીના ૫૪,૮૨૬,૭૮૬ ડોલર શેર ધરાવે છે જેની કિંમત ૬,૬૫૫,૪૨૩,૫૫૨.૫૪ ડોલર છે. કંપની ત્રિમાસિક ડિવિડન્ડ ચૂકવે છે, જેમાં નવીનતમ ચુકવણી શેર દીઠ ૦.૬૨૭૧ ડોલર છે. આ વર્ષની શરૂઆતમાં તેમનો હિસ્સો લગભગ ૪.૫% જેટલો ઘટાડ્યો હોવા છતાં ગેટ્સ ૧૬,૧૩૭,૯૩૧,૮૧૭.૫૮ ડોલરની કિંમતના માઈક્રોસોફ્ટ કોર્પોરેશનના ૩૬,૪૯૯,૫૯૭ શેર ધરાવે છે. ગેટ્સ પાસે વેસ્ટ મેનેજમેન્ટના ૩૫,૨૩૪,૩૪૪ શેર પણ છે જેની કિંમત હાલમાં ૭,૦૧૫,૫૧૦,૨૩૩.૮૪ ડોલર છે. બિલ ગેટ્સની પ્રભાવશાળી ડિવિડન્ડ આવક આ કંપનીઓ પર આધાર રાખે છે કે તેઓ સમય જતાં તેમના ડિવિડન્ડ ચૂકવણીને જાળવી રાખે છે અને વધે છે.



# પોલીસ કમિશનરને પત્ર લખીને પાણીની પાઈપલાઈનોની સુરક્ષા માટે કર્મચારીઓને તૈનાત કરવાની આતિશીની વિનંતી

## તેમના પત્રમાં મંત્રીએ કહ્યું કે, દિલ્હી તીવ્ર ગરમીના મોજા અને પાણીની કટોકટી હેઠળ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના જળ પ્રધાન આતિશીએ પોલીસ કમિશનર સંજય અરોરાને પત્ર લખીને આગામી ૧૫ દિવસ સુધી પેટ્રોલિંગ અને મુખ્ય પાઇપલાઇન્સની સુરક્ષા માટે કર્મચારીઓની તૈનાત કરવાની વિનંતી કરી, કારણ કે, રાષ્ટ્રીય રાજધાની જળ સંકટ સાથે ઝઝૂમી રહી છે.



તેમના પત્રમાં મંત્રીએ કહ્યું કે, દિલ્હી તીવ્ર ગરમીના મોજા અને પાણીની કટોકટી હેઠળ છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 'યમુનામાં પાણીની અછતને કારણે પાણીના ઉત્પાદનમાં લગભગ ૭૦ MGD જેટલો ઘટાડો થયો છે અને દિલ્હીના ઘણા ભાગો પાણીની અછત અનુભવી રહ્યા છે. આ સ્થિતિમાં પાણીનું દરેક ટીપું કિંમતી બની જાય છે.'

આતિશીએ પત્રમાં જણાવ્યું હતું કે, દિલ્હી જલ બોર્ડે મુખ્ય પાણી વિતરણ નેટવર્ક માટે પેટ્રોલિંગ ટીમો તૈનાત કરી છે જે કાચા પાણીને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (WTPs) સુધી લઈ જાય છે અને પછી તેમાંથી શહેરના વિવિધ ભાગોમાં મુખ્ય ભૂગર્ભ જળાશયોમાં લઈ જાય છે. આ ઉપરાંત અમે આ કામમાં મદદ કરવા માટે ADMની દેખરેખ હેઠળ ટીમો તૈનાત કરી છે. મંત્રીએ કહ્યું કે, શનિવારે ડીજેબીની ગ્રાઉન્ડ પેટ્રોલિંગ ટીમે તેના દક્ષિણ દિલ્હી રાઈઝિંગ મેઈન્સ - સોનિયા વિહાર WTPથી દક્ષિણ દિલ્હી સુધી પાણી વહન કરતી મુખ્ય પાણીની પાઈપલાઈનમાં મોટા લીકેજની જાણ કરી હતી.

પત્રમાં લખવામાં આવ્યું હતું કે, 'આ ગઢી મેંધુમાં ડીટીએલ સબ સ્ટેશનની નજીક હતું. અમારી પેટ્રોલિંગ ટીમને જાણવા મળ્યું કે લીકેજને કારણે પાઈપલાઈનમાંથી ઘણા મોટા ૩૭૫ એમએમ બોલ્ટ અને એક ૧૨ ઈંચનો બોલ્ટ કાપવામાં આવ્યો હતો. હકીકત એ છે કે ઘણા મોટા બોલ્ટ કાપવામાં આવ્યા હતા તે છેડખાની અને તોડફોડ સૂચવે છે.' આતિશીએ અરોરાને પોલીસ પેટ્રોલિંગ તૈનાત કરવા અને આગામી ૧૫ દિવસ માટે શહેરની મુખ્ય પાઈપલાઈનનું રક્ષણ કરવા અને પાણીની પાઈપલાઈન સાથે છેડછાડ કરતા 'ભ્રષ્ટાચારીઓ અથવા ખોટા ઈરાદા ધરાવતા લોકોને' અટકાવવા વિનંતી કરી.

તેણીએ લખ્યું, 'આ સમયે કોઈપણ અયોગ્ય રમત અને તોડફોડ દિલ્હીના લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલી પહેલાથી જ મુશ્કેલ પાણીની અછતને વધુ ખરાબ કરશે.' ક્ષતિગ્રસ્ત પાઈપલાઈન વિશે તેણીએ જણાવ્યું હતું કે, જાળવણી ટીમે એક સ્ટ્રેચમાં છ કલાક કામ કર્યું હતું અને લીકનું સમારકામ કર્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે, 'પરંતુ આનો અર્થ એ થયો કે અમારે ૬ કલાક માટે પાણીનું પમ્પિંગ બંધ કરવું પડ્યું હતું અને આ સમય દરમિયાન ૨૦ MGD પાણી પમ્પ કરવામાં આવ્યું ન હતું. પરિણામે દક્ષિણ દિલ્હીમાં વધુ ૨૫% પાણીની અછતનો અનુભવ થશે.'

# ૧,૮૩,૦૦૦ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતી કંપની મુશ્કેલીમાં, સ્થાપકની ૧૭,૫૪૫ કરોડ રૂપિયાની સંપત્તિ ઘટીને શૂન્ય થઈ, હવે તેને ૨૦ કરોડ રૂપિયાના સબ્સ્ક્રિપ્શન માટે પ્રતિબદ્ધતા મળી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

બાયજુ રવિન્દ્રન દ્વારા સ્થાપવામાં આવેલી એડ-ટેક કંપની બાયજુસ નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. કંપની ચલાવવા માટે સંઘર્ષ કરતા આ સ્થાપકને ફોર્બ્સ બિલિયોનેર્સની સૂચિમાંથી દૂર કરવામાં આવ્યા છે અને તેમની કુલ સંપત્તિ શૂન્ય થઈ ગઈ છે. અગાઉ ૧૭,૫૪૫ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે સૂચિબદ્ધ, ઈન્ડેક્સ ૨૦૨૪માં બાયજુ રવિન્દ્રનની સંપત્તિ હવે શૂન્ય પર છે, જે બાયજુ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો વચ્ચે એક સમયે ૨૨ અબજ ડોલરનું ટોચનું મૂલ્યાંકન હતું. પરંતુ એક વર્ષથી ઓછા સમયમાં તેનું નસીબ ધરમૂળથી બદલાઈ ગયું અને તેની બધી સંપત્તિ જતી રહી. તેમના કર્મચારીઓને ટેકો આપવા માટે તેમણે તેમના પગાર ચૂકવવા માટે તેમનું ઘર ગીરો પણ રાખ્યું હતું. તેમની સંપત્તિ હવે સંપૂર્ણપણે ઘટી ગઈ છે. પાછલા વર્ષની સરખામણીમાં ફોર્બ્સે આ વર્ષે અબજોપતિઓની યાદીમાંથી ચાર લોકોને હટાવ્યા છે, જેમાં બાયજુ રવિન્દ્રનનો પણ સમાવેશ થાય છે. કંપનીનું મૂલ્યાંકન ઘટીને ૧ અબજ ડૉલર થઈ ગયું છે, જેના પરિણામે રવિન્દ્રનની સંપત્તિ શૂન્ય થઈ ગઈ છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)એ એડટેક ફર્મ અને બાયજુની બ્રાન્ડ પેરન્ટ થિંક એન્ડ લર્નને ૧૧ મેના રોજ શરૂ થયેલા ચાલુ રાઈટ્સ ઈસ્યુ સાથે આગળ વધવા પર રોક લગાવી છે, જે યથાસ્થિતિ જાળવી રાખવાની પ્રક્રિયાને અસરકારક રીતે અટકાવી રહી છે. NCLT બેંગ્લુરુ બેન્ચે ૧૨ જૂનના આદેશમાં બાયજુને રાઈટ્સ ઈશ્યુના પ્રથમ તબક્કા મુજબ ૨ માર્ચે ઈક્વિટીની ફાળવણી પહેલા અને પછી તેના શેરધારકોની સંપૂર્ણ વિગતો સબમિટ કરવા પણ કહ્યું હતું. ટ્રિબ્યુનલનો સંપર્ક કરનારા રોકાણકારોના જણાવ્યા અનુસાર, બાયજુએ ૧૧ મેના ઑફર લેટર દ્વારા બીજા રાઈટ્સ ઈશ્યૂનો પ્રસ્તાવ મૂક્યો હતો જે ૧૩ મેના રોજ ખુલ્યો હતો અને ૧૩ જૂને સમાપ્ત થવાનો હતો. ટ્રિબ્યુનલે કહ્યું કે તે રોકાણકારો દ્વારા દાખલ કરાયેલી મુખ્ય અરજીના નિકાલ સુધી પ્રતિવાદીઓને હાલના અધિકારોના મુદ્દા સાથે આગળ વધવાથી અટકાવે છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ઉત્તરદાતાઓને આ ઓફરના સંબંધમાં બીજા રાઈટ્સ ઈસ્યુના પ્રારંભથી અત્યાર સુધી એકત્ર કરાયેલી રકમ એક અલગ ખાતામાં રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે જેનો મુખ્ય પિટિશનના નિકાલ સુધી ઉપયોગ કરવો જોઈએ નહીં. ચાર રોકાણકારોના જૂથ, પ્રોસસ, જનરલ એટલાન્ટિક, સોફિના અને પીક XV સાથે ટાઈગર અને આઉલ વેન્ચર્સ સહિતના અન્ય શેરધારકોના સમર્થન સાથે કંપની મેનેજમેન્ટ અને રાઈટ્સ ઈશ્યુ સામે NCLTનો સંપર્ક કર્યો હતો.



કંપનીએ ફેબ્રુઆરીમાં ૨૦ કરોડ યુએસ ડોલર રાઈટ્સ ઈશ્યૂ માટે ૧૦૦ ટકા પ્રતિબદ્ધતા પ્રાપ્ત કરવાનો દાવો કર્યો હતો. કંપનીએ રાઈટ્સ ઈશ્યૂની શરૂઆત ૨૨ અબજ ડોલરની તેની ટોચની એન્ટરપ્રાઈઝ વેલ્યુની સરખામણીમાં ૯૯ ટકા ઓછા મૂલ્યાંકનમાં કરી હતી. રોકાણકારોના સૂત્રોના જણાવ્યા અનુસાર, બાયજુનો પ્રથમ રાઈટ્સ ઈસ્યુ ૨૦ કરોડ યુએસ ડોલર હતો, જે એકત્ર કરવામાં તે નિષ્ફળ ગયો અને તેથી કંપનીએ ૧૦ કરોડ યુએસ ડોલર નો બીજો રાઉન્ડ શરૂ કર્યો. રોકાણકાર સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, તે શંકાસ્પદ છે કે તેઓએ પ્રથમ રાઈટ્સ ઈશ્યૂમાંથી ૧૦ કરોડ યુએસ ડોલર પણ એકત્ર કર્યા હતા, પરંતુ કંપનીએ તે જ વર્ણન કર્યું છે. બાયજુને મોકલવામાં આવેલા પ્રશ્નોનો કોઈ પ્રતિસાદ મળ્યો નથી પરંતુ બાયજુના મામલાની જાણકારી ધરાવતા સૂત્રોએ જણાવ્યું હતું કે ચાલુ રાઈટ્સ ઈશ્યુ ફંડ એકઠું કરવાનો બીજો તબક્કો નથી પરંતુ ફેબ્રુઆરીના રાઈટ્સ ઈસ્યુનો ચાલુ છે. રોકાણકારો બાયજુમાં તેમના શેરહોલ્ડિંગના આધારે પ્રો-રેટાના આધારે જ રોકાણ કરી શકે છે. કેટલાંક રોકાણકારોએ ભાગ લીધો ન હતો, તેથી ઈસ્યુ ૧૦૦ ટકા સબસ્ક્રાઈબ થયો ન હતો, જોકે કંપનીને ૨૦ કરોડ યુએસ ડોલરના સબ્સ્ક્રિપ્શન માટે પ્રતિબદ્ધતા પ્રાપ્ત થઈ હતી. બાયજુની નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે, હાલના રાઈટ્સ ઈશ્યૂ સુપર-પ્રો-રેટા ધોરણે તે જ ચાલુ રાખવાનો છે, જેનો અર્થ છે કે બાકી રહેલ હિસ્સો હાલના શેરધારકો દ્વારા સબસ્ક્રાઈબ કરી શકાય છે. અન્ય સ્ત્રોતે જણાવ્યું હતું કે, બાયજુએ જણાવ્યું હતું કે તેને ૨૦ કરોડ યુએસ ડોલર સબ્સ્ક્રિપ્શન માટે પ્રતિબદ્ધતા પ્રાપ્ત થઈ છે. NCLTએ આ મામલાને ૪ જુલાઈએ સુનાવણી માટે સૂચિબદ્ધ કર્યો છે.

# કેરળના મંત્રી ઈ.પી.જયરાજને ભાજપના નેતા સામે માનહાનિનો દાવો કર્યો

તિરૂવનંતપુરમ, તા.૧૬

LDF (લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ)ના કન્વીનર અને કેરળના CPI (M)ના વરિષ્ઠ નેતા ઈ.પી.જયરાજને કન્નુરની કોર્ટમાં બીજેપીના પ્રદેશ ઉપાધ્યક્ષ સોભા સુરેન્દ્રન સામે માનહાનિનો દાવો દાખલ કર્યો છે, જેમાં પછીથી તેમની છબી ખરાબ કરવા માટે તેમના પર પાયાવિહોણા આરોપો લગાવવાનો આરોપ લગાવ્યો છે. જયરાજને ૨૬ એપ્રિલે પ્રકાશિત થયેલા મીડિયા અહેવાલો અને બે દિવસ પછી સુરેન્દ્રને આપેલા ઈન્ટરવ્યુનો ઉલ્લેખ કરીને કન્નુરની ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. ભાજપના નેતાએ તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી દરમિયાન એવો દાવો કરીને વિવાદ ઉભો કર્યો હતો કે જયરાજન તેમની પાર્ટીમાં જોડાવાની નજીક છે. જયરાજને ભાજપના રાષ્ટ્રીય નેતા પ્રકાશ જાવડેકર સાથે મુલાકાત કરીને તેમની પાર્ટી CPI(M)ને બેકફૂટ પર મૂક્યા બાદ આ આરોપ લગાવવામાં આવ્યો હતો. સુરેન્દ્રને આરોપ લગાવ્યો હતો કે જયરાજને પાવર દલાલ ટીજી નંદકુમાર ઉર્ફે દલાલ નંદકુમાર સાથે મળીને તેમનો સંપર્ક કર્યો હતો અને ભાજપમાં જોડાવાની યોજના બનાવી હતી. કેરળમાં ૨૬ એપ્રિલે ચૂંટણી યોજાવાની હતી ત્યારે પણ આ આરોપે CPI(M) અને જયરાજનને બેકફૂટ પર મૂક્યા હતા. આ આરોપ રાજકીય વિવાદમાં ફેરવાઈ જતાં, મુખ્યમંત્રી પિનરાઈ વિજયને જાહેરમાં ટિપ્પણી કરી કે જયરાજનને સતર્ક રહેવું જોઈતું હતું અને ભૂતકાળમાં પણ તેઓ બેદરકાર રહ્યા હતા. જયરાજને જાવડેકરને મળવાનો ઈન્કાર કર્યો ન હતો, પરંતુ કહ્યું હતું કે, તિરૂવનંતપુરમમાં અક્કુલમ ખાતે તેમના પુત્રના ફ્લેટમાં થયેલી મીટિંગ બિન-રાજકીય હતી. ત્યારપછી તેમણે કહ્યું કે, જાવડેકરે તેમની અઘોષિત મુલાકાત લીધી હતી. CPI(M) રાજ્ય સચિવાલયે તેમનો ખુલાસો સ્વીકાર્યો અને તેમને ક્લીનચીટ આપી અને પાર્ટીએ તેમને સુરેન્દ્રન સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવા નિર્દેશ આપ્યો.



### બનાવથી એસટી સ્ટાફમાં રોષની લાગણી

# સંતરામપુરના ઉખરેલી ગામે એસટી બસના ડ્રાયવર પર હુમલો : માથાના ભાગે ગંભીર ઈજા

## બનાવની પોલીસે ૩ કલાક બાદ ફરિયાદ નોંધી, ૨૦ કલાક બાદ પણ આરોપીઓને પકડવામાં પોલીસ નિષ્ફળ : બનાવમાં પોલીસની શંકાસ્પદ કામગીરી



(તસવીર : મુસ્તાક સીભાઈ, સંતરામપુર)

સંતરામપુર, તા.૧૬

વડોદરાથી ફતેપુરા વાયા સંતરામપુર બસ લઈને બસ ડ્રાયવર મુસ્તાક અબ્દુલ રહીમ ગાજી નીકળેલ. ત્યારે સંતરામપુર બસ સ્ટેશનથી આરોપી પપ્પુ પારસીગ ડીડોર બસમાં બેસેલને ઉખરેલી આવતાં પપ્પુએ ઉખરેલી બે નંબરના બસ સ્ટોપ પર બસ ઉભી રાખવા જણાવતાં જેથી ડ્રાયવરે કહેલ કે ઉખરેલી બે નંબરના બસ સ્ટેન્ડ પર અમારી બસનું સ્ટોપેજ નથી. જેથી બસ ઊભી નહીં રહે. જેથી આરોપી પપ્પુ પારસીગ ડીડોર નવાધરા બસ સ્ટોપ પર ઉતરી ગયેલ ને બસ ડ્રાયવર બસ લઈને ફતેપુરા બસ ડેપોમાં ગયેલ ને ફતેપુરાથી બસનું બોર્ડ બદલી નેબસ સંતરામપુર વાયા ઉખરેલી થઈને આવવાં નિકળેલ. નેરસ્તામાં બસને ઉખરેલી બે નંબર પીક અપ સ્ટેન્ડ નજીક આરોપીઓ પપ્પુ પારસીગ ડીડોરને પપ્પુ લક્ષ્મણ ડીડોરને પારસીગ કાળુ ડીડોરને લક્ષ્મણ જીવા ડીડોરએ બસને ઉભી રખાવીને આરોપીઓ પારસીગ કાળુ અને લક્ષ્મણ જીવાએ કન્ડક્ટર સાઈડના દરવાજાથી બસમાં ઘુસી જઈને ડ્રાયવરને કહેવા લાગેલ કે તારાં બાપની બસ છે. કેમ અહીં ઉભી રાખતો નથી. તેમ કહીને બિભત્સ ગાળો બોલતાં હોઈ બસનાં ડાયવરે આરોપીઓને ગાળો નહીં બોલવા કહેતાં તેઓ ઉશ્કેરાઈ ગયેલાં ને બસ ડ્રાયવર જોડે મારામારીને ઝપાઝપી કરીને ડ્રાયવરને ગડદાપાટુનો મારમારીને ઈજા પહોંચાડી હતી. તે સમયે આરોપી પપ્પુ લક્ષ્મણ ડીડોર ડ્રાયવર સાઈડના દરવાજે આવીને ડ્રાયવરનો હાથ ખેંચવા લાગ્યો હતો જેથી ડ્રાયવરે તેની સાઈડનો દરવાજો અંદરથી બંધ કરી દીધેલો. તે દરમ્યાન ડ્રાયવરનું માથું તેની કેબીનના દરવાજા બહાર આવી જતાં આરોપી પપ્પુ પારસીગ ડીડોરે તેનાં હાથમાનો ડંડો ડ્રાયવરનાં માથાના ભાગે જોરથી મારી દેતાં માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવની જાણ બસ ડાયવરે તેનાં એસટી સત્તાધીશોને મોબાઈલ ફોનથી જાણ કરેલ ને ઈજાગ્રસ્ત બસ ડ્રાયવરને ૧૦૮માં સંતરામપુર સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ઈજાગ્રસ્ત બસ ડાયવરને જરૂરી પ્રાથમિક સારવાર આપીને માથાનાં ભાગે થયેલ ઈજામાં જરૂરી ટાંકા લઈને વધુ સારવાર માટે ડ્રાયવરને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત ડ્રાયવરે પ્રાથમિક સારવાર લીધા બાદ સંતરામપુર પોલીસ મથકે જઈને બનેલ બનાવની ફરિયાદ આપવા ગયેલ પરંતુ આ ગંભીર ઘટનામાં પોલીસ દ્વારા ત્વરીત જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ નહીં ધરાતા ઘટનાની જાણ થતાં એસટી વિભાગીય નિયામકને એસટીનાં અધિકારીઓ સંતરામપુર પોલીસ મથકે દોડી આવ્યા હતા ને આ બનાવમાં સંતરામપુર પોલીસે ત્રણ કલાક પછી ફરીયાદ લઈને કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે સરકારી એસટી ડ્રાયવર ઉપર આરોપીઓએ ષડયંત્ર રચીને ગેરકાયદેસર રીતે મંડળી બનાવીને ચાલુ ફરજ દરમિયાન ડ્રાયવર ઉપર જીવલેણ હિચકારા હુમલાના બનાવમાં હુમલાખોર આરોપીઓને પકડવા માટેની તુરંત જ કોઈ કાર્યવાહી સંતરામપુર પોલીસ દ્વારા નહીં કરાતાં ને બનાવ બને વીસ કલાક વિત્યા છતાં પણ આ હુમલાખોર આરોપીઓને પકડવામાં સંતરામપુર પોલીસ નિષ્ફળ ગયેલ જોવા મળે છે. એસટી ડ્રાયવર ઉપરના હુમલાની ઘટનામાં પોલીસની કામગીરી શંકાસ્પદ મળી રહી છે.

### ઈદ-ઉલ-અઝહાના તહેવાર નિમિત્તે

# પાલેજ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

પાલેજ, તા.૧૬

પાલેજ પોલીસ સ્ટેશન ખાતે શનિવારે ઈદ-ઉલ અઝહાના તહેવારને અનુલક્ષીને પીએસઆઈ સંજય સિંધાની અધ્યક્ષતામાં પાલેજ સહિત આસપાસ બીટના ગામોના આગેવાનોની શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત પાલેજ ટંકારીઆ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં આગેવાન નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. તહેવારને અનુલક્ષીને પીએસઆઈએ શાંતિપૂર્વક તહેવારની ઉજવણી થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેની ખાસ તકેદારી રાખવા આગેવાન નાગરિકોને સમજ આપી હતી.

# સંતરામપુર નગરમાં નિયમિત પાણી વિતરણ ન કરાતા લોકોમાં રોષ

સંતરામપુર, તા.૧૬

સંતરામપુર નગરમાં પાણીનો કકળાટ ભારે જોવાં મળે છે. સંતરામપુર નગરપાલિકા દ્વારા વોટરવર્કસ યોજના હેઠળ અપાતું પાણી રોજેરોજ નહીં અપાતાં ભારે દિવસ કે ત્રણ દિવસનાં આંતરેથી અપાતું હોય સંતરામપુર નગરમાં પાણીનો કકળાટ જોવાં મળે છે.

સંતરામપુર નગરમાં અને સંત વિસ્તારમાં પાણીની ખેંચ કાયમી ધોરણે જોવા મળે છે તેમ છતાં પણ નગરપાલિકાના સત્તાધીશો દ્વારા કે પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા આ પાણીની કાયમી ત્રાસ માંથી નગરજનોને મુક્તી મળે તે માટે કોઈ નક્કર આયોજન નહીં કરાતાં નગરજનો આ પાણીનાં ત્રાસથી ત્રાહિમામ પોકારી ઊઠયા છે છતાં પણ સરકાર અને નગરપાલિકા સંતરામપુરનાં વહીવટદારનું રૂવાડુ પણ નહીં ફરકતાંને પાણીનાં પ્રશ્ન કાયમી ઉકેલ લાવવા માટે કોઈ જ નક્કર કાર્યવાહી નહી કરાતાં નગરપાલિકાના આવાં વહીવટથી નગરજનો રોષ જોવા મળી રહ્યો છે.

સંતરામપુર તાલુકાના હીરાપુર ગામે વોટરવર્કસ યોજના હેઠળ પાણીનો પુરવઠો નિયમિત રીતે રોજેરોજ નહીં અપાતાં પાણીની ખેંચ જોવાં મળે છે. હીરાપુર ગામે આવેલ પ્રજાપતિ ફળિયામાં આવેલ હનુમાન મંદિર નજીક આવેલ હેન્ડપંપ છેલ્લા અઠવાડિયાથી બગડેલ હાલતમાં હોઈને આ હેન્ડપંપ રીપેર નહીં કરાતાં આ ફળિયામાં પાણીની ખેંચ જોવાં મળે છે. હેન્ડપંપ વહેલી તકે રીપેર કરીને પુનેઃ કાર્યરત કરીને લોક ઉપયોગી બનાવાય તેવી માંગ ઉઠી છે. મહીસાગર જિલ્લામાં નલસેજલ યોજનામાં યોજનાનાં અધિકારીઓને કર્મચારીઓને કોન્ટ્રાક્ટરોની મીલીભગતથી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરાયું હોવાં છતાં પણ આ કૌભાંડ આચરનારાઓ સામે સખ્તાઈથી કાર્યવાહી નહી કરાતાંને ઉચાપત કરાયેલ નલસેજલ યોજનાનાં સરકારી નાણાં કૌભાંડીઓ પાસેથી વસુલ કરવામાં અને પોલીસ ગુના દાખલ કરવામાં ઢીલી નીતિ અખત્યાર કરાતી હોવાનું જોવાં મળે છે.

### મિસિસ ઈન્ડિયાની સ્પર્ધક અને

# વડોદરાની માનસી શાહ ઓટિઝમ ધરાવતા બાળકોના માતા-પિતા માટે કાઉન્સિલર બન્યાં

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરાની એક ગતિશીલ અને પ્રતિભાશાળી મહિલા માનસી શાહની પસંદગી પ્રતિષ્ઠિત મિસિસ ઈન્ડિયા સ્પર્ધામાં થઈ છે. માનસી શાહ દ્વારા ઓટિઝમ ધરાવતા બાળકોના માતા-પિતાને આપવામાં આવતો સહારો જ તેમની અલગ આભ ઊભી કરે છે. માનસી શાહ IELTS કોચ પણ છે. માનસી શાહે HRમાં MBA સાથે અને પ્રશિક્ષિત સાયબર સિક્યુરિટી પ્રોફેશનલ અને માઈક્રોસોફ્ટ સર્ટિફાઈડ પ્રોફેશનલનો અભ્યાસ પણ કર્યો અને સાથે વિવિધ નોકરી કરી પોતાનું ભણતર પણ ચાલુ જ રાખ્યું અને પૂર્ણ પણ કર્યું.

માનસી શાહને પોતાના જ સંતાનને ઓટિઝમ હોવાની જાણ થતા એક સમયે તો તેઓ ભાંગી પડ્યા હતા, પરંતુ આજ ઘટનાથી તેમના જીવનને એક નવો વળાંક અને શક્તિ મળી માનસી શાહે જણાવ્યું હતું કે, "જ્યારે મારા બાળકને ઓટિઝમ હોવાની જાણ થઈ, ત્યારે હું ગભરાઈ ગઈ અને કોઈ તૈયારી જ ન હોવાનો અનુભવ કરી રહી હતી. તે સમયે મને જીવનનો આગળનો પ્રવાસ ખૂબ જ ભયાવહ લાગતો હતો. સંતાનના ઓટિઝમની જટિલતાઓ હરાવવામાં ઘણી વખત હું મારી જાતને એકલી અનુભવતી હતી."

માનસી શાહે અનેક વર્કશોપમાં હાજરી આપી, ઓટિઝમ અને વાંચન કર્યું, નિષ્ણાતો અને સહાયકો સાથે જોડાઈને વધુને વધુ માહિતી મેળવી. આ પ્રક્રિયા દ્વારા માનસી શાહે માત્ર પડકારો જ નહીં, પરંતુ ઓટિઝમ ધરાવતા બાળકને ઉછેરવામાં આવતા આનંદ અને અનન્ય શક્તિઓ પણ શોધી કાઢી. માનસી શાહ ઓટિઝમ ધરાવતા બાળકોના માતા-પિતાને કાઉન્સિલિંગ કરી રહ્યા છે. જેમાં તેઓ માતા-પિતાને વ્યવસાયિક ઉપચાર, સંવેદનાત્મક એકીકરણ, વર્તનની જટિલતાઓ અને એપ્લાઈડ બિહેવિયર એનાલિસિસ (ABA) દ્વારા માર્ગદર્શન આપે છે. માનસી શાહનો ધ્યેય માતા-પિતાને જ્ઞાન, સંસાધનો અને ભાવનાત્મક સમર્થન સાથે સશક્ત બનાવવાનો છે. જે માતા-પિતાને તેમના ઓટિઝમ ધરાવતા બાળકોને પોષણક્ષમ વાતાવરણ પૂરૂં પાડે છે.

### લોકો ટેન્કર મંગાવવા મજબૂર બન્યા

# સુરેન્દ્રનગરની સોસાયટીઓમાં પીવાનું પાણી નહીં મળતા લોકો પરેશાન



સુરેન્દ્રનગર, તા.૧૬

સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારની સોસાયટીઓમાં પીવાનુ પાણી ઘણા સમયથી ન આવતુ હોવાથી લોકો ટેન્કર મંગાવવા મજબૂર છે. જ્યારે રસ્તા, ગટર, સફાઈ સહિત પ્રશ્ને પરેશાની થઈ રહી છે. આથી રહીશોએ કલેક્ટર કચેરીએ અને પાલિકામાં લેખિત રજૂઆત કરી સમસ્યા દુર કરવા માંગ કરી હતી. આ અંગે વિસ્તારના કે.એન.રાજદેવ, મનીશાબેન ડોડીયા, આર.ડી.સારોલા, મકવાણા ભાવનાબેન સહિતના રહીશોએ જણાવ્યું કે અમે છેલ્લા બે વર્ષથી આ વિસ્તારમાં રહીએ છીએ બે મહિનાથી પીવાનું પાણી બીલકુલ આવતુ નથી અમો લોકોએ આ અંગે વારંવાર રજૂઆત કરેલ છે છતા કોઈ કાર્યવાહી થતી નથી ભર ઉનાળે અમારે પીવાના તેમજ વાપરવાના પાણીની તકલીફ રહે છે પાણી ન આવવાના કારણે રોજના બે ટેન્કર ૧૦૦૦ ભરી મંગાવવા પડે છે સામાન્ય માણસોને પોષાય તેમ નથી તેમ છતા ન છુટકે મંગાવવા પડે છે હાલ ગરમીમાં પાણી ન આવવાથી હેરાન થતા હોવાથી તાત્કાલિક પાણી રોજના બે ટેન્કર આપવા માંગ છે.

# ધોળકા : ઈદ-ઉલ-અઝહા અને રથયાત્રા નિમિત્તે શાંતિ સમિતિની બેઠક મળી



ધોળકા, તા. ૧૬

ઈદ-ઉલ-અઝહા અને રથયાત્રાના આગામી પર્વો સંદર્ભે ધોળકા ટાઉન પોલીસ અને ધોળકા રૂરલ પોલીસ દ્વારા ધોળકા ખાતે કલિકુંડ વિસ્તારમાં આવેલ નવા સર્કિટ હાઉસમાં ધોળકાના Dysp પ્રકાશ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં ધોળકા ટાઉન અને ગ્રામ્ય વિસ્તારના હિન્દુ-મુસ્લિમ આગેવાનો ઉપરાંત ધોળકા નગરમાં કાઢવામાં આવતી રથયાત્રાના આયોજકો તથા કેલિયા વાસણા ગામેથી કાઢવામાં આવતી રથયાત્રાના આયોજકો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. Dysp પ્રકાશ પ્રજાપતિ દ્વારા રથયાત્રાના આયોજકો પાસેથી રથયાત્રા અને જળયાત્રાના આયોજનની વિગત મેળવવામાં આવી હતી. જ્યારે મુસ્લિમ આગેવાનો પાસેથી ઈદ-ઉલ-અઝહાના પર્વની ઉજવણી અંગેની વિગત મેળવવામાં આવી હતી. બન્ને સમાજના આગેવાનોએ ઈદ અને રથયાત્રાના પર્વો ભાઈચારાના માહોલમાં ઉજવવાની હૈયાધારણ આપી હતી. Dysp પ્રકાશ પ્રજાપતિએ આ બન્ને પર્વો શાંતિપૂર્વક અને ભાઈચારાના માહોલમાં ઉજવવા આગેવાનોને હાકલ કરી હતી. ધોળકા નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ મકવાણાએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને ઈદ તથા રથયાત્રા સંદર્ભે ધોળકા નગરપાલિકા દ્વારા જરૂરી સુવિધાઓ પૂરી પાડવાની ખાત્રી આપી હતી.

# છાપી પોલીસ મથકે ઈદ-ઉલ-અઝહા નિમિત્તે શાંતિ સમિતિની બેઠક મળી



(તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

છાપી, તા.૧૬

વડગામ તાલુકાના છાપી પોલીસ મથકે આગામી સોમવારે ઈદ-ઉલ-અઝહાને અનુલક્ષીને ડીવાયએસપી ડૉ. જે.જે.ગામીતના અધ્યક્ષસ્થાને શુક્રવારે શાંતિ સમિતિની બેઠક મળી હતી. છાપી પંથકમાં ઈદનો તહેવાર સોહાર્દભર્યા વાતાવરણમાં ઉજવાય તેવી અપીલ પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી. બેઠકમાં છાપી વેપારી મંડળના પ્રમુખ સુરેશભાઈ અગ્રવાલ, રફીકભાઈ મેમણ, શાંતિલાલ મહેશ્વરી, મહેશભાઈ મોદી, અશોકભાઈ ચૌધરી, પીયૂષભાઈ પરમાર, દિલીપભાઈ બારોટ સહિતના આગેવાનો તેમજ મુસ્લિમ આગેવાનો એસઓજી પીઆઈ એમ.જી.ચૌધરી, પીએસઆઈ એન.વી.રહેવર પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ પોલીસ દ્વારા છાપી ગામ સહિતના વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ પણ કર્યું હતું. બેઠકમાં છાપીના મજાદર હાઈવે ઉપર થતા અકસ્માતોના નિવારણ બાબતે પણ રજૂઆતો વેપારી મંડળ દ્વારા કરવામાં આવી હતી. જેથી મજાદર ગામે હાઈવે ઉપર સર્વે કરી મજબૂત બેરીકેટર લગાવવાની સૂચના ડીવાયએસપીએ આપી હતી.

# પ્રભાસપાટણમાં પોલીસ સ્ટાફ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ

ઈદ-ઉલ-અઝહા નિમિત્તે ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષકની સુચના મુજબ પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેકટર પીઆઈ પટેલ તથા પીએસઆઈ ભુવા તથા પોલીસ સ્ટાફ તથા ટ્રાફિક પોલીસ સ્ટાફને સાથે રાખીને ભીડભાડ ધરાવતા વિસ્તારોમાં ફ્લેગ યોજાઈ હતી. (તસવીર : મહિડા સઈદ, પ્રભાસપાટણ)



# સાબરકાંઠા જિલ્લામાં ત્રણ પીઆઈ અને ૭ પીએસઆઈની આંતરિક બદલીઓ કરાઈ

હિંમતનગર, તા.૧૬

લોકસભા ૨૦૨૪ની સામન્ય ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આચારસંહિતા પૂર્ણ થઈ છે ત્યારે સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા વિજય પટેલે ૩ PI અને ૭ PSIની આંતરિક બદલીઓ હુકમ કર્યા છે. આ અંગેની વિગત એવી છે કે, સાબરકાંઠા જિલ્લાના ઈડર, હિંમતનગર સાયબર પોલીસ સ્ટેશન અને હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ૩ PI અને હિંમતનગર સીટી ટ્રાફિક, ઈડર પોલીસ સ્ટેશન, એ ડિવિઝન પોલીસ સ્ટેશન, હિંમતનગર નાયબ પોલીસ અધિક્ષકની કચેરી,ઈડર પોલીસ સ્ટેશનમાં ૨ અને લીવ રિઝર્વમાં ૨ PSIની બદલીઓ કરવામાં આવી છે જ્યારે હિંમતનગર સીટી ટ્રાફિકના PSIને હાઈવે ટ્રાફિકનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે.

**સાબરકાંઠામાં 3 PIની ક્યાં કરાઈ બદલી ?**

૧. પી.એમ.ચૌધરીની ઈડર પોલીસ સ્ટેશનથી હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં

૨. સી.જી.રાઠોડની હિંમતનગર સાયબર પોલીસ સ્ટેશનમાંથી ઈડર પોલીસ સ્ટેશનમાં

૩. બી.પી.ડોડીયાની હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાંથી હિંમતનગર સાયબર પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ હતી.

**સાબરકાંઠામાં ૭ PSIની ક્યાં બદલી કરાઈ ?**

૧. એ.બી.શાહની હિંમતનગર સીટી ટ્રાફિકમાંથી જાદર પોલીસ સ્ટેશનમાં

૨. જે.ડી.પટેલની ઈડર પોલીસ સ્ટેશનમાંથી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં

૩. એ.જે.શાહની હિંમતનગર લીવ રિઝર્વમાંથી ઈડર પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ

૪. ટી.જે.દેસાઈની હિંમતનગર એ ડિવિઝનમાંથી હિંમતનગર સીટી ટ્રાફિકમાં બદલી કરી હાઈવે ટ્રાફિકનો વધારાનો ચાર્જ સોંપ્યો.

૫. એ.આર.જાદવની ઈડર પોલીસ સ્ટેશનથી હિંમતનગર નાયબ પોલીસ અધિક્ષક કચેરીમાં કરાઈ

૬. કે.જી.દેસાઈની હિંમતનગર નાયબ પોલીસ અધિક્ષક કચેરીમાંથી હિંમતનગર લીવ રિઝર્વમાં કરાઈ

૭. એ.બી.ચૌધરીની હિંમતનગર લીવ રિઝર્વમાંથી હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ.

# સ્વામિનારાયણ મંદિરે પુલ તૂટી પડવાની જગ્યા પાસે જમીનમાં અતિક્રમણ કર્યુ : મોરબી કલેક્ટર

મોરબી, તા.૧૬

મોરબીમાં નિર્માણાધીન સ્વામિનારાયણ મંદિરે મચ્છુ નદીના કિનારે પ્રથમ દ્રષ્ટિએ જમીનના સંલગ્ન પ્લોટ પર અતિક્રમણ કર્યું છે. જિલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ શુક્રવારે જણાવ્યું હતું કે, અતિક્રમણ દૂર કરવામાં આવશે. ઝુલતો પુલ તુટી જવાની જગ્યા નજીક મંદિરનું બાંધકામ નદીના પ્રવાહને અવરોધી કરી રહ્યું હોવાના દાવાઓ વચ્ચે મોરબીમાં નાગરિક સંસ્થાએ ડિમોલિશન નોટિસ જારી કર્યાનાં દિવસો પછી આ ટિપ્પણી આવી છે.

શુક્રવારના રોજ પત્રકારોને સંબોધતા, કલેકટરે જણાવ્યું હતું કે, નદીના પટ પર કથિત અતિક્રમણની ફરિયાદોની સંયુક્ત તપાસ કરવા માટે રચાયેલ ટીમે તેનો અહેવાલ સુપરત કર્યો છે.

ધ ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતા કલેકટરે કહ્યું કે તેઓ મંદિર જ્યાં નિર્માણ થઈ રહ્યું છે તેની આસપાસની જમીનની વિગતો મેળવી રહ્યા છે. પ્રથમ દ્રષ્ટિએ, નિર્માણાધીન મંદિરના વિસ્તારે નજીકની જમીન પર અતિક્રમણ કર્યું છે.

તેમણે કહ્યું,અમે અહેવાલનો અભ્યાસ કરી રહ્યા છીએ અને મંદિરની આસપાસની જમીનની વિગતો મેળવી રહ્યા છીએ.

આ મંદિરનું નિર્માણ બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ (BAPS) સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. તે સ્વામિનારાયણ સંપ્રદાયનો પેટા સંપ્રદાય છે

જિલ્લા નિરીક્ષક ઓફ લેન્ડ રેકોર્ડ (DILR), મોરબીના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM), મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર (CO) અને સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરનો સમાવેશ કરતી ટીમે મચ્છુ નદીના ઉક્ત પટ પર અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને પ્રાથમિક દ્રષ્ટિએ તારણ કાઢ્યું છે કે બાંધકામ હેઠળના મંદિર વિસ્તારના ભાગો BAPSની માલિકીની જમીનની બહાર આવે છે.

ઝવેરીએ મીડિયાને બ્રીફિંગ કરતી વખતે જણાવ્યું હતું, ટીમે અમને તેનો રિપોર્ટ સોંપ્યો છે અને અમે તેનો અભ્યાસ કરી રહ્યા છીએ. જો કે, પ્રથમ દ્રષ્ટિએ, DILRએ જાણ કરી છે કે, સંસ્થાની માલિકીની જમીનની સીમાની બહાર આવતી જમીન પર અમુક બાંધકામ કરવામાં આવ્યું છે. આ બાંધકામ દૂર કરવું પડશે.

કલેકટરે વધુમાં જણાવ્યું હતું કે, જળાશયોના કિનારે બાંધકામને સંચાલિત કરતા ધારાધોરણોનો પણ ભંગ કરવામાં આવી રહ્યો છે.મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસરના અહેવાલ મુજબ, પ્રથમ દ્રષ્ટિએ, જળાશયોના કાંઠે બાંધકામને સંચાલિત કરતા નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી. તેથી, અમે અહેવાલ નો અભ્યાસ કરીશું અને જે કંઈપણ દૂર કરવાની જરૂર છે તે દૂર કરીશું.

મોરબીમાં નગરપાલિકાએ ૧૦ જૂનના રોજ જણાવ્યું હતું કે BAPSએ ઝૂલતા પુલની જગ્યા નજીક મચ્છુ નદીના પૂર્વ કિનારે મંદિર બાંધવા માટે પૂર્વ મંજૂરી માંગી ન હતી તે પછી કલેકટરે બહુ-શિસ્ત ટીમની રચના કરી હતી. આ પુલ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ તૂટી પડ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૫૫ બાળકો સહિત ૧૩૫ લોકોનાં મોત થયા હતા.

સામાજિક કાર્યકર કે.ડી. પંચાસરા અને એડવોકેટ દિલીપ અગેચાણીયા અને અન્ય બે લોકોએ ૨૭ મી મેના રોજ કલેક્ટર કચેરીમાં અરજી આપ્યા બાદ નગરપાલિકા અને જિલ્લા કલેક્ટર એક્શનમાં આવ્યા હતા.

કાર્યવાહી કરતાં, પાલિકાએ સોમવારના રોજ મંદિરને નોટિસ પાઠવી હતી, જેમાં ૩૦ દિવસમાં બાંધકામ તોડી પાડવાની ચેતવણી આપી હતી. બીજા દિવસે કલેકટરે તપાસ ટીમ બનાવી હતી.

મોરબીમાં એક BAPS કાર્યકારીએ બુધવારે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, તેઓએ મોરબીના પૂર્વ રજવાડાના રાજવી પરિવાર પાસેથી જમીન ખરીદી હતી અને તેઓ નદીના પટ પર કોઈ બાંધકામ કરી રહ્યા નથી. કાર્યકર્તાએ દાવો કર્યો હતો કે, તેઓ માત્ર પૂર સંરક્ષણ દિવાલની ઊંચાઈ વધારી રહ્યા છે, જે નદીના કિનારે દાયકાઓથી છે. ઝવેરીએ કહ્યું કે, પૂર સંરક્ષણ દિવાલની ઊંચાઈ વધારવાથી પણ પ્રતિકૂળ પરિણામો આવી શકે છે. એ વાત સાચી છે કે, પૂર સંરક્ષણ દિવાલ સ્વતંત્રતા પહેલાના દિવસોથી છે પરંતુ સંસ્થાએ તેની ઊંચાઈ વધારી છે. તે નદીના પ્રવાહમાં ફેરફાર તરફ દોરી શકે છે. જો કે, ઘાટ જેવું માળખું બનાવવામાં આવે, તો તે પૂર દરમિયાન પાણીનું વહન કરી શકે છે.

# ડીસાના ડાવસ ગામે જેટકો કંપનીની મનમાની સામે ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

ડીસા, તા.૧૬

ડીસા તાલુકાના ડાવસ ગામે જેટકો કંપની દ્વારા ખેડૂતોના ખેતરમાં વિજ થાંભલા ઉભા કરવાની કામગીરી હાથ ધરાતાં ખેડૂતોએ ભારે વિરોધ નોંધાવી એક ખેડૂતે ઝેરી પ્રવાહી પીને જીવન ટૂંકાવાનો પ્રયાસ કર્યો હતો. છેલ્લા કેટલાય સમયથી ડીસા તાલુકાના ડાવસ ગામે જેટકો કંપની અને ખેડૂતો વચ્ચે ભારે વિવાદ ચાલી રહ્યો છે જેટકો કંપની દ્વારા ખેડૂતોના ખેતરમાં કોઈપણ જાતનું વળતર આપ્યા વિના વિજ થાંભલા ઉભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે ખેડૂતો દ્વારા વારંવાર ભારે વિરોધ નોંધાવી રહ્યા છે અગાઉ પણ ખેડૂતોએ આંદોલન કરી વહીવટી તંત્રના અધિકારીઓને આવેદનપત્ર પણ આપી ચૂક્યા હતા ત્યારે આજે ફરીથી જેટકો કંપનીના અધિકારીઓ ડાવસ ગામે પહોંચી ખેડૂતોના ખેતરમાં ખેડૂતોની મંજૂરી વિના વિજ થાંભલા નાખવાની કામગીરી હાથ ધરાતાં ખેડૂતોએ ભારે આકોશ વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો હતો જેમા એક ખેડૂતને લાગી આવતા ઝેરી પ્રવાહી પીને જીવન ટૂંકાવાનો પ્રયાસ કરાયો હતો. જોકે આસપાસના ખેડૂતોએ ૧૦૮ને જાણ કરાતા ૧૦૮ ની ટીમ ઘટનાસ્થળે ખેતરમાં પહોંચી ઝેરી પ્રવાહી પીધેલા ખેડૂતને ડીસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

ગામે જેટકો કંપનીની મનમાની સામે ખેડુતોએ ભારે વિરોધ નોંધાવી ઉગ્ર આંદોલન કરવાની ચિમકી સાથે તમામ ખેડુતો એકત્રિત થઈ ડીસાની પ્રાંત કચેરી ખાતે પહોંચી ધરણાં પર બેસી જતાં વહીવટીતંત્રમાં પણ દોડધામ મચી જવા પામી હતી જોકે પ્રાંત અધિકારી હાજર ના હોઈ ખેડુતોએ મામલતદાને આવેદનપત્ર આપી પાલનપુર જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરવા રવાના થયા હતાં ખેડુતોએ માંગણી કરી હતી કે ખેડુતોના ખેતરમાં વિજ થાંભલા નાંખવાની કામગીરી અટકાવી અને સરકારી જમીન પર વિજ થાંભલા ઊભા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

### ઈદ-ઉલ-અઝહા પર્વ નિમિત્તે

# અમદાવાદ જિલ્લા એસ.પી.એ ધોળકામાં પેટ્રોલિંગ કર્યું

ધોળકા, તા. ૧૬

તા. ૧૭ જૂન, સોમવારે ઈદ-ઉલ અઝહાનો તહેવાર હોવાથી તે સંદર્ભે તા. ૧૬/૦૬/૨૦૨૪, રવિવારે બપોરે ૧૨.૩૦ વાગે અમદાવાદ જિલ્લાના SP ઓમપ્રકાશ જાટ ધોળકા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં ધોળકાનાં Dysp પ્રકાશ પ્રજાપતિ અને ધોળકા ટાઉન પીઆઈ સાથે ચર્ચા - વિચારણા કરી હતી. ત્યારબાદ SP ઓમપ્રકાશ જાટ સાથેના પોલીસ કાફલાએ મેનાબેન ટાવર, ઘાંચીઢાળ, મોહંમદી સ્કૂલ, પોસ્ટ ઓફિસ, સોનારકુઈ, દીવાની કોર્ટ, કોલેજ સર્કલ, પુલેન સર્કલ, કલિકુંડ સર્કલ, પાર્શ્વનાથ સર્કલ સુધી પેટ્રોલિંગ કર્યું હતું.

### ભ્રષ્ટ અધિકારીઓથી લઈને ભાજપના નેતાઓની સામેલગીરીના આક્ષેપો વચ્ચે

# રાજકોટ અગ્નિકાંડ : હાઈકોર્ટના આદેશ અન્વયે નવી તપાસ સમિતિ નિમવામાં હજુ ગલ્લાં-તલ્લાં !

## કેટલાક અધિકારી સીટને ગાંઠતા ન હોવાના આક્ષેપ : નવી સમિતિ સમક્ષ હાજર થવું પડશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૬

રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડની સત્યતા જાણવા માટે રાજ્ય સરકારે સીટની રચના કરી છે તેમ છતાંય સીટ સામે આંગળી ચિંધાઈ છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે પણ સીટને લઈને ફટકાર આપી છે જેના પગલે સરકારમાં રીતસર દોડધામ મચી છે. હાઈકોર્ટના આદેશ પછીય નવી કંમિટીની રચના માટે સરકાર ડ્રામાબાજી કરી રહી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. આ બધુય જોતા લાગી રહ્યુ છે કે, ભાજપ સરકારને ગમ ઝોનના આરોપી-કૌભાંડી અધિકારીઓને બચાવવામાં જ રસ હોવાનું ચિત્ર ઉપસી રહ્યુમ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડને લઈને સરકાર સામે દિને દિને રોષ ભભૂક્યો છે તેનુ કારણ છેકે, પિડીત પરિવારોને ન્યાયની આશા રહી નથી. જે રીતે સીટ તપાસ કરી રહી છે તે જોતાં રાજકોટ વાસીઓને લાગી રહ્યું છેકે, ગેમ ઝોનના આરોપીઓ અને કૌભાંડી અધિકારીઓને ઉની આંચ આવવાની નથી. આ જોતાં હાઈકોર્ટ પણ ગુજરાત સરકારને ફટકાર આપી છે. એટલુ જ નહીં, નવી કરાજકોટ અગ્નિકાંડમાં કેટલાંય ભ્રષ્ટ અધિકારીઓથી માંડીને ભાજપના નેતાઓ પણ સંડોવાયેલાં છે. જો નિષ્પક્ષ તપાસ થાય તો છેક ભાજપના જ માથે કાળી ટીલી લાગે તેમ છે. એટલે જ સીટમાં મળતિયા અધિકારીઓને તપાસ અધિકારી તરીકે મૂકાયા છે. આ કારણોસર જ હાઈકોર્ટે લાલ આંખ કરવી પડી છે. હવે સરકારના ગળે બરોબરનું હાડકુ ભરાયુ છે. અત્રે ઉલ્લેખનીય છેકે, રાજકોટ અગ્નિકાંડની તપાસ ચાલી રહી છે ત્યારે કેટલાંક ઉચ્ચ અધિકારીઓ સીટને પણ ગાંઠતા નથી. પૂછપરછ માટે અધિકારીઓ હાજર થતા જ નથી. નાની માછલી તો પકડાઈ પણ હવે હાઈકોર્ટના આદેશ બાદ અગ્નિકાંડમાં સંડોવાયેલાં મોટા મગરમચ્છોને નવી કમિટી સમક્ષ હાજર થવુ પડશે. હવે સત્યશોધક નવી કમિટી અગ્નિકાંડમાં શું નવા ખુલાસા શોધશે અને નવા આરોપીઓને પકડશે તે સમય જ કહેશે પણ અત્યારે હાઈકોર્ટના આદેશને પગલે સરકારે ના છૂટકે નવી કમિટી બનાવવા મજબૂર થવુ પડ્યું છે. રાજકોટ અગ્નિકાંડના પિડીતોને ન્યાય મળે તે દિશામાં સરકારે પ્રમાણિક પગલાં લેવા પડશે નહીતર સરકાર સામે પ્રજાઆક્રોશ વધુ ભભૂકશે તે નક્કી છે. આ તરફ, હાઈકોર્ટની ફટકાર પછી ય સરકાર નવી કમિટી રચવા માટે હવાતિયા મારી રહી છે. છેલ્લા બે દિવસથી સચિવાલયમાં બેઠકોનો દોર જામ્યો છે. ચર્ચા એવી છેકે, જો કોઈ મળતિયા બિઝનેસમેન કે જમીન માફિયાની ફાઈલ હોય, સાંઠગાંઠ ધરાવતો કોન્ટ્રાકટર હોય તો ગણતરીના કલાકમાં જ ફાઈલ- બિલ પાસ થઈ જાય, રાતોરાત ઓર્ડર થઈ જાય પણ પિડીતોને ન્યાય આપવાની વાત હોય તો સરકારને જાણે કઈ સુઝતુ નથી. ખરેખર સરકારને નિષ્ઠાપૂર્વક કામ જ કરવું હોય તો બે- પાંચ અધિકારીઓની નિમણૂંક કરી સત્યશોધક કમિટીની જાહેરાત કરતાં કેટલી વાર લાગે? તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે. સરકારને પ્રજાલક્ષી નિર્ણય લેવામાં દિવસો વિતી જાય છે. બાકી તો વ્યક્તિગત કામોનો કોઈને ગંધ ન આવે તેમ રાતોરાત થઈ જાય છે. રાજકોટ અગ્નિકાંડમાં મુખ્યમંત્રીથી માંડીને ગૃહમંત્રીએ એક જ રટણ રટ્યુંકે, કોઈપણ ચમરબંધીને છોડવામાં નહી આવે પણ જે રીતે સીટની તપાસ આગળ વધી રહી છે તે જોતાં પિડીત પરિવારોએ પણ ન્યાયની આશા છોડી દીધી છે. એવું કશુય થયું નહી જેથી રાજકોટ વાસીઓનો રોષ ટાઢો પડે. હવે જયારે હાઈકોર્ટે લાલ આંખ કરી સીટને કોરણે મૂકીને નવી કમિટી રચવા આદેશ કર્યો છે જેના પગલે પિડીતોને આશા જાગી છે.મિટી રચવા આદેશ કર્યો છે. હાઈકોર્ટના આદેશ બાદ હવે પિડીત પરિવારોને ન્યાય મળે તેવો હાશકારો થયો છે.

### ગઢડા મંદિર ખાતે એકઠા થયેલ ભક્તોએ છાજિયાં લઈ કર્યું વિરોધ પ્રદર્શન

# સંપ્રદાયના સાધુ-સ્વામીઓના કરતૂતોથી રોષે ભરાયેલ હરિભક્તોનું ૭ દિ'નું અલ્ટીમેટમ

## જો આવા સાધુઓને દૂર નહીં કરાય તો આંદોલન કરવાની ઉચ્ચારી ચીમકી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬



સ્વામીનારાયણ સંપ્રદાયના લંપટ સાધુઓના એક પછી એક કરતુતો બહાર આવી રહ્યા છે. લંપટાઈ કરતા વીડિયો સુષ્ટી વિરૂદ્ધના કૃત્ય કરતા સંતોના વીડિયો સામે આવતા હરીભક્તોમાં ભારે રોષ ભભુકી ઉઠ્યો છે. જેને લઈ ભક્તો હવે ધર્મને બચાવવા મેદાને આવ્યા છે. ત્યારે ગઢડા સ્વામિનારાયણ ગોપીનાથ મંદિરે મોટી સંખ્યામાં હરિભક્તોએ છાજિંયા લઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સાથે જ ટ્રસ્ટીઓને આવેદનપત્ર આપી લંપટ સાધુઓને હટાવવાની માગ સાથે ૭ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. વડોદરામાં ત્રણ સ્વામી વિરુદ્ધ થયેલી દુષ્કર્મની ફરિયાદ તેમજ ગઢડામાં સૃષ્ટિ વિરુદ્ધનાં કાર્યો સહિતની બાબતોને લઈને હરિભક્તોમાં સતત વિરોધ વધતો જાય છે. ત્યારે આજે સ્વામીઓની લંપટલીલા અને વાઈરલ વીડિયોને લઈ મોટી સંખ્યામાં હરિભક્તો ગઢડા મંદિર પર પહોંચ્યા હતા. જ્યાં સ્વામિનારાયણ સિદ્ધાંત હિત રક્ષક સમિતિ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. મંદિરમાં લંપટ સંતો સામે બેનરો લગાવી નારેબાજી કરવામાં આવી હતી. બેનરોમાં આ પાખંડી સંતોને દૂર કરવાની માગ કરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, વધુ એક સ્વામીની પાપલીલા સામે આવી છે. જેમાં રાજકોટની યુવતી સાથે ખોટા લગ્ન કરી ધર્મસ્વરૂપદાસ સ્વામીએ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું તેમજ હોસ્ટેલ સંચાલકે દવા પીવડાવી ગર્ભપાત કરાવ્યો હતો. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓના અશ્લિલ વીડિયો વાઈરલ થયા છે. વડતાલ, ગઢડા સહિતના મંદિરના સાધુઓના વીડિયો વાઈરલ થયા છે. જેના કારણે સનાતન ધર્મ અને સ્વામીનારાયણ સંપ્રદાયના હરિભક્તોમાં નારાજગી ફેલાઈ છે. જેથી ઠેર ઠેર ભક્તો વિરોધ કરી રહ્યા છે. ત્યારે ગઢડા ગોપીનાથ મંદિરના સ્વામીનો પણ વીડિયો વાઈરલ થયો છે. જેથી સંપ્રદાયને બચાવવા હરિભક્તો મેદાનમાં આવ્યા છે. આજે ગઢડા ગોપીનાથ મંદિર ખાતે મોટી સંખ્યામાં હરિભક્તો પહોંચી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. ભક્તો સ્વામિનારાયાણ સિદ્ધાંત હિત રક્ષક સમિતિ થકી હવે વડતાલ તાબા હેઠળ આવતા મંદિરો પર વિરોધ કરી રહ્યા છે. આ લંપટ ધર્મના ભક્ષક સંતોને દૂર કરવાની માગણી કરી રહ્યા છે. જેમાં આજે મોટી સંખ્યામાં ભક્તો બેનરો પોસ્ટરો સાથે ગઢડા સ્વામીનારાયણ મંદિર ખાતે વિરોધ કરવા પહોંચ્યા હતા. ગઢડા બોર્ડના ચેરમેન હરીજીવન સ્વામી હાય હાયના નારા લગાવી તેમના પોસ્ટર અને ફોટા પર ચપ્પલનો વરસાદ કરીને ભક્તોએ પોતાની હૈયા વરાળ ઠાલવી હતી. જેમાં મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. તો બીજી તરફ હરીજીવન સ્વામીએ આવેદન પત્ર સ્વીકારવાની ના પાડતા ટ્રસ્ટીઓ થકી આવેદન પત્ર સ્વીકારવામાં આવ્યું છે. ગઢડા ગોપીનાથ ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટી બકુલ પટેલ દ્વારા આવેદનપત્ર સ્વીકારવામાં આવ્યું હતું તેમણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ બિલકુલ યોગ્ય નથી. આ મામલે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી સાથે આગામી દિવસોની ટેમ્પલ બોર્ડની મીટિંગમાં વીડિયો મામલે કાર્યવાહી કરશું. બીજી તરફ આક્રોશ સાથે ભક્તોએ પણ ૭ દિવસનું અલ્ટીમેટમ આપી આવા સાધુને તાત્કાલિક દૂર કરવા માગણી કરી છે. તેમજ જો આવા સાધુને દૂર કરવામાં નહીં આવે તો આંદોલનનો માર્ગ અપનાવવાની પણ હરિભક્તો દ્વારા ચીમકી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરામાં ત્રણ સ્વામિ વિરુદ્ધ થયેલી દુષ્કર્મની ફરિયાદ તેમજ ગઢડામાં સૃષ્ટિ વિરુદ્ધનાં કાર્યો સહિતની બાબતોને લઈને ૩ દિવસ પહેલાં સુરત, ગઢડા, રાજકોટ, મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ, ભાવનગર, ભરૂચ સહિત સ્થળોએથી હરિભક્તો વડતાલ સ્વામિનારાયણ મંદિરે આવી પહોંચ્યા હતા અને મંદિર પરિસરમાં ત્રણેય સાધુઓનો બેનરો સાથે વિરોધ કર્યો હતો. તમામ હરિભક્તોની એક જ માગ હતી કે, આવા સાધુ વિરુદ્ધ કડક કાર્યવાહી થાય અને જેલ ભેગા કરવામાં આવે. આવેદનપત્ર આપવા આવેલા હરિભક્તો જ્યારે મંદિરની કોઠારી ઓફિસમાં ગયા ત્યારે કોઈ સાધુ-સંતો હાજર ન હતા. જેથી ત્યાં વહીવટી કર્મચારીને આ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

### બે તબક્કામાં પરીક્ષાનું આયોજન કરાયું

# રાજ્યભરમાં UPSCની પ્રિલીમ પરીક્ષા પૂર્ણ

## ૨૦ હજાર ઉમેદવારો પરીક્ષા આપવા પહોંચ્યા : વિદ્યાર્થીઓને ગત વર્ષની સરખામણીમાં પેપર સહેલું લાગ્યું

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

રાજ્યભરમાં રવિવારે UPSCની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. બે તબક્કામાં પ્રિલિમ પરીક્ષા યોજાઈ હતી. પ્રથમ પેપર સવારે ૯:૩૦થી ૧૧:૩૦ અને બીજું પેપર બપોરે ૨:૩૦થી ૪:૩૦ સુધી એમ પરીક્ષાનું આયોજન કરાયું હતું.

રાજ્યભરમાંથી અંદાજે ૨૦ હજાર જેટલા ઉમેદવારો જાહેર વહીવટી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે તૈયારી સાથે પરીક્ષા આપવા પહોંચ્યા હતા. હાલ UPSCની પ્રિલીમ પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે જો કે, આનંદની વાત તો એ છે કે, વિદ્યાર્થીઓને ગત વર્ષની સરખામણીમાં આ વર્ષનું પેપર સહેલું લાગ્યું હતું. એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, આજે પ્રિલીમ પરીક્ષાના બંને પેપર સરળ હતા. ગત વર્ષ કરતા આ વર્ષે પેપર સરળ લાગ્યું છે. GS ૧ પેપર જે સવારે હતું તે ખૂબ જ સરળ હતું જયારે બપોરે બીજું પેપર લેવામાં આવ્યું તે એમાં ગત વર્ષના પ્રશ્નોની પેટર્ન કોપી કરવામાં આવી હતી. જેથી જે વ્યક્તિએ ગયા વર્ષે પેપર આપ્યું હશે તેને ખૂબ સરળ રહેશે. પાડોશી રાજ્યના ઉમેદવારો પણ યુપીએસસી પરીક્ષા માટે ગુજરાત અને અમદાવાદનાં પરીક્ષા કેન્દ્ર પસંદ કરી રહ્યા છે. હાલ અમદાવાદમાં ૨૦ જેટલાં કેન્દ્રોમાં ૭ હજાર જેટલા ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. તો રાજકોટનાં ૧૨ પરીક્ષા કેન્દ્રમાં ૩૦૨૪ ઉમેદવારોની પરીક્ષા ચાલી રહી છે. હાલમાં પ્રિલીમનું પ્રથમ પેપર પૂર્ણ થયું છે. પેપર પૂર્ણ કરી બહાર આવેલા વિદ્યાર્થીઓના મોઢા પર કોઈ ખાસ ચિંતા જોવા મળી નહોતી. પ્રિલીમનું પ્રથમ ગત વર્ષ કરતાં પેપર સહેલું લાગ્યું હતું. પેપર આપી બહાર આવેલા વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, કટ ઓફ માર્કસ ખૂબ જ ઉપર જાય તેવી શક્યતા છે. ફેરફારના કારણે કોઈ ખાસ અસર ફાયદો થશે નહીં. હવે બપોરે જે પેપર છે તે સી શેડ અને અંગ્રેજીનું છે જે ક્વોલિફાઈંગ હોય છે માટે એ અઘરૂં હોય તેવું લાગતું નથી.

પરીક્ષા શરૂ થયાની ૩૦ મિનિટ પહેલાં એટલે કે, સવારે ૯:૦૦ વાગ્યે અને બપોરે ૨ વાગ્યે પ્રવેશ બંધ કરી દેવાનો નિયમ છે. વિદ્યાર્થીઓને કડક ચેકિંગ બાદ જ પરીક્ષા કેન્દ્રો પર એન્ટ્રી આપવામાં આવી હતી. પરીક્ષા આપવા જતા ઉમેદવારો માટે મોબાઈલ, બ્લુ ટૂથ, આઈટી કે ઈલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ/ ઈલેક્ટ્રિક ગેજેટ્સ, સ્માર્ટ અથવા ડિજિટલ વોચ, બુક્સ, બેગ્સ સહિતની પ્રતિબંધિત વસ્તુઓ સાથે પરીક્ષા આપવા જવાની મનાઈ છે. અમદાવાદમાં ૨૦ જેટલાં કેન્દ્રોમાં ૭ હજાર જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પ્રથમ તબક્કામાં પ્રિલિમ પરીક્ષાનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં સફળતા મેળવનાર ઉમેદવારોને મુખ્ય પરીક્ષા આપવાની તક મળતી હોય છે. મુખ્ય પરીક્ષામાં સફળતા મેળવનાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂની પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હોય છે.

### રાજ્યમાં અધિકારીઓ કરી રહ્યા છે મનમાની !

# રાજ્યમાં સરકારી કચેરી જ ભ્રષ્ટાચારનું કેન્દ્ર બન્યાના ધારાસભ્યોના આક્ષેપો

## વડોદરાથી માંડીને સુરત સુધી ચૂંટાયેલા પ્રતિનિધિઓ ખુદ બાબુઓથી ત્રસ્ત

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૬

જૂનાગઢથી માંડીને નર્મદા સુધી કે પછી વડોદરાથી માંડીને સુરત સુધી પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ખુદ સરકારી બાબુઓની તાનાશાહીથી ત્રસ્ત થઈ ફરિયાદ કરતા નજરે પડ્યા છે. ધારાસભ્યોની આ ફરિયાદ એ વાતની ચાડી ખાય છે કે રાજ્યમાં આજેપણ પણ અધિકારી રાજ ચાલી રહ્યું છે.લોકશાહીમાં લોકો પોતાના પ્રતિનિધિ ચૂંટે છે. આ પ્રતિનિધિઓ ફરજ છે કે પ્રજાની સગવડ, સુવિધા, લાભ વગેરે માટે સતત ખડેપગે રહે. કેટલેક અંશે આ પ્રતિનિધિઓ કામ કરે છે, પરંતુ કેટલેક અંશે માત્ર લાલિયાવાડી ચાલે છે. પણ છેલ્લા બે-ત્રણ દિવસથી રાજ્યના ધારાસભ્યોના સૂર થોડા બદલાયા છે. ચૂંટણીમાં વિપક્ષો પર પ્રહાર કરીને કંટાળેલા નેતાઓ હવે સરકારી બાબુઓ પર બગડ્યા છે.જૂનાગઢથી માંડીને નર્મદા સુધી કે પછી વડોદરાથી માંડીને સુરત સુધી પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ખુદ સરકારી બાબુઓની તાનાશાહીથી ત્રસ્ત થઈ ફરિયાદ કરતા નજરે પડ્યા છે. જૂનાગઢમાં ભ્રષ્ટાચારથી ત્રસ્ત ધારાસભ્ય અરવિંદ લાડાણીએ જાહેરમાં અધિકારીઓનો ઉધડો લીધો હતો. તો નર્મદામાં સંકલન બેઠકમાં ધારાસભ્યએ ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો.વડોદરામાં સિનિયર ધારાસભ્ય યોગેશ પટેલે કલેક્ટર કચેરી ભ્રષ્ટ્રાચારનું કેન્દ્ર બન્યાનો આરોપ લગાવ્યો હતો. તો આ તરફ સુરતમાં અરવિંદ રાણાએ સરકારી બાબુઓને આડેહાથ લીધા હતા. હવે વિચારો કે જો ખુદ ધારાસભ્યોની વાત ભ્રષ્ટ બાબુઓ ન સાંભળતા હોય તો સામાન્ય પ્રજાની શું હાલત થતી હશે. આ સ્થિતિ જ દર્શાવે છે કે સરકારી કચેરીઓ આજે પણ ભ્રષ્ટાચારથી ખદબદી રહી છે. આશા રાખીએ જીરો ટોલરન્સની વાત કરતી સરકાર આ દિશામાં પણ ડોકીયુ કરે અને ભ્રષ્ટાચારના ભોરિંગમાંથી પ્રજાને ઉગારે.

### ખેડાના નાની ઝેર-ઘડિયા પાસેની ઘટના

# કોન્ટ્રાકટરે ઝાડ પર ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર મચી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

ખેડા જિલ્લામાં આર.એન્ડ.બી સ્ટેટ વિભાગમાં તથા વાસ્મોમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા એક કોન્ટ્રાક્ટરે અગમ્ય કારણોસર નાનીઝેર ઘડિયા રોડ પર એક ઝાડે ગળાફાંસો ખાઈ જીંદગીનો અંત આણતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક કોન્ટ્રાક્ટર પાસેથી એક સ્યુસાઈડનોટ પણ પોલીસને મળી આવી હતી. આ બનાવ સંદર્ભે કપડવંજ રૂરલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર મહીસાગર જિલ્લાના વતની અને ખેડા જિલ્લામાં આરએન્ડબી (સ્ટેટ) વિભાગમાં કોન્ટ્રાક્ટર તરીકે કનુભાઈ સોમાભાઈ પટેલ કામ કરતા હતા. કનુભાઈ પટેલે શનિવારે કોઈ અગમ્ય કારણોસર કપડવંજ તાલુકાના નાનીઝેર ઘડિયા રોડ પર એક વૃક્ષની ડાળીએ ગળાફાંસો ખાધો હતો આ બનાવની જાણ સ્થાનિક રહીશોએ રૂરલ પોલીસ મથકે કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે લાશને નીચે ઉતારી તપાસ કરતા મૃતક પાસેથી સ્યુસાઈડનોટ મળી આવી હતી. મૃતક કોન્ટ્રાક્ટરનું કામ કરતા હોવાથી જે તે વિભાગના અધિકારીઓ દ્વારા ઉંચા કમીશનની માંગણી કરવામાં આવી રહ્યો હોવાનો ઉલ્લેખ સુસાઈડ નોટમાં કરાયો હોવાની ચર્ચાએ ભારે જોર પકડયું છે. સ્યુસાઈડ નોટમાં ૬ થી ૭ વ્યક્તિઓના નામ હોવાનું જણાવ્યું છે. આ બનાવ અંગે રૂરલ પોલીસે મૃતક કોન્ટ્રાક્ટરના વતનમાં રહેતા તેમના પરિવારજનોને જાણ કરતા તેઓ કપડવંજ ખાતે દોડી આવ્યા હતા. પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પીટલમાં મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે કપડવંજ રૂરલ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

### સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ

## ખેડાના કોન્ટ્રાક્ટરે ચાર કરોડની ચૂકવણી ન થતા આપઘાત કર્યો હતો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

ખેડાના કોન્ટ્રાક્ટરના આપઘાત કેસમાં નવો વળાંક આવ્યો છે. જેમાં મૃતકે લખેલી સ્યુસાઈડ નોટમાં ચાર કરોડથી વધુની રકમની ચૂકવણી ન થતા આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે. ખેડામાં કોન્ટ્રાક્ટરે ઝાડ પર લટકી જઈને આપઘાત કર્યા બાદ પોલીસને મૃતકે લખેલી સ્યુસાઈડ નોટ મળી આવી છે. પોલીસને મૃતદેહ પાસેથી સ્યુસાઈડ નોટ મળી હતી. આ સ્યુસાઈડ નોટમાં અનેક ખુલાસાઓ સામે આવતા ચકચાર મચી છે. પોલીસના જણાવ્યા મુજબ સ્યુસાઈડ નોટમાં આર એન્ડ બીના અધિકારીઓના નામનો ઉલ્લેખ છે. તે સિવાય મૃતકે ચાર કરોડથી વધુ રકમની ચૂકવણી ન થતા આત્મહત્યા કરી હોવાનું સ્યુસાઈડ નોટમાં જણાવ્યું છે. મૃતક મહીસાગરનો રહેવાસી હતો. કપડવંજ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. હાલમાં પલીસ સ્યુસાઈડ નોટને આધારે વધુ તપાસ કરી રહી છે.

## સ્ટેટ સાયબર ક્રાઈમ સેલનો કર્મચારી લાંચ લેતા ઝડપાયો

અમદાવાદ, તા.૧૬

સ્ટેટ સાયબર ક્રાઈમ સેલનો કર્મચારી લાંચ લેતા ઝડપાયો છે. જેમાં બેંક એકાઉન્ટ અનફ્રિઝ કરવા રૂપિયા ૭૦ હજારની લાંચ માગી હતી. લાંચિયો કર્મચારી આઉટ સોર્સથી નોકરી કરતો હતો. યશ રાણા સામે ગાંધીનગરમાં ગુનો નોંધાયો છે.

સ્ટેટ સાયબર ક્રાઈમ સેલમાં આઉટ સોર્સથી નોકરી કરતાં ટેકનીકલ એક્ષપર્ટએ લાંચની માગણી કરી હતી.

યશ રાજેશ રાણાએ બેંક એકાઉન્ટ અનફ્રિજ કરવા રૂપિયા ૭૦ હજારની લાંચ માંગી હોવાનો ભાંડો ફૂટ્યો હતો. જેમાં સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ઝોન દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.

# પાર્ટ ટાઈમ જોબના નામે અમદાવાદના યુવક સાથે પાંચ લાખથી વધુની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં યુવક સાથે પાર્ટ ટાઈમ જોબના બહાને પાંચ લાખથી વધુની ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી છે. તેમાં અલગ-અલગ બિડિંગ કરાવી છેતરપિંડી આચરવામાં આવી છે. જેમાં સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કુલ ૫ લાખ, ૬૦ હજાર રૂપિયા ઓનલાઈન જમા કરાવી છેતરપિંડી આચરી છે. જેમાં સાયબર ક્રાઈમે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર અલગ અલગ પ્રોડક્ટને રેટીંગ આપવાના બહાને છેતરપિંડી આચરતી ગેંગ ઝડપાઈ હતી. રોજના હજાર રુપિયા કમાવવાની લાલચ આપી ઠગાઈ કરતી ગેંગના ૩ આરોપીની સાયબર ક્રાઈમે ધરપકડ કરી હતી. જોકે આ ગેંગ ચાઈનાથી ઓપરેટ થતી હોવાનું સામે આવ્યું હતુ. જે છેતરપિંડીના રુપિયા ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરતા હતા. જોકે આરોપી પાસેથી મળેલા બેંક એકાઉન્ટમાં હજારો ફરિયાદ નોંધાયેલી છે. જે મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ સાયબર ક્રાઈમની પકડમાં આવેલ વિકાસ પટેલ, મિતીનસિંહ ઉર્ફે રેમો રાઠોડ અને ડીકેશ પટેલ છે. ઝડપાયેલા આરોપી ઓર્ગેનાઈઝ સાયબર ક્રાઈમના સાગરીતો છે. જે સોશિયલ મીડિયા પર લોકોને અલગ અલગ હાઈપ્રોફાઈલ પ્રોડક્ટને ઉંચા રેટીંગ આપવાના બહાને ઠગાઈ કરતા હતા. અમદાવાદના ફરિયાદીને રેટીંગ આપવા બદલ ૫૦ હજાર રૂપિયા મળ્યા પણ હતા. ત્યાર બાદ આરોપીએ પ્રિપેઈડ કામ કરવાથી રોજના ૧ હજાર કમાવવાની લાલચ આપી હતી. જે બદલ અલગ અલગ સમયે કુલ ૫.૯૨ લાખ રૂપિયા ભરાવી વળતર ન આપી છેતરપિંડી આચરી હતી. જેથી ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

### ચારથી વધુ વ્યકિત સિવિલ હોસ્પિટલમાં દાખલ

# ખેડામાં ઝાડા-ઉલટીના ૧૦થી વધુ કેસ મળી આવતાં ફફડાટ

## આરોગ્ય વિભાગની ૪ ટીમ દ્વારા સર્વેની કામગીરી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

ખેડા શહેરના પરાદરવાજા માં આવેલ પરાદરવાજા, કાછીયા શેરી, અને કુંભારવાડા વિસ્તારમાં ઝાડા ઉલટીના ૧૦ થી વધુ કેસ મળી આવતા આ વિસ્તારના રહિશોમાં ફફળાટની લાગણી વ્યાપી ગઇ છે. આ અંગેની જાણ આરોગ્ય વિભાગને થતા તેઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. તેમજ ચાર ટીમો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવમાં આવી છે.

ખેડા શહેરમાં આવેલા પરા દરવાજા વિસ્તારમાં ઝાડા ઉલટીના કેસો વધ્યા છે. જેમાં કેટલાક દર્દીઓએ નજીકના દવાખાનામાંથી દવા લીધી છે. જયારે ચારથી વધુ વ્યકિત સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. આરોગ્ય વિભાગને આ અંગેની જાણ થતા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ રોગચાળો કયા કારણોસર ફેલાયો છે તેનું ચોકકસ કારણ જાણી શકાયુ નથી. પરંતુ દૂષિત પાણી પીવાથી આ રોગચાળો ફેલાયો હોવાનું પ્રાથમિક અનુમાન છે. ખેડા આરોગ્ય વિભાગની ૪ ટીમ દ્વારા બંને વિસ્તારના ૧૮૨ ઘરમાં સર્વે કરવામાં આવ્યો છે. તેમજ કુલ ૨૧ જેટલાં ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૧૨ પોઝિટિવ અને ૧૧ નેગેટિવ આવ્યા હતા. હાલ ખેડા સિવિલમાં કુલ ૪ વ્યક્તિ દાખલ છે. ખેડાના આ બંને વિસ્તારમાં અંદાજીત ૯૦૦ ઉપર વસ્તી રહે છે. જયાંથી પીવાના પાણીના નમૂના પણ લેવામાં આવ્યા છે. તકેદારીના ભાગરૂપે આ વિસ્તારમાં આપવામાં આવતુ પાણી હાલ પુરતુ બંધ કરવામાં આવ્યુ છે. તેમજ પીવાનું પાણી ટેક્કર દ્વારા આપવાની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી છે. આમ પ્રજાના આરોગ્યને ધ્યાનમાં લઈને આ વિસ્તારમાં સર્વેની કામગીરીની સાથે સાથે પીવાના પાણીના સ્ત્રોતોની પણ ચકાસણી કરવામાં આવશે. તેમજ આ રોગચાળાનું ચોકકસ કારણ જાણીને તે માટેની કાર્યવાહી કરવા માટે તંત્ર કામે લાગી ગયુ છે.

# ATMમાં ચીપિયો ગોઠવી રૂપિયા ચોરી કરતા ભેજાબાજ સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

સયાજીગંજ દર્શનમ સેન્ટ્રલ પાર્કમાં રહેતા દેવસિંહ વિક્રમાર્ક sbi ઉર્મી સોસાયટી શાખા પ્રોડક્ટિવિટી રોડ પર ઈન્ચાર્જ બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે અકોટા પોલીસ સ્ટેશનમાં તેમને ફરિયાદ નોંધાવી છે કે તેમની બેંકના ગ્રાહકે ફરિયાદ કરી હતી કે મેં ગત ૭ મી એપ્રિલે બપોરે ૧:૪૫ વાગે ઊર્મિ સોસાયટીના એટીએમ માંથી ૪૫૦૦ રૂપિયા ઉપાડવા ટ્રાન્જેક્શન કર્યું હતું પરંતુ રૂપિયા નીકળ્યા ન હતા અને મારા એકાઉન્ટ માંથી રૂપિયા ડેબિટ થઈ ગયા હતા.

આવી જ ફરિયાદ બીજા એક ગ્રાહકે કરી હતી કે ગત ૨૦ મી એપ્રિલે બપોરે ૧૨:૧૫ વાગે મેં ઊર્મિ સોસાયટીના એટીએમ માંથી ૯૦૦૦ રૂપિયા ઉપાડવા ટ્રાન્જેક્શન કર્યું હતું રૂપિયા નીકળ્યા ન હતા પરંતુ મારા એકાઉન્ટમાંથી ડેબિટ થઈ ગયા હતા. બંને કસ્ટમરની ફરિયાદ આવતા બ્રાન્ચ મેનેજર એટીએમ ના સીસીટીવી ચેક કરતા જાણવા મળ્યું હતું કે એક આરોપીએ એટીએમ મશીનમાં ચીપિયો મૂકી દીધો હતો જેથી ટ્રાન્જેક્શન બાદ રૂપિયા ચીપિયામાં ફસાઈ જતા હતા અને કસ્ટમરને મળતા ન હતા જયારે કસ્ટમરના ખાતામાંથી રૂપિયા ડેબિટ થઈ જતા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# શહેરના સાબરમતી અટલ ફૂટ ઓવરબ્રિજના રેલિંગના બે કાચ તૂટતા બેરિકેટ લગાવાયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાંથી પસાર થતી સાબરમતી નદી પરનો અટલ બ્રિજ શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર છે. દેશ વિદેશના મહેમાનો પણ અમદાવાદ આવે ત્યારે તેની મુલાકાત લેતા હોય છે અને તસ્વીરો પણ ખેંચાવતા હોય છે. અટલ બ્રિજને વધુ આકર્ષક બનાવવા માટે બ્રિજના કઠેડા પર ટફન ગ્લાસ લગાડવામાં આવ્યા હતા. ત્યારે અટલ ફૂટ ઓવરબ્રિજના પૂર્વ-છેડા તરફનો રેલિંગના કાચ તૂટી ગયા છે. જેથી, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે ત્યાં બેરિકેટ લગાવી દેવામાં આવ્યા છે. રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન તંત્રના જણાવ્યા મુજબ સફાઈ કરતી વખતે મશીન ફરતું હોય છે. જે ગ્લાસને અથડાયું હતું. જેના કારણે ગ્લાસ તૂટ્યો હોવાથી બદલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશનના ડેપ્યુટી ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, જે કાચ તૂટી ગયો છે, તે નવા લગાવવા માટે કાચના ઓર્ડર આપ્યા છે. એક અઠવાડિયા સુધીમાં નવા કાચ ત્યાં લગાવી દેવામાં આવશે. અહીં વધારાની સિક્યુરિટી પણ રાખવામાં આવી છે, જેથી કોઈ વ્યક્તિ તે કાચની નજીક જઈ શકે નહીં. રિવરફ્રન્ટ અધિકારીના જણાવ્યા મુજબ બ્રિજ ઉપર રેલિંગના બે કાચ તૂટ્યા છે. ૧૦ દિવસથી આ કાચ તૂટી ગયો છે, જેના કારણે ત્યાં બેરિકેટ લગાવી અને કોઈ વ્યકિત નજીક ન જાય તેના માટે સિક્યુરિટી સ્ટાફને ઊભો રાખવામાં આવે છે. સાફ-સફાઈ કરતી વખતે ક્લિનિંગ મશીન ત્યાં અથડાયું હતું. જેના કારણે ગ્લાસ તૂટ્યો હતો. તેને બદલવા માટેની કાર્યવાહી એન્જિનિયરિંગ વિભાગ દ્વારા કરવામાં આવી છે. થોડા દિવસમાં જ નવો કાચ લગાવી દેવામાં આવશે.

સાબરમતી રિવરફ્રન્ટના ફૂટ ઓવરબ્રિજ ઉપર સતત સફાઈ કરવામાં આવે છે જેના માટે ઉપયોગ કરવામાં આવતું ક્લિનિંગ મશીન આ કાચ ઉપર જોરથી અથડાયું હતું જેના કારણે કાચ તૂટ્યો હતો. જો કે, કાચ સાવ તૂટી ગયો નથી. કાચમાં તિરાડો પડી અંદરનો ભાગ તૂટ્યો છે. આ કાચ ખૂબ જ મજબૂત આવે છે. સામાન્ય ગ્લાસ કરતા પણ વધારે મજબૂત કાચ હોય છે. જો કે, આ કાચને બદલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે રિવરફ્રન્ટના એન્જિનિયરિંગ વિભાગ દ્વારા એજન્સીને જાણ કરી દેવામાં આવી છે નવો કાચ બની રહ્યો છે. જેથી થોડા દિવસમાં જ નવા કાચ લગાવી દેવામાં આવશે. જો કે, કોઈ રેલિંગ તરફ ન જાય તે માટે બેરિકેટ મારી સિક્યુરિટી સ્ટાફને ઊભો રખાયો છે.

# હિઝબુલ્લાહે ગેલિલીમાં કબજે કરેલા ગોલાન હાઈટ્સમાં ૧૫ ઈઝરાયેલી સૈન્ય વિસ્તારો પર હુમલાની ઘોષણા કરી



(એજન્સી) તા.૧૬

લેબેનીઝ સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાએ જણાવ્યું હતું કે, તેણે ઉત્તરી ઈઝરાયેલ અને કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં ૧૫ લશ્કરી સ્થળો પર એક સાથે ૧૫૦ રોકેટ છોડ્યા હતા. જૂથે જણાવ્યું હતું કે, આ હુમલા ગાઝામાં અડગ પેલેસ્ટીની લોકોના સમર્થનમાં છે અને મંગળવારે સાંજે દક્ષિણ લેબનોન પર થયેલ હુમલામાં વરિષ્ઠ ફિલ્ડ કમાન્ડર સહિત ત્રણ હિઝબોલ્લાહ લડવૈયાઓની હત્યાના જવાબમાં આ હુમલા કર્યો હતો. ઘેરાયેલા ગાઝા પટ્ટી સામે ઈઝરાયેલના યુદ્ધને પગલે ૮ ઓક્ટોબરે બંને પક્ષોએ ગોળીબાર કરવાનું શરૂ કર્યું હતું, ત્યારથી આ હુમલો સૌથી મોટો હુમલો છે, જે હિઝબોલ્લાહ દ્વારા ૨૦૦થી વધુ રોકેટ છોડ્યાના એક દિવસ પછી થયો હતો. હિબ્રુ ચેનલ ગઈકાલે ઈઝરાયેલી સૈન્યના પ્રવક્તાના એક નિવેદનનો વિરોધ કર્યો હતો જેમાં દાવો કર્યો કરવામાં આવ્યો હતો કે ઉત્તર તરફ માત્ર ૪૦ મિસાઈલો છોડવામાં આવી હતી અને તેમણે જણાવ્યું કે તપાસ પ્રણાલીઓએ ૧૦૦થી વધુ મિસાઈલો શોધી કાઢી છે. અગાઉ ઈઝરાયેલી સેનાના પ્રવક્તાએ જાહેરાત કરી હતી કે લેબેનોનથી છોડવામાં આવેલી મિસાઈલોના પરિણામે ઘણી આગ ફાટી નીકળી હતી. ઈઝરાયેલ દ્વારા ઘેરાયેલા ગાઝા પટ્ટી સામે નિર્દય યુદ્ધ શરૂ કરવામાં આવ્યું ત્યારથી લેબેનોન-ઈઝરાયેલ સરહદ પર તણાવ વધારે છે જેમાં લગભગ ૪૦,૦૦૦ પીડિતોના જીવ ગયા હતા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા.

EID MUBARAK
Rafikbhai
(M) : 9998283606
Salman
(M) : 7016320243
Sarah Bazar
FANCY CUTPIECE
CLOTH MERCHANT
Opp. Danapith
Dhal, Dhalgarwad,
Ahmedabad.



# ઈઝરાયેલે કુરબાનીના પ્રાણીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા ગાઝાના લોકો ઈદ-ઉલ-અઝહાની ધાર્મિક વિધિઓથી વંચિત

## ગાઝા મીડિયા ઓફિસે કહ્યું કે, આ પ્રતિબંધ 'માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે અને માનવીય અને ઈસ્લામિક મૂલ્યોની સંપૂર્ણ અવગણના છે'

(એજન્સી) ગાઝા, તા.૧૬

ગાઝા મીડિયા ઓફિસે ગઈકાલે જણાવ્યું કે, ઈઝરાયેલ દ્વારા કુરબાની માટેના પ્રાણીઓના પ્રવેશ પર પ્રતિબંધથી ગાઝા પટ્ટીના લાખો પરિવારો ઈસ્લામિક ધાર્મિક પ્રથાઓના ભાગરૂપે ઈદ અલ-અધાના તહેવારની ઉજવણી કરવાની અને કુરબાનીની વિધિઓ કરવાની તકથી વંચિત રહ્યા છે. ઈદ અલ-અધાના પર્વના એક નિવેદનમાં ગાઝા ઓફિસે જણાવ્યું હતું કે, રફાહ બોર્ડર ક્રોસિંગ અને કેરેમ શાલોમ ક્રોસિંગ પર કબજો કરી તેના પર પ્રતિબંધ લગાવવા સહિત ગાઝા પટ્ટીના તમામ રસ્તાઓને બંધ કરીને કુરબાનીના પ્રાણીઓના પ્રવેશને અટકાવીને 'કબજેદાર દળોએ નવો ગુનો કર્યો છે.'

તેમણે આ પ્રતિબંધને 'માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન અને માનવીય અને ઈસ્લામિક મૂલ્યોની સંપૂર્ણ અવગણના' ગણાવી હતી. ઓફિસે ભારપૂર્વક જણાવ્યું કે, 'બલિદાન પ્રાણીઓ ઈદ અલ-અધાનો અભિન્ન ભાગ છે. નૈતિક અને કાનૂની જવાબદારીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને નરસંહારને



રોકવા અને મુસ્લિમોના અધિકારો અને માનવીય અધિકારોના આ સ્પષ્ટ ઉલ્લંઘનને રોકવા માટે ગંભીરતાપૂર્વક દરમિયાનગીરી કરવાની જરૂર છે.' મીડિયા ઓફિસે ઈઝરાયેલ અને યુએસ પ્રશાસનને 'ઈસ્લામ વિરુદ્ધ અને અમારા પેલેસ્ટીની લોકો વિરુદ્ધ આ ગુનાઓ ચાલુ રાખવા માટે સંપૂર્ણપણે જવાબદાર' ગણાવ્યા હતા. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ગયા વર્ષે ઓકટોબરથી ઈઝરાયેલી દળો દ્વારા ગાઝામાં લગભગ ૩૭,૩૦૦ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને લગભગ ૮૫,૨૦૦ પેલેસ્ટીનીઓ ઘાયલ છે. આઠ મહિના કરતા વધુ સમયથી ચાલી રહેલા ઈઝરાયેલના આક્રમણમાં ગાઝાનો વિશાળ વિસ્તાર ખોરાક, સ્વચ્છ પાણી અને દવાઓના અપંગ નાકાબંધી વચ્ચે ખંડેરમાં પડ્યો છે.

# ઈઝરાયેલી સૈન્યએ ભારે અસરગ્રસ્ત ગાઝાના વિસ્તારોમાં સહાયનો પ્રવાહ વધારવાના પ્રયાસમાં 'વ્યૂહાત્મક વિરામ'ની જાહેરાત કરી

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૬

ઈઝરાયેલી સૈન્યએ ગઈકાલે દક્ષિણ ગાઝા પટ્ટીમાં તેના હુમલાઓમાં 'વ્યૂહાત્મક વિરામ'ની જાહેરાત કરી હતી જેથી વધારે પ્રમાણમાં માનવતાવાદી સહાયના જથ્થાના વિતરણને મંજૂરી આપી શકાય. સેનાએ જણાવ્યું હતું કે, રફાહ વિસ્તારમાં યુદ્ધવિરામ સવારે ૮ વાગ્યે શરૂ થશે અને સાંજે ૭ વાગ્યા સુધી અમલમાં રહેશે. તેમણે ઉમેર્યું કે આગળ સૂચના ન મળે ત્યાં સુધી વિરામ દરરોજ લાગુ પાડવામાં આવશે.

સૈન્યએ જણાવ્યું હતું કે, વિરામનો ઉદ્દેશ્ય સહાય ટ્રકોને નજીકના ઈઝરાયેલના કબજે કરેલા સ્થળ કેરેમ શાલોમ ક્રોસિંગ સુધી પહોંચવાની મંજૂરી આપવાનો છે, જે આવનારી સહાય માટે મુખ્ય પ્રવેશ બિંદુ છે અને ગાઝાના બીજા વિસ્તારોમાં અન્ય લોકોને પુરવઠો પહોંચાડવા માટે તેઓ મુખ્ય ઉત્તર-દક્ષિણ માર્ગ, સલાહ-અ-દિન હાઈવે પર સલામત રીતે મુસાફરી કરી શકે છે. તેમણે જણાવ્યું કે, આ વિરામને યુએન અને આંતરરાષ્ટ્રીય સહાય એજન્સીઓના સંકલન દ્વારા લાગુ પાડવામાં આવી રહ્યું છે.

ઈઝરાયેલી સૈનિકો મે મહિનાએની શરૂઆતમાં રફાહમાં પહોંચ્યા ત્યારથી ક્રોસિંગ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

ઈઝરાયેલના હમાસ આતંકવાદી જૂથ સામેના આઠ મહિનાના લશ્કરી આક્રમણથી



ગાઝા માનવતાવાદી કટોકટીમાં ડૂબી ગયું છે. UNએ વ્યાપક ભૂખમરો અને સેંકડો હજારો લોકો દુષ્કાળની અણી પર હોવાની જાણ કરી છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે ઈઝરાયેલને આ કટોકટીને હળવી કરવા માટે પગલાં લેવા વિનંતી કરી છે.

OCHA તરીકે ઓળખાતી U.N. માનવતાવાદી કાર્યાલયના આંકડાઓ અનુસાર મે ૬થી જૂન ૬ સુધી યુ.એન.ને દરરોજ સરેરાશ ૬૮ સહાય ટ્રક મળી હતી. જે એપ્રિલમાં એક દિવસના ૧૬૮ ટ્રકથી ઓછી હતી અને સહાય જૂથોના જણાવ્યા મુજબ ગાઝામાં દરરોજ ૫૦૦ સહાય ટ્રકની જરૂર છે.

જેમ જેમ માનવતાવાદી જરૂરિયાત વધી છે, તેમ દક્ષિણ ગાઝામાં સહાયનો પ્રવાહ ઘટ્યો છે. ઈઝરાયેલી લશ્કરી સંસ્થા, કોગટ જે ગાઝામાં સહાય વિતરણની દેખરેખ રાખે છે, તે કહે છે કે, ટ્રકના પ્રવેશ પર કોઈ પ્રતિબંધ નથી. તેમણે કહ્યું કે, ૨ મેથી ૧૩ જૂન સુધી તમામ પ્રકારની સહાય અને વ્યાપારી પ્રકારની ૮૬૦૦થી વધુ ટ્રકો ગાઝામાં પ્રવેશી હતી, પરંતુ તેમાંથી મોટાભાગની સહાય ક્રોસિંગ પર જમા થઈ ગઈ અને તેના અંતિમ મુકામ સુધી પહોંચી નથી. નવી વ્યવસ્થાનો ઉદ્દેશ્ય ટ્રકોને ક્રોસિંગની અંદર અને બહાર જવા માટે દરરોજ ૧૧ કલાકનો અવિરત વિરામ પ્રદાન કરીને ડિલિવરીના સંકલન માટેની જરૂરિયાતને ઘટાડવાનો છે.

# રફાહમાં ઈઝરાયેલના બોમ્બ વિસ્ફોટમાં બે બંધકોનાં મોત : હમાસ

(એજન્સી) તા.૧૬

હમાસની સશસ્ત્ર શાખા અલ-કાસમ બ્રિગેડસે શુક્રવારે જાહેરાત કરી કે દક્ષિણ ગાઝા પટ્ટીના રાફાહ શહેરમાં ઈઝરાયેલી બોમ્બમારામાં બે ઈઝરાયેલી બંધકો મૃત્યુ પામ્યા છે.

ટેલિગ્રામ પર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં અલ-કાસમ બ્રિગેડે જણાવ્યું કે 'થોડા દિવસો પહેલા' હવાઈ હુમલામાં બે બંધકો મૃત્યુ પામ્યા છે.

આ ઘટનાક્રમ અંગે ઈઝરાયેલી સૈન્ય તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી. ૮ જૂનના રોજ, અલ-કાસમ બ્રિગેડે જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ મધ્ય ગાઝા પટ્ટીમાં ચાર બંધકોને મુક્ત કરવાના ઓપરેશન દરમિયાન ઘણા બંધકોને માર્યા હતા.

શુક્રવાર સુધીમાં પેલેસ્ટીની-ઈઝરાયેલ સંઘર્ષમાં મૃત્યુ પામેલા પેલેસ્ટીનીઓની સંખ્યા ૩૭,૨૬૬ પર પહોંચી ગઈ છે, જ્યારે ૮૫,૧૦૨ અન્ય ઘાયલ થયા છે, હમાસ સંચાલિત આરોગ્ય અધિકારીઓએ એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું.

ઈઝરાયેલ સંરક્ષણ દળોએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું કે તે ગાઝા પટ્ટીમાં તેની કામગીરી ચાલુ રાખી રહી છે.

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઈઝરાયેલી સૈનિકો રફાહમાં લક્ષ્યાંકિત ગુપ્ત માહિતી આધારિત કામગીરી ચાલુ રાખી રહ્યા છે, જેણે પાછલા દિવસોમાં ઘણા 'આતંકવાદીઓ'ને મારી નાખ્યા છે



અને મોટા પ્રમાણમાં શસ્ત્રો અને ભૂગર્ભ સુરંગો શોધી કાઢી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે મધ્ય ગાઝા પટ્ટીમાં પણ સૈન્ય કાર્યવાહી ચાલુ છે.

ઈઝરાયેલે દક્ષિણ ઈઝરાયેલની સરહદ દ્વારા હમાસના ઘૂસણખોરીના જવાબમાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા પટ્ટીમાં હમાસ સામે મોટા પાયે આક્રમણ શરૂ કર્યું હતું, જે દરમિયાન અંદાજે ૧,૨૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને આશરે ૨૫૦ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા.

# પેલેસ્ટીનના પ્રથમ ઓલિમ્પિયન માજિદ અબુ મરાહીલનું ગાઝામાં અવસાન

## માજિદ અબુ મરાહીલ, ૧૯૯૬માં યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ)ના એટલાન્ટા ગેમ્સમાં ઓલિમ્પિક ગેમ્સમાં પેલેસ્ટીનનું પ્રતિનિધિત્વ કરનાર સૌપ્રથમ પેલેસ્ટીની હતા, જ્યાં તેમણે તેમનો દેશનો ધ્વજ લહેરાવ્યો હતો

(એજન્સી) તા.૧૬

પ્રથમ પેલેસ્ટીની ઓલિમ્પિક દોડવીર, માજિદ અબુ મરાહીલ, ૧૧ જૂને ગાઝા પટ્ટીના નુસીરાત શરણાર્થી શિબિરમાં ઈઝરાયેલે કરાયેલા હુમલામાં મૃત્યુ પામ્યા હતા. તેઓ ૬૧ વર્ષના હતા.

અહેવાલ મુજબ ગાઝામાં ચાલી રહેલા યુદ્ધમાં ઈઝરાયેલી દળો દ્વારા હોસ્પિટલો અને તબીબી કેન્દ્રોના વિનાશને કારણે કિડનીની નિષ્ફળતા અને સારવાર મેળવવામાં અસમર્થતાને કારણે મારહીલનું મૃત્યુ થયું હતું.

ફેસબુક પરના એક નિવેદનમાં પેલેસ્ટીની એથ્લેટિક્સ ફેડરેશને કહ્યું કે, જે મોટા છે તે જતાં રહ્યા છે, જે સારા છે તે જતાં રહ્યા છે. ઓલિમ્પિક દોડવીર મૃત્યુ પામ્યા છે. તે ધ્વજ પકડીને ચાલ્યા ગયા અને રડતા રડતા એટલાન્ટા ટ્રેક પર દોડ્યા હતા. તેમણે ૧૯૯૬માં પેલેસ્ટીનને જીવવા માટે દુનિયાને રોકી દીધી હતી.

'પેલેસ્ટીની ફૂટબોલ ફેડરેશને બોર્ડ અને ગેમ કેડર પેલેસ્ટીની સ્પોર્ટ્સ પરિવાર અને અબુ મરાહીલ પરિવાર પ્રત્યે તેમની ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.'

ફેડરેશને ઉમેર્યું, "અમે સર્વશક્તિમાન મૃતકને તેમની દયાથી આશીર્વાદ આપવા અને તેમના વિશાળ સ્વર્ગમાં નિવાસ મળે તેમ ઈચ્છીએ છીએ. આપણે અલ્લાહના છીએ અને આપણે તેની પાસે જ પાછા જવાનું છે."

**મારહીલ વિશે :-** મરાહિલે UNRWA શાળાઓમાં તેમનો મૂળભૂત અને પ્રારંભિક અભ્યાસ પૂર્ણ કર્યો હતો, નુસીરાતમાં ખાલેદ બિન અલ-વાલિદ માધ્યમિક શાળા ફોર બોયઝમાંથી હાઈ સ્કૂલ અને શિક્ષક ગૃહમાંથી અરબી ભાષાનો ડિપ્લોમા મેળવ્યો હતો. તેમણે ૧૯૮૧માં અલ-ઝાયતૌન સ્પોર્ટ્સ ક્લબમાં જોડાઈને શાળાઓ અને એરેનાસમાં તેમની રમતગમતની કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૯૫માં તેણે કૈરોમાં અરબ



ચેમ્પિયનશિપમાં ભાગ લીધો અને ૧૨મું સ્થાન મેળવ્યું હતું.

૧૯૯૬માં યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ)માં એટલાન્ટા ગેમ્સમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક ગેમ્સમાં પેલેસ્ટીનનું પ્રતિનિધિત્વ કરનાર મારહેલ સૌપ્રથમ હતા, જ્યાં તેમણે તેમના દેશનો ધ્વજ લહેરાવ્યો હતો.

તે ૧૯૯૮માં જર્મનીની લેઈપઝિગ સંસ્થામાં પ્રથમ પેલેસ્ટીની વિદ્યાર્થી તરીકે જોડાયો અને એથ્લેટિક્સ તાલીમમાં અદ્યતન પ્રમાણપત્ર મેળવ્યું. મરાહિલે ૨૦૦૦માં બેઈજિંગમાં ઓલિમ્પિક ગેમ્સમાં પેલેસ્ટીની ધ્વજ વહન કર્યો હતો અને તેમના ચહેરા પરથી આંસુ વહેતા હતા. તેમની કોચ તરીકે નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ આંતરરાષ્ટ્રીય મંચોમાં પેલેસ્ટાઈનનું પ્રતિનિધિત્વ કરવા માટે રાષ્ટ્રીય ટીમમાં પ્રતિભાઓ અને ખેલાડીઓને શોધવામાં સફળ રહ્યા હતા.

# હમાસે બ્લિંકન પર ગાઝા યુદ્ધવિરામમાં રોડાં નાખનાર ઈઝરાયેલને નિર્દોષ સાબિત કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૧૬

એનાદોલુ એજન્સીના અહેવાલ મુજબ, પેલેસ્ટીની જૂથ, હમાસે અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિંકન પર આરોપ મૂક્યો છે કે તેઓ ઈઝરાયેલને યુદ્ધવિરામમાં અવરોધ ઉભો કરવાના આરોપમાંથી નિર્દોષ બચાવવા માંગે છે. હમાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "(ઈઝરાયલી) કબજાને મુક્ત કરવાના બ્લિંકનના પ્રયાસો અને યુદ્ધવિરામને અવરોધવા માટે અમને જવાબદાર ઠેરવવાએ વિનાશના યુદ્ધમાં તેમના દેશની ભાગીદારીનો એક ભાગ છે." યુએન સિક્યુરિટી કાઉન્સિલે યુએસ પ્રમુખ જો બિડેન દ્વારા દર્શાવેલ ગાઝા યુદ્ધવિરામ પ્રસ્તાવને સમર્થન આપતો ઠરાવ અપનાવ્યો હતો. ૩૧ મેના રોજ, બિડેને જણાવ્યું હતું કે ઈઝરાયેલે ત્રણ તબક્કાનો સોદો રજૂ કર્યો છે જે ગાઝામાં દુશ્મનાવટનો અંત લાવશે અને દરિયાકાંઠાના એન્કલેવમાંથી બંધકોની મુક્તિ પણ કરશે. આ યોજનામાં યુદ્ધવિરામ, બંધક-કેદીઓનું વિનિમય અને ગાઝાના પુનઃ નિર્માણનો સમાવેશ થાય છે. હમાસે કહ્યું કે તેણે ગાઝામાં યુદ્ધવિરામ સુધી પહોંચવા અને તમામ બંધકોને મુક્ત કરવા માટેની તમામ દરખાસ્તો સાથે "સકારાત્મક" અને "જવાબદારીથી" વ્યવહાર કર્યો છે. હમાસે કહ્યું, "ઈઝરાયલે યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવ અને બિડેનની પહેલનો વિરોધ કરી, કોઈપણ કાયમી યુદ્ધવિરામને નકારવાનું ચાલુ રાખ્યું છે." હમાસે વોશિંગ્ટનને વિનંતી કરી કે તે ગાઝામાં કાયમી યુદ્ધવિરામ થાય તેવા કરારને સ્વીકારવા માટે ઈઝરાયેલ પર દબાણ કરવામાં આવે. બ્લિંકને જણાવ્યું હતું કે, હમાસે બિડેન દ્વારા દર્શાવેલ યુદ્ધવિરામ દરખાસ્તમાં અસંખ્ય ફેરફારોની દરખાસ્ત કરી છે, અને ઉમેર્યું હતું કે "કેટલાક ફેરફારો કાર્યક્ષમ છે, અને કેટલાક નથી". બ્લિંકને કહ્યું હતું કે, નેતાન્યાહુએ સોમવારે તેમની બેઠક દરમિયાન



ગાઝા પર યુદ્ધવિરામ પ્રસ્તાવ માટે "તેમની પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ" કરી હતી. નેતાન્યાહુ અથવા તેમની સરકારના કોઈપણ સભ્યએ આ પ્રસ્તાવને જાહેરમાં આવકાર્યો નથી. હમાસ દ્વારા કરવામાં આવેલા ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હુમલા પછી ઈઝરાયેલે ગાઝા પર તેના સતત ક્રૂર હુમલા ચાલુ કર્યા હતા, યુએન સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગણી કરવામાં આવી હોવા છતાં યુદ્ધવિરામ ન કરતાં ઈઝરાયેલને આંતરરાષ્ટ્રીય નિંદાનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ગાઝામાં ૩૭,૨૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જેમાંથી મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે અને ૮૪,૯૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. આઠ મહિનાથી ચાલી રહેલા ઈઝરાયેલી યુદ્ધમાં, ગાઝાનો વિશાળ વિસ્તાર ખોરાક, સ્વચ્છ પાણી અને દવાઓના અપંગ નાકાબંધી વચ્ચે ખંડેરમાં પડ્યો હતો. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ)માં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ છે.

# સઉદી અરબે ૨,૫૬,૦૦૦થી વધુ પ્રવાસી વિઝા ધારકોને હજથી પરત ફેરવ્યા

(એજન્સી) તા.૧૬

સઉદી અરેબિયાના સત્તાવાળાઓએ ૧૪ જૂન, શુક્રવાર સુધીમાં મક્કાની હજ યાત્રામાં ગેરકાયદેસર રીતે ભાગ લેનારા ૨,૫૬,૪૮૧ વિઝિટ વિઝા ધારકોને દેશનિકાલ કર્યા છે.

ગૃહ મંત્રાલયના પ્રવક્તા કર્નલ તલાલ અલ-શાલ્હૌબે શુક્રવારે હજ સીઝન ૧૪૪૫ એએચ-૨૦૨૪ માટે દૈનિક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું કે ૪ મેથી શુક્રવાર સુધીમાં સત્તાવાળાઓએ ૧૬૦ નકલી વાહનો જપ્ત કર્યા છે અને ૪ મેથી શુક્રવાર સુધીમાં ૧,૩૫,૦૯૮ વાહનો પરત ફર્યા છે. અલ-શાલ્હૌબે ભારપૂર્વક જણાવ્યું કે, સુરક્ષા અધિકારીઓ તીર્થયાત્રીઓની સલામતીને વિક્ષેપિત કરવાના કોઈપણ પ્રયાસોનો નિશ્ચિતપણે વિરોધ કરશે, એમ કહીને કે તેમની સલામતી એ લાલ રેખા છે જેને સહન ન કરવી જોઈએ.

સઉદી સત્તાવાળાઓ સતત કહે છે કે



ટ્રાવેલ વિઝા તેના ધારકને હજ કરવા માટે હકદાર નથી.

સત્તાવાળાઓ નાગરિકો, વિદેશીઓ અને હજ પરમિટ વિના મક્કામાં પ્રવેશ કરનારા મુલાકાતીઓ પર ૧૦,૦૦૦ સઉદી રિયાલનો દંડ ફટકારશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# મોંઘવારી પર સરકારનો કોઈ કાબૂ રહ્યો નથી અને પ્રજા પિસાઈ રહી છે !!

મોંઘવારી પર અંકુશ રાખવો સરકાર માટે મુશ્કેલ કામ છે. મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારી છેલ્લા પંદર મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. હવે તે ૨.૬૧ ટકા છે, જ્યારે એપ્રિલમાં તે ૧.૨૬ ટકા હતી. ગયા વર્ષે આ જ સમયગાળામાં તે નકારાત્મક ૩.૬૧ ટકા હતો. તેનાથી વિપરિત, રિટેલ ફુગાવો મે મહિનામાં ઘટીને ૪.૭૫ ટકા થયો હતો, જે આ વર્ષની સૌથી નીચી સપાટી છે. છેલ્લા ત્રણ મહિનાથી જથ્થાબંધ મોંઘવારી સતત વધી રહી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું કહેવું છે કે ખાદ્ય ચીજવસ્તુઓ, ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, ક્રૂડ ઓઈલ અને ગેસ અને અન્ય ઉત્પાદિત ઉત્પાદનોની કિંમતોમાં વધારો થવાને કારણે આ વર્ષે મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો થયો છે. ખાસ કરીને શાકભાજીના જથ્થાબંધ ભાવમાં વધારો જોવા મળ્યો હતો. શાકભાજીનો જથ્થાબંધ મોંઘવારી દર ૩૨.૪૨ ટકા રહ્યો છે. ડુંગળીનો જથ્થાબંધ મોંઘવારી દર ૫૮.૦૫ ટકા અને બટાટાનો ૬૪.૦૫ ટકા નોંધાયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સામાન્ય રીતે છૂટક ફુગાવાના દરના આધારે તેની નાણાકીય નીતિઓમાં ફેરફાર કરે છે. પરંતુ મે મહિનામાં છૂટક ફુગાવો પાંચ ટકાથી ઓછો હોવા છતાં, તેણે રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો. કારણ કે તેનો અંદાજ છે કે ફુગાવાનું વલણ અનિશ્ચિત રહેશે અને તેમાં વધઘટ થઈ શકે છે.

સામાન્ય રીતે, જથ્થાબંધ ફુગાવો છૂટક ફુગાવાને અસર કરે છે. જે વસ્તુઓ હોલસેલમાં મોંઘી હોય છે, તેના છૂટક ભાવ પણ વધે છે. પરંતુ ગયા વર્ષે મે મહિનામાં આ ક્રમ પલટાયો હતો. જથ્થાબંધ ફુગાવો વધ્યો, પરંતુ છૂટક ફુગાવો ઘટ્યો. મોંઘવારી વધવા પાછળનું કારણ સામાન્ય રીતે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો છે. છેલ્લા કેટલાક વર્ષોથી, રશિયા-યુક્રેન યુદ્ધ અને પછી ઇઝરાયેલ-હમાસ સંઘર્ષે સમગ્ર વિશ્વમાં સપ્લાય ચેન ખોરવી નાખી છે.

વિશ્વનું અર્થતંત્ર મંદીમાંથી પસાર થઈ રહ્યું છે. સ્વાભાવિક છે કે તેની અસર કાચા તેલની કિંમતો પર પડી છે. પરંતુ આ પહેલીવાર નથી કે જ્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હોય. ભારતમાં તેલની કિંમતો ઘણા વર્ષોથી વધી રહી છે, જેની અસર નૂર પરિવહન પર જોવા મળી રહી છે. મે મહિનામાં તેલની કિંમતો એટલી વધી ન હતી કે તેની સીધી અસર જથ્થાબંધ ફુગાવા પર પડી હતી. તો પછી, છૂટક ફુગાવો કેવી રીતે ઘટ્યો, જ્યારે તેની પણ અસર થવી જોઈતી હતી ? હકીકતમાં, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં અસંતુલનનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય વેપાર છે. મહારાષ્ટ્રના ખેડૂતો લાંબા સમયથી નિકાસ માટે ડુંગળી માટે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ સરકારે તેના પર પ્રતિબંધ લાદી દીધો છે. આને કારણે, તેઓ તેમની કિંમતને પહોંચી વળવા સક્ષમ નથી અને છૂટક બજારમાં તેમને સાવ ફેંકી દેવાના ભાવે વેચવી પડી છે. ઊલટું બહારથી કઠોળ, ફળો, ખાદ્યતેલ વગેરે પરની આયાત જકાત ઘટાડવા કે દૂર થવાને કારણે દેશી ચીજવસ્તુઓને બદલે વધુ વિદેશી માલ જથ્થાબંધ બજારમાં પહોંચવા લાગ્યો છે. તે સમજવું મુશ્કેલ છે કે દેશમાં વધુ પ્રમાણમાં પેદા થતી ખાદ્ય ચીજોનો વપરાશ સ્થાનિક બજારમાં વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વિદેશી ચીજવસ્તુઓની આયાત કેમ વધી રહી છે.? ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો સામાન્ય લોકોના જીવન પર નકારાત્મક અસર કરે છે. તેમની ખરીદશક્તિ વધારવી એ પહેલેથી જ એક મોટો પડકાર છે, આના ઉપર ફુગાવાની અસર તેમના જીવનને વધુ મુશ્કેલ બનાવે છે.

# ABVP દ્વારા હિન્દીના પ્રોફેસરની સતામણી RSS-BJP દ્વારા યુનિવર્સિટીઓના સંપૂર્ણ કબજાને દર્શાવે છે

એજન્ડા

- અપૂર્વાનંદ

તે માત્ર પ્રતિકાત્મક નથી કે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારના શપથ ગ્રહણના એક દિવસ પહેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સભ્યો રાજસ્થાનના ઉદયપુરની મોહનલાલ સુખડિયા યુનિવર્સિટીમાં ડૉ. હિમાંશુ પંડ્યાના વર્ગમાં પ્રવેશ્યા હતા., તેમના વર્ગમાં વિક્ષેપ પાડ્યો, અને તેમને વર્ગ અને કેમ્પસમાંથી બહાર કાઢી મૂક્યા. એ વખતે તેમને હિંદુ વિરોધી અને રાષ્ટ્ર વિરોધી ગણાવ્યા. તેમને શારીરિક રીતે કોઈ નુકસાન થયું ન હતું અને તે માટે અમને એબીવીપીના સભ્યોના આભારી રહેવાનું કહેવામાં આવશે.

ડૉ. પંડ્યા હિન્દીના વિદ્વાન અને પ્રોફેસર છે અને તેમને યુનિવર્સિટી દ્વારા સંશોધન પદ્ધતિ પર પ્રવચનો આપવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ તેમનો ત્રીજો અને છેલ્લો વર્ગ હતો અને જ્યારે એબીવીપીના સભ્યો કાગળની પટ્ટી લઈને વર્ગખંડમાં પ્રવેશ્યા ત્યારે તેઓ તેમનું પ્રવચન પરૂં કરી રહ્યા હતા. તેઓએ ડૉ. પંડ્યાની એક જૂની ફેસબુક પોસ્ટ શોધી કાઢી હતી જેને તેમણે "સ્મૃતિ બાબરી મસ્જિદ" નામ આપ્યું હતું.

જાન્યુઆરીમાં લખાયેલ જ્યારે નરેન્દ્ર મોદી હાલમાં તોડી પાડવામાં આવેલી બાબરી મસ્જિદની ભૂમિ પર બનેલા રામ મંદિરના અભિષેકની ઉજવણીનું નેતૃત્વ કરી રહ્યા હતા, આ પોસ્ટમાં આખા નાટકની યોગ્ય રીતે ટીકા કરવામાં આવી હતી અને તેમાં સામેલ અન્યાય અને ગુનાહિતતા વિશે વાત કરવામાં આવી હતી.

એબીવીપીના સભ્યોએ કહ્યું કે જે વ્યક્તિ આ રાષ્ટ્રીય સિદ્ધિની ટીકા કરે તે આવો હિંદુવિરોધી અને રાષ્ટ્રવિરોધી હોય તેને યુનિવર્સિટીમાં રહેવાનો કોઈ અધિકાર નથી. ડૉ. પંડ્યાએ તેમની સાથે દલીલ કરવાનો પ્રયાસ કર્યો, તેમને તેમનો વર્ગ પૂરો થાય ત્યાં સુધી રાહ જોવાનું કહ્યું, પરંતુ તેઓ તેમની વાત સાંભળવાના મૂડમાં ન હતા. વિદ્યાર્થીઓ ભયભીત થઈ ગયા હતા અને અભ્યાસક્રમ સંયોજક ડૉ. પંડ્યાને તેમની સલામતી માટે ચિંતિત હોવાથી બહાર આવવા વિનંતી કરતા હતા. ડૉ. પંડ્યાએ ત્યાં હાજર રહેવાનો કોઈ અર્થ ન જોયો કારણ કે એબીવીપીના લોકો જે ઘોંઘાટ કરી રહ્યા હતા તેમાં વ્યાખ્યાન ચાલુ રાખવું અશક્ય હતું.

ડૉ.પંડ્યા કેમ્પસમાંથી એકલા નીકળી ગયા. તે ખૂબ જ આઘાતજનક છે કે કોલેજના સત્તાધીશોએ પોલીસને બોલાવીને ડૉ. પંડ્યાને સુરક્ષા આપવાનું અને તેઓ સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચે તેની ખાતરી કરવી પણ જરૂરી ન માન્યું. તેમને કોઈ નુકસાન થયું ન હતું તે આ કઠોર અભિગમની દલીલ હોઈ શકે નહીં.

એક વિદ્યાર્થી, જે દલિત હતો, તેની બાઈક સાથે આવ્યો અને તેણે ડૉ.પંડ્યાને તેમના રહેવાની જગ્યાએ લઈ જવાની ઓફર કરી. એબીવીપીના લોકોએ તેની ઇગ્નીશન ચાવી કાઢી નાખી. તેણે તેને પાછી લઈ લીધી અને ડૉ. પંડ્યાને ઘરે લઈ જવાની મંજૂરી આપવા માટે સમજાવ્યા.



ડૉ.પંડ્યાએ જે સ્વસ્થતા અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કર્યો તેની આપણે પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ કોઈ શિક્ષકને શિક્ષક બનવા માટે આ અસાધારણ બહાદુરીની જરૂર ન હોવી જોઈએ.

ડૉ.પંડ્યા નહોતા ઈચ્છતા કે તે યુવકને કોઈ નુકસાન થાય.

તે સમયે, એબીવીપીના લોકો વીડિયો બનાવતા હતા કારણ કે હિંસા કરવી હિંદુત્વવાદી ગેંગ માટે પૂરતી નથી. તેઓ તેને એક તમાશો બનાવવા માંગે છે અને મોટી વસ્તીમાં તેમની હિંસા ફેલાવવા માંગે છે જેથી તેઓ તેમાં ભાગ લઈ શકે અને તેનો આનંદ માણી શકે.

તેમને કેમ્પસની બહાર ધકેલી દીધા બાદ, ABVP ગેંગ પ્રો. સુધા ચૌધરીની ચેમ્બરમાં ગઈ, જે ફિલોસોફીના વરિષ્ઠ પ્રોફેસર અને કોર્સના ઈન્ચાર્જ વ્યક્તિ હતા જેના માટે ડૉ. પંડ્યાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓ ડૉ. પંડ્યા અને તેમને આમંત્રણ આપવા માટે જવાબદારો સામે પગલાં લેવા માગે છે. પ્રો. ચૌધરી ઘણા લાંબા સમયથી એબીવીપીના નિશાના પર છે અને તેઓએ તેમના બિનસાંપ્રદાયિક અને સ્વતંત્ર વલણ માટે અગાઉ પણ તેણીને હેરાન કરવાનો અને હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે.

બાદમાં, એબીવીપીના સભ્યોએ મીડિયાને જણાવ્યું કે તેઓએ પેલેસ્ટીન તરફી વ્યક્તિને કેમ્પસમાંથી બહાર કાઢી મૂક્યો હતો. ડૉ. પંડ્યાએ ફેસબુક પર લખ્યું છે કે તેઓ એબીવીપીના લોકો સાથે આ અંગે ચર્ચા કરવા માંગે છે અને તેમને જણાવવા માંગે છે કે તેમની પોતાની સરકાર પેલેસ્ટિનિયનોના પોતાના રાજ્યના અધિકારનું સમર્થન કરી રહી છે. પરંતુ શું એબીવીપીના લોકોને ચર્ચા અને સંવાદમાં પણ રસ છે ?

વીડિયોમાં, આપણે જોઈ શકીએ છીએ કે પ્રો.ચૌધરી એબીવીપીના લોકોને કહે છે કે દરેકને પોતાનો અભિપ્રાય રાખવાનો અધિકાર છે, પરંતુ તેઓ તેમની વાત સાંભળવાનો ઈન્કાર કરે છે. પાછળથી, તેમાંથી એક મીડિયાને કહે છે કે તેઓ સરકારને પ્રો.ચૌધરી અને ડૉ.પંડ્યા જેવા શિક્ષકોને શિસ્તબદ્ધ કરવા અને તેમને ઘરે બેસાડવા અને વિદ્યાર્થીઓના મનને પ્રદૂષિત કરવા દેશે નહીં.

ડૉ. પંડ્યાએ જે સ્વસ્થતા અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કર્યો તેની આપણે પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ કોઈ શિક્ષકને શિક્ષક બનવા માટે આ અસાધારણ બહાદુરીની જરૂર ન હોવી જોઈએ.

તેમની ધમકીને ગંભીરતાથી લેવી જોઈએ. તેઓ ક્યાં સુધી જઈ શકે છે તે સમજવા માટે ૯ વર્ષ પહેલા આ જ યુનિવર્સિટીમાં બનેલી ઘટનાને યાદ કરવી પડશે જેમાં ABVP અને RSSના લોકોએ દિલ્હી યુનિવર્સિટીના પ્રો.સુધા ચૌધરી અને પ્રો.અશોક વોહરાના પૂતળા બાળ્યા હતા, તેણી દ્વારા 'ધાર્મિક સંવાદઃ આધુનિક અનિવાર્યતા' (ધાર્મિક સંવાદઃ સમકાલીન સમયની જરૂરિયાત) પરના પરિસંવાદમાં બોલવા માટે પ્રો. વોહરાને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

એબીવીપી અને આરએસએસનો આરોપ છે કે પ્રો.વોહરાએ હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કર્યું છે. એ અલગ વાત છે કે બિચારા પ્રો.વોહરા ટીકા કરવા માટે માત્ર પશ્ચિમી ઈન્ડોલોજિસ્ટની ટાંકતા હતા.

રાજસ્થાનના તત્કાલીન શિક્ષણ મંત્રીએ યુનિવર્સિટીને પ્રો.વોહરા અને પ્રો.ચૌધરી સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો હતો ત્યારે પરિસ્થિતિની વાહિયાતતાનો ખ્યાલ આવી શકે છે. તેમણે કહ્યું, "મેં તેમની સ્ક્રિપ્ટ વાંચી છે... હિંદુ દેવી-દેવતાઓ માટે આ પ્રકારની અભદ્ર, અશ્લીલ ભાષા રાજસ્થાનમાં સહન કરવામાં આવશે નહીં..."

આપણે તેમની નિરક્ષરતા પર હસી શકીએ છીએ, પરંતુ બે પ્રોફેસરોને ખતરો હતો. પ્રો.વોહરાએ પીએમને અપીલ કરવી પડી હતી. તેમણે મીડિયામાં જણાવ્યું હતું કે, "દિલ્હી યુનિવર્સિટીના ફિલોસોફી વિભાગના ભૂતપૂર્વ વડા પ્રોફેસર અશોક વોહરાએ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તેમની દરમિયાનગીરીની માંગ કરી છે અને તેમને વિનંતી કરી છે કે 'લેખિત વ્યાખ્યાન સુધી મારી સામે એફઆઈઆર નોંધવાની પ્રક્રિયા સ્થગિત રાખવામાં આવે, જ્યાં સુધી તેની સામગ્રીની આયાત નક્કી કરવા માટે કોઈ સક્ષમ વિદ્વાન દ્વારા તેને વાંચવામાં ન આવે."

૨૦૧૭ની બીજી ઘટના યાદ આવે છે. જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુરના અંગ્રેજી વિભાગના ડૉ.રાજશ્રી રાણાવતે એક સેમિનારનું આયોજન કર્યું હતું અને પ્રો. નિવેદિતા મેનનને વક્તવ્ય આપવા આમંત્રણ આપ્યું હતું. ફરીથી, RSS જૂથે તેમના 'રાષ્ટ્રવિરોધી' મંતવ્યો સામે 'વિરોધ' કર્યો અને તેમની સામે FIR દાખલ કરવામાં આવી. ડૉ.રાણાવત માટે તે વધુ ખરાબ બન્યું હતું, જેમને યુનિવર્સિટી દ્વારા તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૨૦૧૫-૧૬થી રાજસ્થાન અને દેશના અન્ય ભાગોમાં વસ્તુઓ બગડી છે જ્યાં ABVP પોતાના માટે કાયદો બની ગઈ છે. તે વર્ગો, પ્રવચનો, ફિલ્મ શો, પ્રદર્શનો અને ઈવેન્ટ્સમાં વિક્ષેપ પાડે છે જેને તે રાષ્ટ્ર વિરોધી ગણાવે છે. પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝે ડૉ. પંડ્યાના અપમાનની નિંદા કરતા કહ્યું છે કે રાજસ્થાનની તમામ યુનિવર્સિટીઓમાં ધર્મનિરપેક્ષતા, સમાનતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે વાત કરવી અશક્ય બની ગઈ છે. એબીવીપી અને વહીવટીતંત્રનો ડર, જે મોટા ભાગના કિસ્સાઓમાં એબીવીપીના સાથી બની જાય છે, તે એવો છે કે કોઈ શિક્ષક આ મુદ્દાઓને સ્પર્શવા માંગતો નથી. ડૉ. હિમાંશુ પંડ્યા પરના હુમલા અને તેમના અપમાનની તાજેતરની ઘટના જ આપણને રાજસ્થાનમાં જે હિંસક વાતાવરણમાં શિક્ષણવિદો કાર્યરત છે તે વિશે જણાવે છે. માત્ર રાજસ્થાનમાં જ શા માટે ? તે હવે અખિલ ભારતીય ઘટના છે. આપણે દિલ્હી યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓમાં દરરોજ તેનો સામનો કરીએ છીએ. યુનિવર્સિટી જીવન એબીવીપીની ઈચ્છાઓ સામે બાનમાં છે અને વહીવટીતંત્ર તેની આગળ ઝૂકે છે.

જ્યારે તમે જાણો છો કે એવા વિષયો છે કે જેની તમે કેમ્પસમાં ચર્ચા કરી શકતા નથી, જ્યારે તમે સતત તમારા શબ્દો પર ધ્યાન રાખી રહ્યા છો, ત્યારે તમે અન્ય મંચો પર પણ બોલવાનું અથવા લખવાનું બંધ કરો છો કારણ કે તે તમારી વિરૂદ્ધ જઈ શકે છે, જેમ કે આપણે ડૉ.પંડ્યા વિરુદ્ધ હિંસાના કિસ્સામાં જોઈ શકીએ છીએ. શું આપણે કહી શકીએ કે યુનિવર્સિટીઓ ભારતમાં જીવંત સંસ્થાઓ છે ?

ડૉ. પંડ્યાએ જે સ્વસ્થતા અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કર્યો તેની આપણે પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ કોઈ શિક્ષકને શિક્ષક બનવા માટે આ અસાધારણ બહાદુરીની જરૂર ન હોવી જોઈએ. ડૉ.પંડ્યાની જેમ તમામ શિક્ષકો પરિસ્થિતિનો જવાબ આપી શકશે નહીં. પણ આપણા બધાનું એવું જ છે. આપણે આવી પરિસ્થિતિઓનો સામનો કરવા મજબૂર ન થવા જોઈએ.

આપણે તેને શૈક્ષણિક સ્વતંત્રતાના ઉલ્લંઘનનો કેસ કહીશું. પરંતુ તે તેના કરતા ઘણું વધારે છે. આરએસએસ અને ભાજપ સાથે જોડાયેલી ટોળકી દ્વારા યુનિવર્સિટીઓ અને આપણા જીવન પર લગભગ સંપૂર્ણ કબજો છે. શું 'નવી' રાજકીય પરિસ્થિતિ તેમાં થોડો ફેરફાર લાવશે ? ડૉ.પંડ્યા સામેની હિંસાની આ ઘટના પરથી આપણે જોઈ શકીએ છીએ કે, તે એક ઈચ્છા જ રહેશે.

# ખેરડા ગામે બોલાવેલ ગ્રામસભામાં સ્કિલ યુનિવર્સિટી માટે ફાળવેલ જમીનનો વિરોધ કરાયો

(તસ્વીર : બુરહાન પઠાણ, આણંદ)




(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૬

આણંદ જિલ્લાનાં વ્હેરાખાડી અને ખેરડા ગ્રામપંચાયતની સીમમાં આવેલી ૮૯ હેકટરથી વધુ જમીન સ્કીલ યુનિવર્સિટીનાં નિર્માણ માટે ફાળવવા માટે આજે ખેરડા ગ્રામ પંચાયતમાં ખાસ ગ્રામસભા બોલાવવામાં આવી હતી જેમાં ગ્રામજનો દ્વારા જમીન ફાળવવા સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરી આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. વ્હેરાખાડી ગામની સીમમાં મહિસાગર નદીનાં કોતરોમાં આવેલી ૧૭૮ હેકટર જમીન તેમજ ખેરડા ગ્રામ પંચાયતની હદમાં મહિસાગર નદીનાં કિનારે આવેલી ૮૯ હેકટર જમીન મળી કુલ ૨૬૭ હેકટર જેટલી જમીન સ્કિલ યુનિવર્સિટીનાં નિર્માણ માટે ફાળવવાનો વિરોધ જોવા મળી રહ્યો છે.જેમાં બે દિવસ પૂર્વે વ્હેરાખાડી ગામનાં ગ્રામજનોએ ગ્રામસભામાં હોબાળો કરી વિરોધ પ્રદર્શિત કર્યા બાદ આજે ખેરડા ગ્રામ પંચાયતમાં ખાસ ગ્રામસભા બોલાવવામાં આવી હતી. જેમાં ખેરડા ગ્રામ પંચાયત દ્વારા આ જમીન ફાળવવા માટે ઠરાવ મંજૂર કરવા માટે પ્રસ્તાવ મુકવામાં આવતા ગ્રામજનોએ બહુમતીથી ગામની જમીન આપવા સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો ગ્રામજનોએ આક્રોસ વ્યકત કરતા કહ્યું હતું કે નદીમાં પુર આવવાનાં સમયે આ કોતરોમાં પાણી ભરાઈ જતા હોય છે અને જો અહિયાં જમીન સંપાદન કરી યુનિવર્સિટી બનાવવામાં આવે તો પુરનાં પાણી અવરોધાશે અને પુરનાં પાણી ગામમાં પ્રવેશી જશે તો ગ્રામજનોને જાનમાલનું નુકશાન ભોગવવાનું આવશે, જેથી ગામને બચાવવા માટે આ જમીન યુનિવર્સિટીને ફાળવવા સામે ભારે વિરોધ પ્રદર્શિત કરાયો હતો. ગામનાં તલાટી દિવ્યેશે કહ્યું હતું કે આણંદ ગ્રામ્ય મામલતદાર દ્વારા મળેલી સુચના અનુસાર ગ્રામસભા બેઠક બોલાવી તેમાં જમીનની ફાળવણી માટે ચર્ચા કરવામાં આવી હતી અને જેમાં ગ્રામજનો દ્વારા મિશ્ર પ્રતિભાવ મળ્યા છે, જેમાં મોટા ભાગનાં ગ્રામજનોએ જમીન ફાળવણીનો ઠરાવ કરવા અંગે વિરોધ પ્રદર્શિત કર્યો છે, જયારે કલેકટર પ્રવિણ ચૌધરીએ કહ્યું હતું કે જમીન ફાળવણી માટે અરજી મળી છે અને તે અરજી સરકારમાં મોકલવામાં આવી છે, તેમજ આ જમીન ફાળવણી માટે હજુ સુધી કોઈ ઠરાવ મળ્યો નથી, તેમજ સરકાર દ્વારા પણ કોઈ હુકમ કરવામાં આવ્યો નથી. જયારે આણંદનાં પ્રાંત અધિકારીની કચેરીમાંથી પ્રાંત અધિકારી દ્વારા આણંદ ગ્રામ્ય મામલતદારને તા.૩ એપ્રીલ ૨૦૨૪નાં રોજ પત્ર લખી વ્હેરાખાડી અને ખેરડા ગામની સીમમાં કોતરોમાં આવેલી જમીન સ્કીલ યુનિવર્સિટી બનાવવા માટે એસએમએસઆર ઈન્ફ્રાસ્ટ્રકચર એલએલપીનાં ભાગીદાર સંજય સોમનાથભાઈ રાવલને ફાળવવા માટે મહેસુલ વિભાગનાં તા.૪-૩-૩૦૩૪નાં પત્ર અનુસાર ખેરડા અને વ્હેરાખાડી ગ્રામ પંચાયત દ્વારા આ જમીન ફાળવવા માટે સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ મંજૂરીની સ્પષ્ટા કરી તેમજ માગણીવાળી જમીન પર ખાનગી ઈસમોનું દબાણ પાકો ડામર રોડ વિગેરે આવેલા છે, જે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત મોકલવા જણાવવામાં આવ્યું છે.

# ઈસ્લામમાં હજનું મહત્ત્વ અને આધ્યાત્મિક પરિમાણો

પ્રાસંગિક

- ડો. એમ. કુત્બુદ્દીન


હજ, મક્કાની એક ભવ્ય અને પવિત્ર તીર્થયાત્રા છે, જે ઈસ્લામના પાંચ સ્તંભોમાંથી એક છે અને એવા દરેક મુસ્લિમ માટે ફરજિયાત છે જેઓ શારીરિક અને આર્થિક રીતે સક્ષમ છે. આ તીર્થયાત્રા કેવળ ભૌતિક યાત્રા નથી; તે આધ્યાત્મિક છે, જેનો હેતુ સદ્‌ગુણોના સંવર્ધન દ્વારા અને નકારાત્મક વર્તણૂકોને ટાળવા સાથે શરીર, હૃદય, મન અને આત્માને શુદ્ધ કરવાનો છે. હજની પરંપરા પયગંબર અબ્રાહમ ઈબ્રાહિમ(અ.સ.)ની છે, જેને ઈસ્લામમાં દીન-એ-હનીફ તરીકે ઓળખવામાં આવે છે. પયગંબર અબ્રાહમનો અતૂટ એકેશ્વરવાદ અને અલ્લાહ પ્રત્યેની ભક્તિ ઈસ્લામિક આસ્થા માટે મૂળભૂત છે અને હજ તેમના આજ્ઞાપાલન અને બલિદાનના કાર્યોની યાદ અપાવે છે. મુસ્લિમો માને છે કે હજ કરીને તેઓ સર્વશક્તિમાન અલ્લાહને આપેલા વચનને પૂર્ણ કરે છે અને તેના માર્ગદર્શન અનુસાર જીવવાની તેમની પ્રતિબદ્ધતા છે. હજની ધાર્મિક વિધિઓ નમ્રતા, ધર્મનિષ્ઠા અને અડગતા જેવા આવશ્યક ગુણો શીખવે છે. યાત્રાળુઓ સાદા સફેદ વસ્ત્રો પહેરે છે, જે અલ્લાહ સમક્ષ બધાની સમાનતાનું પ્રતીક છે અને દુન્યવી મતભેદોને દૂર કરે છે. આ પોશાક વિશ્વના ખૂણેખૂણેથી ભેગા થયેલા આસ્થાવાનોના વિવિધ જૂથમાં એકતા અને નમ્રતાની ભાવનાને દર્શાવે છે. હજના કેન્દ્રીય પાસાઓમાનું એક આત્મા અને મનની શુદ્ધિ છે. તવાફ (કાબાની પરિક્રમા), સહી (સફા અને મરવાહની ટેકરીઓ વચ્ચે ચાલવું) અને અરાફાત ખાતે ઊભા રહેવા સહિતની વિવિધ વિધિઓ ધીરજ, દૃઢતા અને ઈબાદત કરવા માટે બનાવવામાં આવી છે. આ અરકાન યાત્રાળુઓને તેમના જીવન પર વિચાર કરવા, તેમના પાપો માટે ક્ષમા મેળવવા અને તેમની આધ્યાત્મિક પ્રતિબદ્ધતા માટે પ્રોત્સાહિત કરે છે. હજ એ અલ્લાહની ઈબાદતના અનુભવની એક અનન્ય તક આપે છે. હજમાં નિર્ધારિત ધાર્મિક વિધિઓ સાથે અલ્લાહની તૌહીદ, એકતા અને માનવતાના ભાઈચારા પર ભાર મૂકે છે. આ સામૂહિક ઈબાદત સાર્વત્રિક સમાનતા અને તમામ મનુષ્યોના સહિયારા ભાગ્યના ખ્યાલને મજબૂત બનાવે છે. હજ મૃત્યુ પછીના જીવન માટે રિહર્સલ તરીકે પણ કામ કરે છે. તીર્થયાત્રાના શારીરિક અને આધ્યાત્મિક પરિશ્રમ મુસ્લિમોને તેમના મૃત્યુ અને સાંસારિક જીવનની ક્ષણિક પ્રકૃતિની યાદ અપાવે છે. હજના સંસ્કારોમાં સામેલ થવાથી મુસ્લિમો પોતાને મૃત્યુ અને તેના પછીના શાશ્વત જીવન માટે તૈયાર કરે છે. હજ ઈસ્લામના મુખ્ય સિદ્ધાંતોને સમાવે છે, જે અલ્લાહ તેના સંદેશ અને સાતત્ય અને માનવતાની એકતાને પ્રકાશિત કરે છે. તે સ્વ-શોધ, આધ્યાત્મિક વિકાસ અને સાંપ્રદાયિક એકતાની ગહન યાત્રા છે. આ તીર્થયાત્રા એક પરિવર્તનકારી અનુભવ પ્રદાન કરે છે જે આત્માને શુદ્ધ કરે છે, સાચી ભાવનાને પ્રકાશિત કરે છે અને વ્યક્તિની અસ્થાને મજબૂત કરે છે અને જીવન પર અવિશ્વસનીય અસર કરે છે. હજ એ માત્ર ફરજિયાત ક્રિયા નથી પરંતુ એક સમૃદ્ધ અનુભવ છે જે આધ્યાત્મિક જ્ઞાન અને અલ્લાહ સાથે ગાઢ જોડાણને પ્રોત્સાહન આપે છે. તે જીવનના અંતિમ હેતુ અને અલ્લાહની ઈચ્છા અનુસાર જીવવાના મહત્ત્વની યાદ અપાવે છે. હજ દ્વારા મુસ્લિમો તેમની શ્રદ્ધાનું નવીનીકરણ કરે છે, તેમની ભક્તિની પુષ્ટિ કરે છે અને તેમના રોજિંદા જીવનમાં નમ્રતા, ધર્મનિષ્ઠા અને અડગતાના ગુણોને મૂર્તિમંત કરવાનો પ્રયાસ કરે છે.



હજ એ અલ્લાહની ઈબાદતના અનુભવની એક અનન્ય તક આપે છે, હજમાં નિર્ધારિત ધાર્મિક વિધિઓ સાથે અલ્લાહની તૌહીદ, એકતા અને માનવતાના ભાઈચારા પર ભાર મૂકે છે, આ સામૂહિક ઈબાદત સાર્વત્રિક સમાનતા અને તમામ મનુષ્યોના સહિયારા ભાગ્યના ખ્યાલને મજબૂત બનાવે છે

# ઈદ-ઉલ-અઝહા

ઈસ્લામની ઝલક



- પ્રો. અફ્ઝલ વાસે

ઈદનો શાબ્દિક અર્થ પરત ફરવાનો છે. ઈસ્લામ ધર્મ દ્વારા પોતાના અનુયાયીઓ માટે પ્રત્યેક વર્ષ બે ઈદ રાખવામાં આવી છે જે હર્ષોલ્લાસનું પ્રતીક છે. પ્રથમ તે ઈદ જે રમઝાન માસના એક મહિનાના રોઝા રાખ્યા પછી મનાવવામાં આવે છે જેને ઈદુલ ફિત્રનું નામ આપવામાં આવ્યું છે. બીજી તે જેને આપણે ઈદ-ઉલ-અઝહા અથાર્ત કુરબાનીની ઈદ કહેવાય છે. જે ઈસ્લામી કેલેન્ડરના છેલ્લા મહિને અર્થાત જિલહજની દસમી તારીખે મનાવવામાં આવે છે. આ ઈદના પ્રસંગે પ્રત્યેક તે મુસલમાન જે આર્થિક રીતે સધ્ધર કે સક્ષમ હોય અને ઝકાત આપે છે તે અલ્લાહના માર્ગ કે રસ્તામાં પશુની કુરબાની કરીને તેના એક મહત્ત્વના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના તે બલિદાનને યાદ કરવાનો પ્રયત્ન કરે છે, જે તેમણે અલ્લાહના આદેશનું પાલન કરતા પોતાના પુત્રને અલ્લાહના રસ્તામાં કુરબાન કરીને કર્યું હતું.

ઈસ્લામી ઈતિહાસની આ ઘટનાનું અલ્લાહે કુર્આનમાં વિસ્તૃત રીતે વર્ણન કર્યું છે. કુર્આનનું વર્ણન છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ એક દિવસ પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ (અ.સ.)ને કહ્યું કે અય મારા પુત્ર ! હું સ્વપ્નમાં જોઈ રહ્યો હતો કે અલ્લાહના રસ્તામાં તારી કુરબાની કરી રહ્યો છું. હવે તું મને બતાવ કે તારો શું વિચાર છે ? આ પ્રસંગે પુત્રએ પિતાને અલ્લાહના આદેશનું પાલન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

હવે બંને પિતા અને પુત્ર અલ્લાહની પરીક્ષામાં સફળ રહ્યા તો ત્યારબાદ પશુની કુરબાની કરવામાં આવી, કેમ કે આ પરીક્ષાથી અલ્લાહનો ઉદ્દેશ પુત્રનું બલિદાન નહીં. પરંતુ એ પ્રમાણિત કરવું હતું કે જેઓ અલ્લાહની ઉપર વિશ્વાસ મૂકે છે. તેમના હૃદયમાં અલ્લાહનો પ્રેમ સૌથી વધારે હોય છે. તથા તે તેના માર્ગમાં પ્રત્યેક વસ્તુનું બલિદાન આપવા માટે હરહંમેશ તૈયાર રહે છે. આ જ વાસ્તવિકતાને કુર્આનમાં આ શબ્દોમાં વર્ણવવામાં આવી છે.

અલ્લાહ સુધી ન તો કુરબાનીઓનું માંસ પહોંચે છે અને ન તો રક્ત, અલ્લાહ સુધી ફક્ત મનુષ્યના હૃદયનું પુણ્ય તથા તેનું આજ્ઞાપાલન પહોંચે છે. ઈદુલ અઝહા મનુષ્યને અલ્લાહનું આજ્ઞાપાલન તથા સગા-સંબંધીઓ અને સંબંધોનું પાલન કરવાનો પાઠ યાદ અપાવે છે. આ જ કારણે ઈદની નમાઝ પછી લોકો પોતપોતાના સગા-સંબંધીઓ તથા પારકા એવા તમામ લોકોને ભેટે છે જેથી કરીને પ્રેમ અને લાગણીઓની ભાવના દ્વારા પોતાના હૃદયમાંથી ઘૃણા, દ્વેષ, અહમ્, અહંકાર અને અભિમાનની માનસિકતાને ધોઈ નાંખે. આનું એક મહત્ત્વપૂર્ણ ઉદાહરણ અને પુરાવો આ છે કે ઈસ્લામી શિક્ષાઓ દ્વારા કુરબાનીના માંસમાં ત્રણ હિસ્સા કે ભાગ રાખવામાં આવ્યા છે. એક ભાગ પોતાના તથા પરિવારના ઉપયોગ માટે, બીજો ભાગ સગા-સંબંધીઓ તથા મિત્રો માટે તથા ત્રીજો ભાગ સમાજમાં વસતા નિર્ધન, ગરીબ કે દરિદ્ર લોકો માટે રાખવામાં આવ્યો છે.

આ પ્રકારે ઈદુલ અઝહા ફકત અલ્લાહની આજ્ઞાઓનું પાલન તથા તેની ઈચ્છાની પ્રાપ્તિ, માનવીય સંબંધોની સુદઢતા તથા માનવતાની સેવાનું એક મહત્ત્વપૂર્ણ અવસર જ માત્ર નહીં પરંતુ તેના દ્વારા હઝરત ઈબ્રાહીમ (અ.સ.), ઈસ્માઈલ (અ.સ.) અને અંતિમ પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના માર્ગોનું અનુકરણ પણ થાય છે. અને મનુષ્ય અલ્લાહના રસ્તામાં પ્રત્યેક સ્વરૂપે બલિદાન આપવા માટે તૈયાર થઈ જાય છે.

**(લેખક ડો. ઝાકીર હુસૈન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# મોંઘવારી પર સરકારનો કોઈ કાબૂ રહ્યો નથી અને પ્રજા પિસાઈ રહી છે !!

મોંઘવારી પર અંકુશ રાખવો સરકાર માટે મુશ્કેલ કામ છે. મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારી છેલ્લા પંદર મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી. હવે તે ૨.૬૧ ટકા છે, જ્યારે એપ્રિલમાં તે ૧.૨૬ ટકા હતી. ગયા વર્ષે આ જ સમયગાળામાં તે નકારાત્મક ૩.૬૧ ટકા હતો. તેનાથી વિપરિત, રિટેલ ફુગાવો મે મહિનામાં ઘટીને ૪.૭૫ ટકા થયો હતો, જે આ વર્ષની સૌથી નીચી સપાટી છે. છેલ્લા ત્રણ મહિનાથી જથ્થાબંધ મોંઘવારી સતત વધી રહી છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું કહેવું છે કે ખાદ્ય ચીજવસ્તુઓ, ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, ક્રૂડ ઓઈલ અને ગેસ અને અન્ય ઉત્પાદિત ઉત્પાદનોની કિંમતોમાં વધારો થવાને કારણે આ વર્ષે મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો થયો છે. ખાસ કરીને શાકભાજીના જથ્થાબંધ ભાવમાં વધારો જોવા મળ્યો હતો. શાકભાજીનો જથ્થાબંધ મોંઘવારી દર ૩૨.૪૨ ટકા રહ્યો છે. ડુંગળીનો જથ્થાબંધ મોંઘવારી દર ૫૮.૦૫ ટકા અને બટાકાનો ૬૪.૦૫ ટકા નોંધાયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સામાન્ય રીતે છૂટક ફુગાવાના દરના આધારે તેની નાણાકીય નીતિઓમાં ફેરફાર કરે છે. પરંતુ મે મહિનામાં છૂટક ફુગાવો પાંચ ટકાથી ઓછો હોવા છતાં, તેણે રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો. કારણ કે તેનો અંદાજ છે કે ફુગાવાનું વલણ અનિશ્ચિત રહેશે અને તેમાં વધઘટ થઈ શકે છે.

સામાન્ય રીતે, જથ્થાબંધ ફુગાવો છૂટક ફુગાવાને અસર કરે છે. જે વસ્તુઓ હોલસેલમાં મોંઘી હોય છે, તેના છૂટક ભાવ પણ વધે છે. પરંતુ ગયા વર્ષે મે મહિનામાં આ ક્રમ પલટાયો હતો. જથ્થાબંધ ફુગાવો વધ્યો, પરંતુ છૂટક ફુગાવો ઘટ્યો. મોંઘવારી વધવા પાછળનું કારણ સામાન્ય રીતે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો છે. છેલ્લા કેટલાક વર્ષોથી, રશિયા-યુક્રેન યુદ્ધ અને પછી ઇઝરાયેલ-હમાસ સંઘર્ષે સમગ્ર વિશ્વમાં સપ્લાય ચેન ખોરવી નાખી છે.

વિશ્વનું અર્થતંત્ર મંદીમાંથી પસાર થઈ રહ્યું છે. સ્વાભાવિક છે કે તેની અસર કાચા તેલની કિંમતો પર પડી છે. પરંતુ આ પહેલીવાર નથી કે જ્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હોય. ભારતમાં તેલની કિંમતો ઘણા વર્ષોથી વધી રહી છે, જેની અસર નૂર પરિવહન પર જોવા મળી રહી છે. મે મહિનામાં તેલની કિંમતો એટલી વધી ન હતી કે તેની સીધી અસર જથ્થાબંધ ફુગાવા પર પડી હતી. તો પછી, છૂટક ફુગાવો કેવી રીતે ઘટ્યો, જ્યારે તેની પણ અસર થવી જોઈતી હતી? હકીકતમાં, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં અસંતુલનનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય વેપાર છે. મહારાષ્ટ્રના ખેડૂતો લાંબા સમયથી નિકાસ માટે ડુંગળી માટે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ સરકારે તેના પર પ્રતિબંધ લાદી દીધો છે. આને કારણે, તેઓ તેમની કિંમતને પહોંચી વળવા સક્ષમ નથી અને છૂટક કિંમતે તેમને સાવ ફેંકી દેવાના ભાવે વેચવી પડી છે. ઊલટું બહારથી કઠોળ, ફળો, ખાદ્યતેલ વગેરે પરની આયાત જકાત ઘટાડવા કે દૂર થવાને કારણે દેશી ચીજવસ્તુઓને બદલે વધુ વિદેશી માલ જથ્થાબંધ બજારમાં પહોંચવા લાગ્યો છે. તે સમજવું મુશ્કેલ છે કે દેશમાં વધુ પ્રમાણમાં પેદા થતી ખાદ્ય ચીજોનો વપરાશ સ્થાનિક બજારમાં વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વિદેશી ચીજવસ્તુઓની આયાત કેમ વધી રહી છે.? ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો સામાન્ય લોકોના જીવન પર નકારાત્મક અસર કરે છે. તેમની ખરીદશક્તિ વધારવી એ પહેલેથી જ એક મોટો પડકાર છે, આના ઉપર ફુગાવાની અસર તેમના જીવનને વધુ મુશ્કેલ બનાવે છે.

# ABVP દ્વારા હિન્દીના પ્રોફેસરની સતામણી RSS-BJP દ્વારા યુનિવર્સિટીઓના સંપૂર્ણ કબજાને દર્શાવે છે

તે માત્ર પ્રતિકાત્મક નથી કે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારના શપથ ગ્રહણના એક દિવસ પહેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સભ્યો રાજસ્થાનના ઉદયપુરની મોહનલાલ સુખડિયા યુનિવર્સિટીમાં ડૉ. હિમાંશુ પંડ્યાના વર્ગમાં પ્રવેશ્યા હતા., તેમના વર્ગમાં વિક્ષેપ પાડ્યો, અને તેમને વર્ગ અને કેમ્પસમાંથી બહાર કાઢી મૂક્યા. એ વખતે તેમને હિંદુ વિરોધી અને રાષ્ટ્ર વિરોધી ગણાવ્યા. તેમને શારીરિક રીતે કોઈ નુકસાન થયું ન હતું અને તે માટે અમને એબીવીપીના સભ્યોના આભારી રહેવાનું કહેવામાં આવશે.

ડૉ. પંડ્યા હિન્દીના વિદ્વાન અને પ્રોફેસર છે અને તેમને યુનિવર્સિટી દ્વારા સંશોધન પદ્ધતિ પર પ્રવચનો આપવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ તેમનો ત્રીજો અને છેલ્લો વર્ગ હતો અને જ્યારે એબીવીપીના સભ્યો કાગળની પટ્ટી લઈને વર્ગખંડમાં પ્રવેશ્યા ત્યારે તેઓ તેમનું પ્રવચન પૂરૂં કરી રહ્યા હતા. તેઓએ ડૉ. પંડ્યાની એક જૂની ફેસબુક પોસ્ટ શોધી કાઢી હતી જેને તેમણે "સ્મૃતિ બાબરી મસ્જિદ" નામ આપ્યું હતું.

જાન્યુઆરીમાં લખાયેલ જ્યારે નરેન્દ્ર મોદી હાલમાં તોડી પાડવામાં આવેલી બાબરી મસ્જિદની ભૂમિ પર બનેલા રામ મંદિરના અભિષેકની ઉજવણીનું નેતૃત્વ કરી રહ્યા હતા, આ પોસ્ટમાં આખા નાટકની યોગ્ય રીતે ટીકા કરવામાં આવી હતી અને તેમાં સામેલ અન્યાય અને ગુનાહિતતા વિશે વાત કરવામાં આવી હતી.

એબીવીપીના સભ્યોએ કહ્યું કે જે વ્યક્તિ આ રાષ્ટ્રીય સિદ્ધિની ટીકા કરે તે આવો હિંદુવિરોધી અને રાષ્ટ્રવિરોધી હોય તેને યુનિવર્સિટીમાં રહેવાનો કોઈ અધિકાર નથી. ડૉ. પંડ્યાએ તેમની સાથે દલીલ કરવાનો પ્રયાસ કર્યો, તેમને તેમનો વર્ગ પૂરો થાય ત્યાં સુધી રાહ જોવાનું કહ્યું, પરંતુ તેઓ તેમની વાત સાંભળવાના મૂડમાં ન હતા. વિદ્યાર્થીઓ ભયભીત થઈ ગયા હતા અને અભ્યાસક્રમ સંયોજક ડૉ. પંડ્યાને તેમની સલામતી માટે ચિંતિત હોવાથી બહાર આવવા વિનંતી કરતા હતા. ડૉ. પંડ્યાએ ત્યાં હાજર રહેવાનો કોઈ અર્થ ન જોયો કારણ કે એબીવીપીના લોકો જે ઘોંઘાટ કરી રહ્યા હતા તેમાં વ્યાખ્યાન ચાલુ રાખવું અશક્ય હતું.

ડૉ.પંડ્યા કેમ્પસમાંથી એકલા નીકળી ગયા. તે ખૂબ જ આઘાતજનક છે કે કોલેજના સત્તાધીશોએ પોલીસને બોલાવીને ડૉ. પંડ્યાને સુરક્ષા આપવાનું અને તેઓ સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચે તેની ખાતરી કરવી પણ જરૂરી ન માન્યું. તેમને કોઈ નુકસાન થયું ન હતું તે આ કઠોર અભિગમની દલીલ હોઈ શકે નહીં.

એક વિદ્યાર્થી, જે દલિત હતો, તેની બાઈક સાથે આવ્યો અને તેણે ડૉ.પંડ્યાને તેમના રહેવાની જગ્યાએ લઈ જવાની ઓફર કરી. એબીવીપીના લોકોએ તેની ઈગ્નીશન ચાવી કાઢી નાખી. તેણે તેને પા છીલઈ લીધી અને ડૉ. પંડ્યાને ઘરે લઈ જવાની મંજૂરી આપવા માટે સમજાવ્યા. ડૉ.પંડ્યા નહોતા ઈચ્છતા કે તે યુવકને કોઈ નુકસાન થાય.

તે સમયે, એબીવીપીના લોકો વીડિયો બનાવતા હતા કારણ કે હિંસા કરવી હિંદુત્વવાદી ગેંગ માટે પૂરતી નથી. તેઓ તેને એક તમાશો બનાવવા માંગે છે અને મોટી વસ્તીમાં તેમની હિંસા ફેલાવવા માંગે છે જેથી તેઓ તેમાં ભાગ લઈ શકે અને તેનો આનંદ માણી શકે.

તેમને કેમ્પસની બહાર ધકેલી દીધા બાદ, ABVP ગેંગ પ્રો. સુધા ચૌધરીની ચેમ્બરમાં ગઈ, જે ફિલોસોફીના વરિષ્ઠ પ્રોફેસર અને કોર્સના ઈન્ચાર્જ વ્યક્તિ હતા જેના માટે ડૉ. પંડ્યાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓ ડૉ. પંડ્યા અને તેમને આમંત્રણ આપવા માટે જવાબદારો સામે પગલાં લેવા માગે છે. પ્રો. ચૌધરી ઘણા લાંબા સમયથી એબીવીપીના નિશાના પર છે અને તેઓએ તેમના બિનસાંપ્રદાયિક અને સ્વતંત્ર વલણ માટે અગાઉ પણ તેણીને હેરાન કરવાનો અને હુમલો કરવાનો પ્રયાસ કર્યો છે.

બાદમાં, એબીવીપીના સભ્યોએ મીડિયાને જણાવ્યું કે તેઓએ પેલેસ્ટીન તરફી વ્યક્તિને કેમ્પસમાંથી બહાર કાઢી મૂક્યો હતો. ડૉ. પંડ્યાએ ફેસબુક પર લખ્યું છે કે તેઓ એબીવીપીના લોકો સાથે આ અંગે ચર્ચા કરવા માંગે છે અને તેમને જણાવવા માંગે છે કે તેમની પોતાની સરકાર પેલેસ્ટિનિયનોના પોતાના રાજ્યના અધિકારનું સમર્થન કરી રહી છે. પરંતુ શું એબીવીપીના લોકોને ચર્ચા અને સંવાદમાં પણ રસ છે ?

વીડિયોમાં, આપણે જોઈ શકીએ છીએ કે પ્રો.ચૌધરી એબીવીપીના લોકોને કહે છે કે દરેકને પોતાનો અભિપ્રાય રાખવાનો અધિકાર છે, પરંતુ તેઓ તેમની વાત સાંભળવાનો ઈન્કાર



ડૉ.પંડ્યાએ જે સ્વસ્થતા અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કર્યો તેની આપણે પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ કોઈ શિક્ષકને શિક્ષક બનવા માટે આ અસાધારણ બહાદુરીની જરૂર ન હોવી જોઈએ.

કરે છે. પાછળથી, તેમાંથી એક મીડિયાને કહે છે કે તેઓ સરકારને પ્રો.ચૌધરી અને ડૉ.પંડ્યા જેવા શિક્ષકોને શિસ્તબદ્ધ કરવા અને તેમને ઘરે બેસાડવા અને વિદ્યાર્થીઓના મનને પ્રદૂષિત કરવા દેશે નહીં.

ડૉ. પંડ્યાએ જે સ્વસ્થતા અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કર્યો તેની આપણે પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ કોઈ શિક્ષકને શિક્ષક બનવા માટે આ અસાધારણ બહાદુરીની જરૂર ન હોવી જોઈએ.

તેમની ધમકીને ગંભીરતાથી લેવી જોઈએ. તેઓ ક્યાં સુધી જઈ શકે છે તે સમજવા માટે ૯ વર્ષ પહેલા આ જ યુનિવર્સિટીમાં બનેલી ઘટનાને યાદ કરવી પડશે જેમાં ABVP અને RSSના લોકોએ દિલ્હી યુનિવર્સિટીના પ્રો.સુધા ચૌધરી અને પ્રો.અશોક વોહરાના પૂતળા બાળ્યા હતા, તેણી દ્વારા 'ધાર્મિક સંવાદઃ આધુનિક અનિવાર્યતા' (ધાર્મિક સંવાદઃ સમકાલીન સમયની જરૂરિયાત) પરના પરિસંવાદમાં બોલવા માટે પ્રો. વોહરાને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

એબીવીપી અને આરએસએસનો આરોપ છે કે પ્રો.વોહરાએ હિંદુ દેવી-દેવતાઓનું અપમાન કર્યું છે. એ અલગ વાત છે કે બિચારા પ્રો.વોહરા ટીકા કરવા માટે માત્ર પશ્ચિમી ઈન્ડોલોજિસ્ટની ટાંકતા હતા.

રાજસ્થાનના તત્કાલીન શિક્ષણ મંત્રીએ યુનિવર્સિટીને પ્રો.વોહરા અને પ્રો.ચૌધરી સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો હતો ત્યારે પરિસ્થિતિની વાહિયાતતાનો ખ્યાલ આવી શકે છે. તેમણે કહ્યું, "મેં તેમની સ્ક્રિપ્ટ વાંચી છે... હિંદુ દેવી-દેવતાઓ માટે આ પ્રકારની અભદ્ર, અશ્લીલ ભાષા રાજસ્થાનમાં સહન કરવામાં આવશે નહીં..."

આપણે તેમની નિરક્ષરતા પર હસી શકીએ છીએ, પરંતુ બે પ્રોફેસરોને ખતરો હતો. પ્રો.વોહરાએ પીએમને અપીલ કરવી પડી હતી. તેમણે મીડિયામાં જણાવ્યું હતું કે, "દિલ્હી યુનિવર્સિટીના ફિલોસોફી વિભાગના ભૂતપૂર્વ વડા પ્રોફેસર અશોક વોહરાએ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તેમની દરમિયાનગીરીની માંગ કરી છે અને તેમને વિનંતી કરી છે કે 'લેખિત વ્યાખ્યાન સુધી મારી સામે એફઆઈઆર નોંધવાની પ્રક્રિયા સ્થગિત રાખવામાં આવે, જ્યાં સુધી તેની સામગ્રીની આયાત નક્કી કરવા માટે કોઈ સક્ષમ વિદ્વાન દ્વારા તેને વાંચવામાં ન આવે.''

૨૦૧૭ની બીજી ઘટના યાદ આવે છે. જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, જોધપુરના અંગ્રેજી વિભાગના ડૉ.રાજશ્રી રાણાવતે એક સેમિનારનું આયોજન કર્યું હતું અને પ્રો. નિવેદિતા મેનનને વક્તવ્ય આપવા આમંત્રણ આપ્યું હતું. ફરીથી, RSS જૂથે તેમના 'રાષ્ટ્રવિરોધી' મંતવ્યો સામે 'વિરોધ' કર્યો અને તેમની સામે FIR દાખલ કરવામાં આવી. ડૉ.રાણાવત માટે તે વધુ ખરાબ બન્યું હતું, જેમને યુનિવર્સિટી દ્વારા તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૨૦૧૫-૧૬થી રાજસ્થાન અને દેશના અન્ય ભાગોમાં વસ્તુઓ બગડી છે જ્યાં ABVP પોતાના માટે કાયદો બની ગઈ છે. તે વર્ગો, પ્રવચનો, ફિલ્મ શો, પ્રદર્શનો અને ઈવેન્ટ્સમાં વિક્ષેપ પાડે છે જેને તે રાષ્ટ્ર વિરોધી ગણાવે છે. પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝે ડૉ. પંડ્યાના અપમાનની નિંદા કરતા કહ્યું છે કે રાજસ્થાનની તમામ યુનિવર્સિટીઓમાં ધર્મનિરપેક્ષતા, સમાનતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા વિશે વાત કરવી અશક્ય બની ગઈ છે. એબીવીપી અને વહીવટીતંત્રનો ડર, જે મોટા ભાગના કિસ્સાઓમાં એબીવીપીના સાથી બની જાય છે, તે એવો છે કે કોઈ શિક્ષક આ મુદ્દાઓને સ્પર્શવા માંગતો નથી. ડૉ. હિમાંશુ પંડ્યા પરના હુમલા અને તેમના અપમાનની તાજેતરની ઘટના જ આપણને રાજસ્થાનમાં જે હિંસક વાતાવરણમાં શિક્ષણવિદો કાર્યરત છે તે વિશે જણાવે છે. માત્ર રાજસ્થાનમાં જ શા માટે ? તે હવે અખિલ ભારતીય ઘટના છે. આપણે દિલ્હી યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓમાં દરરોજ તેનો સામનો કરીએ છીએ. યુનિવર્સિટી જીવન એબીવીપીની ઈચ્છાઓ સામે બાનમાં છે અને વહીવટીતંત્ર તેની આગળ ઝૂકે છે.

જ્યારે તમે જાણો છો કે એવા વિષયો છે કે જેની તમે કેમ્પસમાં ચર્ચા કરી શકતા નથી, જ્યારે તમે સતત તમારા શબ્દો પર ધ્યાન રાખી રહ્યા છો, ત્યારે તમે અન્ય મંચો પર પણ બોલવાનું અથવા લખવાનું બંધ કરો છો કારણ કે તે તમારી વિરૂદ્ધ જઈ શકે છે, જેમ કે આપણે ડૉ.પંડ્યા વિરુદ્ધ હિંસાના કિસ્સામાં જોઈ શકીએ છીએ. શું આપણે કહી શકીએ કે યુનિવર્સિટીઓ ભારતમાં જીવંત સંસ્થાઓ છે ? ડૉ. પંડ્યાએ જે સ્વસ્થતા અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કર્યો તેની આપણે પ્રશંસા કરી શકીએ છીએ પરંતુ કોઈ શિક્ષકને શિક્ષક બનવા માટે આ અસાધારણ બહાદુરીની જરૂર ન હોવી જોઈએ. ડૉ.પંડ્યાની જેમ તમામ શિક્ષકો પરિસ્થિતિનો જવાબ આપી શકશે નહીં. પણ આપણા બધાનું એવું જ છે. આપણે આવી પરિસ્થિતિઓનો સામનો કરવા મજબૂર ન થવા જોઈએ.

આપણે તેને શૈક્ષણિક સ્વતંત્રતાના ઉલ્લંઘનનો કેસ કહીશું. પરંતુ તે તેના કરતા ઘણું વધારે છે. આરએસએસ અને ભાજપ સાથે જોડાયેલી ટોળકી દ્વારા યુનિવર્સિટીઓ અને આપણા જીવન પર લગભગ સંપૂર્ણ કબજો છે. શું 'નવી' રાજકીય પરિસ્થિતિ તેમાં થોડો ફેરફાર લાવશે ? ડો.પંડ્યા સામેની હિંસાની આ ઘટના પરથી આપણે જોઈ શકીએ છીએ કે, તે એક ઈચ્છા જ રહેશે.

એજન્ડા

- અપૂર્વાનંદ

# ઈસ્લામમાં હજનું મહત્ત્વ અને આધ્યાત્મિક પરિમાણો

પ્રાસંગિક

- ડો. એમ. કુત્બુદ્દીન

હજ, મક્કાની એક ભવ્ય અને પવિત્ર તીર્થયાત્રા છે, જે ઈસ્લામના પાંચ સ્તંભોમાંથી એક છે અને એવા દરેક મુસ્લિમ માટે ફરજિયાત છે જેઓ શારીરિક અને આર્થિક રીતે સક્ષમ છે. આ તીર્થયાત્રા કેવળ ભૌતિક યાત્રા નથી; તે આધ્યાત્મિક છે, જેનો હેતુ સદ્‌ગુણોના સંવર્ધન દ્વારા અને નકારાત્મક વર્તણૂકોને ટાળવા સાથે શરીર, હૃદય, મન અને આત્માને શુદ્ધ કરવાનો છે. હજની પરંપરા પયગંબર અબ્રાહમ ઈબ્રાહિમ(અ.સ.)ની છે, જેને ઈસ્લામમાં દીન-એ-હનીફ તરીકે ઓળખવામાં આવે છે. પયગંબર અબ્રાહમનો અતૂટ એકેશ્વરવાદ અને અલ્લાહ પ્રત્યેની ભક્તિ ઈસ્લામિક આસ્થા માટે મૂળભૂત છે અને હજ તેમના આજ્ઞાપાલન અને બલિદાનના કાર્યોની યાદ અપાવે છે. મુસ્લિમો માને છે કે હજ કરીને તેઓ સર્વશક્તિમાન અલ્લાહને આપેલા વચનને પૂર્ણ કરે છે અને તેના માર્ગદર્શન અનુસાર જીવવાની તેમની પ્રતિબદ્ધતા છે.

હજની ધાર્મિક વિધિઓ નમ્રતા, ધર્મનિષ્ઠા અને અડગતા જેવા આવશ્યક ગુણો શીખવે છે. યાત્રાળુઓ સાદા સફેદ વસ્ત્રો પહેરે છે, જે અલ્લાહ સમક્ષ બધાની સમાનતાનું પ્રતીક છે અને દુન્યવી મતભેદોને દૂર કરે છે. આ પોશાક વિશ્વના ખૂણેખૂણેથી ભેગા થયેલા આસ્થાવાનોના વિવિધ જૂથમાં એકતા અને નમ્રતાની ભાવનાને દર્શાવે છે. હજના કેન્દ્રીય પાસાઓમાનું એક આત્મા અને મનની શુદ્ધિ છે. તવાફ (કાબાની પરિક્રમા), સહી (સફા અને મરવાહની ટેકરીઓ વચ્ચે ચાલવું) અને અરાફાત ખાતે ઊભા રહેવા સહિતની વિવિધ વિધિઓ ધીરજ, દૃઢતા અને ઈબાદત કરવા માટે બનાવવામાં આવી છે. આ અરકાન યાત્રાળુઓને તેમના જીવન પર વિચાર કરવા, તેમના પાપો માટે ક્ષમા મેળવવા અને તેમની આધ્યાત્મિક પ્રતિબદ્ધતા માટે પ્રોત્સાહિત કરે છે. હજ એ અલ્લાહની ઈબાદતના અનુભવની એક અનન્ય તક આપે છે. હજમાં નિર્ધારિત ધાર્મિક વિધિઓ સાથે અલ્લાહની તૌહીદ, એકતા અને માનવતાના ભાઈચારા પર ભાર મૂકે છે. આ સામૂહિક ઈબાદત સાર્વત્રિક સમાનતા અને તમામ



હજ એ અલ્લાહની ઈબાદતના અનુભવની એક અનન્ય તક આપે છે, હજમાં નિર્ધારિત ધાર્મિક વિધિઓ સાથે અલ્લાહની તૌહીદ, એકતા અને માનવતાના ભાઈચારા પર ભાર મૂકે છે, આ સામૂહિક ઈબાદત સાર્વત્રિક સમાનતા અને તમામ મનુષ્યોના સહિયારા ભાગ્યના ખ્યાલને મજબૂત બનાવે છે

મનુષ્યોના સહિયારા ભાગ્યના ખ્યાલને મજબૂત બનાવે છે. હજ મૃત્યુ પછીના જીવન માટે રિહર્સલ તરીકે પણ કામ કરે છે. તીર્થયાત્રાના શારીરિક અને આધ્યાત્મિક પરિશ્રમ મુસ્લિમોને તેમના મૃત્યુ અને સાંસારિક જીવનની ક્ષણિક પ્રકૃતિની યાદ અપાવે છે. હજના સંસ્કારોમાં સામેલ થવાથી મુસ્લિમો પોતાને મૃત્યુ અને તેના પછીના શાશ્વત જીવન માટે તૈયાર કરે છે. હજ ઈસ્લામના મુખ્ય સિદ્ધાંતોને સમાવે છે, જે અલ્લાહ તેના સંદેશ અને સાતત્ય અને માનવતાની એકતાને પ્રકાશિત કરે છે. તે સ્વ-શોધ, આધ્યાત્મિક વિકાસ અને સાંપ્રદાયિક એકતાની ગહન યાત્રા છે. આ તીર્થયાત્રા એક પરિવર્તનકારી અનુભવ પ્રદાન કરે છે જે આત્માને શુદ્ધ કરે છે, સાચી ભાવનાને પ્રકાશિત કરે છે અને વ્યક્તિની અસ્થાને મજબૂત કરે છે અને જીવન પર અવિશ્વસનીય અસર કરે છે. હજ એ માત્ર ફરજિયાત ક્રિયા નથી પરંતુ એક સમૃદ્ધ અનુભવ છે જે આધ્યાત્મિક જ્ઞાન અને અલ્લાહ સાથે ગાઢ જોડાણને પ્રોત્સાહન આપે છે. તે જીવનના અંતિમ હેતુ અને અલ્લાહની ઈચ્છા અનુસાર જીવવાના મહત્ત્વની યાદ અપાવે છે. હજ દ્વારા મુસ્લિમો તેમની શ્રદ્ધાનું નવીનીકરણ કરે છે, તેમની ભક્તિની પુષ્ટિ કરે છે અને તેમના રોજિંદા જીવનમાં નમ્રતા, ધર્મનિષ્ઠા અને અડગતાના ગુણોને મૂર્તિમંત કરવાનો પ્રયાસ કરે છે.

# સંજય રાઉતે દાવો કર્યો કે, અમિત શાહ, મોદી TDP, JDU, LJPને તોડી નાંખશે

(એજન્સી) તા.૧૬

શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના એનડીએ સહયોગીઓને ચેતવણી આપી કે, ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં તેમને તોડી નાખશે, રાઉતે જણાવ્યું કે, જો કોઈ એનડીએ ઉમેદવારને લોકસભા સ્પીકરનું કામ મળે છે, પદ નહીં મળે તો પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ટીડીપી, જેડીયુ અને એલજેપી (રામ વિલાસ)ને તોડી નાખશે. રાઉતે જણાવ્યું કે, તેઓ પોતાના અનુભવના આધારે ભાજપ વિશે બોલી રહ્યા છે. રાઉતે એમ પણ જણાવ્યું કે, આ સરકાર ૨૦૧૪ અને ૨૦૧૯થી વિપરીત અસ્થિર છે. તેમણે જણાવ્યું કે, 'આ વખતે સ્થિતિ ૨૦૧૪ અને ૨૦૧૯ જેવી નથી. સરકાર સ્થિર નથી.' રાઉતે એમ પણ જણાવ્યું કે, 'જો ચંદ્રાબાબુ નાયડુને સ્પીકર બનાવવાનો નિર્ણય લેવામાં આવશે તો અમે તેમનું સ્વાગત કરીશું.' જો સ્થિત બદલાશે તો ભારત ગઠબંધન લોકસભામાં પોતાની તાકાત બતાવશે. સમગ્ર ભારત ગઠબંધન ચર્ચા કરવા અને નાયડુની પાછળ ઊભા રહેવા માટે એકસાથે આવશે. રાઉતે મણિપુરની સ્થિતિને લઈને આરએસએસની ટીકાનું પણ સ્વાગત કર્યું અને જણાવ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહે જે કંઈ નુકસાન પહોંચાડ્યું છે તેના માટે આરએસએસ સમાન રીતે જવાબદાર છે. તેમણે જણાવ્યું કે, 'RSSએ દેશમાં લોકશાહી અને બંધારણની રક્ષા કરવાની છે. સરકાર બનાવવામાં ભાજપ દ્વારા આપવામાં આવેલા યોગદાનને કારણે દેશના લોકો, લોકતંત્ર, કાશ્મીર, મણિપુરને જે નુકસાન થયું છે તેના માટે RSS સમાન રીતે જવાબદાર છે.' જો તેઓ તેમની ભૂલો સુધારવા માંગતા હોય તો તે સારી વાત છે. ૧૦ મેના રોજ મોહન ભાગવતે વર્તમાન સરકારની ટીકા કરતા જણાવ્યું કે, 'મણિપુર છેલ્લા એક વર્ષથી શાંતિની શોધ કરી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષથી રાજ્યમાં તણાવની આગ ભભૂકી રહી છે એવું લાગે છે કે, આ તરફ કોણ ધ્યાન આપશે.'

# OBC આરક્ષણને સ્પર્શશો નહીં, નહિંતર વિધાનસભામાં ચૂંટણી પરિણામોનો સામનો કરજો : મહારાષ્ટ્ર OBC નેતા શેંડગે

## પ્રકાશ શેંડગેએ કહ્યું, 'OBC સંખ્યામાં પ્રભુત્વ ધરાવે છે; આદિવાસીઓ અને મુસ્લિમ વસ્તી તેમની સાથે જ છે, વિધાનસભામાં કોણ પ્રવેશ કરશે તેના પર તેમનું પ્રભુત્વ છે તેથી OBCને ઉશ્કેરશો નહીં'

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મરાઠા ક્વોટા પર ચાલી રહેલી ચર્ચા વચ્ચે મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણ પ્રત્યે અન્ય સમુદાયનો વિરોધ વધી રહ્યો છે. OBC સમુદાયના નેતાઓએ મુખ્યપ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહાયુતિને ચેતવણી જારી કરી છે : OBC આરક્ષણો સાથે કોઈપણ છેડછાડ આગામી વિધાનસભા ચૂંટણીમાં ગંભીર પરિણામો ભોગવવા પડશે. સાંગલીના ભાજપના પૂર્વ જાટ ધારાસભ્ય અને OBC બહુજન પાર્ટીના સ્થાપક પ્રકાશ શેંડગેએ ૧૬ જૂનના રોજ કહ્યું હતું કે, OBC કલ્યાણના ઉદ્દેશ્યને ચેમ્પિયન કરનારાઓ જ આ રાજ્યનું સંચાલન કરશે. સરકાર મરાઠાઓને નીચે મૂકતા ઓબીસી આરક્ષણોને સરકારી ઠરાવને રદ કરવાની હિંમત કરશે તો અમે તેને આગામી ચૂંટણીમાં નીચે લાવી દઇશું. મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે પાટીલે જ્યાંથી ૮ જૂને અનિશ્ચિત વિરોધ કર્યો હતો ત્યાંથી એક કિલોમીટર દૂર વાડીગોદ્રી ગામમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમે મરાઠા આરક્ષણને સમર્થન આપ્યું હતું જ્યારે તેમને ૫૦% મર્યાદાથી વધુ ૧૦% ક્વોટા આપવામાં આવ્યો હતો, અને હવે તેઓ કુણબી પ્રમાણપત્રો, EWS આરક્ષણો અને OBC શ્રેણી હેઠળ સમાવેશ કરવા માંગે છે. OBC બાળકોના ભવિષ્યનું શું ? OBC આરક્ષણની સુરક્ષાની લેખિત ખાતરી વિના, અમારામાંથી કોઈપણ ચર્ચામાં ભાગ લેશે નહીં, તે સમગ્ર મહારાષ્ટ્રમાં ફેલાઈ જશે.' જરાંગે ૧૩ જૂને તેમની ભૂખ હડતાલ સ્થગિત કરી દીધી હતી. રાજ્યના મંત્રી શંભુરાજ દેસાઈ અને છત્રપતિ સંભાજી નગર (અગાઉ ઔરંગાબાદ)ના ચૂંટાયેલા શિવસેનાના સાંસદ સંદીપન ભુમરે સાથેની ચર્ચા બાદ OBC કુણબી કેટેગરી હેઠળ મરાઠા આરક્ષણની માગણી કરી હતી અને મરાઠાઓના સંબંધીઓને લાભ આપતા ડ્રાફ્ટ નોટિફિકેશનના અમલીકરણની માગણી કરી હતી. શેંડગેએ ધ્યાન દોર્યું કે, 'OBC સંખ્યામાં પ્રભુત્વ ધરાવે છે, આદિવાસીઓ અને મુસ્લિમ વસ્તી તેમની સાથે રહીને વિધાનસભામાં કોણ પ્રવેશે છે તેના પર તેમનો દબદબો છે. OBCને ઉશ્કેરશો નહીં.'

# NCPCR દ્વારા MP ડિસ્ટિલરીથી બચાવવામાં આવેલા ૩૯ બાળ મજૂર ગાયબ થઈ ગયા; કારણ કે એસડીએમને ૨૦ કિલોમીટર અંતર કાપવામાં પાંચ કલાક લાગ્યા

(એજન્સી) તા.૧૬

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ પંચે મધ્યપ્રદેશ સરકારને અધિકારીઓની વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવાનો આગ્રહ કર્યો છે. કારણ કે રાયસેનમાં એક દારૂની ભઠ્ઠીમાંથી બચાવવા આવેલ ૩૦થી વધુ બાળક ઉપવિભાગીય મેજિસ્ટ્રેટના ત્યાં પહોંચતા પહેલા જ ગાયબ થઈ ગયા હતા. કથિત રીતે એસડીએમને દારૂની ભઠ્ઠી સુધી ૨૦ કિલોમીટરનું અંતર કાપવામાં પાંચ કલાક લાગ્યા બચપન બચાવો આંદોલનની ફરિયાદ પછી એનસીપીસીઆરના અધ્યક્ષ પ્રિયાંક કાનુનગોના નેતૃત્વમાં એક ટીમે રાયસેનમાં સોમ ડિસ્ટિલરીનું નિરીક્ષણ કર્યું અને યુનિટમાં કામ કરતી ૨૦ છોકરીઓ સહિત ૫૦થી વધુ બાળકોને બચાવ્યા. આ નિરીક્ષણ બાળ મજૂરી અટકાવો મહિલા અભિયાન પણ હતું.

## નોઈડામાં એક મહિલાએ દાવો કર્યો

# અમૂલ વેનિલા આઈસ્ક્રીમ બોક્સની અંદર કાનખજૂરો નીકળ્યો


## આ પહેલા મુંબઈના એક ડોક્ટરને ઓનલાઈન ઓર્ડર કરાયેલ આઈસ્ક્રીમમાં માનવ આંગળી મળી હતી

(એજન્સી) નોઈડા, તા.૧૬

દિલ્હી એનસીઆરને અડીને આવેલા નોઈડામાં એક મહિલાએ દાવો કર્યો હતો કે તેને અમૂલ વેનિલા આઈસ્ક્રીમ બોક્સની અંદર કાનખજૂરો નીકળ્યો છે. મહિલાએ દાવો કર્યો હતો કે તેણે આ આઈસ્ક્રીમ ઓનલાઈન ઓર્ડર કરી હતી. તમને જણાવી દઈએ કે આ પહેલા મુંબઈના એક ડોક્ટરને ઓનલાઈન ઓર્ડર કરાયેલ આઈસ્ક્રીમમાં માનવ આંગળી મળી હતી. તમને જણાવી દઈએ કે નોઈડા સેક્ટર-૧૨ની રહેવાસી દીપાએ શનિવારે બ્લિંકિટ દ્વારા અમૂલ વેનિલા આઈસ્ક્રીમનો ઓર્ડર આપ્યો હતો. જ્યારે તેણીએ આઈસ્ક્રીમ બોક્સ ખોલ્યું, ત્યારે તે અંદર એક મૃત કાનખજૂરો જોઈને ચોંકી ગઈ. આ પછી તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો. જોકે, બ્લિંકિટે દીપાના પૈસા પરત કરી દીધા અને તપાસ શરૂ કરી. અમૂલે પણ મહિલાનો સંપર્ક કર્યો અને તેમને ખાતરી આપી કે તેઓ આ બાબતે તપાસ કરશે. ફૂડ વિભાગની એક ટીમે દીપાના વીડિયોની નોંધ લીધી અને તેમની તપાસના ભાગરૂપે પૂછપરછ માટે તેના ઘરે ગઈ. તેની પૂછપરછ કર્યા બાદ ફૂડ વિભાગના અધિકારીઓ સેક્ટર-૨૨માં આવેલી બ્લિંકિટ સ્ટોરમાં ગયા હતા, જ્યાંથી કાનખજૂરો સાથે આઈસ્ક્રીમના બોક્સ મોકલવામાં આવ્યા હતા. અધિકારીઓએ તે જગ્યાનું પણ નિરીક્ષણ કર્યું જ્યાં અમૂલ આઈસ્ક્રીમ વેનિલા બોક્સ રાખવામાં આવ્યા હતા અને તેમના નમૂનાઓ પરીક્ષણ માટે મોકલ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે બ્લિંકિટ સ્ટોરમાં ઘણી બધી ધૂળ જોવા મળી હતી, જેનાથી સ્વચ્છતાની ચિંતા વધી હતી. તમને જણાવી દઈએ કે આ પહેલા બુધવારે મુંબઈના મલાડના ઓરલેમના રહેવાસી ડૉ. બ્રેન્ડન ફેરાઓને યુમ્મો આઈસ્ક્રીમના બટરસ્કોચ આઈસ્ક્રીમ કોનમાં નખ સાથે જોડાયેલ માનવ આંગળી મળી હતી. માનવ આંગળીનો ઉલ્લેખ કરતા, તેણે કહ્યું કે તેને તેના મોંમાં કંઈક લાગ્યું અને લાગ્યું કે તે "મોટી અખરોટ" હોઈ શકે છે પરંતુ જ્યારે તેણે ધ્યાનથી જોયું તો તે માનવ આંગળી હતી. ડૉક્ટરની ફરિયાદના આધારે, યુમ્મો આઈસ્ક્રીમ સામે કેસ નોંધવામાં આવ્યો હતો અને આઈસ્ક્રીમના નમૂનાને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. આ ઘટનાના જવાબમાં, યુમ્મો આઈસ ક્રીમે કહ્યું કે તેણે ઉત્પાદન માટે જવાબદાર તૃતીય-પક્ષ ઉત્પાદન સુવિધા પર ઉત્પાદન અટકાવ્યું છે.

# ઈદ-ઉલ-અઝહા

ઈસ્લામની ઝલક



- પ્રો. અક્ષરૂલ વાસે

ઈદનો શાબ્દિક અર્થ પરત ફરવાનો છે. ઈસ્લામ ધર્મ દ્વારા પોતાના અનુયાયીઓ માટે પ્રત્યેક વર્ષ બે ઈદ રાખવામાં આવી છે જે હર્ષોલ્લાસનું પ્રતીક છે. પ્રથમ તે ઈદ જે રમઝાન માસના એક મહિનાના રોઝા રાખ્યા પછી મનાવવામાં આવે છે જેને ઈદુલ ફિત્રનું નામ આપવામાં આવ્યું છે. બીજી તે જેને આપણે ઈદ-ઉલ-અઝહા અર્થાત કુરબાનીની ઈદ કહેવાય છે. જે ઈસ્લામી કેલેન્ડરના છેલ્લા મહિને અર્થાત જિલહજની દસમી તારીખે મનાવવામાં આવે છે. આ ઈદના પ્રસંગે પ્રત્યેક તે મુસલમાન જે આર્થિક રીતે સધ્ધર કે સક્ષમ હોય અને ઝકાત આપે છે તે અલ્લાહના માર્ગ કે રસ્તામાં પશુની કુરબાની કરીને તેના એક મહત્ત્વના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના તે બલિદાનને યાદ કરવાનો પ્રયત્ન કરે છે, જે તેમણે અલ્લાહના આદેશનું પાલન કરતા પોતાના પુત્રને અલ્લાહના રસ્તામાં કુરબાન કરીને કર્યું હતું.

ઈસ્લામી ઈતિહાસની આ ઘટનાનું અલ્લાહે કુર્આનમાં વિસ્તૃત રીતે વર્ણન કર્યું છે. કુર્આનનું વર્ણન છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ એક દિવસ પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ (અ.સ.)ને કહ્યું કે અય મારા પુત્ર ! હું સ્વપ્નમાં જોઈ રહ્યો હતો કે અલ્લાહના રસ્તામાં તારી કુરબાની કરી રહ્યો છું. હવે તું મને બતાવ કે તારો શું વિચાર છે ? આ પ્રસંગે પુત્રએ પિતાને અલ્લાહના આદેશનું પાલન કરવાની ઈચ્છા વ્યક્ત કરી.

હવે બંને પિતા અને પુત્ર અલ્લાહની પરીક્ષામાં સફળ રહ્યા તો ત્યારબાદ પશુની કુરબાની કરવામાં આવી, કેમ કે આ પરીક્ષાથી અલ્લાહનો ઉદ્દેશ પુત્રનું બલિદાન નહીં. પરંતુ એ પ્રમાણિત કરવું હતું કે જેઓ અલ્લાહની ઉપર વિશ્વાસ મૂકે છે. તેમના હૃદયમાં અલ્લાહનો પ્રેમ સૌથી વધારે હોય છે. તથા તે તેના માર્ગમાં પ્રત્યેક વસ્તુનું બલિદાન આપવા માટે હરહંમેશ તૈયાર રહે છે. આ જ વાસ્તવિકતાને કુર્આનમાં આ શબ્દોમાં વર્ણવવામાં આવી છે. અલ્લાહ સુધી ન તો કુરબાનીઓનું માંસ પહોંચે છે અને ન તો રક્ત, અલ્લાહ સુધી ફક્ત મનુષ્યના હૃદયનું પુણ્ય તથા તેનું આજ્ઞાપાલન પહોંચે છે. ઈદુલ અઝહા મનુષ્યને અલ્લાહનું આજ્ઞાપાલન તથા સગા-સંબંધીઓ અને સંબંધોનું પાલન કરવાનો પાઠ યાદ અપાવે છે. આ જ કારણે ઈદની નમાઝ પછી લોકો પોતપોતાના સગા-સંબંધીઓ તથા પારકા એવા તમામ લોકોને ભેટે છે જેથી કરીને પ્રેમ અને લાગણીઓની ભાવના દ્વારા પોતાના હૃદયમાંથી ઘૃણા, દ્વેષ, અહમ્, અહંકાર અને અભિમાનની માનસિકતાને ધોઈ નાંખે. આનું એક મહત્ત્વપૂર્ણ ઉદાહરણ અને પુરાવો આ છે કે ઈસ્લામી શિક્ષાઓ દ્વારા કુરબાનીના માંસમાં ત્રણ હિસ્સા કે ભાગ રાખવામાં આવ્યા છે. એક ભાગ પોતાના તથા પરિવારના ઉપયોગ માટે, બીજો ભાગ સગા-સાંબંધીઓ તથા મિત્રો માટે તથા ત્રીજો ભાગ સમાજમાં વસતા નિર્ધન, ગરીબ કે દરિદ્ર લોકો માટે રાખવામાં આવ્યો છે.

આ પ્રકારે ઈદુલ અઝહા ફક્ત અલ્લાહની આજ્ઞાઓનું પાલન તથા તેની ઈચ્છાની પ્રાપ્તિ, માનવીય સંબંધોની સુદૃઢતા તથા માનવતાની સેવાનું એક મહત્ત્વપૂર્ણ અવસર જ માત્ર નહીં પરંતુ તેના દ્વારા હઝરત ઈબ્રાહીમ (અ.સ.), ઈસ્માઈલ (અ.સ.) અને અંતિમ પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના માર્ગોનું અનુકરણ પણ થાય છે. અને મનુષ્ય અલ્લાહના રસ્તામાં પ્રત્યેક સ્વરૂપે બલિદાન આપવા માટે તૈયાર થઈ જાય છે.

**(લેખક ડો. ઝાકીર હુસૈન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇસ્લામિક સ્ટડીઝના ડાયરેક્ટર છે.)**

**હદીસ બોધ**

તે દાવત દાવત નથી જ્યાં ફક્ત અમીરોને જ બોલાવવામાં આવે. -હદીસ બોધ

**બોધ વચન**

તમે પોતે જ તમારી સફળતા માટે વિઘ્નરૂપ છો. -ટાગોર

**આજની આરસી**

૧૭ જૂન સોમવાર ૨૦૨૪
૧૦ ઝિલહજ હિજરી ૧૪૪૫
જેઠ સુદ અગિયારસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૨૨
ખત્મે ઝવાલ ૧૨-૪૦
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૫-૫૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૭

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

### આઠમી અજાયબી જમ્મુ કાશ્મીરમાં તૈયા

# વિશ્વના સૌથી ઊંચા રેલ પુલ પર જલ્દી શરૂ થશે ટ્રેન સેવા

(એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૧૬

દુનિયા નિહાળશે ભારતની ટેકનિકનું ઉત્તમ ઉદાહરણ. ટેકનિકની એવી કમાલ કે જે અત્યાર સુધી કોઈપણ દેશે જોઈ નથી. ભારત દેશ એક નવી ઉંચાઈને સ્પર્શ કરનારું છે. અને આ ઉંચાઈ એટલી વધારે છે કે જાણીતું એફિલ ટાવર પણ નાનો દેખાશે. જી,હા એફિલ ટાવરને નિહાળવા માટે હંમેશા લોકોની ભીડ રહે છે.પરંતુ હવે આ ભીડ ભારતમાં પણ જોવા મળશે.કેમ કે ભારતમાં તૈયાર થવાના આરે છે દુનિયાનો સૌથી ઉંચો રેલવે બ્રિજ. વધારે સમય નથી થયો. જ્યારે ચીને વિશ્વનો સૌથી ઊંચો બ્રિજ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો. ચીનની બૈપન નદી પર શુબાઈ રેલવે બ્રિજ છે. તેની ઊંચાઈ ૨૭૫ મીટર છે. થોડાક દિવસ પહેલાં તે ૨૭૫ મીટર ઊંચાઈ પર મનમાં ફુલાઈ રહ્યું હતું. પરંતુ ભારતે એવો ફટકો માર્યો છે કે મોટા-મોટા દેશ પણ ગોથા ખાઈ ગયા છે. ભારતમાં ચિનાબ નદી પર લગભગ તૈયાર થઈ ગયો છે રેલવે બ્રિજ. આ પુલની કુલ ઊંચાઈ ૪૬૭ મીટર છે. નદી તળથી તેની ઊંચાઈ ૩૫૯ મીટર છે. એક વિશ્વ રેકોર્ડ તરીકે તે આખી દુનિયામાં જાણીતો બનશે. તો જમ્મુ કાશ્મીર માટે તો આ એક વરદાન સાબિત થશે. કટરાથી બનિહાલ રેલવે સુધીનો ૧૧૧ કિલોમીટરનો ટ્રેક. આ ટ્રેકનો ૯૪ ટકા ભાગ ટનલ અને બ્રિજ નીચેથી પસાર થાય છે. લગભગ ૨૭ ટનલવાળા આ રસ્તા ઉપર આ રેલવે બ્રિજ ઘણો મહત્વનો છે..

આ પુલની કુલ લંબાઈ ૧.૩ કિલોમીટર છે. તે કટરાના બક્કલ અને શ્રીનગરના કૌરીને આ રેલવે બ્રિજ જોડશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૨૧ હજાર ૬૫૩ કરોડ રૂપિયાને પાર કરી ગયો છે. તેમાં ૨૬ મોટા અને ૧૧ નાના પુલ છે. ૩૭ પુલની કુલ લંબાઈ ૭ કિલોમીટર છે.

### અમેરિકા ફાયરિંગ દુર્ઘટના ઘટી

# મિશિગનના ચિલ્ડ્રન વોટરપાકમાં હુમલાખોરોનો અંધાધૂંધ ગોળીબાર

**આ ઘટનામાં બે બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે. આ બે બાળકોમાંથી એકની ઉંમર ૮ વર્ષની છે**

(એજન્સી) અમેરિકા, તા.૧૬

મિશિગનમાં હુમલાખોરો દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરાયાની એક ઘટના સામે આવી છે. આ ઘટનામાં બે બાળકો સહિત ૧૦ લોકો ઘાયલ થયા છે. આ બે બાળકોમાંથી એકની ઉંમર ૮ વર્ષની છે. આ ફાયરિંગની ઘટના શનિવારે રોચેસ્ટર હિલ્સના ચિલ્ડ્રન વોટર પાર્કમાં બની હતી. અધિકારીઓએ જણાવ્યું કે લોકો ગરમીથી રાહત મેળવવા વોટર પાર્કમાં આવ્યા હતા. આ દરમિયાન હુમલાખોરે અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને હુમલાખોરને પકડવા માટે સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો. ગોળીઓ ચલાવ્યા બાદ શંકાસ્પદ નજીકના ઘરમાં છુપાઈ ગયો હતો. ઓકલેન્ડ કાઉન્ટી શેરિફ માઈક બાઉચાર્ડે જણાવ્યું હતું કે શંકાસ્પદ શનિવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ સ્પ્લેશ પેડ પર પહોંચ્યો હતો અને તેણે તેના વાહનમાંથી બહાર નીકળ્યા બાદ ગોળીબાર શરૂ કર્યો હતો. શેરિફે કહ્યું કે તેણે લગભગ ૨૮ રાઉન્ડ ફાયરિંગ કર્યું.

ઘટનાસ્થળેથી એક બંદૂક અને ત્રણ ખાલી મેગેઝીન મળી આવ્યા છે. પોલીસે સ્થળ પર લોકોની અવરજવર અટકાવી દીધી અને લોકોને વિસ્તારથી દૂર રહેવા કહ્યું. અધિકારીઓએ કહ્યું કે ખતરો હજુ પણ યથાવત છે. રોચેસ્ટર હિલ્સના મેયર બ્રાયન કે. બાર્નેટે કહ્યું કે પોલીસે હુમલાના સ્થળને સુરક્ષિત કરી લીધું છે. ઘટના સ્થળ સલામત છે. ઘટના સ્થળે ફાયર વિભાગ છે.

રોચેસ્ટર હિલ્સના મેયરે વધુમાં કહ્યું કે અમે દરેકની ધીરજની પ્રશંસા કરીએ છીએ.

પ્રાર્થના સામેલ દરેક માટે બહાર જાય છે. અમારી પાસે માહિતી હોવાથી અમે વધુ અપડેટ્સ શેર કરીશું. આ વર્ષે અમેરિકામાં ગોળીબારીની આ પહેલી ઘટના નથી. આ વર્ષે અત્યાર સુધીમાં અમેરિકામાં ૨૦૦ થી વધુ સામૂહિક ગોળીબારીની ઘટનાઓ બની છે. આ ઘટનાઓમાં સેંકડો લોકોના મોત થયા છે જ્યારે હજારો લોકો ઘાયલ થયા છે.

અમેરિકામાં બંદૂક નિયંત્રણ કાયદો લાગુ થયા બાદ પણ રોજેરોજ ફાયરિંગની ઘટનાઓ બનતી રહે છે. ગોળીબાર ગમે ત્યાં થાય છે. ચાલતી વખતે કોઈનું મૃત્યુ થાય છે. દુનિયાના સૌથી શક્તિશાળી દેશમાં આવી ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.

# આંધ્રપ્રદેશના લક્ષ્મીપેટા હત્યાકાંડના ૧૨ વર્ષ પછી પીડિત દલિતો હજુ ન્યાયની રાહ જોઈ રહ્યા છે

**આ લોહિયાળ ઘટનામાં પાંચ દલિત પુરૂષોના જીવ ગયા હતા અને ૪૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, લક્ષ્મીપેટામાં ફાટી નીકળેલી આ હિંસાએ તત્કાલીન અવિભાજિત આંધ્રપ્રદેશને હચમચાવી નાંખ્યું હતું**

(એજન્સી) તા.૧૬

૧૨ વર્ષ પહેલાં ૧૨ જૂન, ૨૦૧૨ના રોજ ઉત્તર આંધ્રના શ્રીકાકુલમ જિલ્લાના મદ્દુવાલસા જળાશયના અયાકટની બાજુમાં આવેલ એક નાનકડું ગામ લક્ષ્મીપેટા, ચોમાસાની શરૂઆત સાથે કૃષિ પ્રવૃત્તિઓની તૈયારી કરી રહ્યું હતું, ત્યારે તુર્પુકાપુસના ટોળાએ લાકડીઓ, ભાલા, દેશી બનાવટના બોમ્બ, છરી, કુહાડી, પથ્થરો અને મરચાંના પાવડર વડે માલાસ (દલિત તરીકે વર્ગીકૃત) પર હુમલો કર્યો હતો. આ લોહિયાળ ઘટનામાં પાંચ દલિત પુરૂષોના જીવ ગયા અને ૪૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા.

આંધ્રપ્રદેશના તત્કાલીન મુખ્યપ્રધાન એન. કિરણકુમાર રેડ્ડી, પોલીસ સુરક્ષા વચ્ચે હોસ્પિટલમાં આશ્રય લઈ રહેલા હિંસામાંથી બચી ગયેલા લોકો અને અન્ય દલિતો સાથે મળવા માટે રાજમ ગયા હતા. અસરગ્રસ્ત સમુદાયને ન્યાય અને પુનર્વસનની ખાતરી આપતા રાજ્ય સરકારે છ મહિનામાં ન્યાય આપવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરી હતી પણ છેલ્લા ૧૨ વર્ષથી બચી ગયેલા લોકોને ન્યાય મળ્યો નથી એટલું જ નહીં, સત્તાવાળાઓ દ્વારા તેમને વચન આપવામાં આવેલ વળતર અને પુનર્વસન પેકેજ પણ તેઓને હજુ સુધી પ્રાપ્ત થયું નથી.

ન્યાય માટે લક્ષ્મીપેટા દલિતોની લાંબી પ્રતીક્ષા આપણને યાદ અપાવે છે કે, જો ન્યાય ઝડપી ન મળે તો તેનો અર્થ એ છે કે, ન્યાય બિલકુલ મળતો નથી. આ પ્રકારની ઉદ્ધતાઈ માત્ર આ દેશના હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના ન્યાયતંત્ર અને કાયદા અમલીકરણ એજન્સીઓમાંના વિશ્વાસને નબળો પાડે છે. લક્ષ્મીપેટા એ ૨૧ ગામો પૈકી એક હતું કે, જ્યાંથી રાજ્ય સરકારે જોડિયા વેગાવતી અને સુવર્ણમુખી નદીઓ પર મડ્ડુવાલસા જળાશય પ્રોજેક્ટ માટે ૭૮૫૨ એકર જમીન સંપાદિત કરી હતી. છ મંડળો હેઠળ આવતા ૧૦૪ ગામોમાં ૨૪,૭૦૦ એકરથી વધુ જમીનને સિંચાઈ કરવા માટે આ પ્રોજેક્ટની કલ્પના કરવામાં આવી હતી. પ્રોજેક્ટ માટે જમીન છીનવી લેવામાં આવી તે પહેલાં લક્ષ્મીપેટામાં ૪૫૦ એકર જમીન હતી. તુર્પુકાપુસનો જમીન પર એકાધિકાર હતો, ત્યારે ધોબી, વાળંદ અને બ્રાહ્મણો જેવી જાતિના સભ્યો પાસે જમીનના અમુક ભાગો હતા. બીજી તરફ દલિતો, જો કે, ભૂમિહીન હતા અને ખેત મજૂર તરીકે નિર્વાહ મેળવતા હતા. જ્યારે આ પ્રોજેક્ટ ૨૦૦૨માં પૂર્ણ થયો ત્યારે ૧૨૪ જેટલા તુર્પુકાપુ પરિવારો, અન્ય જાતિના ૧૬ પરિવારો અને ૬૦ દલિત પરિવારો જળાશયની સિંચાઈની નજીકમાં પુનર્વસન વસાહતમાં સ્થળાંતર થયા. લગભગ ૫૪ તુર્પુકાપુ પરિવારો સરકાર તરફથી વળતર અને રોજગારની આશા સાથે અન્ય સ્થળોએ સ્થળાંતર કરી ગયા.

નવા પુનઃ સ્થાપિત લક્ષ્મીપેટા ગામમાં એક નવી સામાજિક રચના જોવા મળી હતી અને દલિતો અને તુર્પુકાપુસને એકબીજાની બાજુમાં રહેવાનું હતું. આનાથી અત્યાર સુધીની જ્ઞાતિની અસ્પૃશ્યતાને વિક્ષેપિત કરી હતી, પરંતુ તુર્પુકાપુસ અને અન્ય અને અસ્પૃશ્યો (માલા-દલિતો) વચ્ચેનું શારીરિક અને સામાજિક અંતર પણ ઘટાડ્યું હતું, જેના કારણે ગામમાં તણાવ વધ્યો હતો. જળાશયની ઊંચાઈમાં બે ફૂટનો ઘટાડો કરવામાં આવ્યો હતો, જેના કારણે ૨૫૦ એકર સંપાદિત જમીન પ્રોજેક્ટ માટે બિનઉપયોગી બની ગઈ હતી. આ જમીનમાંથી ૧૯૦ એકર તુર્પુકાપસ દ્વારા તેમને વળતર અને પુનર્વસન પેકેજ મળવા છતાં ખેતી કરવામાં આવી હતી, જ્યારે ૬૦ એકરમાં દલિતો દ્વારા ખેતી કરવામાં આવી હતી. તુર્પુકાપસ એ હકીકતને સહન કરી શક્યા નહીં કે માલા સમુદાય જેઓ અત્યાર સુધી તેમની દયા પર રહેતા



હતા, તેમની પાસે હવે તેમની પોતાની જમીન હતી. દલિતોને તેમના હિસ્સા તરીકે મળેલી ૬૦ એકર જમીન અગાઉ દેવકીવાડા નામના પડોશી ગામના તુર્પુકાપુસની માલિકીની હતી. દેવકીવાડાના ગ્રામજનોએ વળતર મેળવ્યા બાદ તેમની જમીનો છોડીને સ્થળાંતર કર્યું હતું.

હિંસામાં ફાળો આપનાર અન્ય મહત્ત્વનું પરિબળ એક દલિત મહિલાની સરપંચ તરીકેની ચૂંટણી હતી. સર્વસંમતિથી ચૂંટાયેલી ગ્રામ પંચાયતો માટેની જોગવાઈઓ હેઠળ, ગ્રામ વિકાસ માટે રૂ.૫ લાખ ફાળવવામાં આવ્યા હતા. સરપંચે દલિત વસાહતમાં પીવાનું પાણી, રસ્તા અને ડ્રેનેજ જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે ભંડોળ બહાર પાડ્યું હતું. ઉપરોક્ત પરિબળોના કારણે દલિતો અને તુર્પુકાપુસ વચ્ચે સંઘર્ષ થયો. તણાવ વધતો ગયો અને બંને જૂથોએ ઘણી વખત પોલીસ ફરિયાદો નોંધાવી હતી.

પૂર્વયોજિત યોજના અનુસાર ૧૨ જૂન, ૨૦૧૨ના રોજ તુર્પુકાપુસના ટોળાએ આંધ્રપ્રદેશમાં દલિતો સામે ઘાતક હુમલાઓ કર્યા હતા. આ ભયાનક હિંસામાંથી બચી ગયેલા લોકો અને નાગરિક સમાજ સંગઠનોના સભ્યો સહિત ઘણા લોકોએ આક્ષેપ કર્યો હતો કે, પોલીસ અને ગુનેગારો વચ્ચે ગુપ્ત સાંઠગાંઠ હતી.

લોકપ્રિય દલિત નેતા અને ડાંડોરાના સ્થાપક અને મદિગા આરક્ષણ પોરાતા સમિતિ (MRPS), મંદા કૃષ્ણ મદિગા અને તેમના કાર્યકરોએ અન્ય દલિત જૂથો સાથે પીડિતોની મુલાકાત લીધી અને રાજ્યવ્યાપી વિરોધ શરૂ કર્યું અને આ હિંસાની નિંદા કરી. પૂર્વ મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી અને રાજ્યના અન્ય રાજકીય નેતાઓએ પીડિતોને ન્યાયની માગણી સાથે ગુસ્સે ભરાયેલા દલિતોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. દલિતોએ તત્કાલીન કેબિનેટ મંત્રી બોત્સાસત્યનારાયણના નજીકના સંબંધી બોટસા વાસુદેવરાવ નાયડુ સહિત તમામ ગુનેગારોની ધરપકડ કરવાની માંગ કરી હતી. જ્યાં સુધી સ્વાભિમાન, ગૌરવ અને રક્ષણ માટેની તેમની માગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી તેઓએ સરકારી સહાય અને વળતર સ્વીકારવાનો ઈન્કાર કર્યો. આ બચી ગયેલા અને દલિત સંગઠનોની માગણીઓના જવાબમાં છ મહિનાની અંદર ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે લક્ષ્મીપેટા ગામમાં એક વિશેષ અદાલતની સ્થાપના કરવામાં આવી હતી. પરિણામે રાજ્ય સરકારે ૨૦૧૨માં લક્ષ્મીપેટા ગામમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરી. તેની સ્થાપનાને ૧૨ વર્ષ વીતી ગયા હોવા છતાં ફાસ્ટ-ટ્રેક કોર્ટ હજુ સુધી ચુકાદો આપી શકી નથી. લક્ષ્મીપેટા હત્યાકાંડ જેવા કિસ્સાઓ દર્શાવે છે કે, ન્યાયતંત્ર પણ ઘણીવાર વિશેષાધિકારોનો પક્ષ લે છે, સમાજના સૌથી નીચલા સ્તરના લોકો સાથે ન્યાય કરવામાં નિષ્ફળ જાય છે. દલિતો વિરુદ્ધ હિંસા અને પડતર કેસોના બેકલોગ માટે આંધ્રપ્રદેશ દેશના ટોચના પાંચ રાજ્યોમાં સ્થાન ધરાવે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો અનુસાર ૨૦૧૬ અને ૨૦૨૧ની વચ્ચે પોલીસ સ્ટેશનોમાં ૧૫,૦૦૦થી વધુ કેસ પેન્ડિંગ છે. આ જ સમયગાળા દરમિયાન આંધ્રપ્રદેશની અદાલતોમાં ૩૨,૨૧૨ કેસ પેન્ડિંગ હતા. આ સમસ્યાને અસરકારક રીતે ઉકેલવા માટે સમાજમાં પ્રણાલીગત ફેરફારો લાગુ કરવા અને જરૂરી સંસ્થાકીય સુધારા કરવા જરૂરી છે. પોલીસ અને ન્યાયતંત્ર સહિત રાજ્યના તંત્રએ જરૂરી ફેરફારો લાવવા અને પીડિતોને ન્યાય આપવા માટે હાલના કાયદાઓનો કડક અમલ કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

# SMCએ સુરતના ૧૩ મંદિરોને તોડી પાડવાની નોટિસ મોકલતા વિશ્વ હિન્દુ પરિષદ (VHP)એ વિરોધ કરવાની ચેતવણી આપી

**નોટિસમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે આ પગલું લેવામાં આવ્યું છે**

સુરત, તા.૧૬

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી)એ ઓછામાં ઓછા ૧૩ મંદિરોને રસ્તામાં અવરોધરૂપ અને શહેરમાં ટ્રાફિકનું સર્જન કરતી ધાર્મિક ઈમારતોને તોડી પાડવાની નોટિસ આપી હતી. નાગરિક સંસ્થાના પગલા પર સવાલ ઉઠાવતા વિશ્વ હિન્દુ પરિષદ (VHP)એ સમગ્ર શહેરમાં વિરોધ પ્રદર્શનની ચેતવણી આપી છે.

તાજેતરના SMC સર્વેમાં વિવિધ સ્થળોએ રસ્તાની બાજુના મંદિરો ટ્રાફિકને અડચણરૂપ હોવાનું બહાર આવ્યા બાદ ૧૩ મંદિરોને સ્વ-તોડવાની નોટિસ જારી કરવામાં આવી હતી. નોટિસમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે આ પગલું લેવામાં આવ્યું છે.

કતારગામ ઝોનલ ચીફ અને એડિશનલ સિટી એન્જિનિયર એમ.એન. ચાવડાએ જણાવ્યું કે, "ટ્રાફિકની ફરિયાદો હોવાથી નોટિસ જારી કરવામાં આવી છે. તેથી જાહેર હિતને ધ્યાનમાં રાખીને અને ટ્રાફિકની ગતિવિધિઓને સરળ બનાવવા માટે અમે નોટિસો જારી કરી છે. મંદિરો તોડવા માટે અમે ટ્રસ્ટી અને કેરટેકરને સાત દિવસનો સમય આપ્યો છે. જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જશે તો અમે કાયદેસરની કાર્યવાહી કરીશું."

નોટિસમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતના ગૃહ વિભાગે ૧૯ એપ્રિલે સુપ્રીમ કોર્ટના આદેશના આધારે એક ઠરાવ પસાર કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, "સાર્વજનિક સ્થળો પરના આવા ધાર્મિક માળખાને દૂર કરતા પહેલાં નાગરિક સંસ્થાઓ દ્વારા સર્વેક્ષણ હાથ ધરવા જોઈએ."

કતારગામના ફૂલવાડી ખાતે ભરિમાતા મંદિરને મોકલવામાં આવેલી નોટિસમાંની એક મુજબ "આ માળખું ટાઉન પ્લાનિંગ વિસ્તારમાં આવે છે, જેના પરિણામે મુસાફરો દ્વારા માર્ગનો ઉપયોગ તેની હદ સુધી થઈ શક્તો નથી, જેથી ટ્રાફિકજામ થાય છે અને અકસ્માત થવાની સંભાવના છે. જનહિતને ધ્યાનમાં રાખીને મુખ્ય માર્ગ પર અડચણરૂપ બનેલા બાંધકામને દૂર કરવું જરૂરી બન્યું છે. ટ્રસ્ટી અને કેરટેકરોને સૂચના મળ્યા બાદ સાત દિવસમાં આખું સ્ટ્રક્ચર તોડી પાડવા અથવા અન્ય જગ્યાએ ખસેડવાની સૂચના આપવામાં આવી છે."

મંદિર રાસ્તાઓ વચ્ચે આવે છે અને અકસ્માતોની સંભાવના વધારે છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, "જાહેરહિતને ધ્યાનમાં રાખીને મુખ્ય માર્ગ પર અવરોધરૂપ બનેલા આવા બાંધકામોને દૂર કરવા જરૂરી બની ગયા છે."

આ દરમિયાન સુરતના વિશ્વ હિન્દુ પરિષદે ડિમોલિશનના પગલાં સામે જિલ્લા કલેક્ટર સૌરભ પારધીનો સંપર્ક કર્યો છે. "વિકાસના નામે SMC દ્વારા ઘણા મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા. નગરપાલિકાના અધિકારીઓએ ફરીથી મંદિરના ટ્રસ્ટીઓ અને કેરટેકર્સને બાંધકામોને તોડી પાડવા માટે નોટિસ આપવાનું શરૂ કર્યું છે. વિશ્વ હિન્દુ પરિષદે કલેક્ટરને આપેલા મેમોરેન્ડમમાં પૂછ્યું કે, મંદિર વિકાસમાં અવરોધ કેવી રીતે છે? મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સંબોધવામાં આવેલા મેમોરેન્ડમમાં એવો પ્રશ્ન પણ કરવામાં આવ્યો હતો કે, રસ્તાની બાજુમાં આવેલી સમાન મસ્જિદો અને દરગાહ શા માટે કોઈ પગલાંને આકર્ષિત કરતી નથી. મેમોરેન્ડમમાં જાહેર વિરોધની ધમકી આપવામાં આવી હતી કે, "નાગરિક અધિકારીઓએ એ પણ જોવું જોઈએ કે, શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાની બાજુમાં ઘણી મસ્જિદોઅને દરગાહ છે. તેમની સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી? ફ્લાયઓવર અને મેટ્રો રેલ નેટવર્કના નિર્માણને કારણે લોકોને લાંબા સમયથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અમે આવા ડિમોલિશનને મંજૂરી આપીશું નહીં."

# દેવામાં ડૂબેલા પિતાએ આપઘાત કર્યો તો યુપી પોલીસ બની દલિત યુવતીનો સહારો, ધામધૂમથી કરાવ્યા લગ્ન

(એજન્સી) તા.૧૬

સામાન્ય રીતે લોકો ઉત્તરપ્રદેશ પોલીસની કામગીરી પર સવાલો ઉઠાવતા રહ્યા છે, પરંતુ આ દરમિયાન યુપી પોલીસનું માનવીય અને સંવેદનશીલ વર્તન જોવા મળ્યું છે. યુપીના શાહજહાંપુર પોલીસે એક દલિત યુવતીના લગ્ન કરાવ્યા છે. ઉત્તરપ્રદેશ પોલીસની કામગીરી પર સામાન્ય રીતે લોકો સવાલો ઉઠાવતા રહ્યા છે પરંતુ આ દરમિયાન યુપી પોલીસનું માનવીય અને સંવેદનશીલ વર્તન જોવા મળ્યું છે. યુપીના શાહજહાંપુર પોલીસે એક દલિત યુવતીના લગ્ન કરાવ્યા છે. છોકરીના પિતાએ તાજેતરમાં જ આત્મહત્યા કરી લીધી હતી. જિલ્લા પોલીસે માત્ર તેના લગ્ન જ ન કરાવ્યા પરંતુ તેણે તેના લગ્નનો સમગ્ર ખર્ચ પણ ઉઠાવ્યો હતો. પોલીસ અધિકારીઓએ તેનું કન્યાદાન પણ કર્યું હતું. શાહજહાંપુરના પોલીસ અધિક્ષક (એસપી) અશોક કુમાર મીણાએ જણાવ્યું હતું કે ગુરૂવારે લગ્નની જાન આવી હતી. તેમાં ૫૦૦ બારાતીઓએ ભાગ લીધો હતો અને પોલીસકર્મીઓએ 'બારાત ઘર'માં બારાતીઓનું ઘરઆંગણે સ્વાગત કર્યું હતું. લગ્ન સંપન્ન થયા બાદ પુત્રીને સોના-ચાંદીના દાગીના અને અન્ય ભેટ આપીને વિદાય આપવામાં આવી હતી.

**દેવાથી પરેશાન પિતાએ આત્મહત્યા કરી :-** એસપીએ જણાવ્યું કે, થાણા તિલ્હાર વિસ્તારના કમલ નૈનપુર ગામના રામ આસારે (૪૨) ટેમ્પો ચલાવતા હતા અને તેમણે બેંક લોન લીધી હતી. દરમિયાન, રામ આસરેએ તેની ૨૨ વર્ષની પુત્રી મહિમાના લગ્ન એતમાદપુર ગામના મનોજ કુમાર સાથે નક્કી કર્યા હતા. લગ્નની ચિંતા અને લોન ચૂકવવાની ચિંતાથી પરેશાન રામ આસારેએ ૧૬ એપ્રિલે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. તેમણે કહ્યું કે જ્યારે થાણા ઈન્ચાર્જ દયાશંકર મૃતકના ઘરે ગયા ત્યારે તેમને સમગ્ર ઘટનાની જાણ થઈ. તેમણે કહ્યું કે જ્યારે દયાશંકર સિંહે તેમને આખી વાત કહી તો તેણે પોલીસની મદદથી તેની દીકરી મહિમાના લગ્ન કરાવવાનું નક્કી કર્યું.

**એસપી અને કોટવાલે કન્યાદાન કર્યું હતું :-** દયાશંકરે કહ્યું કે પોલીસે લગ્નના કાર્ડ છપાવીને દુલ્હનના સંબંધીઓને આમંત્રિત કર્યા અને ૧૨ જૂને પોલીસકર્મીઓ અને અધિકારીઓ વરરાજાના ગામમાં તિલક વિધિ કરવા પહોંચ્યા અને સંપૂર્ણ વિધિ સાથે તિલક વિધિ કરી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ગુરૂવારે થયેલા લગ્નમાં પોલીસ અધિક્ષક મીના અને કોટવાલ દયા શંકર સિંહે મહિમાને લગ્નમાં વિદાય આપી હતી અને લગ્ન પૂર્ણ કરવા માટે આખી રાત લગ્નના મંડપમાં રહ્યા હતા. તેણે કહ્યું કે કન્યાને વોશિંગ મશીન, ફ્રિજ, ડબલ-બેડ, સોફા સેટ, તિજોરી અને સોના-ચાંદીના ઘરેણાં પણ આપવામાં આવ્યા હતા. દુલ્હનને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને સ્ટેશન ઈન્ચાર્જના મોબાઈલ નંબરો સાથેનો મોબાઈલ ફોન પણ આપવામાં આવ્યો હતો જેથી કોઈ પણ સમસ્યા હોય તો તે તેમની સાથે સીધી વાત કરી શકે.

# ઉત્તરપ્રદેશમાં દલિત યુવકનો મૃતદેહ ઘરની અંદરથી શંકાસ્પદ સંજોગોમાં મળી આવ્યો

(એજન્સી) તા.૧૬

ઉત્તરપ્રદેશના અમેઠી જિલ્લામાં એક દલિત યુવકનો મૃતદેહ તેના ઘરની અંદરથી શંકાસ્પદ સંજોગોમાં મળી આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના પિપરપુર પોલીસ સ્ટેશન વિસ્તારના પૂર્વા ગામમાં બની હતી. પિપરપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર રામ રાજ કુશવાહાએ જણાવ્યું કે, પૂર્વા ગામના રહેવાસી સ્વામી પ્રસાદ કોરી (૪૫)નો મૃતદેહ તેમના ઘરેથી મળી આવ્યો હતો. તેમણે જણાવ્યું કે, ઘટના સમયે સ્વામી પ્રસાદ ઘરમાં એકલા હતા અને તેમની પત્ની એક મહિના પહેલાથી તેમના બાળકો સાથે તેમના મામાના ઘરે રહેતી હતી. અધિકારીએ જણાવ્યું કે, સ્વામી પ્રસાદનું ત્રણ-ચાર દિવસ પહેલા અવસાન થયું હતું, પરંતુ આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે નજીકમાં રહેતા લોકોને ઘરમાંથી દુર્ગંધ આવવા લાગી. તેમણે જણાવ્યું કે, ઘટના સમયે સ્વામી પ્રસાદ ઘરમાં એકલા હતા અને તેમની પત્ની એક મહિના પહેલાથી તેમના બાળકો સાથે તેમના મામાના ઘરે રહેતી હતી. અધિકારીએ જણાવ્યું કે, સ્વામી પ્રસાદનું ત્રણ-ચાર દિવસ પહેલા અવસાન થયું હતું, પરંતુ આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે નજીકમાં રહેતા લોકોને ઘરમાંથી દુર્ગંધ આવવા લાગી. તેમણે જણાવ્યું કે ઘટના સમયે સ્વામી પ્રસાદ ઘરમાં એકલા હતા અને તેમની પત્ની એક મહિના પહેલાથી તેમના બાળકો સાથે તેમના મામાના ઘરે રહેતી હતી. અધિકારીએ જણાવ્યું કે સ્વામી પ્રસાદનું ત્રણ-ચાર દિવસ પહેલા અવસાન થયું હતું, પરંતુ આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે નજીકમાં રહેતા લોકોને ઘરમાંથી દુર્ગંધ આવવા લાગી. તેમણે જણાવ્યું કે, પાડોશીઓએ ઘરમાંથી આવતી દુર્ગંધ અંગે પોલીસને જાણ કરી, ત્યારબાદ મૃતદેહને ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યો. ઈન્ચાર્જ ઈન્સપેક્ટરે જણાવ્યું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે અને હત્યા અને આત્મહત્યા બંને એંગલથી તપાસ કરવામાં આવી રહી છે.


**સીક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (કાયદો) ની કલમ 13(2) અન્વયે સૂચના**

| અનુ. નં. | કર્જદાર(રો) નું નામ (ક) | ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ) | એનપીએ તારીખ (ગ) | બાકી રકમ (રૂ.) (ઘ) |
|---|---|---|---|---|
| 1. | લોન એકાઉન્ટ નં. HHLVAI00410736 1. પૂજા સિંઘ ઉર્ફે પૂજા સંજીવ સિંઘ 2. સંજીવકુમાર સિંઘ | ફ્લેટ નં.312, ત્રીજો માળ, બિલ્ડિંગ વૈભવ લક્ષ્મી પૅલેસ, સર્વે નં.26/પૈકી 1, પ્લૉટ નં.30, 36, 37, 38, છરવાડા તાલુકા, જિલ્લો વલસાડ, વાપી - 396191, ગુજરાત | 10.05.2024 | રૂ. 13,64,708.37/- (રૂપિયા તેર લાખ ચોસઠ હજાર સાતસો આઠ ને સાડત્રીસ પૈસા પૂરાં) 30.05.2024 રોજ |

આ સાથે જણાવવાનું કે ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શક્યાનથી અને કંપનીના કામકાજના સામાન્ય શિરસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર(રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.

ધિરાણ લેનાર(રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર(રા) ના લોન અકાઉન્ટને નૉન પરફોર્મિંગ ઍસેટ (કોલમ (ગ) માં દર્શાવિલા તારીખ પ્રમાણે)તરિકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.

ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિન સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમ ગમાં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈપોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને / તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો ઉપર કોલમ (ખ) માં જણાવાયેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદો હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈશકશે.

કૃપા કરી નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જિસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક અથવા પ્રાઈવેટ ટ્રીટી પાસેથી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.

સરફેસી કાયદોની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈપણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. વતી.
અધિકૃત અધિકારી
સ્થળ : વાપી



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 18708803, 18960302, 32695302 અને 32697686 | મિલકત સામે લોન | ૧. સુપર ઈન્ડસ્ટ્રીઝ<br>૨. ઈશ્વરભાઈ બલદેવદાસ પટેલ (સ્વ. અંબાલાલ બલદેવદાસ પટેલના કાયદાકીય વારસદાર તરીકે)<br>૩. ઈશ્વરભાઈ બલદેવભાઈ પટેલ<br>૪. પાયોનિયર પેસ્ટીસાઈડસ ઈન્ડસ્ટ્રીઝ<br>૫. સતીષકુમાર ઈશ્વરભાઈ પટેલ<br>૬. વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝ<br>૭. વ્રજ ભૂપેન્દ્ર પટેલ<br>૮. સુપર ઈન્ડસ્ટ્રીઝ<br>૯. ભોગીલાલ અંબાલાલ પટેલ<br>૧૦. રાધાબેન અંબાલાલ પટેલ<br>૧૧. ભોગીલાલ અંબાલાલ પટેલ (સ્વ. અંબાલાલ બલદેવદાસ પટેલના કાયદાકીય વારસદાર તરીકે)<br>૧૨. સતીષકુમાર ઈશ્વરભાઈ પટેલ (સ્વ. અંબાલાલ બલદેવદાસ પટેલના કાયદાકીય વારસદાર તરીકે)<br>૧૩. સતીષકુમાર ઈશ્વરભાઈ પટેલ (સ્વ. અંબાલાલ બલદેવદાસ પટેલના કાયદાકીય વારસદાર તરીકે)<br>૧૪. વ્રજ ભૂપેન્દ્ર પટેલ (સ્વ. અંબાલાલ બલદેવદાસ પટેલના કાયદાકીય વારસદાર તરીકે)<br>૧૫. રાધાબેન અંબાલાલ પટેલ (સ્વ. અંબાલાલ બલદેવદાસ પટેલના કાયદાકીય વારસદાર તરીકે) | ૨૫.૦૧.૨૦૨૪ | ભા.રૂા. ૨,૮૩,૦૧,૫૪૯.૧૪/- |

**મિલકતનું સરનામું**

**આઈટમ-૧ :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા શેડ નં.સી-૧-૨૮૯, ક્ષેત્રફળ ૭૬૮ ચો.મી. અને ત્યાં બાંધકામ નરોડા ઈન્ડસ્ટ્રીયલ અસ્ટેટ સમાવિષ્ટ લીઝહોલ્ડ જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૪૫૩/પી નરોડા ગામની હદ સાથે, તા. અસરવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), ગુજરાત-૩૮૨૩૩૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : જીઆઈડીસી રોડ, પશ્ચિમ : સી૧-શેડ નં.૨૭૮, ઉત્તર : સી૧ શેડ નં.૨૯૦, દક્ષિણ : સી૧ શેડ નં.૨૮૮**

**આઈટમ-૨ :** મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા શેડ નં.સી-૧-૨૯૦, ક્ષેત્રફળ ૭૬૮ ચો.મી. અને ત્યાં બાંધકામ નરોડા ઈન્ડસ્ટ્રીયલ અસ્ટેટ સમાવિષ્ટ લીઝહોલ્ડ જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૪૫૩ અને ૪૬/પી નરોડા ગામની હદ સાથે, તા. અસરવા, જિ. અમદાવાદ અને રજિ. સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), ગુજરાત-૩૮૨૩૩૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : જીઆઈડીસી રોડ, પશ્ચિમ : સી૧-શેડ નં.૨૭૭, ઉત્તર : સી૧ શેડ નં.૨૯૧, દક્ષિણ : સી૧ શેડ નં.૨૮૯**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તા. : ૧૭.૦૬.૨૦૨૪
સ્થળ : ગુજરાત



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતોની વિગતો | ડિમાન્ડ નોટિસ | | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | | તારીખ | બાકી રકમ (રૂપિયા) | |
| 13665230, 13717527 & 13837348 | ૧. તિરૂપતિ ઈન્ડસ્ટ્રીઝ, ૨. એસ.પી. ઘોરેચા ૩. એસ.પી. ઘોરેચા (સ્વ.પ્રકાશ પી. ઘોરેચાના કાનૂની વારસદાર તરીકે) ૪. એસ.પી. ઘોરેચા (સ્વ.રીપલભાઈ પ્રવિણભાઈ જી.ના કાનૂની વારસદાર તરીકે) | મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું રેસિડેન્શિયલ ઘરના જમીન વિસ્તાર ૫૯.૧૬ ચો.મી. એટલે કે ૭૦.૭૫ ચો.વાર, પ્લોટ નં.૪૫/૬ના, સ્થિત અત્રે પ્રેરણા, વાણિવાવાડી ગલી નં.૭, શેઠ હાઈસ્કૂલની સામે, વાણિયાવાડી મેઈન રોડ, ઓફ ગીતા મંદિર રોડ, વિસ્તાર વાણિયાવાડી, ગણેશ કોમ્પ્લેક્ષની સામે, રાજકોટ રેવન્યુ સર્વે નં.૩૩૮/પી, ટી.પી. નં.૫, એફ.પી. નં.૨૧૧, સિટી સર્વે વોર્ડ નં.૮/૧, સબ જિ. અને રજિ. જિ. રાજકોટ રાજ્ય ગુજરાત-૩૬૦૦૦૨ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : સબ પ્લોટ નં.૪૫/૫, જેનું ક્ષેત્રફળ ૯-૧૪૪ મી., પશ્ચિમ : ૯-૦૦ મી. રોડ, જેનું ક્ષેત્રફળ ૯-૧૪૪ મી., ઉત્તર : ૯-૦૦ મી. રોડ, જેનું ક્ષેત્રફળ ૯-૧૪૪ મી., દક્ષિણ : સબ પ્લોટ નં.૪૫/૭, જેનું ક્ષેત્રફળ ૭-૩૧૫ મી.** | 28.10.2023 | Rs. 1,00,53,859.98/- | 11.06.2024 પ્રતિકાત્મક કબજો |
| 41044951 | ૧. સાર્થક પ્રવિણભાઈ શેખલિયા, ૨. પ્રવિણભાઈ છગનભાઈ શેખલિયા | તે તમામ ભાગ અને હિસ્સાઓ યોગેશ્વર કૃપા, ગોકુલ પાર્ક-૧૪ ક્ષેત્રફળ વિસ્તાર ૪૨.૮૨ ચો.મી. એટલે કે ૪૬૧ ચો.ફૂટ, જમીન ક્ષેત્રફળ ૨૧૪.૪૨ ચો.મી. પર બંધાયેલ, પ્લોટ નં.૪૯ અને ૫૦, રેવન્યુ સર્વે નં.૯૧, ગલી નં.૩, માતૃશ્રી વિદ્યા મંદિર, પૈકી, કોઠારિયા રોડ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૨ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : કોમન પ્લોટ, પશ્ચિમ : ૯-૦૦ મી. રોડ, ઉત્તર : પ્લોટ નં.૪૯ અને ૫૦ પૈકી પર ઘર, દક્ષિણ : પ્લોટ નં.૫૦ પૈકી પર ઘર** | 22.07.2023 | Rs. 19,91,947.81/- | 11.06.2024 ભૌતિક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના **ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને હાલમાં આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)


તારીખ : ૧૧-૦૬-૨૦૨૪
સ્થળ : ગુજરાત

# દલિતો 'કોંગ્રેસમાં શિફ્ટ' થતાં તેમના પક્ષનો પરાજય : પ્રકાશ આંબેડકરના VBA માટે આગામી માર્ગ કઠિન છે

## MVA સાથેની વાટાઘાટો પછી પોતાની રીતે ચૂંટણી લડનાર વંચિત બહુજન આઘાડીએ મહારાષ્ટ્રમાં ચૂંટણી લડેલી બેઠકોમાં વોટ શેર ઘટીને માત્ર ૩% થયો છે

(એજન્સી) મુંબઈ, તા.૧૬

પ્રકાશ આંબેડકરનો લોકસભા ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય તેમને મોંઘો પડ્યો હોય તેમ લાગે છે. દલિત મતદારોનો એક હિસ્સો તેમની વંચિત બહુજન આઘાડી (VBA)માંથી સંભવતઃ કોંગ્રેસમાં ગયો છે. ચૂંટણી પંચના ડેટાનું ધ પ્રિન્ટનું વિશ્લેષણ દર્શાવે છે કે VBAનો વોટ શેર મહારાષ્ટ્રમાં ૨૦૧૯માં ૬.૯૮ ટકાની સરખામણીએ ઘટીને માત્ર ૩ ટકા થયો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં VBAએ અસદુદ્દીન ઓવૈસીની આગેવાની હેઠળની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) સાથે જોડાણ કર્યું અને ઓછામાં ઓછી સાત બેઠકો પર કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ગઠબંધનની સંભાવનાઓને નુકસાન પહોંચાડ્યું હતું. AIMIM એ મહારાષ્ટ્ર, ઔરંગાબાદમાં માત્ર એક સીટ લડી હતી, જે તેણે ૩૨.૪૫ ટકા વોટ સાથે જીતી હતી.



એઆઈએમઆઈએમ સાથેનું જોડાણ તે વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા તૂટી ગયું હતું, અને VBAએ ૪.૫ ટકા મત અથવા માત્ર ૫.૫ ટકા બેઠકો જીતી હતી. આ વખતે, વિપક્ષ મહાવિકાસ આઘાડી - જેમાં કોંગ્રેસ, એનસીપી (શરદચંદ્ર પવાર) અને શિવસેના (ઉદ્ધવબાલાસાહેબ ઠાકરે)નો સમાવેશ થાય છે - એ VBA સાથે જોડાણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, વાટાઘાટો પડી ભાંગી અને આંબેડકરે એકલા ચૂંટણી લડવાનું નક્કી કર્યું. MVA રાજ્યની ૪૮ બેઠકોમાંથી ૩૦ બેઠકો જીતવામાં સફળ રહી હતી. રાજકીય વિશ્લેષક હેમંત દેસાઈ કહે છે કે, તેઓ સતત બંધારણને બચાવવાની વાત કરતા હતા, તો તેમણે શા માટે અલગ રસ્તો પસંદ કર્યો તે હજુ પણ એક પ્રશ્ન છે. પ્રકાશ આંબેડકરે બીજેપી વિરૂદ્ધ ઝુંબેશ ચલાવી હતી, ત્યારે તેઓ ફાયદો ઉઠાવવામાં અસમર્થ હતા. ગાયકવાડ કહે છે કે, અમે સામાન્ય રીતે દલિત મતદારને એ વિચારીને ઓછો આંકીએ છીએ કે પ્રકાશ આંબેડકર આંબેડકર પરિવારમાંથી છે, તેથી તેઓ વૈચારિક રીતે તેમની સાથે જશે પરંતુ તેઓ જીતની ક્ષમતા વિશે પણ વિચારે છે. પરિણામો જાહેર થયા પછી સમર્થકોને લખેલા પત્રમાં આંબેડકરે લખ્યું કે, અમે નિરાશ થયા છીએ પરંતુ અમે આશા છોડી નથી. અમે અમારી નિષ્ફળતાઓ વિશે આત્મનિરીક્ષણ કરીશું. મહાવિકાસ આઘાડીના કેટલાક તત્વોએ જાણીજોઈને વંચિત બહુજન આઘાડીને ગઠબંધનમાં સામેલ ન કર્યું તે સમજવું મુશ્કેલ નથી. અમને મિટિંગમાં બોલાવવામાં આવ્યા હતા. પરંતુ તે બધું મીડિયા અને મતદારો માટે હતું. અમે તેમની જાળમાં ફસાઈ ગયા અને મતદારોને અમારા અપમાન અને અમારા પક્ષ પ્રત્યે મહાવિકાસ આઘાડીના સંકુચિત વલણ વિશે સમજાવવામાં નિષ્ફળ ગયા. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં હજુ થોડો સમય બાકી છે, આવનારા મહિનાઓમાં, અમે મતદારો સાથે વધુ મજબૂત સંબંધ બાંધવા માટે તેમની સાથે વધુ જોડાઈશું. જો કે, આંબેડકર સીટો ઓફર કરવામાં નિષ્ફળ રહેવા માટે MVAને દોષ આપે છે. તેમણે કહ્યું કે, છેલ્લી બેઠકમાં, એમવીએ અમને કહ્યું હતું કે અમને બે બેઠકો આપવામાં આવશે. એક મુંબઈ નોર્થ અને બીજું અકોલા હતું. જો કે, MVA મીડિયાને કહેતું હતું કે તે અમને ચાર થી છ સીટો ઓફર કરી રહ્યું છે. પરંતુ આ બેઠકોમાં તે બેઠકોનો સમાવેશ થતો નથી જ્યાં અમારા ઉમેદવારોએ ૧ લાખથી વધુ મત મેળવ્યા હતા. વધુમાં મુંબઈ ઉત્તર એક મુશ્કેલ બેઠક હતી. અને અકોલા બેઠક પણ અનિશ્ચિત હતી. આંબેડકરે તેના પત્રમાં લખ્યું છે કે, ઈન્ડિયા જૂથ સાથે જવા અને હારવાને બદલે આપણી પોતાની તાકાત પર લડવું તે અર્થપૂર્ણ છે. પરંતુ MVA ભાગીદારો કહે છે કે આંબેડકરે જોડાણમાં જોડાવાની કોઈ ઈચ્છા દર્શાવી ન હતી. શિવસેના (UBT)ના પ્રવક્તા આનંદ દુબે કહે છે કે, ખરેખર ઘણી જગ્યાએ, તેમના ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે. પ્રકાશ આંબેડકર પોતે ચૂંટણી હારી ગયા. તેથી આગળ જતાં, જો તે હજુ પણ અલગ રહેવાનું અને મતોનું વિભાજન કરવાનું નક્કી કરે છે, તો માત્ર ભાજપને જ ફાયદો થશે. ગાયકવાડ કહે છે કે VBAના ઘટતા વોટ શેરનું મુખ્ય કારણ સંગઠનાત્મક તાકાત અને સોશિયલ મીડિયા મેસેજિંગનો અભાવ હોઈ શકે છે. આ ઉપરાંત, આપણે એ ભૂલી શકીએ નહીં કે દલિત મતદારો વર્ષોથી કોંગ્રેસની વોટબેંક છે અને તેથી તેમનામાં એવી ભાવના હતી કે તેઓએ આંબેડકર સાથે જોડાણ કરવાની વિચારધારાને બાજુ પર રાખવી જોઈએ અને હિન્દુત્વ શક્તિઓને હરાવવા માટે બિનસાંપ્રદાયિક પક્ષની તરફેણ કરવી જોઈએ. દેસાઈ માને છે કે આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આંબેડકર કોઈ ખતરો નહીં હોય કારણ કે તેમની વિશ્વસનીયતા પર અસર થઈ છે. ગાયકવાડ કહે છે કે, આંબેડકર ભવિષ્યમાં પણ રાજકારણમાં પ્રાસંગિક રહેશે કારણ કે તેઓ ઉચ્ચ નેતા છે, પરંતુ તે એક પક્ષ તરીકે સુસંગત રહેશે કે નહીં તે જોવાની જરૂર છે.

# જ્યારે ઈમરાન ખાને આમિર ખાનને 'રાજદ્વારી' કહ્યા : 'તમે અભિનય કરીને પૈસા કમાઈ શકો છો પણ તમે સમાજમાં થતા અન્યાયને ઉજાગર કર્યો...'

## આમિર ખાનની ફિલ્મ ધોબી ઘાટે પાકિસ્તાની રાજકારણી અને દિગ્ગજ ક્રિકેટર ઈમરાન ખાનને પ્રભાવિત કર્યા હતા. ૨૦૧૫ના એક વીડિયોમાં તેણે આમિર વિશે શું કહ્યું હતું તે જાણો

(એજન્સી) તા.૧૬

પાકિસ્તાન ક્રિકેટના પૂર્વ કપ્તાન અને રાજકારણી ઈમરાન ખાન એજન્ડા આજ તક ૨૦૧૫ માટે ભારત આવ્યા હતા અને નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળ્યા હતા. આ પ્રસંગમાં, તેઓ આમિર ખાનના સત્ર દરમિયાન પ્રેક્ષકોમાં બેઠેલા હતા અને તેને ધોબી ઘાટનું ઉદાહરણ આપીને અભિનેતાને તેની પસંદગીઓ વિશે શું વિચાર્યું હતું તે જણાવવા કહ્યું હતું. ૨૦૧૦ની ફિલ્મ ધોબી ઘાટ જેમાં અભિનેતા તરીકે આમિર ખાન હતો, અને તેનું નિર્દેશન તેની પૂર્વ પત્ની અને ફિલ્મ નિર્માતા કિરણ રાવ દ્વારા કરવામાં આવ્યું હતું.

**'હું તમારી પ્રશંસા કરવા માંગુ છું'**



આમિરને કહેવામાં આવ્યું કે ઈમરાનને પણ અભિનેતાથી એક પ્રશ્ન પૂછવો છે, ત્યારે પાકિસ્તાની રાજકારણીએ ઉર્દૂમાં કહ્યું, "ખરેખર આમિર, હું તમને અભિનંદન આપવા માંગુ છું. જુઓ મને લાગે છે કે આ દુનિયામાં બે પ્રકારના લોકો છે. ભૌતિકવાદી લોકો જે માત્ર પોતાના વિશે વિચારે છે. જો કોઈ વ્યક્તિ ક્રિકેટ રમે છે અને ફેમસ થાય છે, તો તે વિચારે છે કે તે આખી જીંદગી ક્રિકેટમાંથી કમાણી કરી શકે છે અને તે જ રીતે, તમે ફક્ત એક્ટિંગથી ખૂબ પૈસા કમાઈ શકો છો."

તેમણે ઉમેર્યું, "પણ મેં આકસ્મિક રીતે તમારી ફિલ્મ ધોબીઘાટ જોઈ. અભિવાદન એ છે કે તમે કહો છો કે 'હું રાજકીય નથી'. પરંતુ આ રાજકારણ છે. તમે સમાજમાં અન્યાય જુઓ છો. પછી તે અંગ્રેજી હોય કે ઉર્દૂ માધ્યમ હોય, જ્યાં એક બાળક વિશેષાધિકૃત છે અને બીજા બાળક પાસે કોઈ અધિકાર નથી અને તમે આ તરફ ધ્યાન દોરો છો અને લોકોને સામાજિક ચેતના આપો છો, તે એક મોટું યોગદાન છે." ઈમરાને જે કહ્યું તેનાથી પ્રભાવિત થઈને આમિરે ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા પાકિસ્તાનીનો આભાર માન્યો હતો. ધોબી ઘાટ વિશે વધુ મુંબઈ, જે દેશના સૌથી મોટા મેલ્ટિંગ પોટ્સ પૈકીનો એક છે, જ્યાં ભારતના દરેક ભાગમાંથી લોકો તેમનું નસીબ અજમાવવા આવે છે, ધોબીઘાટ એ ચાર લોકો દ્વારા શહેરના સાચા રંગમાં રજૂ કરવાનો પ્રયાસ કરે છે જેઓ ખૂબ જ અલગ પૃષ્ઠભૂમિમાંથી આવે છે. જ્યારે તેમની દુનિયા એકબીજાને છેદે છે, ત્યારે તે કાયમ માટે બદલાઈ જાય છે. મોનિકા ડોગરા (શાઈ) એ ભારતીય-અમેરિકી બેંકરની ભૂમિકા ભજવી હતી, જે ફોટોગ્રાફિક અભિયાન માટે શહેરમાં હતો, પ્રતિક બબ્બર (મુન્ના), એક વોશરબોય અને કૃતિ મલ્હોત્રાએ યાસ્મીનની ભૂમિકા ભજવી હતી, જ્યારે ફિલ્મનું નિર્માણ કરનાર આમિર ખાને એકાંત આધુનિક કલા ચિત્રકારની ભૂમિકા ભજવી હતી. આમિરે ૨૦૧૨થી ૨૦૧૪ની વચ્ચે સત્યમેવ જયતે નામના એક ટીવી શોને પણ હોસ્ટ કર્યું હતું, જે ભારતમાં સામાજિક મુદ્દાઓ પર ચર્ચા કરી અને તેના સંભવિત ઉકેલો પ્રદાન કરતો હતો.

# સરેરાશથી વધુ વરસાદની તૈયારી માટે સરદાર સરોવર ડેમમાંથી પાણી ખાલી કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬


મધ્ય પ્રદેશમાંથી નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમ પ્રોજેક્ટ (SSP)માં પાણીના સતત પ્રવાહ સાથે, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL)એ ચોમાસાની તૈયારી કરવા માટે હાઈડ્રોપાવર ઉત્પન્ન SSP મધ્યપ્રદેશમાંથી સરેરાશ ૨૫,૦૦૦ ક્યુસેક પાણીનો પ્રવાહ પ્રાપ્ત કરી રહી છે, જ્યાં ઈન્દિરાસાગર અને ઓમકારેશ્વર ડેમ ચોમાસા પહેલા હાઈડ્રોપાવર ઉત્પન્ન કરી રહ્યા છે.

સરદાર સરોવર ડેમનું ૧૨૦૦ મેગાવોટ રિવરબેડ પાવર હાઉસ (RBPH) પણ એપ્રિલથી કાર્યરત છે, જે કેનાલ હેડ પાવર હાઉસ (CHPH) સાથે સરેરાશ ૧.૨ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન કરે છે, જેનું મૂલ્ય પ્રતિ દિવસ ૩ કરોડ રૂપિયા છે. લેવલ જાળવી રાખવા માટે ડેમમાંથી કુલ ૨૬,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. વધુમાં, SSNNL સિંચાઈ અને પીવાના પાણીની માંગને પહોંચી વળવા માટે મુખ્ય નહેરમાં પણ પાણી છોડે છે.

SSNNLના ચીફ એન્જિનિયર આરજી કાનુન્ગોએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, ચોમાસા પહેલા ડેમનું સ્તર લગભગ ૧૧૫ મીટર સુધી નીચે લાવવામાં આવશે જેથી કરીને સરળ કામગીરી થાય. ડેમ હાલમાં ૧૨૨.૨૮ મીટર સ્થિતિમાં છે ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી અને આગાહી સરેરાશથી વધુ વરસાદનું સૂચન કરે છે, અમારે વરસાદી પાણીનો ઉપયોગ કરવા માટે ડેમમાં પાણી નાખીને તૈયારી કરવી પડશે. તેથી, મધ્યપ્રદેશ બે મોટા ડેમ ઉપરવાસમાં અને ડેમને ડ્રેનેજ કરવા માટે હાઈડ્રોપાવરનું ઉત્પાદન કરી રહ્યું છે. RBPHના છ ફ્રાન્સિસ-પ્રકારના રિવર્સિબલ ટર્બાઈન જનરેટર્સને વારાફરતી ઓપરેટ કરીને પાવર જનરેટ કરીને SSPમાં પ્રાપ્ત થયેલા પ્રવાહને બહાર કાઢવામાં આવે છે. વીજ ઉત્પાદનથી સરકારને ફાયદો થશે અને નવા વરસાદી પાણીથી ડેમનું સ્તર નીચું લાવવામાં પણ મદદ મળશે.

તેમણે ઉમેર્યું હતું કે, નર્મદા કંટ્રોલ ઓથોરિટી (NCA)ની સરદાર સરોવર જળાશય રેગ્યુલેશન કમિટી દ્વારા આપવામાં આવેલા સમયપત્રક મુજબ એપ્રિલથી RBPH મર્યાદિત ક્ષમતામાં કાર્યરત છે.

અત્યાર સુધી, તેઓએ અમને સુરક્ષિત ભરવાની ખાતરી કરવા માટે ડેમમાંથી પાણી છોડવા માટે પાવરહાઉસનું સંચાલન ચાલુ રાખવા કહ્યું છે. અમે ફક્ત જૂન મહિનામાં છીએ અને જુલાઈમાં નવું જળ વર્ષ શરૂ થશે. આ સમયે, પાવર જનરેટ કરીને ડેમને ખાલી કરવો શ્રેષ્ઠ છે કારણ કે વરસાદની આગાહી સરેરાશ કરતા વધારે છે.



RBPH ડાઉનસ્ટ્રીમમાં ૧૭,૫૨૯ ક્યુસેક પાણી છોડી રહ્યું છે, જ્યારે કેનાલ હેડ પાવરહાઉસ (CHPH) મુખ્ય કેનાલમાં ૮,૨૧૪ ક્યુસેક પાણી છોડે છે. હાલમાં, સરદાર સરોવર ડેમમાં ૫,૩૩૧.૦૬ મિલિયન ક્યુબિક મીટર (MCM)નો કુલ સંગ્રહ છે અને ૧,૬૩૧ MCM (૨૫.૬૭ ટકા)ના જીવંત સંગ્રહ સાથે ૫૭.૩૫ ટકા ભરેલો છે. પાણીના સ્તરના ૧૦૦ મીટર પર, SSP તેના ડેડ સ્ટોરેજમાંથી ખેંચવાનું શરૂ કરે છે. SSP સહિત ગુજરાતની ૨૦૭ જળ યોજનાઓમાં કુલ ૨૫,૩૧૩ MCMના કુલ સંગ્રહમાંથી, ઉપલબ્ધ કુલ સંગ્રહ ૩૯.૯૨ ટકાના દરે ૧૦,૧૦૯.૫૬ MCM છે, જે ગયાં વર્ષે ૧૩ જૂનના રોજ રાજ્યમાં ઉપલબ્ધ સંગ્રહની સરખામણીમાં ૬૦૨ MCMની ખાધમાં છે.

ગુજરાત રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના આંકડા મુજબ ગુરૂવારે ઉત્તર ગુજરાતના ડેમોમાં ૨૬.૯૧ ટકા પાણી હતું. ઉત્તર ગુજરાતના કુલ ૧૫ ડેમની કુલ સંગ્રહ ક્ષમતા ૧૯૨૯.૨૦ મિલિયન ક્યુબિક મીટર (MCM) છે, જેમાંથી વર્તમાન ગ્રોસ સ્ટોરેજ ૫૧૯.૦૭ MCM છે, જે ગયાં વર્ષે ૧૫ ડેમોમાં કુલ સંગ્રહની સરખામણીમાં ૨૫.૯૫ MCMની ખાધ છે.

તેવી જ રીતે, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૧,૦૨૫.૩૯ MCM સંગ્રહ સાથે ૪૩.૬૮ ટકા પાણીનો સંગ્રહ ઉપલબ્ધ છે. ગયાં વર્ષે ૧૩ જૂને મધ્ય ગુજરાતમાં ૧,૦૭૧ MCM પાણીનો સંગ્રહ હતો.

કચ્છમાં, કુલ ૨૦ ડેમમાં હાલમાં ૭૫.૯૯ MCM ગ્રોસ સ્ટોરેજ પર ૨૩.૩૬ ટકાનો સંગ્રહ છે, દક્ષિણ ગુજરાતમાં, ૧૩ ડેમ ૨,૦૮૫ MCM ગ્રોસ સ્ટોરેજ સાથે ૩૨.૬૦ ટકા સુધી ભરાયા છે, જે ગયા વર્ષ કરતાં ૩૦૧ MCM નીચો છે જ્યારે દક્ષિણ ગુજરાત ૧૩ જૂનના રોજ ડેમોમાં ૩,૧૦૭.૯૪ MCM સ્ટોરેજ નોંધાયો હતો. સૌરાષ્ટ્રમાં, ૧૪૧ ડેમમાં ૧૩.૨૮ ટકા ભરાઈને કુલ ૩૫૨.૮૫ MCM સ્ટોરેજ છે.

# મોહન ભાગવતના ભાષણથી ફલિત થાય છે કે, RSS પાસે મોદીનું 'ઓપન લાયસન્સ' સમીક્ષા હેઠળ છે

## એક સમયે RSS અને ભાજપ વચ્ચે રહેલા સુમેળભર્યા સંબંધો પર હવે અનેક કિસ્સા ઓળા પાથરે છે

(એજન્સી) તા.૧૬

ભાજપની અધીરાઈ અને વધુ પડતો આત્મવિશ્વાસ... પાર્ટીએ ઉતાવળ, ઘમંડ અને કેટલીક વ્યૂહાત્મક ભૂલોની ભારે કિંમત ચૂકવી છે. ૨૦૧૪ અને ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન નબળું હતું. સંભવ છે કે, જો આ નિવેદન કોણે અને ક્યારે આપ્યું તેની તપાસ કરવામાં આવે તો લગભગ દરેક વાચક વિશ્વાસપૂર્વક ભારપૂર્વક કહેશે કે, આ લેખ અથવા ધ્વનિ ડંખ દરમિયાન વિશ્લેષકની લાઈન છે, જે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પાછળના કારણોને પ્રમાણમાં વિખેરી નાખે છે. આ લાઈન ૨૪ મે ૨૦૦૪ના ઈન્ડિયા ટુડે મેગેઝિનના અંકમાંથી લેવામાં આવી છે, જે અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી ભાજપની અદ્‌ભૂત હાર પછી તેની પ્રથમ આવૃત્તિ હતી. તે ચૂંટણીઓ, વર્ચસ્વને માનતા હોવાથી છ મહિના અગાઉ યોજી દેવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની કેડર અને નેતૃત્વમાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરવાની આતુરતાનો અભાવ પણ ભાજપે અણધારી રીતે સત્તા ગુમાવવાનું એક કારણ હોઈ શકે છે. મોહન ભાગવતના ભાષણ પર આરએસએસના



સરસંઘચાલક મોહન ભાગવતનું નાગપુરમાં સંસ્થાના મુખ્યાલયમાંથી એક મહત્ત્વપૂર્ણ ઘટનાના સમાપન પર તાજેતરનું નિવેદન પુર્વાનુભવની ભાવના ધરાવે છે. જો કે, ૨૦૦૪માં સરસંઘચાલકથી વિપરીત KS સુદર્શન, તેમના સ્પષ્ટવક્તા અને પ્રિન્ટ અને ટીવી મીડિયા માટે અનુક્રમે 'ઉશ્કેરણીજનક નકલ' અથવા 'રસદાર ડંખ' આપવા માટે જાણીતા છે. ભાગવત સૂક્ષ્મતામાં બોલે છે. તેમના ધોરણોમાં પણ જો કે (તેમણે કોઈનું નામ લીધું ન હોવા છતાં) ભાગવતે જાહેરમાં ચૂંટણી દરમિયાન ભાજપના બ્રાસ જે રીતે પોતાની જાતને ચલાવ્યું હતું. તેનાથી અસંતુષ્ટતા વ્યક્ત કરી છે. તેમણે ઉપયોગમાં લીધેલી એકમાત્ર સંજ્ઞા મણિપુર હતી અને તેના પર માત્ર એક જ વાત કહેવાની હતી કે, રાજ્ય હિંસાથી હચમચી ગયું છે ત્યારથી એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને સંઘર્ષના નિરાકરણને પ્રાથમિકતા આપવાનો સમય આવી ગયો છે. કોઈને પણ 'સાચા સેવક' તરીકે ઓળખાવવાની આવશ્યકતાઓ પર ભાર મૂકતી વખતે તેમના મનમાં કોણ હતું તે અંગે અસમંજસ છે. તે લક્ષણો હવે ચોક્કસપણે તે વ્યક્તિના છે, જે પોતાને દેશનો વડાપ્રધાન નહીં પણ પ્રધાન સેવક ગણાવે છે. ભાગવતે લોકસભા ચૂંટણી માટેના પ્રચારને પણ અંગૂઠો બતાવતા કહ્યું હતું કે, 'હરીફાઈ જૂઠાણા પર આધારિત ન હતી' તેની ખાતરી કરવા ઉપરાંત 'વિરોધીઓને રેસમાંથી બહાર ધકેલવાની મર્યાદાઓ' હોવી જોઈએ. કૉંગ્રેસનો ઢંઢેરો અસરકારક રીતે મુસ્લિમ લીગનો હતો, તેવો દાવો કરવાથી લઈને કૉંગ્રેસ પક્ષ ગરીબોની કિંમતી ચીજ-વસ્તુઓ જપ્ત કરશે અને તેને 'વધુ બાળકો ધરાવતા લોકોમાં' વહેંચશે. મોદીના ભાષણો અસત્ય અથવા શ્રેષ્ઠ અર્ધસત્ય હતા. ભાગવતે તે સ્પષ્ટ કર્યું ન હતું કે, તેમણે કોના પર જૂઠું બોલવાનો આરોપ મૂક્યો હતો, પરંતુ એ પણ સુનિશ્ચિત કર્યું ન હતું કે, શ્રોતાઓ તેમના પોતાના નિષ્કર્ષ પર ન આવે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, લોકશાહીમાં સિક્કાની જેમ બે બાજુઓ હોય છે અને વિરોધીને વિરોધી ન કહેવા જોઈએ. પરંતુ પ્રતિપક્ષ તરીકે જોવા જોઈએ. ૨૦૧૪થી રાજકીય પ્રતિસ્પર્ધી અથવા અસંમતોને નિયમિતપણે રાષ્ટ્ર વિરોધી તરીકે દર્શાવવામાં આવ્યા છે. કારણ કે, માત્ર સત્તાવાર સંસ્કરણને જ સત્ય માનવામાં આવે છે. વધુમાં તેઓ એવા નેતાઓ પર ભારે પડ્યા હતા. જેમણે ચોક્કસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા પછી ઘમંડ બતાવ્યો હતો. ''તેણી/તેણે કામ કરવું જોઈએ, પરંતુ નિયુક્ત ભૂમિકા નિભાવવા બદલ અભિમાન દર્શાવવું જોઈએ નહીં.''

**માત્ર ભાગવત જ નહીં, અન્ય લોકોએ શું કહ્યું તે જુઓ**

સંઘ પરિવારની અંદરના લોકો દ્વારા અણગમતા નિવેદનો અને લેખો અને ભાગવતના નિવેદનને કેટલાંક કોચ્યુડના સંદર્ભમાં જોવાના રહેશે. સૌપ્રથમ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ ગુજરાતની ગ્રામીણ વ્યવસ્થાપન સંસ્થાના સ્નાતક વિદ્યાર્થીઓને તેના ૪૩મા દીક્ષાંત સમારોહના મુખ્ય અતિથિ તરીકે સંબોધિત કરતી વખતે કહ્યું કે, ''ચૂંટણીમાં એક સંદેશ છે અને હું આશા રાખું છું કે, લોકો આ સંદેશને સમજે.'' નાયડુની દલીલ અસ્પષ્ટ હતી કે, ''મૂલ્યો, દલિત લોકો માટે કામ કરવું, દલિત, દબાયેલા અને હતાશ લોકોની સંભાળ લેવી, ગાંધીજીનો અંત્યોદય, આંબેડકરનો અંત્યોદય ગરીબમાં ગરીબની સંભાળ રાખવો, જે આપણા મગજમાં ટોચ પર હોવો જોઈએ.'' આર્થિક કારણો અને લોકોની આજીવિકાની ચિંતાઓ ભાજપની નોંધપાત્ર સંખ્યામાં ઘટાડો થવા પાછળ નોંધપાત્ર પરિબળો હતા તે જોતા તે સ્પષ્ટ છે કે, નાયડુના જણાવ્યા મુજબ ચુકાદાએ ભાજપના બ્રાસને આ અંગેનો સંદેશ આપ્યો હતો. પરિણામો જાહેર થયાના દિવસો પછી આરએસએસના એક દિગ્ગજ નેતા કે, જેઓને એક સમયે ભાજપમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા, તે રામ માધવે ઈન્ડિયન એક્સપ્રેસમાં એક લેખ લખ્યો હતો. જેમાં તેમણે કબૂલ્યું હતું કે, પરિણામોથી આશ્ચર્યચકિત થયા હતા ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં શાસક પક્ષ માટે આંચકો અને શરમજનક હતું, તે સૌથી મોટું અચરજ હતું. ભાજપે હવે ગંભીર આત્મનિરક્ષણ સાથે શરૂઆત કરવાની રહેશે. જો કે, તે દિવસથી નવી દિલ્હીમાં પાર્ટી હેડક્વાર્ટર ખાતે મોદી અને જેપી નડ્ડાના વિજય ભાષણોમાં પુરાવા મળ્યા મુજબ આ સ્પષ્ટપણે કરવામાં આવી રહ્યું નથી. ગઠબંધનની રાજનીતિમાં પુનરાગમનનો ઉલ્લેખ કરતા માધવે યાદ કર્યું કે, મહાત્મા ગાંધી જેમણે ભારતીયોને ગઠબંધન સાથે પરિચય કરાવ્યો હતો. તેઓ નમ્રતા અને સભ્યતા એવા ગુણોને કારણે સફળ થયા હતા. જેની ભારતીય રાજનીતિને સખત જરૂર છે. તેમણે ભાગવતની જેમ આ સંદેશ માટે ન તો કોઈને પસંદ કર્યા અને ન તો કોઈને આમાંથી બાકાત રાખ્યા. મોદી કી ગેરંટી અને મોદી કા પરિવાર જેવા નારાઓ સાથે પોતાના સંપ્રદાયને આગળ ધપાવનારને ગાંધીવાદી માર્ગ વિશે યાદ અપાવવું જોઈએ. એવી ધારણા દોરવા માટે વાચકો મુક્ત છે. તે જ સમયે આરએસએસના સાપ્તાહિક અંગ ધ ઓર્ગેનાઈઝરમાં એક લેખની સ્વર પણ સ્પષ્ટ હતી. હેડલાઈન મોદી ૩.૦ : કોર્સ કરેક્શન માટે વાતચીત સંઘ પરિવાર સાથે સંકળાયેલા લેખક/વિચારક દ્વારા લખાયેલ લેખ ચોક્કસ હતો કે, આ ચુકાદો એક સૂચક છે કે, ભાજપે તેના કોર્સ સુધારણા માટે આગળ વધવાની જરૂર છે.

**મોદીએ જે ટાઈટરોપ પર ચાલવાનું છે તે વધુ કડક બનશે :** આરએસએસ અને બીજેપી વચ્ચેના એક સમયે સુમેળભર્યા સંબંધો પર પડછાયો પાડતા ઉપરોક્ત તમામ કિસ્સાઓ અગાઉના નડ્ડાએ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલો ચોંકાવનારો ઈન્ટરવ્યુમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, ''શરૂઆતમાં અમે ઓછા સક્ષમ હતા તેથી અમને આરએસએસની જરૂર પડતી હતી. આજે અમે મોટા થયા છીએ અને સક્ષમ પણ થયા છીએ અને તેથી ભાજપ તેના કામકાજ જાતે જ ચલાવા માંગે છે.'' આ નિવેદનમાં બીજેપીના 'આગમન' વિશેની અને આરએસએસ તરફથી કોઈ સહાયની 'હવે પછી આવશ્યકતા નથી તે અંગેની બડાઈ હતી. ભાગવતનું નિવેદન માત્ર આનું પ્રતિબિંબ નથી, પરંતુ બંને એક જ વૈચારિક બંધુત્વનો હિસ્સો હોવા છતાં માર્ગોના કાર્યાત્મક વિભાજનની પુષ્ટિ પણ છે. છેલ્લા ઘણા વર્ષોથી RSS સંગઠન સંસ્થા પર વ્યક્તિ પર ભાર મૂકવા સાથે અસંમત છે, જે સિદ્ધાંત RSS વિધિમાં સર્વોપરી છે. આરએસએસે બે કારણોસર મોદીના આ પૂર્વવત કરવાનું સ્વીકાર્યું છે. એક મોદી સરકારે સંઘ પરિવારના પ્રાથમિક ઉદ્દેશ્યો તરીકે સામાન્ય રીતે માનવામાં આવતા કાર્યક્રમોને અનુસર્યાઃ રામ મંદિર, કલમ ૩૭૦ નાબૂદ, રાષ્ટ્રવ્યાપી સમાન નાગરિક સંહિતાનો પીછો, અભ્યાસ સામગ્રી અને અભ્યાસક્રમમાં ફેરફાર વગેરે. બીજેપીના શાસન અને સંચાલનની મોદી શૈલીનો આરએસએસે વિરોધ ન કર્યો. જો કે, મોદી જેમ કે તેમણે એક વખત નાટકીય રીતે રોઈટર્સ સમાચાર એજન્સીના પત્રકારને સહજ હિન્દુ રાષ્ટ્રવાદી તરીકે જાહેર કર્યા હતા, તેમ છતાં તેઓ કાર્ય કરવાની સામૂહિક શૈલીની વિરૂદ્ધ છે અને માત્ર એક હાથની જોડી પર સત્તાના કેન્દ્રીકરણ માટે કામ કરે છે. તેથી મોદીની બીજેપી આરએસએસ સાથેના સંબંધોને ફરી એકવાર સુમેળભર્યું બનાવવાનું લક્ષ્ય રાખે તેવી શક્યતા ઓછી છે. જો કે, તે પણ અસંભવિત છે કે, આરએસએસ તે સમયના ભાજપ વિરૂદ્ધ પ્રચાર કરશે અને પાર્ટીને નબળી પાડશે. પરંતુ આરએસએસ પણ હવે સક્રિય છે. તેવા લગભગ ચાલીસ આનુષંગિકો પર લગામ લગાવશે નહીં. સમાજના વિવિધ ક્ષેત્રો પછી તે ભારતીય જેવા વ્યાવસાયિકો માટેની સંસ્થાઓ હોય. સ્વદેશી જાગરણ જેવા આર્થિક જૂથોને મઝદૂર સંઘ અને ભારતીય કિસાન સંઘ મંચ બજરંગ દળ અને હિંદુ રાષ્ટ્ર સેના અને વિશ્વ હિન્દુ પરિષદ જેવા ધર્મના ક્ષેત્રમાં રોકાયેલા લોકો આ સંગઠનોના નેતાઓને એક અલગ સંદેશ કે તેઓ તેમની આગળ વધવા માટે સ્વતંત્ર છે હિતો અને પાછળ ન રોકો. કારણ કે, તે સરકારની સ્થિતિને જોખમમાં મૂકી શકે છે. મોદીને રાજકીય પડકારોનો સામનો કરવા માટે એટલું જ જરૂરી છે. લોકસભામાં તેમની બહુમતી ગુમાવ્યા પછી મોદીએ ત્રણ મોરચે અજમાયશ ટાળવી પડશેઃ વિપક્ષ, ગઠબંધન ભાગીદારો અને સંઘ પરિવારના સહયોગીઓ. આનાથી તેણે દાવપેચ કરવાની છે તે ચુસ્ત કડક બનાવશે. **(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)**

# ભાજપ RSSના આધિપત્ય હેઠળ : આરએસએસ જૂના દસ્તાવેજો દ્વારા પુષ્ટિ કરાયેલ તથ્યો

(એજન્સી) તા.૧૬



રામ માધવ આરએસએસનો બૌદ્ધિક ચહેરો છે. તેઓ ૨૦૦૩-૨૦૧૪થી એક દાયકા કરતાં વધુ સમય સુધી આરએસએસના પ્રવક્તા હતા અને ૨૦૧૪માં ભાજપને આપવામાં આવ્યા હતા અને તેના મુખ્ય મહાસચિવ બન્યા હતા. હાલમાં, તેઓ RSS કાર્યકારિણીના સભ્ય છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, વિવિધ મુદ્દાઓ પરના તેમના વર્ણનો અધિકૃત આરએસએસના વિચારોને પ્રતિબિંબિત કરશે. તાજેતરના લખાણમાં ('ધ કાઈટ ફ્લાઈંગ અબાઉટ આરએસએસ', ધ ઈન્ડિયન એક્સપ્રેસ, ૨૫ મે, ૨૦૨૪) તેમણે જણાવ્યું કે, જેઓ આરએસએસને ચૂંટણીની રાજનીતિનો હિસ્સો હોવાની વાત કરી રહ્યા હતા તેઓ 'હવામાં વાતો કરતા' હતા. આરએસએસ હમેશા રાજકારણથી દૂર રહ્યું છે. અહીં એ નોંધવું રસપ્રદ છે કે હવામાં વાતો ઉડાડવાની શરૂઆત આરએસએસના વિરોધ કરનારાઓથી નથી થઈ પરંતુ ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ ૧૮ મેના રોજ કહ્યું હતું કે, 'શરૂઆતમાં અમે ઓછા સક્ષમ અને નાના હતા, તેથી આરએસએસની જરૂર હતી. આજે, અમે મોટા થયા છીએ અને ભાજપને જાતે ચલાવી શકીયે છીએ. આ ફરક છે.'

**આરએસએસ એક બિન-રાજકીય સંગઠન હોવાનો દાવો :** માધવના જણાવ્યા મુજબ આરએસએસ એ ઘણા સમય પહેલા જ સમજદારીપૂર્વક વિચારણા કર્યા પછી રોજ-પ્રતિદિન અને ખાસ કરીને ચૂંટણીના રાજકારણથી અંતર રાખવાનું નક્કી કર્યું હતું. જો કે, RSSએ તેના સ્વયંસેવકોને કોઈપણ રાજકીય પક્ષ જે હિંસા અને ગુપ્ત પદ્ધતિઓમાં માનતા ન હોય તેવા પક્ષમ્ જોડાવાની મંજૂરી આપી હતી. બિન-રાજકીય આરએસએસના સમર્થનમાં માધવે આરએસએસના સૌથી અગ્રણી વિચારધારક એમ.એસ. ગોલવલકરને ટાંક્યા, જેમણે રાજકારણ માટે આરએસએસની ભાવનાત્મક સંવેદનાનો સારાંશ આપતા જાહેર કર્યું કે, 'વ્યક્તિગત રીતે, હું રાજકારણની બહાર છું અને લોકો અમને રાજકારણમાં શા માટે ખેંચે છે? તેઓ રાજકારણીઓ તરીકે અને અમો સ્વયંસેવક તરીકે ખુશ છીએ.'

**RSSના જુના કાગળ શું કહે છે ? :** આપણે માધવના ઉપરના વિધાનની તુલના ગોલવલકરના નીચેના બે વિધાન સાથે કરવી જોઈએ. પ્રથમ નિવેદન આપણને રાજકારણમાં ચાલાકી કરવા માટે કેવા કર્મચારીઓ મોકલવામાં આવે છે અને આરએસએસ દ્વારા તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે તે વિશે જણાવે છે. ૧૬ માર્ચ, ૧૯૫૪ ના રોજ વર્ધામાં સિંધી ભાષામાં ભાષણ આપતી વખતે, તેમણે કહ્યું, 'જો અમે કહીએ કે અમે સંગઠનનો ભાગ છીએ અને તેની શિસ્ત સ્વીકારીએ છીએ, તો જીવનમાં પસંદગીને કોઈ સ્થાન નથી. જે કહેવામાં આવે છે તે કરવાનું હોય. જો કબડ્ડી રમવાનું કહેવામાં આવે તો કબડ્ડી રમવી પડે અને જો કહેવામાં આવે કે, મિટીંગ કરવાની છે તો મિટીંગ કરવી પડે. અમારા ઘણાં સ્વયંસેવકો રાજકારણમાં ગયા છે તો એનો મતલબ એ નથી કે તેમને રાજકારણમાં રુચિ છે. તે પાણી વગરની માછલીની જેમ રાજકારણ માટે તડપતા નથી. જો તેમને રાજકારણમાંથી ખસી જવા માટે કહેવામાં આવે તો પણ તેમને ખસી જવામાં વાંધો હોતો નથી. તેમની વિવેકબુદ્ધિની જરૂરત છે જ નહી. ચગોલવલકર, એમ.એસ., શ્રી ગુરુજુ સમગ્ર દર્શન (સંગ્રહિત હિન્દીમાં ગોલવલકરની કૃતિઓ), ભારતીય વિચાર સાધના, નાગપુર (RSS પ્રકાશન ગૃહ), ભાગ. III, એન. ડી., પી. ૩૨.) તેમનું બીજું નિવેદન પણ ખૂબ જ નોંધપાત્ર છે અને RSSની ઉચ્ચ સ્તરની રાજકીય મહત્વાકાંક્ષાઓને સ્પષ્ટપણે દર્શાવે છે. ૫ માર્ચ, ૧૯૬૦ના રોજ ઈન્દોરમાં અગ્રણી RSS કાર્યકર્તાઓને સંબોધિત કરતી વખતે તેમણે કહ્યું : 'અમે એ પણ જાણીએ છીએ કે, અમારા કેટલાક સ્વયંસેવકો રાજકારણમાં કામ કરે છે. ત્યાં તેઓએ જાહેર સભાઓ, સરઘસો વગેરેની જરૂરિયાતો અનુસાર આયોજન કરવું પડે છે અને સૂત્રોચ્ચાર પણ કરવા પડે છે. આ બધી બાબતોને અમારા કામમાં કોઈ સ્થાન નથી. જો કે, નાટકના પાત્રની જેમ જે પણ ભૂમિકા સોંપવામાં આવી છે તે શ્રેષ્ઠ ક્ષમતા સાથે દર્શાવવામાં આવવી જોઈએ.' [Ibid, vol. iv, pp. 4-5.] આપણે અહીં ગોલવલકરને રાજકીય ઉપગ્રહને ઉછીના આપેલા સ્વયંસેવકોનો ઉલ્લેખ 'નટ' અથવા કલાકારો તરીકે કરતા જોવા મળે છે જેઓ આરએસએસની ધૂન પર નાચવા માટે હોય છે. આ હકીકતને અહીં ચૂકી ન જવી જોઈએ કે રાજકીય હાથને નિયંત્રિત કરવાની ગોલવલકરની ઉપરોક્ત ડિઝાઈન ૧૯૫૧માં જનસંઘ (ભાજપના અગ્રદૂત) ની સ્થાપનાના લગભગ નવ વર્ષ પછી માર્ચ ૧૯૬૦માં વિસ્તૃત કરવામાં આવી હતી.

**RSSએ ભારતીય જનસંઘની ૧૯૫૧માં અને BJPની ૧૯૮૦માં રચના કરી :** ભાજપ એક સ્વતંત્ર રાજકીય સંગઠન છે અને RSSના આદેશો હેઠળ કામ કરતું નથી તેવા દાવાને RSSના સત્તાવાર પ્રકાશનોમાં ઉપલબ્ધ તથ્યો સાથે સરખાવવાની જરૂર છે. આરએસએસનું કેન્દ્રીય પ્રકાશન હાઉસ, સુરૂચી પ્રકાશનએ, આરએસએસના અગ્રણી નેતા, સદાનંદ ડી. સપ્રે દ્વારા ૧૯૯૭માં એક પુસ્તક પરમ વૈભવ કે પાથ પર (ધ રોડ ટુ ગ્રેટ ગ્લોરી) પ્રકાશિત કર્યું છે, જેમાં આરએસએસ દ્વારા બનાવવામાં આવેલી ૪૦થી વધુ સંસ્થાઓના વિવિધ કાર્યો વિગતો આપવામાં આવી છે. ભાજપ એક રાજકીય સંગઠન તરીકે તેમાં અગ્રણી સ્થાન ધરાવે છે, જે એબીવીપી, હિન્દુ જાગરણ મંચ, વિશ્વ હિન્દુ પરિષદ, સ્વદેશી જાગરણ મંચ અને સંસ્કાર ભારતી સાથે જોડાયેલું છે. આ પુસ્તકમાં આરએસએસ દ્વારા બનાવવામાં આવેલા અગ્રણી સંગઠનોની યાદીમાં બીજેપી ત્રીજા નંબરે છે. આ પુસ્તક ભારતીય જનસંઘ (ભાજપના અગ્રદૂત) અને ત્યારબાદ આરએસએસ દ્વારા નક્કી કરાયેલા હેતુઓ માટે ભાજપની રચના અને વિકાસની વિગતો આપે છે. આરએસએસના પ્રકાશનોમાં ઉપરોક્ત ખુલાસાઓના પ્રકાશમાં માધવે ગંભીર આત્મનિરીક્ષણ કરવું જોઈએ જ્યારે તેમણે જણાવ્યું કે, બલરાજ મધોક અને શ્યામા પ્રસાદ મુખર્જી જેવા RSS સભ્યોએ ૧૯૫૧માં સ્વતંત્ર રીતે ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. એ પણ નોંધનીય છે કે આરએસએસ દ્વારા ચૂંટણીના રાજકારણમાં આ પ્રવેશ એ વચનનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું જે ગોલવલકરે ગાંધીજીની હત્યા પછી આરએસએસ પરનો પ્રતિબંધ હટાવવાની શરત તરીકે સરદાર પટેલને આપ્યો હતો. તે આરએસએસના બંધારણના અનુચ્છેદ ૪ (બી) નું સીધું ઉલ્લંઘન પણ હતું જેમાં માધવને ટાંકવા માટે સ્પષ્ટપણે જણાવે છે કે, સંઘની કોઈ રાજનીતિ નથી. **(સૌ.: મુસ્લિમમિરર.કોમ)**

વડોદરાની એમ.એસ. યુનિ.ની કોમર્સ ફેકલ્ટીમાં

# યુનિ. સત્તાધીશોએ બેઠકો ઘટાડતા હજારો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે તેવી શકયતા

## વિદ્યાર્થીઓને પ્રવેશ મુદ્દે પૂર્વ વિદ્યાર્થીઓ ભેગા થયા : ૧૮મીએ વીસીને રજૂઆત કરાશે, ઉગ્ર આંદોલનના ભણકારા

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં યુનિવર્સિટી સત્તાધીશોએ બેઠકો ઘટાડી દીધી હોવાના કારણે વડોદરાના હજારો વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત હોવાથી ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

ધો.૧૨ પાસ કરનાર તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેવી માંગ સાથે આજે એમ.એસ.યુનિવર્સિટીના ૧૦૦ કરતા વધારે પૂર્વ વિદ્યાર્થીઓ આજે વડોદરા હિતરક્ષક સમિતિના નેજા હેઠળ કમાટીબાગ ખાતે ભેગા થયા હતા અને તેમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, મંગળવારે વાઈસ ચાન્સેલર ડો.વિજયકુમાર શ્રીવાસ્તવને ને મળીને આવેદનપત્ર આપવામાં આવશે. એ પછી પણ જો સત્તાધીશો વડોદરાના તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિર્ણય નહીં લે તો ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે. પૂર્વ વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, અત્યાર સુધીના તમામ વાઈસ ચાન્સેલર અને કોમર્સ ડીન્સ વડોદરામાંથી જેટલા પણ વિદ્યાર્થીઓ પાસ થતા હતા તેમને કોમર્સ ફેકલ્ટીમાં છેવટે પાદરા કોલેજમાં પણ પ્રવેશ આપતા હતા. જેના કારણે ફેકલ્ટીમાં દર વર્ષે ૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો હતો. ગત વર્ષે કોમર્સ ફેકલ્ટી ડીન કેતન ઉપાધ્યાય અને વાઈસ ચાન્સેલર ડો.શ્રીવાસ્તવે અચાનક જ ફેકલ્ટીમાં ભણાવવા માટે જગ્યા નથીનુ કારણ આપીને માત્ર ૫૮૦૦ બેઠકો પર જ પ્રવેશ અપાશે તેવી જાહેરાત કરી હતી.જેની સામે વિરોધ પણ થયો હતો. આ બેઠકો પૈકી ૯૫ ટકા બેઠકો પર વડોદરાના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. આ વખતે પણ ૫૮૦૦ બેઠકો પર જ પ્રવેશ અપાયો છે અને તેમાં પણ વડોદરાના વિદ્યાર્થીઓની બેઠકો ઘટાડીને ૭૦ ટકા કરી નાંખી છે. સરકારના નામે અને સરકારની આંખમાં ધૂળ નાંખીને વાઈસ ચાન્સેલર તેમજ ફેકલ્ટી ડીને પોતાની જાતે જ આ નિર્ણય લીધો છે. જેના કારણે હવે ૭૦ ટકા લાવનારા વડોદરાના વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે ફાંફા મારી રહ્યા છે.

મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજ દ્વારા

# ધોળકા ખાતે હાથલારી વિતરણ કાર્યક્રમ યોજાયો : ૨૫ લાભાર્થીઓએ લાભ લીધો




ધોળકા, તા.૧૬

નોર્થ વેસ્ટ રીલીફ ટ્રસ્ટ યુ.કે. ના સહયોગથી ધોળકા ખાતે તા. ૧૫/૦૬/૨૦૨૪ શનિવારે બપોરે ૧૨ વાગે બલાસ ચોકડી ખાતે પચ્ચીસ હાથલારી વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને પોતાના ધંધા રોજગાર, મજુરી માટે, આજીવિકા સારૂં વિના મુલ્યે હાથલારીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજના ધોળકા યુનિટના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ નિમિત્તે વડોદરાનાં એડવોકેટ શાહનવાઝખાન પઠાણ, મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખ કરીમભાઈ મલેક, અમદાવાદ જિલ્લાના પ્રમુખ ઈબ્રાહીમ ભાઈ રાધનપુરી, મંત્રી અબ્દુલભાઈ ગારમેન્ટ વાળા, ઉપપ્રમુખ કમરઅલી ચંડીસરવાળા , ઈકબાલભાઈ વેપારી ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારના પરિપત્રનો વડોદરામાં ગણેશ મંડળ એસો.નો વિરોધ : ...તો ગણેશોત્સવની ઉજવણી નહીં થાય

## પીઓપી અને ફાયબરની મૂર્તિ ૫ ફૂટથી વધુ ઊંચાઈની તથા માટીની મૂર્તિ ૮ ફૂટથી વધુ ઊંચાઈ ન હોવી જોઈએ ● ભાજપના નેતાઓ સામે લોકોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

રાજ્યમાં ૩ મહિના બાદ ગણેશોત્સવની ઉજવણી થશે તે પહેલા રાજ્ય સરકારે બહાર પાડેલા પરિપત્રના કારણે ભડકો થયો છે અને ગણેશ મંડળોમાં ભારે વિરોધ થઇ રહ્યો છે. વડોદરમાં ગણેશ મંડળ એસોસિએશનની બેઠક મળી હતી જેમાં નક્કી કરાયુ છે કે જો સરકાર પરિપત્ર પરત નહીં ખેંચે તો આ વખતે વડોદરામાં ગણેશોત્સવની ઉજવણી નહીં થાય.

એસોશિએનના પ્રમુખ જય ઠાકોરે આ અંગે વાત કરતા કહ્યું હતું કે ‘રાજ્ય સરકારનો પરિપત્ર છે કે પીઓપી અને ફાયબરની મૂર્તિ પાંચ ફૂટથી વધુ ઊંચાઈની ના હોવી જોઇએ અને માટીની મૂર્તિ ૮ ફૂટથી વધુ ઊંચાઈની ના હોવી જોઇએ. આશ્ચર્ય તો એ વાતનું છે કે જો મૂર્તિ ફાયબરની હોય તો તેની નગરચર્યા એટલે કે શોભાયાત્રા પણ નહીં કાઢવાની. સરકાર હિન્દુ ધર્મ અને પરંપરાની વિરોધી હોય તેવું હવે પ્રતિત થાય છે કેમ કે દર વર્ષે સરકાર ગણેશોત્સવને જ નિશાન બનાવે છે. દર વર્ષે આ પ્રકારના પરિપત્ર બહાર પાડીને ગણેશ મંડળોને, મૂર્તિકારોને અને સાઉન્ડ સિસ્ટમવાળાઓને ધમકાવવામાં આવે છે. સરકાર એવું વાતાવરણ ઊભું કરે છે કે દર વર્ષે ગણેશ મંડળો સ્થાનિક નેતાઓને કરગરે, તેના પગે પડે, વિનંતીઓ અને પ્રાર્થનાઓ કરે ત્યારે છેલ્લી ઘડીએ પરિપત્રમાં છૂટ આપે.’

જો આ પરિપત્ર પરત નહીં ખેંચાય તો આ વર્ષે વડોદરામાં ગણેશોત્સવ નહીં માનવામાં આવે તેમ વડોદરા ગણેશ મંડળ એસોસિયેશન દ્વારા ચીમકી આપવામાં આવી છે.

### ગણેશ મંડળોનો આક્ષેપ છે કે, ‘સરકાર હિન્દુ ધર્મ અને પરંપરા વિરોધી છે..?

ગણેશ મંડળના પ્રમુખ જય ઠાકોરે વધુમાં જણાવ્યું હતુંકે, ‘ભાજપને જરૂર હોય ત્યારે નેતાઓ અમારી પાસે દોડી આવે છે. અમારા સીએમ આવવાના છે, મંત્રી આવવાના છે આરતીમાં સ્ટેજ બનાવજો, બેનરો લગાવજો, ભાજપનો કાર્યક્રમ છે તેમાં તમારી મદદ આપજો, તમારા માણસો મોકલજો. પણ ગણેશોત્સવની વાત આવે ત્યારે સ્થાનિક નેતાઓ ચૂપ થઇ જાય છે. દર વર્ષે થતું આ દમન અમે હવે સહન નહી કરીએ. ગણેશોત્સવ લોકોનો ઉત્સવ છે સરકારી કાર્યક્રમ નથી. સરકારની આ નીતિના વિરોધમાં તા.૨૩ જુન રવિવારે માંડવી મેલડી માતાના મંદિરથી વિરોધ રેલી નીકળશે જે સૂરસાગર થઈને દાંડિયાબજાર સ્થિત સિધ્ધિ વિનાયક ગણપતિ મંદિર ખાતે પહોંચીને મહાઆરતી કરશે. વડોદરામાં ૪૦૦૦ મંડળો છે તે તમામ જોડાશે. મીટિંગમાં અમે નક્કી કર્યુ છે કે જો સરકાર પરિપત્ર પાછો નહી ખેંચે તો આ વર્ષે અમે ગણેશોત્સવની ઉજવણી નહી કરીએ તેના સ્થાને નાના મંડપોમાં માત્ર સ્થાપના મૂર્તિ જ મુકવામાં આવશે. અમારા આ વિરોધ પ્રદર્શનમાં મૂર્તિકાર એસોસિએશન, સાઉન્ડ એસોસિએશન પણ જોડાયું છે.

# અંબાજીના ડુંગરાળ પહાડી વિસ્તારમાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી સીડ બોલ વાવેતર અભિયાનનો પ્રારંભ

## વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા સીડ બોલ રોપણ દ્વારા વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ

ડીસા, તા.૧૬

ખેતી અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લામાં પાણીના સ્તર ઊંચા લાવવા તેમજ હરિયાળી ક્રાંતિ લાવવાના હેતુસર છેલ્લા ૩ વર્ષની જેમ સતત ચોથા વર્ષે પણ "વન્સ મોર, સીડ બોલ"ના ઉમદા વિચાર સાથે બનાસ ડેરી દ્વારા વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીના હસ્તે અંબાજીના ડુંગરોમાં કોટેશ્વરના પહાડી વિસ્તારમાં સિડ બોલ રોપણ દ્વારા વૃક્ષારોપણ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો.


(તસવીર : જમીલ મેમણ, ડીસા)

અરવલ્લીની ગિરીમાળાઓ અને ઉત્તર ગુજરાતને હરિયાળો બનાવવા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીએ અંબાજી ખાતે કોટેશ્વર નજીક પર્વતીય વિસ્તારમાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી સીડ બોલ વાવેતર અભિયાનનો આજરોજ પ્રારંભ કરાવ્યો હતો. જેમાં ગામે ગામથી મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

સીડ બોલ પદ્ધતિથી વૃક્ષારોપણ- "હરિત યજ્ઞ" અભિયાનનો પ્રારંભ કરાવતા અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું કે, અરવલ્લીની ગિરીમાળાના પર્વતો સહિત સમગ્ર ઉત્તર ગુજરાતને હરિયાળો બનાવવા જ્યાં માણસ ન પહોંચી શકે ત્યાં ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી સીડ બોલ વાવીને વનરાજીનો વિસ્તાર વધારવો છે. જિલ્લાને હરિયાળો બનાવવા બનાસ ડેરીના માધ્યમથી છેલ્લા ત્રણેક વર્ષથી ખેડૂતોએ આ અભિયાન ઉપાડ્યું છે. ત્યારે ટેક્નોલોજીના માધ્યમથી પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરવું છે. છેલ્લા ૯ વર્ષથી બનાસવાસીઓએ બનાસ ડેરીના માધ્યમથી વૃક્ષારોપણનું એક મોટું અભિયાન ઉપાડ્યું છે અને આ સૂકા પ્રદેશને હરિયાળો બનાવવાનો સંકલ્પ કર્યો છે.જેમાં દર વર્ષે કરોડો સીડ બોલનું પણ વાવેતર કરવામાં આવે છે. જેસોરથી શરૂ કરેલ સીડ બોલ અભિયાનની સતત ચોથા વર્ષે કોટેશ્વર નજીકના પહાડોથી શરૂઆત કરાઈ છે.આ મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ઠેરઠેર વૃક્ષારોપણ પણ કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા કલેકટર વરુણકુમાર બરનવાલ,ના.વન સરંક્ષક પરેશ ચૌધરી,બનાસ ડેરી નિયામક મંડળ સહિત ખેડૂતો અને પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

### કઈ રીતે બને છે સીડ બોલ ?

બનાસ ડેરીના માધ્યમથી છેડાયેલ વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત ગામની શાળા, સ્મશાન, મંદિર અને હવે પર્વતીય વિસ્તાર પણ હરિયાળો બને એ માટે ગાયનું છાણ અને માટી દ્વારા ગોળો બનાવી તેમાં સીડ- બીજ મુકવામાં આવે છે અને તેને લાખોની સંખ્યામાં વિવિધ વિસ્તારમાં નાખવામાં આવે છે, જેથી વરસાદ પડે ત્યારે બીજ અંકુરિત થઈ એમાંથી વૃક્ષ કે ઝાડ ઉગે છે, આમ નેચરલ નર્સરિંગ દ્વારા વનરાજી વિસ્તારમાં વૃદ્ધિ થાય એવું આયોજન કરાયું છે.

# ધોળકામાં વરસાદી પાણીના નિકાલ માટેના કાંસની સફાઈનું કામ યુદ્ધના ધોરણે શરૂ



ધોળકા નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ મકવાણા અને ચીફ ઓફિસર જતીનભાઈ મહેતાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ધોળકા નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા વરસાદી પાણીના નિકાલ માટેના કાંસની સફાઈનું કામ યુદ્ધનાં ધોરણે ચાલી રહ્યું છે. ઊંટવાળી માતાનાં મંદિર રોડથી આ કાંસની સફાઈનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. તા. ૧૫/૦૬/૨૦૨૪ શનિવારે પ્રિ મોન્સૂન પ્લાન અંતર્ગત ખટ્ટુ પીર બાવાની દરગાહ પાસે કાંસની સફાઈ કરવામાં આવી હતી.

જમીનોના પ્રશ્ને લોકોની હેરાનગતિ દૂર કરવા

# વડોદરા જિલ્લા કલેક્ટર ટૂંક સમયમાં ઓપન હાઉસ શરૂ કરશે

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

વડોદરા શહેર જિલ્લાના જમીનોના પ્રશ્નો ઉકેલવા માટે ઓપન હાઉસ શરૂ કરવા માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલે રજૂઆત કરી હતી જેને જિલ્લા કલેક્ટર દ્વારા સ્વીકારવામાં આવી છે અને ટૂંક સમયમાં તેનો અમલ શરૂ થશે તેમ ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું. વડોદરા શહેર ભાજપ પ્રમુખે અન્ય પ્રશ્નો અંગે જે સૂચન કર્યું છે તેમાં માત્ર વિશ્વામિત્રી નદીનો પ્રશ્ન જ નહી અગાઉ વડોદરા શહેરના ૩૦ જેટલા મહત્વના પ્રશ્નો રાજ્ય સરકારમાં પેન્ડિંગ છે તેનો ઉકેલ આવતો નથી. જે અંગે તમામ ધારાસભ્યોએ સંયુક્ત રીતે મુખ્યમંત્રી સમક્ષ તેમજ વિધાનસભામાં અવારનવાર રજૂઆતો કરી છે. અને હાલના મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી વડોદરાના તમામ ધારાસભ્યોની સંયુક્ત બેઠક બોલાવવા માંગણી કરી છે. સ્માર્ટ મીટર અંગે ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું કે વડોદરા શહેર જિલ્લામાં ૨૮,૦૦૦ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. હાલમાં સ્માર્ટ મીટર લગાવવાનું અટકાવવામાં આવ્યું છે. હવે પ્રશ્ન રાજ્ય સરકારમાં છે જે અંગે રાજ્ય સરકારમાં રજૂઆત કરી તેનો ઉકેલ આવે તેવા પ્રયત્ન કરીશું.

# ગોવાથી ૭૮.૦૯ લાખનો દારૂનો જથ્થો ભરી આવતી ટ્રક હાલોલ-વડોદરા રોડ પરથી ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬

સ્ટેટ મોનિટરિંગ સેલે ફરી વડોદરા ગ્રામ્યમાં સપાટો બોલાવ્યો છે. ગોવાથી ૭૮.૦૯ લાખના વિદેશી દારૂ ભરીને આવેલા ટ્રકને એસએમસીની ટીમે હાલોલ વડોદરા રોડ પર આવેલા એક પેટ્રોલ પંપના પાર્કિંગમાંથી ઝડપી પાડ્યો હતો. દારૂ ભરીને લાવનાર ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી મોકલનાર સહિત ત્રણ જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. દારૂનો જથ્થો, ટ્રક, બે મોબાઈલ અને રોકડ મળી રૂા.૧.૦૮ કરોડનો મુદ્દામાલ કબજે કરીને જરૂર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે. ૧૫ જૂનના રોજ રાત્રિના સમયે હાલોલ વડોદરા રોડ પર હોટલ વે વેઈટ શિવાંશ પાસેના પેટ્રોલ પંપના પાર્કિંગમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ ટ્રક ઉભેલો છે તેવી બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને મળી હતી. જેના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઇ એસ આર શર્મા સહિતની ટીમે હાલોલ વડોદરા રોડ પરના પેટ્રોલપંપ પર રેડ કરી હતી. દરમિયાન પાર્કિંગમાંથી એક ટ્રક ઝડપાયો હતો. જેમાં તપાસ કરતા બે શખ્સો બેઠેલા હતા. જેથી તેમને નીચે ઉતારી ટ્રકમાં પાછળ તપાસ કરતા રૂા.૭૮.૦૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એસએમસીની ટીમે ચાલકને પાલસિંહ મહોબતસિંહ સિસોદિયા અને ભોપાલસિંહ ઉર્ફે ભુપેન્દ્રસિંહ જ્ઞાનસિંહ ચૌહાણ (બંને રહે.રાજસ્થાન)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે વિક્રમ રૂપે જય શ્રી રામ સહિત ત્રણ જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. એસએમસીએ વિદેશી દારૂનો જથ્થો રૂા.૭૮.૦૯ લાખ, ટ્રક રૂા.૩૦ લાખ, બે મોબાઈલ રૂપિયા ૧૦ હજાર અને રોકડા ૧૪ હજાર મળી રૂા.૧.૦૮ કરોડોનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી માટે જરૂર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરવામાં આવ્યો છે.

અંકલેશ્વરના જીતાલી-સેંગપુર રોડ પર

# અમરાવતી નદી નજીક જાહેરમાં કેમિકલ વેસ્ટ ડબ્બા અને રસાયણનો નિકાલ

## વરસાદ પડે તો આ રાસાયણિક વેસ્ટ નદીમાં જવાની દહેશતથી ગ્રામજનોમાં રોષની લાગણી

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર તાલુકાના જીતાલી-સેંગપુર રોડ પર અમરાવતી નદી નજીક જાહેરમાં કેમિકલ વેસ્ટ ડબ્બા અને રસાયણનો નિકાલ કરાયો હોવાનું સામે આવ્યું છે. જીતાલી ગ્રામજનોના ધ્યાને આવતા જીપીસીબીને જાણ કરી હતી અને જીપીસીબી દ્વારા સ્થળ તપાસ કરી સેમ્પલ લીધા હતા. વરસાદ પડે તો આ રાસાયણિક વેસ્ટ અમરાવતી નદીમાં જવાની દહેશતથી ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. જીપીસીબી દ્વારા સંબંધિત વિભાગને વેસ્ટ ઉઠાવી લેવા તાકીદ કરી હતી. અંકલેશ્વરમાં પુનઃ એકવાર ઉદ્યોગો દ્વારા પોતાનો વેસ્ટ જાહેરમાં નિકાલ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. અંકલેશ્વર જીઆઇડીસીને અડીને આવેલ જીતાલી ગામથી સેંગપૂર જતા માર્ગ અમરાવતી નદીના પટમાં રાસાયણિક વેસ્ટ ભરેલા ડબ્બાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ અંગે જીતાલી ગામના લોકો જાણ થતા તેઓ સ્થળ પર દોડી આવ્યા હતા. નદીના પટમાં જ થયેલા નિકાલને લઈ લોકોમાં રોષ ફેલાયો હતો. આ અંગે જીપીસીબીમાં જાણ કરવામાં આવતા જીપીસીબીની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને સ્થળ તપાસ કરી સેમ્પલ લીધા હતા. રાસાયણિક વેસ્ટ હોવાનું સામે આવતા જીપીસીબી દ્વારા વેસ્ટ કઈ કંપનીનો હોય શકે છે તે દિશામાં તેમાં રહેલા કેમિકલ આધારે તપાસ શરૂ કરી હતી તેમજ તાત્કાલિક અસરથી સંબંધિત વિભાગને આ કેમિકલ વેસ્ટ ઉઠાવી લેવા માટે પણ તાકીદ કરી હતી. ગ્રામજનોએ એક જ માંગ છે કે આ કેમિકલ તાત્કાલિક અસરથી ઉઠાવી લેવામાં આવે જેથી વરસાદ આવે તો નદીમાં ન જાય નહી તો પશુ અને જળચર પ્રાણીઓને નુકસાન થઈ શકે છે.

# ડીસામાં જાહેરમાં વેચાતો ઘાસચારો નગરપાલિકા તંત્રએ જપ્ત કર્યો

## રખડતા પશુઓની સમસ્યા નિવારવા જાહેરમાં ઘાસચારો વેચવા પર પ્રતિબંધ

ડીસા, તા.૧૬

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અત્યારે રખડતા પશુઓની સમસ્યા નિવારવા માટે તંત્રએ કમર કસી છે ત્યારે ડીસામાં જાહેરમાં ઘાસચારો વેચવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જેથી જાહેરમાં વેચાતો ઘાસચારો જપ્ત કરી નગરપાલિકાએ કડક કાર્યવાહી શરૂ કરી છે.



ડીસા શહેરમાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા માટે પાલિકા દ્વારા ગુજરાત હાઈકોર્ટ અને રાજય સરકારના આદેશ અનુસાર રખડતાં પશુઓ પકડવાની કામગીરી હાથ ધરી છે. ત્યારે શહેર રખડતાં પશુઓથી મુક્ત બને તે માટે જાહેર માર્ગો પર લીલા ઘાસચારોના વેચાણ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ડીસા નાયબ કલેક્ટર દ્વારા ફરીથી જાહેરનામું બહાર પાડી જાહેર માર્ગો પર ઘાસચારો વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો છે. જેથી ડીસા નગરપાલિકા દ્વારા આજથી શહેરના અલગ અલગ રાજમાર્ગો પર લીલો ઘાસચારો વેચતા લોકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

સવારથી જ નગરપાલિકાની ટીમ ઘાસચારો વેચતા સ્થળોએ પહોંચી લીલા ઘાસચારો જપ્ત કરી ટ્રેક્ટર મારફતે ગૌશાળામાં આપવામાં આવી રહ્યું છે. શહેરમા જાહેરમાં ઘાસચારાનું વેચાણ બંધ થાય તો પશુ માલિકો પણ પોતાના પશુઓને રોડ પર છુટા મૂકશે નહીં. નાયબ કલેક્ટરના જાહેરનામાનો અમલ કરવા માટે ડીસા નગરપાલિકાએ પોલીસ બંદોબસ્ત ફાળવવાની પણ માંગણી કરી છે. આઉપરંત ડીસા શહેર પોલીસ પણ સક્રિય બને તેવી લેખિતમાં રજૂઆત કરી છે. જેથી નગરપાલિકા અને પોલીસ બંને સક્રિય બની જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા લોકો સામે કડક કાર્યવાહી કરે તો પશુઓની સમસ્યાથી મહદઅંશે છૂટકારો મળી શકે તેમ છે.

અંકલેશ્વરના ઉદ્યોગકાર પાસેથી કેમિકલ મંગાવી

# ૩ ઉદ્યોગકારો સાથે રૂા. ૯૬ લાખની છેતરપિંડી કરનાર મુંબઈના ઠગની ધરપકડ

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વરના ઉદ્યોગકાર પાસે બલ્ક ડ્રગ કેમિકલ મંગાવી મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડ ૩ ઉદ્યોગકારોને ૯૬ લાખનો ચૂનો ચોપડનારા મુંબઈના એક ઠગ ઉદ્યોગકારની ધરપકડ કરી હતી. ગત ૨૪મી માર્ચના રોજ અંકલેશ્વરના ઉદ્યોગકારો દ્વારા ફરિયાદ નોંધાવી હતી. મહારાષ્ટ્રના થાણેની શુભમ એન્ટરપ્રાઈઝ, દહિસરની એસ.કે. ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ અને ઉત્તરાખંડની મેડિકો ફાર્મા કંપની અંકલેશ્વરની વંદના કેમિકલ કંપની સાથે ઠગાઈ કરી હતી. બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર જીઆઇડીસીની વંદના કેમિકલ્સના માલિક જગદીશ પટેલ જીઆઇડીસી પોલીસ મથકે નોંધાવી ફરિયાદ અનુસાર થાણે-મુંબઈના શુભમ એન્ટરપ્રાઈઝના લલીત રામપાલ શર્માએ તેઓ પાસેથી અલગ-અલગ પ્રોડક્ટ બલ્ક ડ્રગ માલ મંગાવી ૨૫,૩૫,૫૨૫ રૂપિયાનો ચેક કુરિયર મારફતે મોકલી આપ્યો હતો. જોકે, બેક્રમાં પૂરતું બેલેન્સ નહીં હોવાથી ચેક બાઉન્સ થયો હતો. આ જ રીતે દહીસર-મુંબઈના એસ.કે.ફાર્મા ઈન્ડસ્ટ્રીઝના સંદિપ સૈનીએ માલ મંગાવી ૫૦,૨૪,૪૪૦ રૂપિયાનો ચેક મોકલ્યા હતા તેમજ દહેરાદુનની મેડિકો ફાર્માના સુરજ મહેતાએ પણ બલ્ક ડ્રગ પ્રોડક્ટનો માલ મંગાવી ૨૦,૯૭,૪૫૦ રૂપિયાનો ચેક કુરિયર મારફતે મોકલી આપ્યો હતો. પરંતુ બેંક એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ નહીં હોવાથી ચેક બાઉન્સ થયા હતા. આમ ત્રણેય વેપારીઓએ વંદના કેમિકલ્સના માલિક જગદીશ પટેલીને કુલ ૯૬,૫૭,૪૧૫ ના ચૂકવીને ત્રણેય ઠગે ચૂનો લગાવ્યો હતો. આ ત્રણેય વેપારીઓને ટેલીફોનીક સંપર્ક કરતા ત્રણેયના ફોન બંધ આવી રહ્યા હતા. આ બાદ ત્રણેય વેપારીઓ પોતાના પરચેજ ઓર્ડરમાં જણાવેલ ઓફિસના સરનામે જઈ તપાસ કરતા તે નામની કોઈ ઓફિસ પણ નહીં હોવાનું જણાયું હતું, જે અંગે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી જેની તપાસ પી.આઈ. બી.એન સગર દ્વારા ઝીણવટભરી તપાસ કરી હતી અને ઉદ્યોગકાર જોડે છેતરપિંડી કરનાર મહાઠગો નું ટેક્નિકલ સર્વેલન્સ કર્યુ હતું જેમાં મોબાઈલ અને સોશિયલ મીડિયા પર નજર રાખતા લલિત રામપાલ શર્મા રાજસ્થાન કોટાથી મુંબઈ તરફ આવી રહ્યો હોવાના ચોક્કસ ઈનપુટ મળ્યા હતા જે ઈનપુટ વડોદરા આર.પી.એફ જોડે શેર કરી એક ટીમ વડોદરા રવાના થઇ હતી જ્યાં વડોદરા આર.પી.એફ.ની મદદથી અંતે ૨૫.૩૫ લાખનો ચૂનો ચોપદાર લલિત શર્માને આબાદ ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની વિધિવત ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જે આધારે અન્ય ૨ ઠગ ઉદ્યોગકારો જોડે તેની સાઠગાંઠ છે કે કેમ તેમજ કંપનીની પ્રોડક્ટ અને તેના રૂપિયા અંગે પૂછપરછ શરૂ કરી હતી તો અન્ય કોઈ જોડે ઠગાઈ કરી છે કે કેમ તેની તપાસ શરૂ કરી હતી.

# ડીસાના બે તબીબ સાથે રૂા. ૫૧.૨૦ લાખની ઠગાઈ કરનાર ગઠિયો ઝડપાયો

ડીસા, તા.૧૬

બનાસકાંઠામાં વધતા જતા સાઈબર ક્રાઈમથી પોલીસ ચિંતિત પોલીસે સાઈબર ફ્રોડથી બચવા લોકોને અપીલ કરી છે. બનાસકાંઠામાં ૧૨ માસમાં સાઈબર ગઠિયાઓએ એક જ ક્લિકથી લોકોના બે કરોડ ઉપરાંતની રકમ સેરવી લીધી છે. ઓનલાઈન છેતરપિંડીમાં ભોગ બનતા લોકોએ સાયબર ક્રાઈમમા ફરિયાદ પણ કરી છે. તો પોલીસે પણ અપીલ કરી છે કે, સોશિયલ મીડિયાના અને અન્ય માધ્યમથી ઓનલાઈન છેતરપિંડીથી બચવું જોઈએ. જો કે, ડીસાના તબીબ સાથે ઓનલાઈન છેતરપિંડીના આરોપીને સાયબર પોલીસે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ડીસાના બે તબીબો સાથે પણ ટ્રેડિંગના બહાને રૂા. ૫૧.૨૦ લાખની ઠગાઈ થઈ હતી. જો કે, બનાસકાંઠા સાઈબર ક્રાઈમે સુરતના પુણા ગામથી બીપીન સભાયાને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી છે. સમાચાર પત્રમાં આવેલી લિંક આ તબીબોએ ખોલી હતી અને તેઓ છેતરપિંડીનો ભોગ બન્યા હતા. ત્યારે પોલીસે પણ અપીલ કરી છે કે, વોટસઅપ ઉપર આવતી કોઈપણ અજાણી લિંકને ખોલવી જોઈએ નહિ. અને કોઈ પણ ફાઈલને ડાઉનલોડ ન કરવી જોઈએ. અત્યારના ડિજિટલ યુગમાં ઓનલાઈન છેતરપિંડી એ લોકોને જાગૃત થવા માટે બનાસકાંઠા જિલ્લા પોલીસવડા અક્ષયરાજ મકવાણાએ અપીલ કરી છે.છેલ્લા આઠ માસમાં ઓનલાઈન અને સોશિયલ મીડિયાને લગતા ૫૦ જેટલા કેસ નોંધાયા છે. ત્યારે લોકો વધુ રૂપિયા કમાવવાની લાલચ અને લોભામણી જાહેરાતો, ઓનલાઈન શપિંગ, ઓનલાઈન નોકરીમાં થતા ફ્રોડથી બચવા પોલીસ અપીલ કરી રહી છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **ઝરીનાબેન યાકુબ અહમદ** હતું તે બદલીને નવું નામ **પટેલ ઝરીનાબેન યાકુબભાઈ** કરેલ છે જેની નોંધ લેવી.

૨-૧૨૮ પીપલા ફળિયું મુ.પો. કોલવણા તા. આમોદ, જિ.ભરૂચ-૩૯૨૧૪૦

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY MINOR SON OLD NAME FROM **PATEL HASNAIN** TO NEW FULL NAME **PATEL HASNAIN MUHAMMED AJHARUDDIN** & MY MINOR SON WILL BE KNOWN AS NEW FULL NAME WHICH PLEASE NOTE.

**ADD :- MASJID FALIYU PO.MACHHASARA TAL. AMOD DIST. BHARUCH 392110 GUJARAT**

## બંને એકબીજાને પ્રેમ કરતા હતા

# નર્મદા કેનાલમાં સગીરા સાથે યુવકે લગાવી મોતની છલાંગ

### ફાયર ફાયટરની ટીમે શોધખોળ શરૂ કરી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

હાલોલ-વડોદરા રોડ પર ખંડીવાડા પાસેથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરનાર યુવક-સગીરાની હાલોલ ફાયર ફાયટરની ટીમે શોધખોળ શરૂ કરી હતી. બંને હાલોલ તાલુકાના હોવાનું જાણવા મળ્યું છે. યુવક અને સગીરા એકબીજાને પ્રેમ કરતા હતા. બંને સાથે રહી ન શકતાં બંનેએ સાથે મરવાનું નક્કી કર્યું અને એક બીજાનો ફોટો પોતાના સ્ટેટસમાં મૂક્યો અને કેનાલમાં કૂદીને આત્મહત્યા કરી લીધી.

યુવક સવારે ૧૦ વાગ્યે ઘરેથી નીકળીને હાલોલ પહોંચ્યો હતો. જ્યાંથી હાલોલ વડોદરા રોડ પર ખંડીવાડા પાસે પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં સગીરાને લઈ ગયો હતો. જ્યાં સરનેજ ગેટ પાસે કેનાલ પાસે બંનેએ ચપ્પલ ઉતારી કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. બંનેએ એકબીજાના હાથ બાંધી એકસાથે કેનાલમાં ઝંપલાવ્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કેનાલના ઉંડા પાણીમાં પડતાં જ પોતાને બચાવવા બૂમો પાડવાનું શરૂ કર્યું હતું. ત્યારે એક રાહદારીએ બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. યુવકે વાયરનો ટુકડો ફેંકીને તેને પકડી પણ લીધી હતી, પરંતુ સગીરા પાણીના પ્રવાહમાં વહી રહી હતી. તેના બંને હાથ બંધાયેલા હોવાથી યુવકને બચાવી શકાયો ન હતો અને તેણે સગીરા સાથે પાણીમાં વહેવાનો નિર્ણય લીધો હતો.

નહેરનો ભાગ જરોદ પોલીસ મથકના આસોજ આઉટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાગતો હોવાથી જરોદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. હાલોલ ફાયર ફાઈટરની ટીમ યુવક-યુવતીની શોધખોળ કરી રહી છે. ત્યારે નહેર ઉપર ઉજેતીથી યુવકના પરિવારજનો અને હાલોલથી યુવતીના પરિવારજનો સહિત મોટી સંખ્યામાં લોકટોળા એકત્ર થયા હતા.

# શહેરના કોટ વિસ્તારમાં AMC દ્વારા પાણી અને ડ્રેનેજ લાઈન નાખવામાં આવશે

### ૨૪૧ કરોડના ખર્ચે ૬ વિસ્તારમાકામગીરી થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૪૧.૬૭ કરોડના ખર્ચે પાણી અને ડ્રેનેજની લાઈન નાખવાનું આયોજન કરાયું છે. શહેરના કોટ વિસ્તાર કહેવાતા એવા જમાલપુર, ખાડિયા, રાયપુર, શાહપુર, દરિયાપુર સહિતના વિસ્તારોમાં અવારનવાર પ્રદૂષિત પાણી આવતું હોવા અંગેની કાર્યવાહી કરાઈ છે. પ્રદૂષિત પાણીની સમસ્યાના ઉકેલ માટે બે વખત ટેન્ડર કર્યા બાદ પણ કોઈ કંપની દ્વારા મધ્ય ઝોનમાં પાણીની લાઈનો બદલવાની કામગીરી કરવા તૈયાર ન હોય તેમ ટેન્ડર ભરતા નથી. જેના કારણે કોર્પોરેશન દ્વારા ત્રીજી વખત ટેન્ડર બહાર પાડ્યુ છે. કોટ વિસ્તારમાં નાના રસ્તા અને સાંકળી ગલીઓ હોવાના કારણે ત્યાં મશીનરી યોગ્ય રીતે પહોંચી શકતી નથી અને મોટું કામ કરવાનું હોવાના કારણે વધારે સમય થઈ શકે તેમ હોવાના કારણે કોન્ટ્રાક્ટરો કામ કરવા તૈયાર ન હોવાનું જાણવા મળ્યું છે. કોટ વિસ્તારમાં ૧૦૦ વર્ષ જૂની લાઈનો આવેલી છે. જેમાં ગટર અને પાણીની લાઈનોમાં ભંગાર અથવા અન્ય કોઈ કારણોસર બંને મિક્સ થઈ જતું હોવાથી પ્રદૂષિત પાણી આવે છે. ઝોનમાં વધારે ચાલીઓ, પોળ અને સ્લમ વિસ્તારમાં આવી તકલીફ હોવાના કારણે ગટર તેમજ પાણીની સપ્લાય લાઈન બદલવામાં આવશે. જેના માટે બે વખત ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે. ૨૪૦ કરોડથી વધુના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન કામગીરી કરવાની છે, પરંતુ ટેન્ડર પ્રક્રિયામાં કોઈ કંપની ટેન્ડર ન ભરતું હોવાથી કામગીરી થઈ શકી નથી. જો પાણીની પાઈપો બદલાઈ જાય તો ગટર અને પ્રદૂષિત પાણીની સમસ્યાથી રાહત મળી શકે છે.

**કયા વોર્ડમાં કેટલો ખર્ચ થશે**

| વોર્ડ | ખર્ચ(કરોડમાં) |
|---|---|
| જમાલપુર | ૨૯.૩૧ |
| દરિયાપુર | ૪૧.૭૬ |
| શાહીબાગ | ૨૭.૮૯ |
| ખાડિયા | ૩૮.૩૫ |
| અસારવા | ૪૬.૮૪ |
| શાહપુર | ૫૭.૫૨ |
| કુલ | ૨૪૧.૬૭ |

## અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત સમર કેમ્પનું સમાપન સત્ર સંપન્ન

# શિક્ષણની સાથોસાથ બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમત પણ આવશ્ય : સીએમ

### ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી બાળકોને દૂર રાખવા માટે સમરકેમ્પ જેવા આયોજનો જરૂરી : મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજિત 'સમર કેમ્પ ૨૦૨૪'નું સમાપન સત્ર યોજાયું હતું. અમદાવાદના શેલામાં સ્થિત ઔડા ઓડિટોરિયમમાં આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ હળવા અંદાજમાં સંબોધન કરતા જણાવ્યું કે, વર્તમાન સમયમાં બાળકોને ટીવી, મોબાઈલ સહિતનાં ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી દૂર રાખવા એ વાલીઓ માટે ખૂબ મોટો પડકાર બની ગયો છે. તેવામાં સમર કેમ્પ જેવાં આયોજન થકી બાળકો ગેજેટ્સથી દૂર રહી રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયાં, એ આનંદની બાબત છે. બાળકો માટે આવાં જરૂરી છે. શિક્ષણની સાથોસાથ બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમત પણ આવશ્યક છે.




સમર કેમ્પના આયોજકોને અભિનંદન પાઠવીને મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના પોલીસ લાઈનમાં સાકાર થાય છે. જ્યાં વિવિધ પ્રદેશ અને સમુદાયમાંથી આવતા પોલીસ જવાનોના પરિવારો હળીમળીને રહે છે. બાળકો એકબીજાની વધુ નજીક લાવવા અને પરિવાર ભાવનાને મજબૂત કરવાનું સબળ માધ્યમ છે.

આ અવસરે સ્વાગત પ્રવચન કરતા શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું હતું કે, આ સમર કેમ્પથી બાળકોમાં કળા - કૌશલ્યનો વિકાસ થયો છે. જેની ખુશી બાળકો અને તેમના વાલીઓના ચહેરા પર જોવા મળી રહી છે. આ ઉપરાંત ચાલુ વર્ષે અમદાવાદ શહેરમાં ગુનાખોરીમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જેનો શ્રેય તેમણે અમદાવાદના તમામ પોલીસ અધિકારી - કર્મચારીઓને આપ્યો હતો.

કેમ્પ વિશે પ્રતિભાવ આપતા ઓઢવ પોલીસ લાઈનની વિદ્યાર્થિની માહી મોરીએ કહ્યું કે, અમને સમર કેમ્પમાં ખૂબ મજા આવી. બાળકીએ કાલીઘેલી ભાષામાં સમર કેમ્પ દર વર્ષે યોજવા અપીલ પણ કરી હતી. એક વાલી અલકાબહેન ત્રિવેદીએ જણાવ્યું કે, શિક્ષણની સાથે કૌશલ્ય વિકાસ પણ ખૂબ જરૂરી છે. સમગ્ર સમર કેમ્પમાં પોલીસ વિભાગે બાળકોનું વિશેષ ધ્યાન રાખ્યું. આ આયોજનથી બાળકોમાં અનેક સુટેવો વિકસી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૬/૦૫/૨૦૨૪ના રોજ પહેલો સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ શહેરની વિવિધ ૧૫ પોલીસ લાઈનમાં સમર કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ૬૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. સમર કેમ્પમાં સેલ્ફ ડિફેન્સ, માર્શલ આર્ટ, ડ્રોઈંગ, પેપર ક્રાફ્ટ, પેઈન્ટિંગ, સંગીત, નૃત્ય, કેલિગ્રાફી, કમ્પ્યૂટર તાલીમ, યોગ સહિતની તાલીમો અને સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

## રાજયમાં સ્વામીઓ દ્વારા દુષ્કર્મની વધતી ફરિયાદો મામલે કોંગ્રેસના પ્રહારો

# દુષ્કર્મના ગંભીર ગુના માટે ભાજપ અને હવસખોરો એક બીજાના પૂરક

### સંપ્રદાય, ધાર્મિક સંસ્થાના વડા-ટ્રસ્ટી સામે પણ ફોજદારી કાર્યવાહી કરવા માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

રાજયમાં દિવસેને દિવસે સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામીઓની સામે દુષ્કર્મની ફરિયાદો વધી રહી છે. અને પીડિત મહિલાઓ ન્યાય માટે ભટકી રહી છે. ત્યારે બીજી તરફ સરકાર અને તંત્ર સાથે હુંફાળા સંબંધોને કારણે આવા બનાવોને દબાવી દેવામાં હવસખોરો સફળ થાય છે તેવા આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા મનહર પટેલે વધુમાં આ અંગે જણાવ્યું હતું કે હકીકત એ છે કે, દુષ્કર્મના ગંભીર અપરાધો માટે ભાજપા સરકાર અને હવસખોરો એક બીજાના પૂરક છે એટલે ગુનેગારો નિર્ભય છે અને કહેવાતો સાધુ સમાજ અને ભદ્ર સમાજના જવાબદાર લોકો મૌન ધારણ કરીને બેઠો છે. ઉપરાંત મહિલા દુષ્કર્મ જેવા ગંભીર ગુના સામે લડતા વિપક્ષને નબળુ સમર્થન એ રાજયનું સૌથી મોટું દુર્ભાગ્ય છે. ગુજરાતમાં સમયાંતરે અનેક મહિલાઓ દુષ્કર્મનો અને બળાત્કારનો ભોગ બનતી રહે છે. પરંતુ સત્તા પક્ષના સાંસદો/ધારાસભ્યો/ સંપ્રદાયોના વડાઓ/ સમાજના ધનના ઢગલાથી ઉભા કરાયેલ ધામોના વડાઓ/ધર્મ સંસ્થાઓ ગાદીપતિઓ/વિધાધામોના આચાર્યો/ કોર્પોરેટસ કે સમાજના કહેવાતા ભદ્ર સમાજના આજ્ઞાંકિત વિદ્વવાનો પૈકી કોઈએ કયારેય નિંદા કરતું કોઈ નિવેદન ન કર્યું કે ન સરકારની મહિલા સુરક્ષાની કાર્ય પદ્ધતિ ઉપર સવાલ કર્યા ? ધાર્મિક સેવા, ધર્મ, શિક્ષણ ક્ષેત્ર કે કોઈપણ ખૂણે આ હવસખોર બાવા, સાધુ, વ્યકિતને ઉર્જા કોણ ભરે છે ? તેવો પ્રશ્ન કરતા પ્રવકતાએ રાજય સરકારે સમક્ષ માંગ કરી છે કે કોઈપણ સંપ્રદાય, ધર્મ સંસ્થા, ગુરૂકૂળોમાં ઘટતીમહિલા દુષ્કર્મ ઘટનાની ફરિયાદ માટે જે તે સંસ્થાના વડા, ટ્રસ્ટીઓને પણ દુષ્કર્મ જેટલા જ ગુનાના ભાગીદાર ગણીને તેના પર ફોજદારી કાર્યવાહી કરવામાં આવે.

# વડતાલ : સ્વામિનારાયણ સંપ્રદાયના લંપટ સાધુ મામલે ભગવાન સેના પણ મેદાનમાં ઉતરી પડી

નડિયાદ, તા.૧૬

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની લંપટ લીલાઓ મામલે વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાન સેના દ્વારા પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની એક પછી એક સામે આવતી લંપટ લીલાઓ મામલે સંપ્રદાયના હરિભક્તોમાં રોષ ફાટી નીકળ્યા છે. આ તરફ રાષ્ટ્રીય ભગવાન સેનામાં પણ આ મામલે ભારે રોષ ફેલાયો છે. ભગવાન સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલ રાવલ અને કાર્યકરોએ વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે દોડી આવી મંદિર પરિસરમાં સંપ્રદાયના સાધુઓની લંપટ લીલાઓ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સાથે ભગવાન સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલ રાવલે મંદિરના મુખ્ય કોઠારી સંત સ્વામી સાથે મુલાકાત કરી સંપ્રદાયના લંપટ સાધુ પર શું કાર્યવાહી કરી છે તેનો જવાબ માગ્યો હતો એમ જાણવા મળ્યું છે. સાથે આ દરમિયાન રાષ્ટ્રીય ભગવાન સેનાના અધ્યક્ષ કમલ રાવલે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની બહાર આવેલ લંપટ લીલાઓ હિન્દુ ધર્મ માટે લાંછન નહીં પરંતુ કલંક લગાડતી આ ઘટનાઓ છે તેમ જણાવ્યું હતું.

## ભારતીય વાયુસેના દ્વારા કારગીલ વિજયની રજતજયંતિ નિમિત્તે રેલીનું આયોજન

# દ્વારકાથી નીકળેલ બાઈક સવારો બે દિ' વિશ્રામ બાદ અમદાવાદથી થયા રવાના

અમદાવાદ, તા.૧૬

પૌરાણિક શહેર દ્વારકાથી પ્રારંભ થયેલી બાઈક રેલીના જવાનો ૨ દિવસ અમદાવાદ આર્મી કેમ્પમાં વિશ્રામ માટે રોકાયા હતા. જેથી આજે ૨ દિવસ પૂર્ણ થયે અમદાવાદ આર્મી કેમ્પ ખાતે તેઓને આગળના સ્થળે રવાના કરવા માટે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં જનરલ નેશનલ કેડેટ કોરના એડિશનલ ડાયરેક્ટર મેજર જનરલ રમેશ સનમુઘમ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે ડાયરેક્ટર જનરલ નેશનલ કેડેટ કોર મેજર જનરલ રમેશ સનમુઘમે આર્મીના બાઈક સવારોની આગળની યાત્રા સુરક્ષિત બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી અને કારગિલ યુદ્ધ સમયે શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી તેમજ શૂરવીરોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

બાઈક સવારોને સસન્માન રવાના કરવામાં આવ્યા હતા. આ બાઈક સવારો અમદાવાદ આર્મી કેમ્પના ૨ દિવસના વિશ્રામ બાદ હવે આગળના સ્થળ ઉદયપુર આર્મી કેમ્પ માટે રવાના થયા છે.

અત્રે ઉલ્લખનીય છે કે, કારગિલ વિજયની ૨૫મી વર્ષગાંઠની સ્મૃતિમાં તેમજ કારગિલ યુદ્ધના શૂરવીરોના શૌર્ય અને બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ભારતીય સેના અને રેજિમેન્ટ ઓફ આર્ટિલરી દ્વારા એક મોટરસાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેજિમેન્ટ ઓફ આર્ટિલરીએ 'ઓપરેશન વિજય'ની સફળતામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી અને આ રેલી તેમના મહત્ત્વપૂર્ણ યોગદાન પર પ્રકાશ પાડે છે. તેમજ આપણા બહાદુર સૈનિકોના વારસાને સન્માન આપે છે. આ કાર્યક્રમમાં અમદાવાદ આર્મી કેમ્પના બ્રિગેડિયર, કર્નલ, કેપ્ટન, મેજર, જવાનો, નિવૃત્ત આર્મીમેન, NCCના વિદ્યાર્થીઓ સહિતના અનેક લોકો તેમજ શહીદ થયેલ સૈનિકોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઘરમાં રહેલ ગેસ ગીજર ચાલુ રહી જતા ઘટના બની હતી

# ઝેરી ગેસ શ્વાસમાં ભળતા એક જ પરિવારના ચાર લોકોનાં મોત થયા હતા

સુરત, તા.૧૬

સુરતમાં એક જ પરિવારના ચાર લોકોના શંકાસ્પદ મોતને લઈને ચકચાર મચી હતી. આ ચાર લોકોના શંકાસ્પદ મોત મામલે મોટો ખુલાસો થયો છે. પ્રાથમિક તબક્કે ઝેરી ગેસ શ્વાસમાં ભળવાથી મોત થયાનો ખુલાસો સામે આવ્યો છે. ઘરમાં રહેલ ગેસ ગીઝર ચાલુ રહી જતા આ ઘટના બની હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થતા શંકાસ્પદ મોત કે સામુહિક આપઘાતની અટકળોનો અંત આવ્યો છે. બનાવની વિગત અનુસાર શનિવારના રોજ સુરતના મોટા ભાગળ વિસ્તારમાં રાજહંસ કોઓપરેટીવ લિમિટેડ સોસાયટીના બિલ્ડીંગમાં એક જ પરિવારના ચાર લોકોના ઘરમાંથી મૃતદેહ મળી આવ્યા હતા. રાત્રે પરિવારના સભ્યો સુઈ ગયા પછી ઉઠ્યા જ ન હતા. માટે તે લોકોના મૃત્યુનું રહસ્ય ઘેરાયુ હતુ. સામૂહિક આપઘાતની શંકા સેવાઈ રહી હતી ત્યારે પોલીસ તપાસ દરમિયાન ઘરમાં ગેસ ગીજર ચાલુ રહી જતા આ ઘટના બની હતી.ઝેરી ગેસ શ્વાસમાં ભળવાથી મોત થયાનો ખુલાસો થયો છે. કાર્બન મોનોક્સાઈડ લોહીમાં ભળતા ઓક્સિજનનો પ્રવાહ અવરોધાયો હતો જેને પરિણામે ગુંગણામણ થતા ચાર લોકોના મોત થયા હોવાનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું છે. સ્થળ પરથી જશુબેન કેશુભાઈ વાઢેર, ગૌરીબેન હીરાભાઈ મેવાડા, શાંતાબેન નાનજીભાઈ વાઢેર અને હીરાભાઈ રત્નાભાઈ મેવાડાના મૃતદેહ મળ્યા હતા. જેમાં જશુબેન ગૌરીબેન અને શાંતાબેન સગી બહેનો હતા. જશુબેન વાઢેર તેના નાના દીકરા રાકેશ અને પુત્રવધુ સાથે રહેતા હતા, જ્યારે પુત્ર અને પુત્ર વધુ ફરવા ગયા હતા.

## એક કિલો સોનાની લૂંટમાં મોટો ખુલાસો

# કાગડાપીઠ વિસ્તારમાં લૂંટ બાદ આરોપીએ જ ફરિયાદ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

શહેરના કાગડાપીઠ વિસ્તારમાંથી એક કિલો સોનાના દાગીનાની લૂંટના કેસમાં મોટો ખુલાસો થયો છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે લૂંટના કેસનો ફરિયાદી જ આરોપી છે. પોલીસે CCTV કેમેરાની તપાસ કરતાં લૂંટની ખોટી કહાનીનો ભાંડાફોડ થયો છે.

ફરિયાદી ધર્મ ઠક્કરે તેના ૨ મિત્રો સાથે મળીને નકલી લૂંટનો પ્લાન બનાવ્યો હતો. નકલી લૂંટનો ફરિયાદી ધર્મ ઠકકર માણેકચોકથી એક કિલો સોનું લઈને નીકળ્યો હતો. આ પછી

### પોલીસ તપાસમાં ઘટસ્ફોટ

તેને ત્યાંથી ગીતા મંદિર નજીક પહોંચીને ત્યાં ઉભેલા ૨ મિત્રોને સોનું આપી દીધું હતું. આ ઘટનાના CCTV દૃશ્યો સામે આવ્યા છે. ધર્મ ઠકકર જમાલપુરના અશરફી જ્વેલર્સમાં કામ કરે છે. આરોપી ધર્મ ઠકકરે બે મિત્રો સાથે મળી ખોટી લૂંટનો પ્લાન બનાવ્યો. ધર્મ ઠક્કરે કબૂલ્યું છે કે તેને પૈસાની જરૂર હતી, જેથી તેને મિત્રો સાથે મળીને લૂંટનો ખોટો પ્લાન બનાવ્યો હતો. ધર્મ ઠકકર માણેકચોકથી એક કિલો સોનું લઈ નીકળ્યો હતો. ગીતા મંદિર નજીક બે મિત્રો ખોટી લૂંટના પ્લાન માટે ઉભા હતા. પ્લાન કરવા ઉભા રહ્યા હોવાનો સીસીટીવીમાં ભાંડો ફૂટ્યો હતો. ત્યારે હવે કાગડાપીઠ પોલીસે ત્રણ આરોપીની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે.

# ગોવાથી ૭૮.૦૯ લાખનો દારૂનો જથ્થો ભરી આવતી ટ્રક હાલોલ-વડોદરા રોડ પરથી ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

સ્ટેટ મોનિટરિંગ સેલે ફરી વડોદરા ગ્રામ્યમાં સપાટો બોલાવ્યો છે. ગોવાથી ૭૮.૦૯ લાખના વિદેશી દારૂ ભરીને આવેલા ટ્રકને એસએમસીની ટીમે હાલોલ વડોદરા રોડ પર આવેલા એક પેટ્રોલ પંપના પાર્કિંગમાંથી ઝડપી પાડ્યો હતો. દારૂ ભરીને લાવનાર ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી મોકલનાર સહિત ત્રણ જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. દારૂનો જથ્થો, ટ્રક, બે મોબાઈલ અને રોકડ મળી રૂા.૧.૦૮ કરોડનો મુદ્દામાલ કબજે કરીને જરૂર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે. ૧૫ જૂનના રોજ રાત્રિના સમયે હાલોલ વડોદરા રોડ પર હોટલ વે વેઈટ શિવાંશ પાસેના પેટ્રોલ પંપના પાર્કિંગમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ભરેલ ટ્રક ઉભેલો છે તેવી બાતમી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને મળી હતી. જેના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઈ એસ આર શર્મા સહિતની ટીમે હાલોલ વડોદરા રોડ પરના પેટ્રોલપંપ પર રેડ કરી હતી. દરમિયાન પાર્કિંગમાંથી એક ટ્રક ઝડપાયો હતો. જેમાં તપાસ કરતા બે શખ્સો બેઠેલા હતા. જેથી તેમને નીચે ઉતારી ટ્રકમાં પાછળ તપાસ કરતા રૂા.૭૮.૦૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એસએમસીની ટીમે ચાલકને પાલસિંહ મહોબતસિંહ સિસોદિયા અને ભોપાલસિંહ ઉર્ફે ભુપેન્દ્રસિંહ જ્ઞાનસિંહ ચૌહાણ (બંને રહે.રાજસ્થાન)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે વિક્રમ રૂપે જય શ્રી રામ સહિત ત્રણ જણાને વોન્ટેડ જાહેર કર્યા છે. એસએમસીએ વિદેશી દારૂનો જથ્થો રૂા.૭૮.૦૯ લાખ, ટ્રક રૂા.૩૦ લાખ, બે મોબાઈલ રૂપિયા ૧૦ હજાર અને રોકડા ૧૪ હજાર મળી રૂા.૧.૦૮ કરોડોનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી માટે જરૂર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરવામાં આવ્યો છે.

### સ્ટેનલી લાઈફસ્ટાઈલનો IPO ૨૧ જૂને ખૂલશે

અમદાવાદ, તા.૧૬

બેંગ્લુરૂ સ્થિત, સુપર-પ્રિમિયમ અને લક્ઝરી ફર્નિચર બ્રાન્ડ, સ્ટેનલી લાઈફસ્ટાઈલ લિમિટેડ તેની પ્રારંભિક જાહેર ઓફર (IPO)ની જાહેરાત કરી છે. રૂા. બે ફેસ વેલ્યુના પ્રત્યેક ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ રૂા.૩૬૯ રૂપિયા નક્કી કરવામાં આવી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર 'IPO' અથવા 'ઓફર' શુક્રવારે (૨૧ જૂન ૨૦૨૪) સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને મંગળવારે (૨૫ જૂન ૨૦૨૪) બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૪૦ ઈક્વિટી શેર માટે બિડ કરી શકે છે.

### શહેરમાં 'હમારે રામ' પ્લેનું મંચન કરાશે

અમદાવાદ,તા.૧૬

ભારતની અગ્રણી થિયેટર કંપની, ફેલિસિટી થિયેટર હમારે રામ રજૂ કરે છે જે મહાકાવ્ય પ્રમાણનો થિયેટર એક્સ્ટ્રાવેગેન્ઝા છે. ગૌરવ ભારદ્વાજ દ્વારા દિગ્દર્શિત, આ ભવ્ય ઓપસ રામાયણના અભૂતપૂર્વ દશ્યો દર્શાવે છે. જે સ્ટેજ પર અગાઉ કયારેય બતાવવામાં આવેલ નથી. બોલિવુડના અગ્રણી આશુતોષ રાણાએ રાવણની આઈકોનિક ભૂમિકા ભજવી છે. હમારે રામનું પ્રિમિયર ૨૨ અને ૨૩ જૂન ૨૦૨૪ના રોજ અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં થશે. શ્રાવ્ય અનુભવને શ્રેષ્ઠ બનાવવા ગાયકો કૈલાશ ખેર, શંકર મહાદેવન અને સોનુ નિગમે હમારે રામ માટે વિશિષ્ટ રીતે રચાયેલી મૂળ રચનાઓમાં તેમના અવાજોનું યોગદાન આપ્યું છે.

# શહેરમાં એથર એનર્જીનું પ્રથમ ફેમિલી ઈવી સ્કૂટર લોન્ચ




અમદાવાદ,તા.૧૬

ભારતની અગ્રણી ઈલેક્ટ્રીક સ્કૂટર ઉત્પાદકોમાંથી એક એથર એનર્જીએ અમદાવાદમાં તેની મીટ રિઝટા ઈવેન્ટ યોજી હતી. ઈવેન્ટ દરમ્યાન, એથરનું નવું ફેમિલી સ્કૂટર, રિઝટા અને હેલ્લો હેલ્મેટ તેના કોમ્યુનિટી મેમ્બર્સ અને ઈવી ઈચ્છુકોની સામે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્રસાંગે એથર એનર્જીના કો-ફાઉન્ડર તરૂણ મહેતા એ જણાવ્યું હતું કે અમદાવાદમાં ઉછરેલા વ્યકિત તરીકે મેં અહીં પરિવારો માટે સ્કૂટરની ઉપયોગીતા જોઈ છે, સ્કૂટરનો ઉપયોગ પરિવારના બહુવિધ સભ્યો દ્વારા વિવિધ જરૂીયાતો માટે કરવામાં આવે છે. તેથી જયારે અમે રિઝટા વિકસાવી, ત્યારે અમારૂં ધ્યાન કુટુંબની જરૂરિયાતોને પ્રાથમિકતા એની સલામતી, આરામ અને સગવડ પર આપવાનું હતું આ રિઝટાને ગુજરાતના બજાર માટે સંપૂર્ણ ફિટ બનાવે છે. પ્રારંભિક રિસ્પોન્સ ઘણો સારો રહ્યો છે, અને અમે અ ટ્રેન્ડ ચાલુ રાખવાની અપેક્ષા રાખીએ છીએ.

### ‘સ્ટ્રેપ્ટોકોકલ ટોક્સિક શોક સિન્ડ્રોમ’ જેનો મૃત્યુદર ૩૦ ટકા છે

# હવે માંસને ખાઈને મનુષ્યને ૪૮ કલાકમાં મોતને ઘાટ ઉતારી શકે તેવો દુર્લભ બેક્ટેરિયા જાપાનમાં ફેલાઈ રહ્યો છે

(એજન્સી) તા.૧૬

શું તમે એક એવા દુર્લભ બેક્ટેરિયાના અસ્તિત્વ વિશે જાણો છો જે માનવ માંસને ખાઈ જઈને ૪૮ કલાકમાં તેના જીવનને ખતમ કરી શકે છે? ટોક્યોથી આવી રહેલા નવીનતમ અહેવાલો અનુસાર જાપાન આ બેક્ટેરિયાથી થતાં રોગ સામે લડી રહ્યું છે.

બ્લૂમબર્ગના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, સ્ટ્રેપ્ટોકોકલ ટોક્સિક શોક સિન્ડ્રોમ (STSS) જે એક દુર્લભ ‘માંસ ખાનારા બેક્ટેરિયા’ને કારણે થતો રોગ છે. આ રોગનો જાપાનમાં વધારો થઈ રહ્યો છે. આ વર્ષે અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૨૦૨૩માં દેશમાં STSSના ૯૪૧ જેટલા કેસો નોંધાયા હતા, જ્યારે ૨ જૂન સુધીના કેસોની સંખ્યા વિક્રમજનક ૯૪૧ છે. ડેટાનો શ્રેય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફેકશિયસ ડિસીઝને આપવામાં આવ્યો હતો, જે સદીના પ્રારંભથી આ રોગની ઘટનાઓ પર નજર રાખી રહી છે. અહેવાલમાં ઉમેર્યું હતું કે, સ્ટ્રેપ્ટોકોકલ ટોક્સિક શોક સિન્ડ્રોમ મૃત્યુદર ૩૦ ટકા ધરાવે છે અને ટોક્યો વર્ષના અંત સુધીમાં ૨૫૦૦ જેટલા કેસ માટે તૈયારી કરી રહ્યું છે. આરોગ્ય વ્યવસાયિકોના મતે તે ૫૦ વર્ષથી વધુ વયના લોકો છે જે બેક્ટેરિયા માટે સૌથી વધુ સંવેદનશીલ હોય છે.

**સ્ટ્રેપ્ટોકોકલ ટોક્સિક શોક સિન્ડ્રોમ શું છે ? :**

મેયો ક્લિનિકની વેબસાઈટ અનુસાર ઝેરી શોક સિન્ડ્રોમ એ ચોક્કસ પ્રકારના બેક્ટેરિયલ ચેપની એક દુર્લભ, જીવલેણ જટિલતા છે. ઘણીવાર ટોક્સિક શોક સિન્ડ્રોમ સ્ટેફાયલોકોક્સ ઓરિયસ (સ્ટેફ) બેક્ટેરિયા દ્વારા ઉત્પાદિત ઝેરથી પરિણમે છે, પરંતુ આ સ્થિતિ જૂથ A સ્ટ્રેપ્ટોકોક્સ (સ્ટ્રેપ) બેક્ટેરિયા દ્વારા



ઉત્પાદિત ઝેરને કારણે પણ થઈ શકે છે. અચાનક ખૂબ તાવ આવવો, તમારી હથેળીઓ અને તળિયા પર, સનબર્ન જેવી ફોલ્લીઓ થવી, લો બ્લડ પ્રેશર રહેવું, ઉલટી અથવા ઝાડા થવા, સોજો આવી જવો અને સ્નાયુઓમાં દુઃખાવો થવો, આ રોગના લક્ષણો છે. એક જાપાની તબીબી સ્ત્રોતે બ્લૂમબર્ગને અહેવાલ આપ્યો હતો કે, જો દર્દીને સવારે પગમાં સોજો દેખાય છે તો તે બપોર સુધીમાં ઘૂંટણ સુધી વિસ્તરી શકે છે. તે/તેણીનું જીવન ૪૮ કલાકની અંદર સમાપ્ત થઈ શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૨ના અંતમાં ઓછામાં ઓછા પાંચ યુરોપિયન દેશોએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)ને આક્રમક જૂથ છ સ્ટ્રેપ્ટોકોક્સ (iGAS) રોગના કેસોમાં વધારો નોંધાવ્યો હતો, જેમાં STSSનો સમાવેશ થાય છે. ડબ્લ્યુએચઓએ કહ્યું કે, કોવિડ પ્રતિબંધોના અંત પછી કેસોમાં વધારો થયો છે.

# જો TDP લોકસભાના સ્પીકર પદની ચૂંટણી લડશે તો ઈન્ડિયા ગઠબંધન તેને સમર્થન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે : સંજય રાઉત

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે રવિવારના રોજ જણાવ્યું હતું કે, વિપક્ષ ઈન્ડિયા જૂથના તમામ ભાગીદારો સત્તાધારી સહયોગી તેલુગુ દેશમ પાર્ટી (TDP)ને સમર્થન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે જો તે લોકસભા સ્પીકરની ચૂંટણી માટે ઉમેદવાર ઉભા કરશે.

અહીં પત્રકારો સાથે વાત કરતા, રાઉતે દાવો કર્યો હતો કે, લોકસભા સ્પીકરની ચૂંટણી નિર્ણાયક હશે અને જો ભાજપને આ પદ મળે છે, તો તે TDP, JD(U) અને ચિરાગ પાસવાન અને જયંત ચૌધરીના રાજકીય સંગઠનો જેવા સરકાર સમર્થક પક્ષોને તોડી નાખશે.

રાઉતે દાવો કર્યો હતો કે, અમને એવો અનુભવ છે કે જે લોકો તેને સમર્થન આપે છે તેમને ભાજપ દગો આપે છે.

તેમણે કહ્યું, મેં સાંભળ્યું છે કે TDP તેના ઉમેદવારને મેદાનમાં ઉતારવા માંગે છે. જો આવું થાય, તો ઈન્ડિયા જૂથ ભાગીદારો આ મુદ્દા પર ચર્ચા કરશે અને ખાતરી કરવાનો પ્રયાસ કરશે કે તમામ ઈન્ડિયા ગઠબંધન ભાગીદારો TDPને સમર્થન આપે.

રાજ્યસભાના સભ્યએ જણાવ્યું હતું, વિપક્ષને નિયમ મુજબ ડેપ્યુટી સ્પીકરનું પદ મળવું જોઈએ.

તેમણે દાવો કર્યો કે NDA સરકાર સ્થિર શાસન નથી.

લોકસભાની ચૂંટણી પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કેટલાક નેતાઓ દ્વારા ભાજપ પર કરવામાં આવેલા તાજેતરના નિવેદનો વિશે પૂછવામાં આવતા, રાઉતે કહ્યું કે, જો RSS ભૂતકાળની ભૂલો સુધારવા માંગે તો તે સારૂં છે.

૭ જૂને સંસદના સેન્ટ્રલ હોલમાં નેશનલ ડેમોક્રેટિક



એલાયન્સની બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને NDA સંસદીય દળ, ભાજપ સંસદીય દળ અને લોકસભામાં ભાજપના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

રાઉતે દાવો કર્યો હતો કે, મોદીને NDA સંસદીય બેઠકમાં નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા, ભાજપ સંસદીય દળની બેઠકમાં નહીં.

ભાજપ સંસદીય દળની બેઠક થઈ ન હતી. જો ભાજપની સંસદીય બેઠકમાં નેતૃત્વનો મુદ્દો આવ્યો હોત, તો પરિણામ અલગ હોત. તેથી, મોદીને NDA સંસદીય બેઠકમાં નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ એક ગંભીર બાબત છે.

# ખ્રિસ્તી પૂર્વેના યુરોપમાં યહૂદીઓની પેટર્નની જેમ ગુજરાતમાં ધર્મના આધારે મુસ્લિમો અલગાવનો સામનો કરી રહ્યા છે, શું તે ભારત માટે ગર્વ અનુભવવા જેવું છે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીમાં ભાષણ આપી રહ્યા હતા અને એવું જણાવતા હતા કે ભારતના ચૂંટણી પરિણામો "લોકશાહી વિશ્વની જીત" છે, ત્યારે ગુજરાતના હરણી વિસ્તારમાં રેસીડેન્સી કોઓપરેટિવ હાઉસિંગ સર્વિસીસ સોસાયટી લિમિટેડના લગભગ ત્રણ ડઝન રહેવાસીઓએ એક મુસ્લિમ મહિલાને તેના ધર્મના આધારે ફલેટ ફાળવણીનો વિરોધ કર્યો હતો. આ સોસાયટીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ ઓછી આવક ધરાવતા લોકો માટે વિકસાવવામાં આવી છે. આ ૪૪ વર્ષીય મુસ્લિમ મહિલા જેઓ ઉદ્યોગ સાહસિકતા અને કૌશલ્ય વિકાસ મંત્રાલયની કર્મચારી છે, તેમને આ હાઉસિંગ કોમ્પ્લેક્ષમાં ડ્રો પ્રક્રિયા દ્વારા એક એપાર્ટમેન્ટ ફાળવવામાં આવ્યો હતો. આ ફાળવણી સામે વિરોધ શરૂ થયો છે. વિરોધીઓ માંગ કરી રહ્યા છે કે મુસ્લિમ મહિલાને ફાળવણી રદ કરવામાં આવે કારણ કે તેણી અન્ય રહેવાસીઓ માટે સંભવિત ખતરો અને ઉપદ્રવ છે. સોસાયટીમાં કુલ ૪૬૧ ફલેટ છે અને સમગ્ર હાઉસિંગ કોમ્પ્લેક્ષમાં આ મહિલા એકમાત્ર મુસ્લિમ છે. વિરોધીઓ એટલા ઉત્સાહિત છે કે તેઓએ વડોદરા જિલ્લા કલેક્ટર, VMC મ્યુનિસિપલ કમિશનર, VMC મેયર અને વડોદરા પોલીસ કમિશનરને લેખિતમાં જણાવ્યું છે કે આ મહિલાને કરવામાં આવેલી ફાળવણી "અમાન્ય" છે અને તેને અન્ય હાઉસિંગ સોસાયટીમાં મકાન ફાળવવામાં આવે. હિંદુ વિરોધીઓનું કહેવું છે કે આ હિંદુ બહુમતી ધરાવતો વિસ્તાર છે અને લગભગ ચાર કિલોમીટરના પરિઘમાં કોઈ મુસ્લિમ વસવાટ નથી અને સંકુલમાં તેની હાજરી રહેવાસીઓના શાંતિપૂર્ણ જીવનને ખલેલ પહોંચાડશે. તેઓ સૂચવે છે કે શહેરના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં મુસ્લિમ મહિલાને અન્ય વિકલ્પ આપવો જોઈએ. VMC સત્તાવાળાઓએ મીડિયાને જણાવ્યું હતું કે મહિલાને યોગ્ય કાનૂની પ્રક્રિયા દ્વારા મકાન ફાળવવામાં આવ્યું હતું જે ધર્મ, જાતિ, જાતિ અથવા સમુદાયના આધારે ભેદભાવને મંજૂરી આપતું નથી. સત્તાવાળાઓનું કહેવું છે કે આ મુદ્દો બે પક્ષો વચ્ચેની વાતચીત દ્વારા અથવા સક્ષમ અદાલતો દ્વારા નક્કી કરવાનો છે. આ રાજ્ય સરકારના અધિકારીઓની નબળાઈ હોવાનું જણાય છે. વિરોધ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાને બદલે તેઓ ઈચ્છે છે કે મુસ્લિમ મહિલા તેની સામે લડત આપે. જો કે વિરોધીઓ જે કરી રહ્યા છે તે બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે જે ભારતીય નાગરિકને સરકાર દ્વારા પ્રતિબંધિત વિસ્તારો સિવાય ભારતમાં ગમે ત્યાં રહેવા અને સ્થાયી થવાની મંજૂરી આપે છે, આ વિરોધીઓ મુસ્લિમ મહિલાને હિન્દુ પડોશમાં રહેવાનો વિરોધ કરે છે. ખાસ કરીને કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકારના છેલ્લા ૧૦ વર્ષના શાસનમાં એક ચોક્કસ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નેતાઓ દ્વારા દેશમાં મુસ્લિમ વિરોધી વાતાવરણ બનાવવામાં આવ્યું છે. હાલમાં જ પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીઓમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પક્ષના ઉમેદવારોની તરફેણમાં હિન્દુ મતદારોનું ધ્રુવીકરણ કરવાના હેતુથી ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધીના તેમના ચૂંટણી પ્રચારમાં મુસ્લિમ લઘુમતીઓ વિરૂદ્ધ નફરતની ભાષાનો ઉપયોગ કર્યો હતો. એ અલગ વાત છે કે હિંદુ બહુમતી આ રમતને સમજે છે અને તેમની પાર્ટીના ઉમેદવારો વિરૂદ્ધ મતદાન કરે છે જેના કારણે તેમને સરકાર બનાવવા માટે તેલુગુ દેશમ



પાર્ટી અને જનતા દળ (યુનાઈટેડ)નું સમર્થન લેવાની ફરજ પડી હતી. પરંતુ મોદી અને તેમના પક્ષના સાથીઓએ મુસ્લિમો વિરૂદ્ધ જે વાત કરી હતી તેની ચોક્કસપણે બહુમતી સમુદાયના એક વર્ગના માનસ પર સંચિત અસર પડી છે, ખાસ કરીને ભાજપ અને આરએસએસ સાથે જોડાયેલા કટ્ટરપંથી તત્વો છત્તીસગઢ અને અન્ય કેટલાક સ્થળોએ લોકસભાની ચૂંટણીની સમાપ્તિ પછી કદાચ મુસ્લિમો સામે ટોળાની હિંસા માટે જવાબદાર છે અને હવે એક મુસ્લિમ મહિલા સરકારી કર્મચારી સામે વિરોધ છે જેને હિંદુ પડોશમાં હાઉસિંગ યુનિટ ફાળવવામાં આવ્યું છે. મોદીના ગૃહ રાજ્યમાં વડોદરા ગુજરાતનું ત્રીજું સૌથી મોટું શહેર છે. વડાપ્રધાન તરીકે દિલ્હી શિફટ થયા પહેલા મોદી ૨૦૦૧થી મે ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી હતા. તેમના કાર્યકાળ દરમિયાન જ ગુજરાતમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૨માં ભારતના સૌથી ખરાબ કોમી રમખાણો થયા હતા જેમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ એહસાન જાફરી સહિત લગભગ ૧,૨૦૦ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના મુસ્લિમ હતા. વડોદરામાં જે કંઈ થઈ રહ્યું છે તે કંઈ નવું નથી. ૨૦૧૫માં અપમાર્કેટ ફતેહગંજ વિસ્તારમાંથી વિસ્થાપિત થયેલા મુસ્લિમોને પણ હિન્દી પ્રભુત્વવાળા વિસ્તારોમાં સરકાર દ્વારા વિકસિત હાઉસિંગ સોસાયટીમાં હાઉસિંગ યુનિટ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં ૧૯૮૬ની સાંપ્રદાયિક અથડામણો પછી તત્કાલિન ગુજરાત સરકાર ખાસ કરીને મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં મકાનો અને મિલકતોના વેચાણને રોકવા માટે ડિસ્ટર્બ્ડ એરિયાઝ વટહુકમ લઈને આવી હતી. આ વટહુકમ હેઠળ, આવા વિસ્તારોમાં મિલકત માલિકો જિલ્લા કલેક્ટરની પરવાનગી વિના તેમની મિલકતો વેચી શકતા નથી. આ વિચાર સારો હોવા છતાં તેનો ઉપયોગ સામાન્ય રીતે ત્યારે થતો હતો જ્યારે કોઈ મુસ્લિમ મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારમાં હિંદુ માલિક પાસેથી મિલકત ખરીદવા માંગતો હતો. આ વટહુકમ જે ૧૯૯૧માં કાયમી કાયદામાં રૂપાંતરિત કરવામાં આવ્યો હતો અને સમયાંતરે તેમાં સુધારો કરવામાં આવ્યો હતો, તે મિશ્ર વિસ્તારોમાં મુસ્લિમોના વિસ્તરણ અને વૃદ્ધિ માટે અવરોધરૂપ બન્યો છે. આના પરિણામે પૂર્વ-ખ્રિસ્તી યુરોપમાં "યહૂદી ઘેટ્ટો"ની પેટર્ન પર મુસ્લિમ "ઘેટ્ટો"ની વૃદ્ધિ થઈ છે જ્યાં યહૂદીઓને કાયદા દ્વારા મુખ્ય પ્રવાહના યુરોપિયન સમુદાયોમાં મિશ્ર વસવાટમાં રહેવાની મંજૂરી ન હતી અને તેમના માટે એકમાત્ર જગ્યા દીવાલવાળા શહેરો અથવા વિસ્તારોની બહાર હતી. પ્રાચીન અસંસ્કારી યુરોપિયનોની એ જ સંસ્કૃતિ ગુજરાતમાં પુનરાવર્તિત થઈ રહી છે. (સૌ.: ઈન્ડિયાટુમોરો.નેટ)

# NCERTના નવા સંશોધિત પાઠ્યપુસ્તકમાં બાબરી મસ્જિદનું નામ કાઢી નાખવામાં આવ્યું અને ‘ત્રણ-ગુંબજનું માળખું’ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ગયા અઠવાડિયે પ્રકાશિત થયેલ NCERT ધોરણ ૧૨ પોલિટિકલ સાયન્સ પાઠ્યપુસ્તકમાં બાબરી મસ્જિદનું નામ હટાવી દેવામાં આવ્યું છે અને તેને "ત્રણ-ગુંબજ માળખું" ગણાવ્યું છે. અ સંશોધિત પાઠ્યપુસ્તકમાં અયોધ્યા વિભાગને ચારથી બે પાનાનો કરી નાખવામાં આવ્યો છે અને મસ્જિદના વિધ્વંસના અનેક સંદર્ભો કાઢી નાખવામાં આવ્યા હતા. અયોધ્યા એપિસોડની કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતો કાઢી નાખવામાં આવી હતી. તેમાં રામજન્મભૂમિ આંદોલન માટે સમર્થકોને એકત્ર કરવા એલ.કે.અડવાણીની આગેવાની હેઠળની ભાજપની રથયાત્રા, બાબરી મસ્જિદ તોડી પાડવામાં કારસેવકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા, મસ્જિદના ધ્વંસ પછી થયેલા કોમી રમખાણોનો સમાવેશ થાય છે. સંશોધિત રાજકીય વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં મસ્જિદ તોડી પાડવાના ઓછામાં ઓછા ત્રણ સંદર્ભો દૂર કરવામાં આવ્યા છે અને અયોધ્યામાં નવા-નિર્મિત રામ મંદિરને સદીઓ જૂના કાનૂની અને રાજકીય વિવાદની પરાકાષ્ઠા તરીકે દર્શાવવામાં આવ્યા છે જે વિવાદને ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટ દ્વારા ઉકેલવામાં આવ્યો હતો. અગાઉના સંસ્કરણમાં ૧૯૮૬માં તાળાઓ ખોલવાથી લઈને બંને પક્ષની રાજકીય ગતિશીલતા સુધીની ઘટનાઓનો ક્રમ હતો જેણે ભારતના રાજકારણનો માર્ગ બદલી નાખ્યો હતો. સંશોધિત પાઠ્યપુસ્તકમાં અયોધ્યાના ઈતિહાસનું નવું સંસ્કરણ છે. જ્યારે જૂના પાઠ્યપુસ્તક મીર બાકીનો ઉલ્લેખ કરે છે જેણે ૧૬મી સદીમાં બાબરી મસ્જિદનું નિર્માણ કર્યું હતું, નવું પાઠ્યપુસ્તક કહે છે કે "ત્રણ ગુંબજ માળખું" શ્રી રામના જન્મસ્થળના સ્થળે બનાવવામાં આવ્યું હતું અને તે માળખામાં આંતરિક તેમજ તેના બાહ્ય ભાગોમાં હિંદુ પ્રતીકો અને અવશેષો હતા. પાછલા સંસ્કરણમાં ૧૯૮૬થી ઘટનાઓના ક્રમને બદલીને આ નવું પાઠ્યપુસ્તક કહે છે, ૧૯૮૬માં ત્રણ ગુંબજ માળખાને લગતી પરિસ્થિતિએ નોંધપાત્ર વળાંક લીધો જ્યારે ફૈઝાબાદ જિલ્લા અદાલતે આ માળખાના તાળાને ખોલવાનો ચુકાદો આપ્યો જેનાથી લોકોને પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી. આ વિવાદ ઘણા દાયકાઓથી ચાલી રહ્યો હતો કારણ કે એવું માનવામાં આવતું હતું કે ત્રણ ગુંબજનું માળખું એક મંદિરને તોડીને શ્રી રામના જન્મસ્થળ પર બનાવવામાં આવ્યું હતું. હિંદુ સમુદાયને લાગ્યું કે શ્રી રામના જન્મસ્થળને લગતી તેમની ચિંતાઓને અવગણવામાં આવી છે, જ્યારે મુસ્લિમ સમુદાયે આ માળખા પર તેમના કબજાની ખાતરી માંગી હતી. ત્યારબાદ, માલિકીના અધિકારો પર બંને સમુદાયો વચ્ચે તણાવ વધ્યો, જેના પરિણામે અસંખ્ય વિવાદો અને કાનૂની સંઘર્ષો થયા. બંને સમુદાયો લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાનું યોગ્ય નિરાકરણ ઈચ્છે છે. ૧૯૯૨માં માળખાના ધ્વંસ પછી કેટલાક ટીકાકારોએ દલીલ કરી હતી કે તે ભારતીય લોકશાહીના સિદ્ધાંતો માટે તે નોંધપાત્ર પડકાર છે. અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય પર કાનૂની કાર્યવાહીથી સૌહાર્દપૂર્ણ સ્વીકૃતિ સુધી નામની નવી પેટા કલમ પણ ઉમેરવામાં આવી છે. આ જણાવે છે કે કોઈપણ સમાજમાં સંઘર્ષો થાય છે, પરંતુ બહુ-ધાર્મિક અને બહુસાંસ્કૃતિક લોકશાહી સમાજમાં આ સંઘર્ષો સામાન્ય રીતે કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને ઉકેલવામાં આવે છે. તે પછી અયોધ્યા વિવાદ પર ૯ નવેમ્બર, ૨૦૧૯ના રોજ સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચના ૫-૦ ચુકાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો



છે. આ નવા પાઠ્યપુસ્તકમાં અયોધ્યા વિવાદનો અંત આ પ્રમાણે છેઃ “ચુકાદામાં વિવાદિત જગ્યા શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટને રામ મંદિરના નિર્માણ માટે ફાળવવામાં આવી હતી અને સંબંધિત સરકારને સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડને મસ્જિદના નિર્માણ માટે યોગ્ય જગ્યા ફાળવવાનો નિર્દેશ આપ્યો હતો. આ રીતે લોકશાહી આપણા જેવા બહુવચન સમાજમાં સંઘર્ષના નિરાકરણ માટે તક આપે છે, જે બંધારણની સર્વસમાવેશક ભાવનાને જાળવી રાખે છે. અ મુદ્દો પુરાતત્ત્વીય ખોદકામ અને ઐતિહાસિક રેકોર્ડ જેવા પુરાવાઓના આધારે કાયદાની યોગ્ય પ્રક્રિયા બાદ ઉકેલવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદાની સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. તે સંવેદનશીલ મુદ્દા પર સર્વસંમતિનું ઉત્તમ ઉદાહરણ છે જે ભારતમાં સંસ્કૃતિની લોકશાહી નીતિની પરિપક્વતા દર્શાવે છે. "બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી અને કેન્દ્ર સરકારે કલ્યાણ સરકારને બરતરફ કરી" અને "અયોધ્યા ભાજપની સૌથી ખરાબ ભૂલ" જેવા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નિવેદનો દર્શાવતા એક અખબારની ક્લિપિંગ્સની છબીઓ હવે કાઢી નાખવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં અવલોકનો યુપીના ભાજપના મુખ્ય પ્રધાન કલ્યાણસિંહને તોડી પાડવાના દિવસે દોષિત ઠેરવવામાં આવ્યા હતા, તે પણ કાઢી નાખવામાં આવ્યા છે. કોર્ટે સિંઘને કાયદાની ભવ્યતા જાળવવામાં નિષ્ફળતા માટે કોર્ટના તિરસ્કાર માટે દોષિત ઠેરવ્યા હતા. નવા પાઠ્યપુસ્તકમાં હવે માત્ર ૯ નવેમ્બર, ૨૦૧૯ના સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ છે જેમાં રામ મંદિરના નિર્માણને મંજૂરી આપવામાં આવી હતી. આપણું બંધારણ એક ધર્મ અને બીજા ધર્મની આસ્થા અને માન્યતા વચ્ચે ભેદ પાડતું નથી. આસ્થા, પૂજા અને પ્રાર્થનાના તમામ સ્વરૂપો સમાન છે. આ રીતે એ નિષ્કર્ષ પર આવે છે કે મસ્જિદના નિર્માણ પહેલા અને ત્યાર બાદ હિન્દુઓની આસ્થા અને આસ્થા હંમેશા રહી છે કે ભગવાન રામનું જન્મસ્થાન આ સ્થાન છે જ્યાં બાબરી મસ્જિદનું નિર્માણ થયું છે અને માન્યતા દસ્તાવેજી અને મૌખિક પુરાવા દ્વારા સાબિત થાય છે. નવા પાઠ્યપુસ્તક ૨૦૧૪થી NCERTના ચોથા રાઉન્ડના પુનરાવર્તન અને અપડેટ્સનો એક ભાગ છે. એપ્રિલમાં NCERTએ અયોધ્યા પ્રકરણના ફેરફારો અંગે જવાબ આપ્યો હતો કે, રાજનીતિમાં નવીનતમ વિકાસ અનુસાર સામગ્રી અપડેટ કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચના ચુકાદા દ્વારા આવેલા તાજેતરના ફેરફારો અને તેના વ્યાપક સ્વાગતને કારણે અયોધ્યા મુદ્દા પરના ટેક્સ્ટમાં સંપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે.

# તબીબી સારવાર માટે એકાંતની જાહેરાતના દિવસો બાદ અભિષેક બેનરજી હોસ્પિટલમાં દાખલ

(એજન્સી) તા.૧૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના ભત્રીજા અને પક્ષના પદાનુક્રમમાં નંબર બે ગણાતા બેનરજીએ કહ્યું હતું કે તેઓ જરૂરી તબીબી સારવાર માટે ટૂંકા વિરામનો આશરો લેશે અને આ સમયગાળા દરમિયાન તેઓ લોકોની જરૂરિયાતોને સમજશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના ભત્રીજા અને TMC સાંસદ અભિષેક બેનરજીને કોલકાતાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે ગઈકાલે રાત્રે તેમને પેટમાં દુખાવો થયો હતો.

**અભિષેક બેનરજીની ‘ટૂંકા વિરામ’ની જાહેરાત**

અગાઉ, ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવે કહ્યું હતું કે તેઓ કેટલાક અતિ જરૂરી તબીબી કારણોસર સંગઠનમાંથી "ટૂંકા વિરામ" લેશે.

તેમણે ઠ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "કેટલાક અતિ જરૂરી તબીબી કારણોસર, હું સંસ્થામાંથી થોડો વિરામ લઈશ. આ સમય મારા માટે નમ્રતાપૂર્વક આપણા લોકો અને સમુદાયની જરૂરિયાતોને સમજવાની અને જાણવાની તક હશે. મને વિશ્વાસ છે કે પશ્ચિમ બંગાળની સરકાર ઝડપથી કાર્યવાહી કરશે અને જરૂરિયાતમંદોને ન્યાય સુનિશ્ચિત કરવા માટે કોઈ કસર છોડશે નહીં,". ડાયમંડ હાર્બરના સાંસદે જણાવ્યું હતું કે તેઓએ લોકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને સમજવા માટે પાર્ટીના નબા જુવાર માસ આઉટરીચ પ્રોગ્રામમાં ભાગ લઈને ગયા વર્ષે સમગ્ર પશ્ચિમ બંગાળમાં પ્રવાસ કર્યો હતો.

તે ઈવેન્ટ દરમિયાન, બેનરજીએ કહ્યું, તેમણે વધતી કિંમતો અને કેન્દ્ર દ્વારા ૧૦૦-દિવસના રોજગાર કાર્યક્રમની ચૂકવણી અટકાવવાથી થતી મુશ્કેલીઓ જોઈ.

તેમણે જણાવ્યું હતું કે, "જવાબમાં, @AITCofficial, એ



રાજ્યવ્યાપી વિરોધનું આયોજન કર્યું અને લોકોના અધિકારો માટે લડવા મામલો દિલ્હી લઈ ગયો. સદભાગ્યે, પરિવારોને મદદ કરવા માટે લક્ષ્મી ભંડાર યોજના દ્વારા નાણાકીય સહાયમાં વધારા સાથે, ફેબ્રુઆરીમાં આનો ઉકેલ આવ્યો હતો."

બંગાળમાં લોકસભાની ચૂંટણીનો ઉલ્લેખ કરતાં બેનર્જીએ કહ્યું કે પરિણામો લોકોના ગુસ્સા અને હતાશાને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને રાજ્ય-કેન્દ્રના સંઘર્ષને કારણે મૂળભૂત આવાસ અધિકારોની અવગણના અંગે.

તેમણે કહ્યું કે, "અમે ૩૧મી ડિસેમ્બર સુધીમાં આને ઉકેલવા માટે પ્રતિબદ્ધ છીએ, અને મેં પહેલાથી જ માનનીય મુખ્યમંત્રી અને ઈઉમ્ના સંબંધિત અધિકારીઓને આ મુદ્દાને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે," તૃણમૂલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં ૪૨ લોકસભા બેઠકોમાંથી ૨૯ બેઠકો મેળવી હતી, જ્યારે ભાજપને આંચકોનો સામનો કરવો પડ્યો હતો, જે ૨૦૧૯માં જીતેલી ૧૮ બેઠકોમાંથી ઘટીને ૧૨ બેઠકો પર આવી ગઈ હતી.

# બિહારમાં ગંગામાં બોટ ઉથલી પડતાં ૬ લોકો ગુમ

(એજન્સી) પટના, તા.૧૬

પટના જિલ્લાના બાર ઉપ-વિભાગમાં રવિવારે ગંગા નદીમાં એક બોટ ઉથલી પડતાં છ લોકો ગુમ થયા છે.

બારહના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શુભમકુમારે જણાવ્યું કે, ‘ઉમાનાથ ગંગા ઘાટ નજીક સવારે ૯:૧૫ વાગ્યે આ દુર્ઘટના સર્જાઈ હતી જ્યારે ૧૭ લોકોને લઈ જતી બોટ ઉથલી પડી હતી અને ગંગા નદીની વચ્ચે ડૂબી ગઈ હતી. તેમણે જણાવ્યું કે, ૧૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અત્યાર સુધી તેમાંથી કેટલાક સલામત રીતે તરવામાં સફળ થયા છે જ્યારે છ હજુ પણ ગુમ છે.’

એસડીએમએ જણાવ્યું કે, માહિતી મળ્યા બાદ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને સ્થાનિક લોકોની મદદથી બોટમાં ગુમ થયેલા લોકોને શોધવા



માટે બચાવ અભિયાન શરૂ કર્યું.

તેમણે જણાવ્યું કે, છ ગુમ થયેલા લોકોને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલુ છે.

તેમણે જણાવ્યું કે, ‘અમે રાજ્ય આપત્તિ રાહત દળના કર્મચારીઓની પણ મદદ લઈ રહ્યા છીએ. અમે ગુમ થયેલા લોકોની ઓળખ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

# આણંદ શહેરમાં કુરબાનીના પશુઓના વેસ્ટના નિકાલની જગ્યાના વિવાદને લઈ સ્થાનિકોનો વિરોધ

### અંતે મામલો થાળે પડ્યો

આણંદ, તા.૧૬
આણંદ શહેરમાં ઈદ-ઉલ-અઝહાના દિવસે કુરબાનીનાં પશુઓનો નીકળતા વેસ્ટનો નિકાલ કરવા માટે નગરપાલિકા દ્વારા જૂની પાણીની ટાંકીના કમ્પાઉન્ડમાં ખાડાઓ ખોદવામાં આવતા સ્થાનિક મહિલાઓએ હોબાળો કરી વિરોધ કર્યો હતો. ઈદના દિવસે કુરબાની કરેલા પશુઓનાં વેસ્ટનો નિકાલ કરવા માટે શહેરમાં ભાલેજ રોડ પર જૂની પાણીની ટાંકી પાસે ખાડાઓ ખોદવામાં આવતા આજે સ્થાનિક મહિલાઓએ હોબાળો કરી. સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કુરબાનીનાં પશુઓનો વેસ્ટ રહેણાંક વિસ્તારમાં કરવા સામે વિરોધ કર્યો હતો. સ્થાનિક મહિલાઓ દ્વારા ઉગ્ર વિરોધ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. સ્થાનિક મહિલાઓ દ્વારા વિરોધ કરતા કહ્યું હતું કે જુની પાણીની ટાંકી વિસ્તારમાં કુરબાનીનાં પશુઓનાં વેસ્ટનો નિકાલ કરવામાં આવે તો અહિયાં ભુગર્ભ જળ દુષિત થવાની શકયતાઓ રહેલી છે તેમજ રખડતા કુતરાઓ ખાડાઓ ખોદીને તેમાંથી વેસ્ટ બહાર કાઢી ખેંચીને લઈ જાય તો સમગ્ર વિસ્તારમાં માંસનાં ટુકડાઓ ફેલાય તો દુર્ગંધ પ્રસરવાની અને લોકોનાં સ્વાસ્થયને નુકસાન થવાની ભીતી રહેલી છે, જેથી આ મામલે પોલીસ અને પાલિકાનાં અધિકારીઓ વચ્ચે ચર્ચા થયા બાદ સ્થાનિક રહીશોએ કુરબાનીનાં પશુઓના માંસ, હોજરી આંતરડા જેવો વેસ્ટ રહેણાંક વિસ્તારમાં ખાડાઓમાં ડાટવાનાં બદલે શહેરની બહાર પાલિકાના સ્લોટર હાઉસમાં કરવા માંગને ધ્યાનમાં લઈને પોલીસ સ્થાનિક અગ્રણીઓ અને પાલિકાની ટીમ જેસીબી મશીન સાથે જુના સ્લોટર હાઉસ ગયા હતા જ્યાં જેસીબી મશીનથી ખાડાઓ ખોદી પશુઓનાં વેસ્ટનાં નિકાલ માટે જગ્યા કરવામાં આવતા અંતે મામલો થાળે પડયો હતો.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

# સંતરામપુરની બેન્કના લોન કૌભાંડમાં મુખ્ય સૂત્રધારની સઘન પૂછપરછ શરૂ

સંતરામપુર, તા.૧૬
સંતરામપુર નગરમાં નવાબજાર સ્થિત બેંક ઓફ બરોડા શાખામાં ખોટા દસ્તાવેજોને ખોટી પગારની સ્લીપ બનાવીને નોકરી નહીં કરાતાં હોવાં છતાં નોકરી કરતાં હોવાનુ બતાવીને બેંક ઓફ બરોડા શાખા સંતરામપુર નવાબજારમાંથી પર્સનલ લોન વચેટિયાઓ અને બેંકનાં અધિકારી વગેરેની મીલી ભગતથી મેળવી કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું હોવાની હકીકતો બહાર આવતાં બેંક દ્વારા સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે. આ ગુનામાં અગાઉ પોલીસે કેટલાક આરોપીઓની ધરપકડ કરીને રિમાન્ડ મેળવેલ હતા. રીમાન્ડનો સમય પુરો થતાં આ આરોપીઓ હાલ જયુડીશીયલ કસ્ટડીમાં જેલ હવાલે છે. આ બેંક ઓફ બરોડા શાખા સંતરામપુર નવાબજારમાં આચરાયેલા લોન કૌભાંડમાં તપાસ કરનાર પોલીસ ઈન્સ્પેક્ટર ડીડોર દ્વારા આ કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય સુત્રધાર એવા અરવિંદભાઈ રામાભાઈ તાવિયાડ (રહે. કાળીયાવલુનડા. ફતેપુરા) અને સંજયભાઈ સરદાર ભાઈ પારગી (રહે. કરમેલ. ફતેપુરા)ને શોધીને પકડી પાડી ધનિષ્ઠ પુછપરછ પોલીસે કરી છે.

# આણંદ તાલુકાના રાજુપુરામાં નદીમાં ડૂબી જવાથી યુવકનું મોત

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૬
આણંદ તાલુકાના રાજુપુરા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ગરનાળા પાસે પસાર થતી મહીસાગર નદી ગત રોજ કોઈ અજાણ્યો યુવક (ઉંમર વર્ષ ૩૦થી ૩૫ વર્ષનો આશરે)નું અગમ્ય કારણોસર મહીસાગર નદીના પાણીમાં ડુબી જવાના કારણે મોત નીપજ્યું હતું. સ્થાનિકોએ યુવકની લાશ પાણીમાં તરતી જોતાં વાસદ પોલીસ મથકે જાણ કરતાં વાસદ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી જઈ અજાણ્યા યુવકની લાશ પાણીમાંથી બહાર કઢાવી જરૂરી કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી. આ અંગે નથુસિંગ ઉદયભાનસિંગ ચૌહાણે વાસદ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે આ અંગે અપમૃત્યુ નોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# વીરપુર તાલુકાની શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર સેફ્ટીની ચકાસણી કરાઈ

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડની ગંભીર દુર્ઘટનાના રાજયભરમાં ઘેરા પડઘા પડ્યા છે. ત્યારે હવે તંત્ર આ ઘટના બાદ સફાળું જાગ્યું હોય તેમ છેલ્લા એક માસથી ફાયર સેફ્ટીની ઠેર-ઠેર ચકાસણી કરવામાં આવી રહી છે. આ દરમિયાન ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના તમામ શૈક્ષણિક સંકૂલોમાં ફાયર સેફ્ટીની ચકાસણી માટેનું બીડું ઝડપ્યું છે. તેવા સમયે આજે સવારથી મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં તાલુકા શિક્ષણ વિભાગના અધિકારીઓ સહિતના કર્મચારીઓની ટીમ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં આજે એક જ દિવસમાં તાલુકાની ૧૭૪ જેટલા શૈક્ષણિક સંકુલોનું ચેકિંગ હાથ ધરાયું હતું.

### ઈદ-ઉલ-અઝહા તહેવારને લઈ

# જંબુસરના માર્ગો પર ફલેગ માર્ચ યોજાઈ



જંબુસર, તા.૧૬
આવતી કાલ ઈદ-ઉલ અઝાહનો તહેવાર હોય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ ભયમુક્ત વાતાવરણમાં પર્વની ઉજવણી પાર પડે તે હેતુસર જંબુસર પોલીસે. દ્વારા ફલેગ માર્ચ કરવામાં આવી હતી. પોલીસ અધિકારી તેમજ કર્મચારીઓ દ્વારા જંબુસર નગરમાં સંવેદનશીલ વિસ્તારોમાં અણખી ભાગોળ જલાલપુરા માઈનો લીમડો લીલોતરી બજાર પઠાણી ભાગોળ સહિત વિસ્તારોમાં પોલીસે ફૂટ પેટ્રોલિંગ કરી વિસ્તારનો ચિતાર મેળવ્યો હતો. પોલીસ ફલેગ માર્ચ લઈ નગરજનોમાં કુતુહલ સર્જાયું હતું. ઉલ્લેખનીય છે, કે તહેવારને અનુલક્ષી જંબુસર પોલીસે શાંતિસમિતિની બેઠક પણ યોજી હતી. અને આગેવાનોને શાંતિમય માહોલમાં પર્વની ઉજવણી કરવા વિશેષ અપીલ કરી હતી.

### ધાનપુર તાલુકાના ઉદાલ મહુડા ગામનો બનાવ

# અંદરપુરા ગામેથી પશુ ચરાવવા આવેલા બે યુવકો તળાવમાં ડૂબી જતાં મોતને ભેટ્યા

દાહોદ, તા.૧૬
ધાનપુર તાલુકાના ઉદાલ મહુડા ગામે એક કમકમાટી ભર્યો બનાવ સામે આવ્યો છે જેમાં અંદરપુરા ગામેથી બે યુવકો ઉંદાલ મહુડા તળાવ નજીક બકરા ચરાવવા ગયા હતા.જયાં તળાવમાં નહાવા પડેલા બંને યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા બંને યુવકોના મોત નીપજતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ ધાનપુર પોલીસને થતા ધાનપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને યુવકોના મૃતદેહોને બહાર કઢાતા પરિવારજનોના હૈયાફાટ રુદનથી વાતાવરણમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢબારિયા તાલુકાના ધાનપુર અંદરપુરા ગામના બે યુવકો ઈન્દ્રજીત અભેસિંગ બારીયા તેમજ હાર્દિક વિજય બારીયા આ બંને યુવકો ઘરેથી બકરાઓ લઈને ઉદાલ મહુડા તળાવ નજીક બકરા ચરાવવા ગયા હતા. પોલીસે ઉપરોક્ત બંને યુવકોના મૃતદેહોને ધાનપુર રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી સીઆરપીસી ૧૭૪ મુજબ નિવેદનો લઈ આગળની બધું કાર્યવાહી હાથ ધરી છે.

# વેરાવળ : ટ્યુમરની ગંભીર બીમારી ધરાવતી યુવતીને સરકારી યોજનાનો લાભ અપાયો

### લઘુમતી મોરચાના પ્રમુખ તથા જિલ્લા આરોગ્ય અધિકારી ખરા સમયે યુવતીની વ્હારે આવ્યા



વેરાવળ તા.૧૬
વેરાવળ પંપાણીયા હોસ્પિટલમાં એક ૧૮/૨૦ વર્ષની યુવતી જે ટયુબરના જેવી ગંભીર બીમારી સબબ સારવારમાં દાખલ થયેલ આ દર્દીને વધુ સારવાર માટે આગળ લઈ જવાનું હોય તેની આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી હોય આ બાબતની જાણ વેરાવળ ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ઈમરાનભાઈ પંજા(જમાદાર)ને કરાતા તેમણે આરોગ્ય વિભાગના અધિકારીઓને આ બાબતની જાણ કરી જિલ્લા આરોગ્ય શાખા દ્વારા સંપૂર્ણ સહકાર આપી મોડી રાત્રે ઓપરેટર ગોપાલભાઈને સાથે રાખી દર્દીને જે બેભાન અવસ્થામાં હોય હોસ્પિટલમાં જઈને પ્રોસેસ કરાવી કાર્ડ કઢાવવા મદદ કરેલ. એક ગરીબ દર્દીને ખરા સમયે સરકારની આ યોજનાનો લાભ મળે તે માટે કાર્ય કર્યુ હતું. આ કાર્યમાં જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા ઈમરાનભાઈ જમાદાર અને ગોપાલભાઈ તન્નાની આ સેવાકીય કામગીરીની લોકોએ સરાહના કરેલ છે.

# વડતાલ : સ્વામિનારાયણ સંપ્રદાયના લંપટ સાધુ મામલે ભગવાન સેના વિરોધ મેદાનમાં ઉતરી પડી

નડિયાદ, તા.૧૬
વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની લંપટ લીલાઓ મામલે વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાન સેના દ્વારા પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની એક પછી એક સામે આવતી લંપટ લીલાઓ મામલે સંપ્રદાયના હરિભક્તોમાં રોષ ફાટી નીકળ્યા છે. આ તરફ રાષ્ટ્રીય ભગવાન સેનામાં પણ આ મામલે ભારે રોષ ફેલાયો છે. ભગવાન સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલ રાવલ અને કાર્યકરોએ વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે દોડી આવી મંદિર પરિસરમાં સંપ્રદાયના સાધુઓની લંપટ લીલાઓ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સાથે ભગવાન સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલ રાવલે મંદિરના મુખ્ય કોઠારી સંત સ્વામી સાથે મુલાકાત કરી સંપ્રદાયના લંપટ સાધુ પર શું કાર્યવાહી કરી છે તેનો જવાબ માગ્યો હતો એમ જાણવા મળ્યું છે. સાથે આ દરમિયાન રાષ્ટ્રીય ભગવાન સેનાના અધ્યક્ષ કમલ રાવલે વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓની બહાર આવેલ લંપટ લીલાઓ હિન્દુ ધર્મ માટે લાંછન નહીં પરંતુ કલંક લગાડતી આ ઘટનાઓ છે તેમ જણાવ્યું હતું.

### ઘરમાં રહેલ ગેસ ગીજર ચાલુ રહી જતા ઘટના બની હતી

# ઝેરી ગેસ શ્વાસમાં ભળતા એક જ પરિવારના ચાર લોકોનાં મોત થયા હતા

સુરત, તા.૧૬
સુરતમાં એક જ પરિવારના ચાર લોકોના શંકાસ્પદ મોતને લઈને ચકચાર મચી હતી. આ ચાર લોકોના શંકાસ્પદ મોત મામલે મોટો ખુલાસો થયો છે. પ્રાથમિક તબક્કે ઝેરી ગેસ શ્વાસમાં ભળવાથી મોત થયાનો ખુલાસો સામે આવ્યો છે. ઘરમાં રહેલ ગેસ ગીઝર ચાલુ રહી જતા આ ઘટના બની હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થતા શંકાસ્પદ મોત કે સામુહિક આપઘાતની અટકળોનો અંત આવ્યો છે. બનાવની વિગત અનુસાર શનિવારના રોજ સુરતના મોટા ભાગળ વિસ્તારમાં રાજહંસ કોઓપરેટીવ લિમિટેડ સોસાયટીના બિલ્ડીંગમાં એક જ પરિવારના ચાર લોકોના ઘરમાંથી મૃતદેહ મળી આવ્યા હતા. રાત્રે પરિવારના સભ્યો સુઈ ગયા પછી ઉઠ્યા જ ન હતા. માટે તે લોકોના મૃત્યુનું રહસ્ય ઘેરાયુ હતુ. સામૂહિક આપઘાતની શંકા સેવાઈ રહી હતી ત્યારે પોલીસ તપાસ દરમિયાન ઘરમાં ગેસ ગીજર ચાલુ રહી જતા આ ઘટના બની હતી.ઝેરી ગેસ શ્વાસમાં ભળવાથી મોત થયાનો ખુલાસો થયો છે. કાર્બન મોનોક્સાઈડ લોહીમાં ભળતા ઓક્સિજનનો પ્રવાહ અવરોધાયો હતો જેને પરિણામે ગુંગણામણ થતા ચાર લોકોના મોત થયા હોવાનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું છે. સ્થળ પરથી જશુબેન કેશુભાઈ વાઢેર, ગૌરીબેન હીરાભાઈ મેવાડા, શાંતાબેન નાનજીભાઈ વાઢેર અને હીરાભાઈ રત્નાભાઈ મેવાડાના મૃતદેહ મળ્યા હતા. જેમાં જશુબેન ગૌરીબેન અને શાંતાબેન સગી બહેનો હતા. જશુબેન વાઢેર તેના નાના દીકરા રાકેશ અને પુત્રવધુ સાથે રહેતા હતા, જ્યારે પુત્ર અને પુત્ર વધુ ફરવા ગયા હતા.

# ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય મંત્રીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી



કેન્દ્ર સરકારનાં રાજયકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી તેમજ ભાવનગરનાં સાંસદ નીમુબેન બાંભણીયાએ ભાવનગરમાં સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. મંત્રીએ જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે બેઠકમાં ભાવનગર જિલ્લામાં ચાલી રહેલા પ્રગતિના કામો અને વિવિધ પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. જિલ્લા કલેકટર આર.કે. મહેતાએ જિલ્લામાં ચાલી રહેલાં રસ્તાનાં નિર્માણકાર્ય, પાણી પુરવઠા, વીજપુરવઠો, સિંચાઈ, આરોગ્ય સહિતના મુદ્દાઓ પર મંત્રીને માહિતી પૂરી પાડી હતી.

# ભરૂચ-અંકલેશ્વર વચ્ચે ટ્રકની ટક્કરે બાઈકસવાર યુવાનનું કમકમાટીભર્યું મોત

અંકલેશ્વર, તા.૧૬
ભરૂચ-અંકલેશ્વર વચ્ચે ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં બાઈકસવાર યુવાનનું ગંભીર ઈજાના પગલે ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બનાવ અંગેની વિગતો અનુસાર અંકલેશ્વરના ગડખોલ પાટીયા વિસ્તારમાં રહેતો અજીત કુશવાહા દહેજની એસ.આર.એફ. કંપનીમાં નોકરી કરે છે. આજરોજ તેઓ વહેલી સવારે તે ભરૂચ અંકલેશ્વર વચ્ચેથી બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો આ દરમિયાન ભૂતમામાની ડેરી નજીક પૂરપાટ ઝડપે જતી ટ્રકની અડફેટે આવી જતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાના પગલે તેનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોતની નિપજ્યું હતું. બનાવની જાણ થતાની સાથે જ લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી. બી ડિવિઝન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ કરી છે.

### લોકસભા સાંસદ સામે વારંવાર કરાતા જમીન દબાણના આક્ષેપો

# યુસુફ પઠાણ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ કરવા ભાજપ કોર્પોરેટરની માંગ

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૬
વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહેતા જાણીતા ક્રિકેટર અને તૃણમૂલ સાંસદ યુસુફ પઠાણ સામે કોર્પોરેશનની જમીન પર છેલ્લા કેટલાક સમયથી દબાણ કરવાનો આક્ષેપ કરાયો છે. ત્યાર બાદ વડોદરા મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ નોટિસ આપી જમીન ખાલી કરવા સૂચના આપી છે. ત્યારે હવે વોર્ડ નં.૧૦ના ભાજપના કોર્પોરેટર નીતિન દોંગાએ યુસુફ પઠાણ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધવા માંગ કરી છે. ભાજપના કોર્પોરેટર નીતિન દોંગાએ મ્યુનિસિપલ કમિશનરને વિનંતી પત્ર પાઠવી રજૂઆત કરી છે. તેમણે પત્રમાં લખ્યું છે કે, 'વડોદરાના તાંદલજા વિસ્તારમાં પ્લોટ નં.૯૦ જે કોર્પોરેશનની જમીન છે. જેના પર યુસુફ પઠાણે છેલ્લા ૧૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી ગેરકાયદે કબજો જમાવ્યો છે. તેમણે કોર્પોરેશનની જમીન પચાવી પાડવાનું ગુનાહીત કૃત્ય કર્યું છે. તેમની સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ દાખલ કરાવવામાં આવે.'

ભાજપના કોર્પોરેટર નીતિન દોંગાએ પત્રમાં લખ્યું છે કે, 'યુસુફ પઠાણ પશ્ચિમ બંગાળની બહરામપુર બેઠકથી ચૂંટણી લડ્યા હતા. તેમણે સોગંદનામામાં પણ વડોદરાના ટી.પી. ૨૨ના ફાઈનલ પ્લોટ નં. ૯૦ને પોતાની રેસીડન્સીયલ મિલકતનો ભાગ દર્શાવી છે. તેના પરથી સાબિત થાય છે કે આ કોર્પોરેશનની જમીન તેમણે પચાવી પાડી છે. જેથી યુસુફ પઠાણ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.'

# ચાણસ્માના ઈન્દિરાનગરમાં નજીવી બાબતે યુવાનની હત્યા : આરોપીઓ ઝડપાયા



મૃતક વસીમ મન્સુરી

પાટણ, તા.૧૬
ચાણસ્મા ઈન્દીરાનગરમાં રાત્રિ દરમિયાન ઘર આગળ પાથરેલા ખાટલા દૂર કરવાનું કહેતા એક જ કોમના બે વ્યક્તિઓ વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો જેમાં ચાર ઈસમોએ ઘાતક હથિયારો લઈ યુવક ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડતા ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે ચાણસ્મા સરકારી દવાખાને ખસેડાયો હતો જ્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો આ ઘટનાની જાણ ચાણસ્મા પોલીસને થતા પોલીસે મોહલ્લામાં બંદોબસ્ત ગોઠવી આરોપીઓને તાકીદે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. ચાણસ્મા ઈન્દીરા નગરમાં ગતરાત્રી દરમિયાન મહોલ્લામાં રહેતા લોકોએ સુવા માટે ખાટલાઓ ઘરની બહાર પાથર્યા હતા ત્યારે મોહલ્લામાં રહેતા મનસુરી વસીમભાઈ કોઈ કામ અર્થે બહાર જઈ રહ્યા હતા ત્યારે ચાલવાનો રસ્તો ન હોવાથી કુરેશી અહેસાન મહેબુબભાઈને ખાટલાઓ દૂર કરવાનું કહેતા આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થવા પામી હતી અને મામલો ઉગ્ર બનતા મહેબૂબ મોજન કુરેશી, સલીમ મોજન કુરેશી અને સાજીદ સલીમ કુરેશીએ ઉશ્કેરાઈ જાઈ છરી પાઈપ અને ધોકા વડે વસીમ મન્સૂરી ઉપર હીચકારો હુમલો કરી ઈજાઓ પહોંચાડતા તેને ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનાને પગલે પરિવારજનો દ્વારા વીસમને સારવાર માટે ચાણસ્મા સરકારી દવાખાને લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ઈદના તહેવાર પૂર્વે જ આવી અઘટિત ઘટના બનતા પરિવારજનોમાં માતમ છવાયો છે. આ ઘટનાની જાણ ચાણસ્મા પોલીસને થતાં ચાણસ્મા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને લાશનું પંચનામું કરી મોહલ્લામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો અને ચારેય આરોપીઓને તાત્કાલિક ઝડપી લઈ તેઓની વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલીતાણા ફોટો વીડિયો એસોસિએશનના સભ્ય મર્હૂમ સમીરભાઈના વારસદારને સહાયતા ચેક અર્પણ કરાયો



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

પાલીતાણા, તા.૧૬
પાલીતાણા ફોટો વીડિયો એસોસિએશન દ્વારા તેમજ સીજીપીટીઆઈ ગુજરાત દ્વારા પાલીતાણા ફોટો વીડિયો એસોસિએશનના મેમ્બર સમીરભાઈ લધડનું આકસ્મિક અવસાન થયેલ જેમના પરિવારને આર્થિક મદદ મળેએ માટે પાલીતાણા ફોટો વીડિયો એસોએશન દ્વારા સીજીપીટીઆઈ અમદાવાદમાં આર્થિક મદદ માટે પાલીતાણાના એસોસિએશનના પ્રમુખ તેમજ કમિટી દ્વારા રજૂઆત કરવામાં આવેલ જેના અનુસંધાને ૧૨/૬/૨૦૨૪ બુધવારના રોજ સી જીપીટીઆઈ અમદાવાદ દ્વારા રૂપિયા ૫૦,૦૦૦નો ચેક મર્હુમ સમીરભાઈ લધ્ધડના પત્નીને એનાયત કરવામાં આવ્યો હતો અને પાલીતાણા વીડીયો ફોટો એસોસિયેશન દ્વારા પાલીતાણા એસોસિએશનના મેમ્બરો પાસે સહાયની અપીલ કરવામાં આવતા એસોસિ એશનના મેમ્બરો દ્વારા રૂપિયા ૨૫ હજારની સહાય એકત્રિત થયેલ જે સહાયની રકમનો ચેક ? ૭૫,૦૦૦ મર્હુમ સમીરભાઈ લધ્ધડના પત્નીને પાલીતાણા એસોસિયેશનના પ્રમુખ અજયભાઈ રાઠોડ તેમજ કમિટીના તમામ કારોબારી મેમ્બરો અને એસોસિયેશનના સભ્યોએ હાજર રહી અને તેમના વારસદારને સહાયના ચેક અર્પણ કરવામાં આવેલ. કમિટીના પ્રમુખ અને સભ્યો દ્વારા ભવિષ્યમાં સમીરભાઈના ફેમિલીને જ્યારે પણ જરૂર પડે ત્યારે પાલીતાણા ફોટો વીડિયો એસોસિએશનના દરેક સભ્યો હંમેશાતેમની સાથે રહી તેમની મદદ માટે ઘટતું કરવાનો પ્રયાસ કરવામાં આવશે તેવું પાલીતાણા ફોટો વીડિયો એસોશિયાશનના પ્રમુખ અજયભાઈ રાઠોડ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### ચોમાસાની ઋતુ પહેલાં જ

# અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતની વરસાદી કાંસમાં વહી રહેલું પ્રદૂષિત પાણી

અંકલેશ્વર, તા.૧૬
અંકલેશ્વર ઔધોગિક વસાહતમાં વરસાદી કાંસમાં વરસાદ ઋતુ પહેલા કેમિકલ યુક્ત પ્રદૂષિત પાણી વહેતું થયું હતું. અંકલેશ્વર ઔધોગિક વસાહતમાં વરસાદની ઋતુ પહેલા વરસાદી કાંસમાં કોઈક ઉદ્યોગ દ્વારા કેમિકલ યુક્ત પ્રદૂષિત પાણી જાહેરમાં વહેતું કરાયું હતું. "સબ સલામત "નાં બણગા વચ્ચે વર્ષા ઋતુની પેહલા અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતની આ પરિસ્થિતિ છે, તો વર્ષાઋતુમાં પરિસ્થિતિ કેવી હશે એ કલ્પના જ કરી શકાય, આખરે પર્યાવરણની ઘોર ખોદનાર બે જવાબદાર ઉદ્યોગો પર કાયદેસર કાર્યવાહી ક્યારે કરવામાં આવશે એ જોવું રહ્યું.



# પલસાણાના માખીંગા ચેક પોસ્ટ પરથી આઈસરમાંથી ૨૩ લાખનો દારૂ પકડાયો

(સંવાદદાતા દ્વારા)
પલસાણા, તા.૧૬
સુરત જિલ્લાના પલસાણા તાલુકાના માખીંગા ચેકપોસ્ટ પરથી એલસીબી પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર તરફ જઈ રહેલા એક આઈસર ટેમ્પો આંતરી તેની તલાસી લેતા અંદરથી રૂપિયા ૨૩ લાખથી વધુનું વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

સુરત જિલ્લા એલસીબી પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરત જિલ્લાના પલસાણા તાલુકાના માખીંગા ચેકપોસ્ટ ઉપર સુરત ગ્રામ્ય એલ.સી.બી. પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે સ્થળ પરથી એક આઈસર ટેમ્પો પસાર થઈ રહ્યો છે જેમાં મોટી માત્રામાં દારૂનો જથ્થો ભરેલો છે. પોલીસે બાતમીવાળા ટેમ્પોને સ્થળ પરથી આંતર્યો હતો .

પોલીસે ટેમ્પોની ચકાસણી કરતા અંદરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ ટેમ્પો વસઈ તરફથી અંકલેશ્વર તરફ જઈ રહ્યો હતો. આઈશર ટેમ્પોને વાહનચાલક દિનેશકુમાર શ્રી રામ બિશ્નોઈ સાથે પોલીસે ઝડપી પાડી, ટેમ્પામાંથી કુલ રૂ.૨૩,૩૮,૩૮૦/-નો દારૂનો સહિતનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. પોલીસે આ ગુનામાં પુરારામ ચૌધરી ઉર્ફે સી.એલ.પુરોહીતને વોન્ટેડ જાહેર કર્યો છે. બનાવ અંગે એલસીબી પોલીસે પલસાણા પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

# મુસ્લિમ સમુદાયે અખાતી દેશ અને વિશ્વના અન્ય વિસ્તારોમાં ઈદ-ઉલ-અઝહાની ઉજવણી કરી

## તુર્કીની વ્યસ્ત શેરીઓથી લઈને અતિ-આધુનિક યુએઈ સુધી, મુસ્લિમોએ આ ઉત્સવની ઉત્સાહ અને આસ્થા સાથે ઉજવણી કરી છે






















## વિશ્વભરમાં ઈદ-ઉલ-અઝહાની ઉજવણી કરતા મુસ્લિમોની ઝલક

(એજન્સી) તા.૧૬

ઈદ-ઉલ-અઝહા, જેને બલિદાનના તહેવાર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૧૬ જૂન, રવિવારના રોજ અખાતના દેશો અને વિશ્વના લાખો મુસ્લિમો દ્વારા ઉજવવામાં આવ્યો હતો. ઈદ-ઉલ-અઝહા ઈદ એક પવિત્ર પ્રસંગ છે જેને 'બલિદાનનો તહેવાર' પણ કહેવામાં આવે છે અને તે ઈસ્લામિક અથવા ચંદ્ર કેલેન્ડરના ૧૨ મા મહિના, ઝીલ અલ-હિજ્જાના ૧૦મા દિવસે ઉજવવામાં આવે છે. આ નોંધપાત્ર ઈસ્લામિક તહેવાર આનંદ અને શાંતિ અને બલિદાનનું સ્મરણ છે અને લોકો તેમના પરિવારો સાથે ઉજવણી કરે છે, ભૂતકાળના મતભેદો દૂર કરે છે અને અર્થપૂર્ણ સંબંધો બનાવે છે. તે પયગંબર ઈબ્રાહિમ (અ.સ.)ના પુત્ર પયગંબર ઈસ્માઈલ (અ.સ.)ની અલ્લાહના હુકમ અને આજ્ઞાપાલન માટે બલિદાન અથવા રો કુરબાની આપવાની ઈચ્છાની યાદી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે મુસ્લિમો એક પ્રાણી, સામાન્ય રીતે બકરી, ઘેટાં અથવા ઊંટ અથવા અન્ય પ્રાણીનું બલિદાન આપે છે અને તેના માંસને પાડોશીઓ, મિત્રો અને ગરીબોમાં વહેંચે છે. તુર્કીની વ્યસ્ત શેરીઓથી લઈને અતિ-આધુનિક યુએઈ સુધી, મુસ્લિમોએ આ ઉત્સવની ઉત્સાહ અને આસ્થા સાથે ઉજવણી કરી છે. પ્રાસંગિક રીતે, પવિત્ર હજની વિધિ કરવા માટે અરાફાત ખાતે ૧૫ લાખથી વધુ મુસ્લિમ હજ યાત્રાળુઓ એકઠા થયા હતા. આ પ્રસંગે વિશ્વના નેતાઓએ તેમની શુભેચ્છાઓ આપી હતી. રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદે 'ઈદ-ઉલ-અઝહા' દરમિયાન શાંતિ અને સૌહાર્દની શુભેચ્છા પાઠવી હતી. દુબઈના ઉપરાષ્ટ્રપતિ અને શાસક શેખ મોહમ્મદ બિન રશીદે પણ ઈદ અલ અદહાની શુભેચ્છા પાઠવી હતી. સ્કોટલેન્ડના પ્રથમ મુસ્લિમ મંત્રી હમઝા હારૂન યુસુફે ટ્વીટ કરીને આ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી. કેનેડાના વડાપ્રધાને પણ તેમની ઈદની શુભેચ્છાઓ આપી હતી અને તેમના ટ્વિટમાં આ સમય દરમિયાન પેલેસ્ટીનીઓની વેદના અને ઈસ્લામોફોબિયાના ઉદય અંગે દુખ વ્યક્ત કર્યું હતું. લંડનના મેયર સાદિક ખાને ઈદની શુભેચ્છાનો વીડિયો ટ્વીટ કર્યો છે. યુગાન્ડા (PLU)ના સંસદસભ્યએ તેમની ઈદની તસવીર સાથે શુભેચ્છા પાઠવી હતી.

## 'આપણે રમખાણો વિશે શા માટે શીખવવું જોઈએ ?' બાબરી મસ્જિદ સંદર્ભો દૂર કરવા પર NCERTના વડા

### પાઠ્યપુસ્તકોમાં સુધારો કરવો એ વાર્ષિક કવાયત્ છે, જે કંઈપણ બદલાય છે તે વિષય અને શિક્ષણશાસ્ત્રના નિષ્ણાતો દ્વારા નક્કી કરવામાં આવે છે, NCERT ચીફ કહે છે કે, હું આ પ્રક્રિયામાં આદેશ કે દખલ કરતો નથી

(એજન્સી) તા.૧૬

શાળાના અભ્યાસક્રમના ભગવાકરણના આરોપોને નકારી કાઢતા NCERTના ડિરેક્ટરે કહ્યું છે કે, ગુજરાતના રમખાણો અને બાબરી મસ્જિદ શહીદીના સંદર્ભોને શાળાના પાઠ્યપુસ્તકોમાં બદલવામાં આવ્યા છે કારણ કે, રમખાણો વિશે શીખવવાથી બાળકો 'હિંસક અને હતાશ નાગરિકો બની શકે છે.' ૧૫ જૂને અહીં એજન્સીના હેડક્વાર્ટર ખાતે પીટીઆઈના સંપાદકો સાથેની વાતચીતમાં નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)ના ડિરેક્ટર દિનેશ પ્રસાદ સકલાનીએ જણાવ્યું હતું કે, પાઠ્યપુસ્તકોમાં ફેરફાર વાર્ષિક રિવિઝનનો ભાગ છે અને તે હોબાળોનો વિષય ન હોવો જોઈએ. NCERT પાઠ્યપુસ્તકોમાં ગુજરાતના રમખાણો અથવા બાબરી મસ્જિદ શહીદીના સંદર્ભો વિશે પૂછવામાં આવતા સકલાનીએ કહ્યું, 'શા માટે આપણે શાળાના પાઠ્યપુસ્તકોમાં રમખાણો વિશે શીખવવું જોઈએ ? અમે હિંસક અને હતાશ વ્યક્તિઓ નહીં પરંતુ સકારાત્મક નાગરિકો બનાવવા માંગીએ છીએ.' તેમણે કહ્યું કે, 'શું આપણે આપણા વિદ્યાર્થીઓને એવી રીતે શીખવવું જોઈએ કે તેઓ અપમાનજનક બને, સમાજમાં નફરત પેદા કરે અથવા નફરતનો ભોગ બને ? શું તે શિક્ષણનો હેતુ છે ? શું આપણે આવા નાના બાળકોને રમખાણો વિશે શીખવવું જોઈએ. જ્યારે તેઓ મોટા થાય ત્યારે તેઓ શીખી શકે. તેઓ મોટા થાય છે ત્યારે તે શા માટે થયું હતું તે સમજવા દો પણ આ માટે શાળાના પાઠ્યપુસ્તકો શા માટે ?' સકલાનીની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે નવા પાઠ્યપુસ્તકો ઘણા મુદ્દા કાઢી નાખવા અને ફેરફારો સાથે બજારમાં આવ્યા છે. સંશોધિત ધો.૧૨ પોલિટિકલ સાયન્સ પાઠ્યપુસ્તકમાં બાબરી મસ્જિદનો ઉલ્લેખ નથી, પરંતુ તેનો ઉલ્લેખ 'ત્રણ-ગુંબજવાળા માળખા' તરીકે કરવામાં આવ્યો છે. તેણે અયોધ્યા વિભાગને ચારથી બે પાનામાં ટૂંકાવી નાખ્યો છે અને અગાઉના સંસ્કરણમાંથી વિગતો કાઢી નાખી છે. તેના બદલે તે સુપ્રીમ કોર્ટના ચુકાદા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેણે તે સ્થળે રામ મંદિરના નિર્માણ માટે માર્ગ મોકળો કર્યો હતો જ્યાં વિવાદિત માળખું ડિસેમ્બર ૧૯૯૨માં હિન્દુ કાર્યકરો દ્વારા તોડી નાખવામાં આવ્યું તે પહેલાં હતું. સુપ્રીમ કોર્ટના ચુકાદાને દેશમાં વ્યાપકપણે સ્વીકારવામાં આવ્યો હતો. મંદિરમાં રામ મૂર્તિનો અભિષેક આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાન દ્વારા કરવામાં આવ્યો હતો.

**'દ્વેષ અને હિંસા એ શિક્ષણનો વિષય નથી' :** સકલાનીએ કહ્યું કે, 'અમે સકારાત્મક નાગરિકો બનાવવા માંગીએ છીએ અને તે જ અમારા પાઠ્યપુસ્તકોનો ઉદ્દેશ્ય છે. તેમાં બધું જ ન હોઈ શકે. અમારા શિક્ષણનો હેતુ હિંસક નાગરિકો હતાશ નાગરિકો બનાવવાનો નથી. નફરત અને હિંસા એ શિક્ષણનો વિષય નથી, તેઓ અમારા પાઠ્યપુસ્તકો પર કેન્દ્રિત ન હોવા જોઈએ.' તેમણે ઈશારો કર્યો હતો કે, પાઠ્યપુસ્તકોમાં ૧૯૮૪ના રમખાણો ન હોવા અંગે સમાન હોબાળો કરવામાં આવતો નથી. પાઠ્યપુસ્તકોમાંથી તાજેતરમાં હટાવવામાં આવેલ મુદ્દાઓમાં ગુજરાતના સોમનાથથી અયોધ્યા સુધી ભાજપની 'રથયાત્રા'; કાર સેવકોની ભૂમિકા; બાબરી મસ્જિદના શહીદીને પગલે કોમી હિંસા; ભાજપશાસિત રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન અને 'અયોધ્યામાં બનેલી ઘટનાઓ પર ખેદની ભાજપની અભિવ્યક્તિ'નો સમાવેશ થાય છે. 'જો સુપ્રીમ કોર્ટે રામ મંદિર, બાબરી મસ્જિદ કે રામજન્મભૂમિની તરફેણમાં ચુકાદો આપ્યો છે તો શું તેને અમારા પાઠ્યપુસ્તકોમાં સામેલ ન કરવો જોઈએ, તેમાં શું વાંધો છે ? અમે નવા અપડેટ્સનો સમાવેશ કર્યો છે. જો અમે નવી સંસદનું નિર્માણ કર્યું છે, શું અમારા વિદ્યાર્થીઓને તેના વિશે ખબર ન હોવી જોઈએ તે અમારી ફરજ છે કે આપણે પ્રાચીન વિકાસ અને તાજેતરના વિકાસનો સમાવેશ કરીએ.' અભ્યાસક્રમ અને છેવટે પાઠ્યપુસ્તકોના ભગવાકરણના આક્ષેપો અંગે પૂછવામાં આવતા સકલાનીએ કહ્યું, 'જો કંઈક અપ્રસ્તુત થઈ ગયું હોય તો તેને બદલવું પડશે. તેને કેમ ન બદલવું જોઈએ. મને અહીં કોઈ ભગવાકરણ દેખાતું નથી. અમે ઈતિહાસ શીખવીએ છીએ જેથી વિદ્યાર્થીઓ તથ્યો વિશે જાણે તેને યુદ્ધનું મેદાન બનાવવા માટે નહીં.' 'જો આપણે ભારતીય જ્ઞાન પ્રણાલી વિશે કહીએ છીએ તો તે ભગવાકરણ કેવી રીતે હોઈ શકે ? જો આપણે મહેરૌલીમાં લોખંડના સ્તંભ વિશે કહીએ અને કહીએ કે ભારતીયો કોઈપણ ધાતુશાસ્ત્રના વૈજ્ઞાનિક કરતાં ઘણા આગળ છે તો શું આપણે ખોટું કહીએ છીએ ? તે ભગવાકરણ કેવી રીતે હોઈ શકે ?' સકલાની કે જેઓ ૨૦૨૨માં NCERT ડાયરેક્ટર તરીકેનો હવાલો સંભાળતા પહેલા HNB ગઢવાલ યુનિવર્સિટીમાં પ્રાચીન ઈતિહાસ વિભાગના વડા હતા, તેમણે પાઠ્યપુસ્તકોમાં ફેરફારો, ખાસ કરીને ઐતિહાસિક તથ્યો સંબંધિત ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

## UPSC પ્રિલિમ્સ ૨૦૨૪ : પ્રશ્નપત્ર સરળ, અપેક્ષિત કટ ઓફ, CSAT પેપર વિશ્લેષણ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

UPSC પ્રિલિમ્સ ૨૦૨૪ પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે અને નિષ્ણાંતોએ અપેક્ષિત કટ ઓફ માર્ક્સ શેર કર્યા છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ CSE પેપર બે શિફ્ટમાં આયોજિત કર્યું હતું અને વિદ્યાર્થીઓના મતે પેપર લાંબુ હતું પરંતુ સરળ હતું. નિષ્ણાંતો સૂચવે છે કે, UPSC CSE ૨૦૨૪ પ્રિલિમનું પ્રશ્નપત્ર અપેક્ષા કરતાં સરળ હતું. UPSC પ્રિલિમ્સ ૨૦૨૪ પ્રશ્નપત્ર, કટ ઓફ અને અન્ય વિગતો નીચે તપાસો. UPSC પ્રિલિમ્સમાં બે પેપર હોય છે, જનરલ સ્ટડીઝ I અને જનરલ સ્ટડીઝ II. જો કે, એ નોંધવું અગત્યનું છે કે જ્યારે જનરલ સ્ટડીઝ Iને મેરિટ રેન્કિંગ માટે ગણવામાં આવે છે, ત્યારે સામાન્ય અભ્યાસ II માત્ર લાયકાત માટે હોય છે, ઉમેદવારોએ ક્વોલિફાય થવા માટે ઓછામાં ઓછા ૩૩% (૨૦૦માંથી) માર્ક્સ મેળવવાની જરૂર છે.

**UPSC પ્રિલિમ્સ ૨૦૨૪ કટ ઓફ (અપેક્ષિત) :**

| શ્રેણી | અપેક્ષિત કટ ઓફ |
|---|---|
| જનરલ | ૭૫±૫ |
| EWS | ૬૮±૫ |
| ઓબીસી | ૭૪±૫ |
| એસસી | ૫૯±૫ |
| એસ.ટી. | ૪૭±૫ |
| PwBD 1 | ૪૦±૫ |
| PwBD 2 | ૪૭±૫ |
| PwBD 3 | ૪૦±૫ |
| PwBD 5 | ૩૩±૫ |

ઉપરોક્ત UPSC પ્રિલિમ્સ કટ ઓફ નિષ્ણાંતો દ્વારા પાછલા વર્ષના વલણો અને અન્ય પરિમાણો વચ્ચે આ વર્ષની પરીક્ષાના મુશ્કેલી સ્તરના આધારે તૈયાર કરવામાં આવે છે.

**UPSC પ્રિલિમ્સ પાછલા ૫ વર્ષથી કટ ઓફ :**

| શ્રેણી : | જનરલ :- |
|---|---|
| ૨૦૨૩- | ૭૫.૪૧ |
| ૨૦૨૨- | ૮૮.૨૨ |
| ૨૦૨૧- | ૮૭.૫૪ |
| ૨૦૨૦- | ૯૨.૫૧ |
| ૨૦૧૯- | ૯૮ |
| **ઓબીસી :-** | |
| ૨૦૨૩- | ૭૪.૭૫ |
| ૨૦૨૨ | ૮૭.૫૪ |
| ૨૦૨૧ | ૮૯.૧૨ |
| ૨૦૨૦ | ૮૯.૧૨ |
| ૨૦૧૯ | ૯૫.૩૪ |
| **એસ.ટી. :-** | |
| ૨૦૨૩ | ૪૭.૮૨ |
| ૨૦૨૨ | ૬૯.૩૫ |
| ૨૦૨૧- | ૭૦.૭૧ |
| ૨૦૨૦- | ૬૮.૭૧ |
| ૨૦૧૯- | ૭૭.૩૪ |
| **એસ.સી. :-** | |
| ૨૦૨૩- | ૫૯.૨૫ |
| ૨૦૨૨- | ૭૪.૦૮ |
| ૨૦૨૧- | ૭૫.૪૧ |
| ૨૦૨૦- | ૭૪.૮૪ |
| ૨૦૧૯- | ૮૨ |
| **PWD 1 :-** | |
| ૨૦૨૩- | ૪૦.૪ |
| ૨૦૨૨- | ૪૯.૮૪ |
| ૨૦૨૧- | ૬૮.૦૨ |
| ૨૦૨૦- | ૭૦.૦૬ |
| ૨૦૧૯- | ૫૩.૩૪ |
| **PWD 2:-** | |
| ૨૦૨૩- | ૪૭.૧૩ |
| ૨૦૨૨- | ૫૮.૫૯ |
| ૨૦૨૧- | ૬૭.૩૩ |
| ૨૦૨૦- | ૬૩.૯૪ |
| ૨૦૧૯- | ૪૪.૬૬ |
| **PWD 3:-** | |
| ૨૦૨૩- | ૪૦.૪ |
| ૨૦૨૨- | ૪૦.૪ |
| ૨૦૨૧- | ૪૩.૦૯ |
| ૨૦૨૦- | ૪૦.૮૨ |
| ૨૦૧૯- | ૬૧.૩૪ |
| **PWD 5 :-** | |
| ૨૦૨૩- | ૩૩.૬૮ |
| ૨૦૨૨- | ૪૧.૭૬ |
| ૨૦૨૧- | ૪૫.૮ |
| ૨૦૨૦- | ૪૨.૮૬ |
| ૨૦૧૯- | ૬૧.૩૪ |
| **EWS :-** | |
| ૨૦૨૩- | ૬૮.૦૨ |
| ૨૦૨૨- | ૮૨.૮૩ |
| ૨૦૨૧- | ૮૦.૧૪ |
| ૨૦૨૦- | ૭૭.૫૫ |
| ૨૦૧૯- | ૯૦ |

UPSC પરિણામ PDF સાથે સત્તાવાર CSE પ્રિલિમ્સ કટ ઓફ બહાર પાડે છે. જેઓ આ તબક્કો પાસ કરે છે તેઓ UPSC મેન્સ પરીક્ષા માટે લાયક છે. નોંધનીય રીતે UPSC ત્રણ તબક્કાની પ્રક્રિયા- પ્રિલિમ્સ, મેઈન્સ અને ઈન્ટરવ્યૂ દ્વારા IAS, IFS અને અન્ય સેવાઓ માટે ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરે છે.

## ઈદ-ઉલ-અઝહા ૨૦૨૪ ફિટનેસ સ્પેશિયલ : બકરી ઈદના તહેવાર માટે સંતુલિત અને સ્વસ્થ આહારની ટિપ્સ

### ઈદ-ઉલ-અઝહા ૨૦૨૪ ફિટનેસ સ્પેશિયલમાં અમારા બકરી ઈદના તહેવારને માત્ર આનંદપ્રદ જ નહીં પણ આપણી સુખાકારી માટે પણ અનુકૂળ બનાવી શકીએ તે માટે આ સ્વસ્થ આહાર ટિપ્સ આપી રહ્યા છીએ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઈદ-ઉલ-અઝહા આનંદ, ઉજવણી અને એકતાનો સમય છે તેમાં સ્વાદિષ્ટ વાનગીઓ અને લલચાવનારી વસ્તુઓની ભરમાર હોય છે પરંતુ આ ઉત્સવની ઉજવણીમાં સામેલ થવું એ પરંપરાનો અભિન્ન ભાગ છે, ત્યારે ખાવા માટે સંતુલિત અભિગમ જાળવવો જરૂરી છે. ૨૦૨૪ની ઈદ-ઉલ-અઝહા પહેલા લાઈફસ્ટાઈલ સાથેની એક મુલાકાતમાં નવી મુંબઈની મેડીકવર હોસ્પિટલ્સના ન્યુટ્રિશન એન્ડ ડાયેટિક્સ ડિપાર્ટમેન્ટના ડૉ.રાજેશ્વરી પાંડાએ કહ્યું કે, બકરી ઈદના તહેવારમાં માત્ર આનંદ જ નહીં પણ આપણી સુખાકારી માટે પણ તે ફાયદાકારક બને તે માટે કેટલીક સ્વસ્થ આહારની ટીપ્સ છે.

**૧. તમારા ભોજનની યોજના બનાવો :** તમારા ભોજનમાં અનેક વાનગીઓ લેતા પહેલાં તમારા ભોજનનું આયોજન કરવા માટે થોડો સમય ફાળવો. પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ અને શાકભાજીના સંતુલિત સંયોજન માટેનું લક્ષ્ય રાખો. બ્રાઉન રાઈસ અથવા ક્વિનોઆ જેવા અનાજની સાથે શેકેલ ચિકન, માછલી અથવા દાળ જેવા પ્રોટીન સ્ત્રોતો અને શાકભાજીની શ્રેણી પસંદ કરો.

**૨. માઈન્ડફુલ પોર્શન્સ :** આપણા ટેબલ પરની દરેક વાનગી આકર્ષક હોય છે, ત્યારે પોર્શન કંટ્રોલ કરવું એ અતિશય ઉપભોગને રોકવા માટેની ચાવી છે. તમારી મનપસંદ વાનગીઓને પીરસો અને ઓછું સેવન કરો. દરેક વાનગીનો સ્વાદ માણવા અને તમારા શરીરની ભૂખ મુજબ તેને જમો.

**૩. પોષક તત્ત્વોથી ભરપૂર ખોરાક પસંદ કરો :** ઈદ-ઉલ-અઝહા દરમિયાન ઉપલબ્ધ વિવિધ વાનગીઓ વચ્ચે તમારા શરીરને પોષણ આપતા પોષક તત્ત્વોથી ભરપૂર ખોરાકને પ્રાધાન્ય આપો. વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટીઓક્સિડન્ટની વિવિધ શ્રેણી સાથે તમારા ભોજનમાં પુષ્કળ ફળો, શાકભાજી અને અનાજનો સમાવેશ કરો. તાજા, પૌષ્ટિક ઘટકોનો ઉપયોગ કરીને તંદુરસ્ત અને પરંપરાગત વાનગીઓ જમો.

**૪. હાઈડ્રેશનનું ધ્યાન રાખો :** તહેવારો દરમિયાન હાઈડ્રેટેડ રહેવાનું ભૂલશો નહીં. તમારી પ્રાથમિક પીણાની પસંદગી તરીકે પાણીને પસંદ કરો અને ખાંડયુક્ત પીણાં અને સોડાનું મર્યાદિત સેવન કરો. વધારાના સ્વાદ માટે તમારા પાણીમાં તાજા ફળો અથવા ઔષધિઓ નાખો અથવા મીઠા વગરની આઈસ્ડ ટીના તાજગીભર્યા ગ્લાસનો આનંદ લો. યોગ્ય હાઈડ્રેશન પાચન, ચયાપચય અને એકંદર સુખાકારીને ટેકો આપે છે.

**૫. સમજદારી સાથે આહાર જમો :** દરેક વાનગી ઓછી અને તેનો સ્વાદ લઈને જમો. ખોરાકની સુગંધ, સ્વાદ માણો. તમારી ભૂખના સ્તરનું મૂલ્યાંકન કરવા અને અવિવેકી રીતે બે ભોજન વચ્ચે વિરામ લો. ભોજન દરમિયાન સાવચેત રહેવાથી તમે અતિશય આહારને અટકાવીને તમારા આનંદ અને તંદુરસ્તીમાં વધારો કરી શકો છો.

## તેલંગાણાના મેડક જિલ્લામાં ગાયની હેરાફેરીને લઈને બે સમુદાયો વચ્ચે અથડામણ, કલમ ૧૪૪ લાગુ...

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૬

પોલીસે જણાવ્યું હતું, શનિવારે ગાયોના કથિત ગેરકાયદેસર પરિવહનને લઈને બે સમુદાયો વચ્ચે ફાટી નીકળેલી અથડામણ પછી તેલંગાણાના મેડક જિલ્લામાં રામદાસ ચોરાસ્તા નજીક કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે.

નોંધનીય રીતે, ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ ૧૪૪, જે એક વિસ્તારમાં ચાર કે તેથી વધુ લોકોને એકઠા થવા પર પ્રતિબંધ મૂકે છે, તે સામાન્ય રીતે હિંસા અને રમખાણો તરફ દોરી શકે તેવા કોઈપણ વિરોધને ટાળવા માટે લાગુ કરવામાં આવે છે. મેડકના પોલીસ અધિક્ષક બી બાલા સ્વામીએ જણાવ્યું હતું કે, પોલીસે વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી છે અને પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું, કેટલાક લોકોને પહેલેથી જ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને તપાસ ચાલી રહી છે કારણ કે બંને પક્ષો સામે કેસ નોંધવામાં આવી રહ્યો છે અને હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. તેમના જણાવ્યા મુજબ, ભારતીય જનતા યુવા મોરચા (BJYM)ના નેતાઓએ ગાયોનું પરિવહન અટકાવ્યું ત્યારે ઝપાઝપી થઈ અને ફરિયાદ નોંધાવા ને બદલે તેઓએ વિરોધ પ્રદર્શન કર્યું. સ્વામીએ કહ્યું, આ ઝપાઝપીમાં બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જે બાદ બંને પક્ષોએ રોડ પર ચક્કાજામ કર્યો હતો. જે હોસ્પિટલમાં ઘાયલ લોકો સારવાર લઈ રહ્યા હતા તેના પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

## મેડક કોમી હિંસા : ભાજપ મેડક જિલ્લા પ્રમુખ સહિત અન્ય ૭ની ધરપકડ

(એજન્સી) તા.૧૬

તેલંગાણા પોલીસે મેડક શહેરમાં હિંસાના સંદર્ભમાં બીજેપી મેડક જિલ્લા પ્રમુખ ગદ્દમ શ્રીનિવાસ, બીજેપી મેડક શહેર પ્રમુખ એમ નયમ પ્રસાદ અને અન્ય સાત લોકોની ધરપકડ કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું કે તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. અહેવાલો અનુસાર, મેડકમાં મિન્હાજ ઉલ ઉલૂમ મદ્રેસાના મેનેજમેન્ટે બકરીદ પર કુરબાની માટે પશુઓ ખરીદ્યા હતા. દક્ષિણપંથી હિન્દુત્વવાદી સંગઠનોના સ્થાનિક સભ્યોએ મદ્રેસા પાસે કુરબાનીના પ્રાણીઓ લાવવામાં આવ્યા બાદ હોબાળો મચાવ્યો ત્યારે તણાવ શરૂ થયો. ઘટનાના એક કલાક પછી, દક્ષિણપંથી હિન્દુત્વ સમુહના સભ્યો ફરીથી મદ્રેસામાં પહોંચ્યા અને હુમલો કર્યો. મદ્રેસાની અંદર કેટલાય લોકો ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. થોડી જ વારમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ભીડને વિખેરી નાખી. બાદમાં ટોળાએ હોસ્પિટલ પર પણ હુમલો કર્યો હતો અને હોસ્પિટલ બિલ્ડિંગ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે દરમિયાનગીરી કરીને ભીડને વિખેરવા લાઠીચાર્જ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ વિસ્તારમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. કેટલાક તોફાની તત્વોએ સાંજે બજારો બંધ કરાવ્યા હતા. પોલીસે વધુ કોઈ ગડબડ ન થાય તે માટે મેડક શહેરમાં પેટ્રોલિંગ વધારીને જવાબી કાર્યવાહી કરી છે.

## મીરા રોડમાં ઈદ-ઉલ-અઝહા : જેપી નોર્થ સેલેસ્ટે સોસાયટીમાં કથિત રીતે કુરબાની માટે લાવવામાં આવેલા ઘેટાંને લઈને વિખવાદ

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મીરા રોડની એક ચિંતાજનક ઘટનામાં બજરંગ દળના સભ્યોએ જેપી નોર્થ સેલેસ્ટે સોસાયટીની બહાર કથિત રીતે હંગામો મચાવ્યો હતો. કથિત રીતે આ ઝઘડો ૧૫ જૂન શનિવારના રોજ મોડી રાત્રે થયો હતો, જ્યારે કેટલાક મુસ્લિમ પરિવારો ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ) તહેવાર પહેલા બલિદાનની વિધિ માટે સમાજમાં ઘેટાંના બચ્ચાં લાવ્યા હતા. આ ઘટનાનો એક વીડિયો, જે ઓનલાઈન સામે આવ્યો છે, તેમાં બે જૂથો જોરદાર મૌખિક અથડામણમાં સામેલ જોવા મળે છે. ફૂટેજમાં તણાવ સ્પષ્ટ દેખાય છે, જેમાં એક વ્યક્તિ આક્રમક રીતે માત્ર અન્ય લોકો દ્વારા તેને નિયંત્રિત કરવા માટે વીડિયો રેકોર્ડ કરતી વ્યક્તિની નજીક આવી રહ્યો હતો. અન્ય એક વ્યક્તિ આ ઘટનાના વીડિયો રેકોર્ડિંગનો વિરોધ કરતો જોવા મળે છે. તે અસ્પષ્ટ રહે છે કે શું આ મુદ્દો બંને પક્ષો વચ્ચે સુમેળપૂર્વક ઉકેલવામાં આવ્યો હતો અથવા સ્થાનિક પોલીસે હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. જો કે, તહેવારોના સમયની આસપાસના આવા ઝઘડાઓ ઉજવણીના ઉત્સાહને ઘટાડી શકે છે અને બિનજરૂરી વિખવાદ પેદા કરી શકે છે. ઈદના સમયે મીરા રોડમાં બનેલી આ ઘટના કોઈ અલગ ઘટના નથી. આવી જ સ્થિતિ ગયા વર્ષે જેપી ઈન્ફ્રા સોસાયટીમાં નોંધાઈ હતી, જ્યાં એક પરિવારે ઈદ અલ-અઝહા પહેલાં કુરબાની માટે બે બકરા લીધા હતા. બકરાઓની હાજરીને કારણે અન્ય રહેવાસીઓમાં અશાંતિ ફેલાઈ હતી, પરિણામે નોંધપાત્ર હંગામો થયો હતો અને જૂથો વચ્ચે તણાવ વધ્યો હતો. આ વધતા તણાવના જવાબમાં, સોસાયટી મેનેજમેન્ટે પરિસરમાં બકરાના કતલ પર પ્રતિબંધ મૂકતી નોટિસ જારી કરી અને રહેવાસીઓને એકબીજાના અધિકારોનું સન્માન કરવા વિનંતી કરી. નોટિસમાં સુમેળભર્યું વાતાવરણ જાળવવાના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને સંઘર્ષના શાંતિપૂર્ણ નિરાકરણ માટે હાકલ કરવામાં આવી હતી.

## જો ફરીથી ચૂંટાશે તો અમેરિકાના ઈતિહાસમાં 'સૌથી મોટા દેશનિકાલનું ઓપરેશન' શરૂ કરવાનું ડોનાલ્ડ ટ્રમ્પે વચન આપ્યું

### ડોનાલ્ડ ટ્રમ્પે 'કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને' બહાર ફેંકી દેવા માટે તેઓને પ્રમુખને ચૂંટવા માટે તેમના સમર્થકોને વિનંતી કરી અને કહ્યું કે, તેમનું વહીવટીતંત્ર અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ કામગીરી હાથ ધરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

પૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૪ની રાષ્ટ્રપતિની રેસ માટે રિપબ્લિકન ઉમેદવાર છે, તેમણે વચન આપ્યું છે કે, જો તેઓ ફરીથી સત્તા પર ચૂંટાશે તો અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ કામગીરી હાથ ધરવામાં આવશે. મિશિગનમાં એક સંમેલનને સંબોધતા ટ્રમ્પે સમર્થકોને નવેમ્બરની ચૂંટણીમાં એવા રાષ્ટ્રપતિ માટે મત આપવાનું આહ્‌વાન કર્યું જે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને દેશની બહાર ફેંકી દેશે.

તેમણે કહ્યું કે, નવેમ્બરમાં દરેક મતદાતાની પસંદગી સ્પષ્ટ છેઃ તમારી પાસે એવા રાષ્ટ્રપતિ હશે જે હજારો કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશમાં પ્રવેશ આપે રોકે અથવા તમે એવા રાષ્ટ્રપતિ પસંદ કરવાનું નક્કી કરી શકો કે જે કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓને આપણા દેશની બહાર ફેંકી દેશે. તેમણે કહ્યું કે, મારા નવા વહીવટના પ્રથમ દિવસે અમે અમેરિકન ઈતિહાસમાં સૌથી મોટી દેશનિકાલ કામગીરી શરૂ કરીશું. અમારી પાસે કોઈ વિકલ્પ નથી. ટ્રમ્પની આ ટિપ્પણીઓ ત્યારે કરવામાં આવી છે જ્યારે રિપબ્લિકન શિબિર 'સ્થાયી આક્રમણ'ને પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ટ્રમ્પ અને તેમના સમર્થકો ચૂંટણી પહેલા એક વાર્તા દર્શાવી રહ્યા છે કે, ડેમોક્રેટિક પ્રમુખ જો બિડેને ઈમિગ્રન્ટ્સ માટે યુએસ આવવાનું સરળ બનાવ્યું છે. તેઓ આ સ્થળાંતર કરનારાઓ દ્વારા કરવામાં આવતા ગુનાઓને 'બાઈડેન દ્વારા સ્થળાંતરિત ગુના' તરીકે ઓળખે છે. ચૂંટણીના ભાગરૂપે અનેક પ્રસંગોએ ટ્રમ્પે તેમની ઈમિગ્રન્ટ વિરોધી નીતિઓ રજૂ કરી છે, જેમાં ઈમિગ્રન્ટ્સને સંપૂર્ણ રીતે અસ્વીકાર કરવાની હાકલ કરવામાં આવી છે. તેઓએ ISIS સાથે શંકાસ્પદ કડીઓ સાથે આઠ લોકોની તાજેતરની ધરપકડનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે કહ્યું કે, અમારો દેશ ક્યારેય જોખમમાં નથી રહ્યો જેવો તે અત્યારે જોખમમાં છે. તેમણે દાવો કર્યો કે, હજારો આતંકવાદીઓ યુએસમાં ઘૂસી રહ્યા છે અને આપણા દેશને આકરી કિંમત ચૂકવવી પડશે. એપ્રિલમાં તેમણે યુ.એસ.માં વસાહતીઓને 'પ્રાણીઓ' તરીકે વર્ણવ્યા હતા અને કહ્યું હતું કે, તેઓ આપણા દેશના લોહીમાં ઝેર ભેળવી રહ્યા છે.

## મહારાષ્ટ્ર : મહારાષ્ટ્ર વિકાસ અઘાડી એકજૂટ થઈને ચૂંટણી લડશે; અમારા ગઠબંધનને જીતાડવા બદલ PM મોદીનો આભાર : શરદ પવાર

(એજન્સી) મુંબઈ, તા.૧૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં અદ્‌ભુત પ્રદર્શન કર્યા બાદ શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસનો આત્મવિશ્વાસ વધી ગયો છે. થોડા દિવસ પહેલાં એવી અફવાઓ ફેલાવાઈ હતી કે, ઉદ્ધવ ઠાકરે હવે પાછા એનડીએ તરફ વળી શકે છ. જો કે, અફવાઓ પર આજે પૂર્ણવિરામ મૂકાયો અને ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર તથા કોંગ્રેસ નેતા અશોક ચૌહાણે એકસૂરમાં જાહેરાત કરી દીધી કે આગામી લોકસભા ચૂંટણી અમે મહાવિકાસ અઘાડી તરીકે એકજૂટ થઈને જ લડીશું. આ પહેલાં દિગ્ગજ નેતાઓની બેઠકમાં શિવસેના (ઉદ્ધવ જૂથ)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મોદી સરકાર સામે નિશાન તાકતાં કહ્યું કે, આ લોકસભા ચૂંટણી બંધારણ અને લોકતંત્ર બચાવવાની લડાઈ હતી. જલદી જ હવે વિધાનસભા ચૂંટણી યોજાશે. આ સરકાર મોદી સરકારની હતી અને હવે એનડીએ સરકાર બની ગઈ છે. હવે જોવાનું એ છે કે, આ સરકાર કેટલા દિવસ ટકે છે. શરદ એનસીપી શરદચંદ્ર પવારના નેતા શરદ પવારે કહ્યું કે, જ્યાં પણ વડાપ્રધાને રોડ શો અને રેલી યોજ્યાં ત્યાં અમે જ જીત્યાં એટલા માટે હું વડાપ્રધાનનો આભારી છું અને મારૂં કર્તવ્ય સમજું છું એટલા માટે તેમને આભાર વ્યક્ત કરૂં છું. જ્યારે કોંગ્રેસ નેતા પૃથ્વીરાજ ચૌહાણે કહ્યું કે, અમે બધા આજે મહારાષ્ટ્રની પ્રજાનો આભાર વ્યક્ત કરવા અને બધાને ધન્યવાદ કરવા એકસાથે આવ્યા છીએ. મહારાષ્ટ્રની પ્રજાએ મહાવિકાસ અઘાડીના ઉમેદવારોને જીતાડ્યા. લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ શનિવારે મહાવિકાસ અઘાડીની પહેલી પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, બળવાખોર નેતાઓને પાછા લેવાનો કોઈ સવાલ જ નથી. તાજેતરમાં સંપન્ન લોકસભા ચૂંટણીમાં પારનેર ધારાસભ્ય નિલેશ લંકે અજિત પવાર જૂથના શરદ પવારના નેતૃત્વવાળા જૂથમાં જતા રહ્યા હતા અને અહેમદનગરથી વર્તમાન ભાજપ સાંસદ સુખય વિખે પાટિલને હરાવીને જીત મેળવી હતી.

## ઉદ્ધવ અને શરદ પવારે કહ્યું : બળવાખોરોને પાછા લેવાનો સવાલ જ નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને એનસીપી (એસપી) વડા શરદ પવારે શનિવારના રોજ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, બળવાખોર જૂથોનો પક્ષ લેનારાઓને પાછા લેવાનો કોઈ પ્રશ્ન જ નથી. મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધન શાસક ગઠબંધનને પાછળ રાખ્યા બાદ સૌ પ્રથમ સેના (UBT), NCP (SP) અને કોંગ્રેસની મહા વિકાસ અઘાડી (MVA)ની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં બંને નેતાઓ બોલી રહ્યા હતા. એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના એક ધારાસભ્યે, જો કે, આ નિવેદનને તરછોડી દીધું એમ કહીને કે કોઈને પાછા જવામાં રસ નથી. અહીં પત્રકાર પરિષદ દરમિયાન ઠાકરે અને શરદ પવાર બંનેએ કહ્યું હતું કે, બળવાખોર નેતાઓને પાછા લેવાનો કોઈ પ્રશ્ન નથી. નિવેદન પર પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેનાના ધારાસભ્ય સંજય શિરસાટે કહ્યું કે, ઠાકરેએ પહેલાં પોતાના ટોળાની સંભાળ લેવી જોઈએ. એકનાથ શિંદેએ ૩૯ ધારાસભ્યો સાથે બળવો કર્યો અને ઠાકરેની આગેવાની હેઠળની એમવીએ સરકારને તોડી પાડ્યા પછી જૂન ૨૦૨૨માં શિવસેનાનું વિભાજન થયું. ત્યારબાદ શિંદે ભાજપ સાથે હાથ મિલાવીને મુખ્યમંત્રી બન્યા હતા. એક વર્ષ પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પણ બે જૂથોમાં તૂટી ગઈ કારણ કે, અજિત પવાર આઠ ધારાસભ્યો સાથે સરકારમાં જોડાયા હતા. પરંતુ તાજેતરની સામાન્ય ચૂંટણીઓમાં એમવીએ મહારાષ્ટ્રમાં ૪૮ લોકસભા બેઠકોમાંથી ૩૦ જીત્યા પછી એવી અટકળો ચાલી રહી હતી કે, કેટલાક નેતાઓ અનુક્રમે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીઓમાં પાછા આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, પારનેરના ધારાસભ્ય નિલેશ લંકેએ લોકસભા ચૂંટણી પહેલાં અજિત પવારના નેતૃત્વવાળી NCP છોડી દીધી હતી. લંકે NCP (SP)ની ટિકિટ પર અહમદનગર બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને ભાજપના વર્તમાન સાંસદ સુજય વિખે પાટીલને હરાવ્યા હતા. બજરંગ સોનવણેએ પણ અજિત પવારની આગેવાની હેઠળની NCP છોડી દીધી અને NCP (SP)ની ટિકિટ પર બીડથી લોકસભાની ચૂંટણી લડી. તેમણે પૂર્વ રાજ્યમંત્રી અને ભાજપના ઉમેદવાર પંકજા મુંડેને હરાવ્યા હતા. કેન્દ્રમાં પોર્ટફોલિયોની ફાળવણીને લઈને સત્તારૂઢ ભાજપના સહયોગી એનસીપી અને શિવસેનામાં કથિત રીતે અસંતોષ છે. અજિત પવારની આગેવાની હેઠળની પાર્ટીને માત્ર સ્વતંત્ર પ્રભાર સાથેના રાજ્યમંત્રી પદની ઓફર કરવામાં આવી હતી, જે તેમણે નકારી કાઢી હતી, જ્યારે માત્ર એક શિવસેનાના સાંસદ, પ્રતાપરાવ જાધવને કેન્દ્ર સરકારમાં રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) તરીકે સામેલ કરવામાં આવ્યા હતા. જ્યારે શિંદેના નેતૃત્વવાળી પાર્ટી પાસે સાત સાંસદો છે.

ભાજપના મહાકાય ભ્રષ્ટાચારના ષડયંત્રનો કોંગ્રેસ દ્વારા પર્દાફાશ

# દહેજ-સાયખા GIDCમાં બે તબક્કામાં કુલ ૧૫ અબજ ૭૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના પુરાવા

## માત્ર ૬ મહિનામાં જ ભ્રષ્ટાચારનો રસ્તો કરી આપવા પરિપત્ર ઉલટાવી દીધો : શક્તિસિંહ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

ભાજપના GIDC (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ)માં પ્રથમ તબક્કે ૩ અબજ ૫૦ કરોડ રૂપિયા અને બીજા તબક્કામાં ૧૨ અબજ ૨૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના દસ્તાવેજી પુરાવાઓ અને સિલસિલાબંધ હકીકતો પ્રેસ અને મીડિયાને આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર અણઆવડત અને ભયંકર ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઈ છે. જે ભારતીય જનતા પાર્ટી ચૂંટણી સમયે કહેતી હતી કે 'ભરોસાની ભાજપ' તે હવે 'ભ્રષ્ટાચારની ભાજપ' બની છે.



ભાજપ સરકારે દહેજ અને સાયખા ઔદ્યોગિક ઝોનમાં પહેલે તબક્કે ૩ અબજ ૫૦ કરોડ, બીજા તબક્કામાં ૧૨ અબજ ૨૦ કરોડથી વધારેના ભ્રષ્ટાચારના જે ષડ્યંત્ર કર્યાં છે. તેની વિગતો શક્તિસિંહ ગોહિલે આપી હતી.

તેમણે જણાવ્યું કે, GIDCને અવિકસિત વિસ્તારમાં સ્થાપીને નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે પ્લોટ જંત્રી/ઔદ્યોગિક દરથી આપવામાં આવતા હતા. જ્યારે GIDC વિકસિત બને અને ૯૦% પ્લોટ ફાળવાય ત્યારે એ GIDCને સેચ્યુરેટેડ (સંતૃપ્ત ઝોન) તરીકે જાહેર કરવાની એક સ્થાપિત નીતિ ગુજરાતમાં રહી છે. આવા સેચ્યુરેટેડ ઝોનમાં બેઠા ભાવે નહીં, પરંતુ જે ઔદ્યોગિક ભાવ એ જંત્રીનો ભાવ હોય તેમાં ૨૦% ઉમેરીને ત્યારબાદ જાહેર હરાજીથી જ પ્લોટ ફાળવી શકાય. ભ્રષ્ટાચાર માટેના ષડ્યંત્રની શરૂઆત એ રીતે થાય છે કે, તારીખ ૨૪મી એપ્રિલ ૨૦૨૩ના રોજ દહેજ અને સાયખામાં કેમિકલ ઝોનમાં જમીનના પ્લોટ ફાળવવા માટે GIDC દ્વારા અરજીઓ મંગાવવામાં આવી અને ત્યાંનો બેઠો ભાવ ૨,૮૪૫ પ્રતિ ચોમી છે. અરજીઓ મંગાવ્યા બાદ તારીખ ૨૭મી જુલાઈ ૨૦૨૩ના રોજ એટલે કે માત્ર ૩ મહિનામાં જ પરિપત્ર કરીને GIDCએ કહ્યું કે, નિગમની ૫૧૮મી નિયામક મંડળની સભામાં નક્કી થયું છે કે દહેજ અને સાયખાએ સેચ્યુરેટેડ ઝોનમાં ગણવો. એટલે કે બેઠા ભાવે જમીન ફાળવી શકાય નહીં અને અગાઉ જે કંઈ અરજીઓ તારીખ ૨૪મી એપ્રિલ ૨૦૨૩ના રોજ માંગવામાં આવી હતી તે રદ કરવામાં આવે છે અને હવે જે કોઈ જંત્રી/ઔદ્યોગિક દર છે તેમાં ૨૦% ઉમેરીને પછી જાહેર હરાજીથી જ પ્લોટ ફાળવાશે તેમજ નિયમ મુજબ સંપૂર્ણ કામગીરી શરૂ ન થાય ત્યાં સુધી લેનારને નામે પ્લોટ તબદીલ થશે નહીં. આ પ્રકારનો પરિપત્ર કર્યા બાદ જૂની જે અરજીઓ આવી હતી. એ બધા સાથે ખૂબ મોટાપાયે વાટાઘાટો અને વહીવટ થયા બાદ જે ભ્રષ્ટાચારનું ષડ્યંત્ર બન્યું તે એ મુજબ છે કે, જો હરાજી કરવામાં આવે તો આ વિસ્તારમાં એક ચો.મી.ના ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયા ઊભા થાય છે. થોડા સમય પહેલાં એટલે કે, ૧ વર્ષ પહેલાં એશિયન પેઈન્ટ્સ દ્વારા આ જ વિસ્તારમાં પ્લોટ ખરીદવામાં આવ્યો તેની કિંમત ૮,૦૦૦થી વધારે તેને ચૂકવવી પડી હતી. દહેજ અને સાયખા કરતાં વધારે અંદર આવેલા અને પૂરતી સુવિધા નહીં ધરાવતા વિસ્તાર એવા ઝઘડિયા અને પાનોલીમાં પણ ૬,૦૦૦થી ૭,૫૦૦ હજાર રૂપિયાનો ભાવ કેમિકલ ઝોનમાં પ્લોટનો ૨૦૨૨માં હરાજીમાં સરકારને પ્રાપ્ત થયો હતો. અહીં હરાજી થાય તો ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ ચો.મી.ના મળે. આ રીતે જો જાહેર હરાજી થાય તો જે પ્લોટની જમીનોની હરાજી કરવાની થાય છે તે ૫ લાખ ચો.મી. અને બીજા ફેઝમાં ૨૦ લાખ ચો.મી. જમીન આપવાની થાય અને આમ સારી આવક સરકારને થઈ શકે પરંતુ ષડ્યંત્રના ભાગરૂપે બધા સાથે મોટો વહીવટ કરીને GIDCએ જે વિસ્તારને સેચ્યુરેટેડ ઝોન જાહેર કર્યો હતો. જ્યાં જમીન માત્ર જાહેર હરાજીથી જ આપી શકાય એમ હતી. એ પરિપત્રને માત્ર ૬ જ મહિનામાં એટલે કે તારીખ ૮મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ઉલટાવી નાંખીને એવો પરિપત્ર કર્યો કે દહેજ અને સાયખામાં આવેલા કેમિકલ ઝોનને હવે અનસેચ્યુરેટેડ તરીકે જાહેર કરી દેવામાં આવે છે.

તેથી પરિપત્રનો સીધો અર્થ એ થઈ ગયો કે હવે પ્લોટોની હરાજી નહીં કરવાની અને ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ ચો.મી. ઉપજવાના હોય ત્યાં માત્ર રૂપિયા ૨,૮૪૫ પ્રતિ ચો.મી.નો ભાવ ગણીને બેઠા ભાવે અરજીઓ ગણીને આપી શકાય. આ માટેના બધા અધિકારો પણ પરિપત્ર દ્વારા GIDCના ઉપાધ્યક્ષને આપી દેવામાં આવ્યા હતા. આના કારણે જે ૫ લાખ ૨૫ હજાર ચો.મી. જમીન પહેલા ફેઝમાં આપવાની થાય જેના કારણે સરકારની તિજોરી પર ૩ અબજ ૫૦ કરોડ રૂપિયાનું નુકસાન આવે અને બીજા ફેઝમાં ૨૦ લાખ ચો.મી. જમીન એટલે ૧૨ અબજ ૨૦ કરોડ રૂપિયાનું નુકસાન સરકારને થાય. આ એક વ્યવસ્થિત ભ્રષ્ટાચારનું ષડ્યંત્ર છે અને એટલા માટે અમારી માંગણી છે કે માત્ર ૬ જ મહિનામાં સેચ્યુરેટેડ ઝોનમાંથી અનસેચ્યુરેટેડ ઝોન કરવાનું મુખ્ય કાવતરું કરનાર સામે FIR કરવામાં આવે. સુપ્રીમ કોર્ટ દ્વારા સ્પેક્ટ્રમ અલોટમેન્ટ કેસમાં સ્પષ્ટ આદેશ અપાયો છે કે સરકારોએ કોઈપણ જમીન કે મિલકત હરાજી વગર કોઈને પણ આપવી નહીં છતાં GIDCએ અરજીઓ વગર હરાજી માટેની શા માટે મંગાવી ? બેઠા દરે જમીનો ફાળવી દેવાનું ગુજરાતમાં હજી પણ ષડ્યંત્ર કેમ ચાલે છે ? હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના સેટિંગ જજ મારફત સમગ્ર પ્રકરણની તપાસ કરવામાં આવે Edને GIDCમાં મોકલવામાં આવે અને મની લોન્ડરિંગ અંગેનો કેસ દાખલ કરવામાં આવે. GIDCના નિયામક મંડળના સભ્યોની મિલકતની તપાસ Ed, ઈન્કમટેક્સ અને CBI દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે અને આ તપાસને પારદર્શક રાખીને ગુજરાતના લોકોને હકીકતોથી વાકેફ કરવામાં આવે. તેવી માગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં થયા મેઘાના મંડાણ

# ખંભાળિયામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ બે કલાકમાં પાંચ ઈંચ વરસાદથી પાણી જ પાણી

## ત્રણ ઈંચ વરસાદે પોરબંદર પાલિકાની પોલ ખોલી

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં ગરમી, બફારા અને ઉકળાટની સ્થિતિ વચ્ચે દક્ષિણ ગુજરાતમાં સ્થિર ચોમાસાએ આગળ પ્રયાણ કરતા સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ જામ્યો છે.

રાજ્યમાં હવામાન વિભાગની આગાહીના પગલે અલગ-અલગ વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને આજે મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં મંડાણ કર્યા છે. સવારે પોરબંદરમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ બપોરે બેથી ચાર દરમિયાન દ્વારકાના ખંભાળિયામાં બે કલાકમાં જ પાંચ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. તો બીજી તરફ પોરબંદરમાં પ્રથમ વરસાદમાં જ પાલિકાના પ્રિમોન્સુ પ્લાનની પોલ ખુલ્લી પડી હતી. પોરબંદરના કેટલાક વિસ્તારોમાં લોકોના ઘરમાં પાણી ઘૂસી જતા લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા.

દ્વારકામાં આજે સવારથી જ મેઘરાજાએ મંડાણ કર્યા છે. ભાણવડ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યા બાદ ખંભાળિયામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ શરૂ થઈ હતી. માત્ર બે કલાકમાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકતા શહેરના રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. તો બીજી તરફ વાવણીલાયક વરસાદ વરસતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. અસહ્ય બફારા બાદ જૂનાગઢમાં ધીમીધારે વરસાદની એન્ટ્રી થઈ છે. જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. સિઝનના પહેલા વરસાદની શરૂઆત થઈ ચૂકી છે. જેથી ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી રહી છે.

શનિવારે રાત્રિના જોરદાર વરસાદી ઝાપટું પડ્યા બાદ આજે રવિવારે વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેથી રસ્તા પર પાણી ફરી વળ્યાં હતાં. વરસાદ પડતા લોકોને ગરમીથી રાહત મળી હતી. ધોધમાર વરસાદથી માર્ગો પર પાણી ફરી વળ્યાં હતાં. તેમજ અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. તો રાણાવાવ તાલુકામાં પણ વરસાદ પડ્યો હતો. ભોદ ગામે ખેતરોમાં પાણી ભરાયાં હતાં. કુતિયાણા તાલુકામાં માત્ર વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.

પોરબંદર શહેરમાં માત્ર પોણા ત્રણ ઈંચ વરસાદમાં અનેક વિસ્તારમા વરસાદી પાણી ભરાયા હતા. શહેરના વિરડી પ્લોટ, કુંભારવાડા સહિતના નીચાણવાળા વિસ્તારમાં ઘરમાં પાણી ઘૂસ્યા હતા. જેને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ કચ્છમાં રવિવારે સવારે મુન્દ્રા અને ભુજ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં હળવાં ઝાપટાં પડ્યાં હતાં. મુન્દ્રા તાલુકાના વવારમાં વરસાદી ઝાપટું વરસ્યું હતું. તો ભુજના ભુજપરમાં પણ વરસાદ થયો હતો. આ સિવાય જિલ્લામાં ધૂપછાવનો માહોલ સર્જાતા સાંજ સુધીમાં વધુ વરસાદ થવાની સંભાવના ઊભી થઈ છે. તેમજ ભચાઉ, વલસાડ, માણાવદર અને જામજોધપુરમાં પણ ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ સુરેન્દ્રનગરના વઢવાણમાં ૬૪ MM, ભાવનગરના ગારિયાધારમાં ૪૬ MM, લખતરમાં ૩૦ MM, જેસરમાં ૨૫ MM, લાઠીમાં ૧૮ MM, લીલિયામાં ૧૯ MM વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત મોરબી, નવસારી, તાપી, નર્મદા, વલસાડ, જામનગર, દેવભૂમી દ્વારકા, જૂનાગઢ, પોરબંદર સહિતમાં પણ ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

૧૭ જૂનના રોજ ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલી, અમરેલી અને ભાવનગરમાં તેમજ ૧૮ જૂનના રોજ ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલી, સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદ પડી શકે છે. જ્યારે ૧૯ જૂનના રોજ પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા અને નગર-હવેલી તેમજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

વધુ એક સ્વામીની પાપલીલા સામે આવી

# રાજકોટની યુવતી સાથે ખોટા લગ્ન કરી ધર્મસ્વરૂપદાસ સ્વામીએ વારંવાર દુષ્કર્મ આચર્યું

## હોસ્ટેલના સંચાલકે યુવતીને દવા પીવડાવી ગર્ભપાત કરાવ્યો

## યુવતીએ વિરોધ કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી

અમદાવાદ, તા.૧૬

સ્વામીનારાયણ સંપ્રદાયના લંપટ સાધુઓના એક પછી એક કરતૂતો બહાર આવતા ભક્તોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે વધુ એક સ્વામીની પાપલીલા સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ખીરસરા ગામે સ્વામિનારાયણ ગુરુકુળના ધર્મસ્વરૂપદાસ સ્વામીએ ફેસબુક મારફત યુવતી સાથે મિત્રતા કેળવી પ્રેમજાળમાં ફસાવી ખોટા લગ્નનું નાટક કરી તેની સાથે અવારનવાર ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધી યુવતીને સગર્ભા બનાવી હતી. જે બાદ ધર્મસ્વરૂપદાસ સ્વામીએ હોસ્ટેલના સંચાલક મયૂર કાસોદરિયા સાથે પ્રેગ્નન્સી કિટ અને ગર્ભપાતની દવા મોકલાવી યુવતીની ઈચ્છા વિરુદ્ધ ગર્ભપાત કરાવ્યો હતો. આ ઘટના અંગે યુવતીએ રાજકોટના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ આ ઘટના ખીરસરા (ઘેટિયા) ગામમાં બની હોવાથી ભાયાવદર પોલીસે ફરાર ધર્મસ્વરૂપદાસ સ્વામી, નારાયણ સ્વરૂપદાસ સ્વામી અને હોસ્ટેલ સંચાલક મયૂર કાસોદરિયાને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે યુવતીની ફરિયાદ પરથી વિગતો જોઈએ તો ફેસબુકમાં મિત્રતા કેળવ્યા બાદ લગ્નની લાલચ આપી સ્વામીએ સંબંધ બાંધવાની વાત કરી. ગેસ્ટ હાઉસમાં જ લગ્ન કરી યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. યુવતીને લાવવા લઈ જવાની જવાબદારી હોસ્ટેલના સંચાલક મયુર કાસોદરિયાની હતી. યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યા બાદ સ્વામીએ તેને સાધ્વી બનવાનું કહ્યું હતું. જ્યારે યુવતી ગર્ભવતી થઈ જતા સ્વામીએ દવા ખવડાવી ગર્ભપાત કરાવી દીધો હતો. આ બધી જ કામગીરીમા મયુર પણ ભૂમિકા ભજવતો હતો. આ અંગે યુવતીના જણાવ્યા મુજબ ત્યારબાદ મને ભુજ ખાતે સાધ્વીની ટ્રેનિંગ માટે મોકલી હતી. ત્યારબાદ ભુજ ટ્રેનિંગ પૂરી કરી હળવદ ટ્રેનિંગમાં મોકલી હતી. ત્યાં ટ્રેનિંગ પૂરી કરી હું પાછી ટીંબડી આવતી રહી હતી. આ સમયગાળા દરમિયાન મારે આ સ્વામી સાથે મતભેદ થયો હતો. જેથી સ્વામીએ મને સમજાવેલ કે, તું ખોટું વિચારે છે, મેં તારી સાથે કંઈ ખોટું કર્યું નથી. હું તને સારી રીતે જ રાખું છું, પરંતુ હું માની નહિ અને સ્વામી નારાયણસ્વરૂપદાસને આ સમગ્ર બનાવની વાત કરી હતી. જે બાબતની જાણ સ્વામીને અગાઉથી જ હતી અને બાદમાં હોસ્ટેલ સંચાલક મયૂર, મોટા સ્વામી નારાયણસ્વરૂપદાસ અને ધર્મસ્વરૂપદાસ સ્વામી આ ત્રણેયે મને ધમકાવી અને કહ્યું કે, તું આ વાત કોઈને કરીશ તો અમે જોઈ લઈશું. તને સમાજમાં બદનામ કરીને રાખી દઈશું, તને જીવવા જેવી નહિ રહેવા દઈએ.

**બે સ્વામી સહિત ત્રણ સામે ફરિયાદ**

આમ આ ધર્મસ્વરૂપદાસ સ્વામીએ મારી સાથે મિત્રતા કેળવી પ્રેમજાળમાં ફસાવી ખોટા લગ્નનું નાટક કરી મારી સાથે અવારનવાર મારી ઈચ્છા વિરૂદ્ધ મારી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. મને તેનાથી ગર્ભ રહી જતા હોસ્ટેલના સંચાલક મયૂર કાસોદરિયા સાથે પ્રેગ્નન્સી કિટ તથા ગર્ભપાતની દવા મોકલાવી મારી ઈચ્છા વિરૂદ્ધ મારો ગર્ભપાત કરાવ્યો હતો. આ સમગ્ર બનાવમાં નારાયણ સ્વરૂપદાસ સ્વામી તથા હોસ્ટેલના સંચાલક મયૂરભાઈ આ બન્ને ધર્મસ્વરૂપદાસ સ્વામીને મદદ કરતા તેઓની વિરુદ્ધ પોલીસે આઈપીસી ૩૭૬ ૨)(એન), ૩૧૩, ૧૧૪ મુજબ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખોટા દસ્તાવેજોથી રાજકોટ અગ્નિકાંડને નકલીકાંડ સાબિત કરવા માંગતા બે અધિકારીઓના રિમાન્ડ મંજૂર

## પાંચ દિવસના રિમાન્ડમાં અન્ય નામો બહાર આવવાની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડને નકલીકાંડ કરનારા બે અધિકારીની શનિવારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

બંને દ્વારા ગેમઝોન દુર્ઘટના બાદ બચવા માટે ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. બંનેએ TP શાખામાં ખોટું રજિસ્ટર બનાવ્યું હોવાનું સામે આવતા ટીમ દ્વારા પુરાવાઓ એકત્ર કરી તપાસ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રવિવારે બંનેને ક્રાઈમ બ્રાન્ચથી કોર્ટમાં રિમાન્ડ માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં અદાલત સમક્ષ બંનેના ૭ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જો કે, કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મળતી વિગત મુજબ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગ્નિકાંડ મામલે તપાસનો દોર શરૂ છે. આ દરમિયાન આરોપીઓએ અગ્નિકાંડના બીજા દિવસે પુરાવાનો નાશ કરી ખોટું રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. જેમાં રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગના વધુ બે આરોપીઓની સંડોવણી ખુલી હતી. પોલીસ તપાસમાં રાજેશ મકવાણાની વોર્ડ નંબર ૧૦માં જવાબદારી નહીં હોવા છતાં ગુનાના કામે સંડોવાયેલો હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ATP રાજેશ મકવાણા અને જયદીપ ચૌધરીની ગઈકાલે ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમજ આજે બંનેને ૭ દિવસના રિમાન્ડની માગ સાથે એ. એસ. ખંડેલવાલની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અદાલત સમક્ષ એડિશનલ સ્પે. પીપી નિતેશ કથિરિયાએ જણાવ્યું હતું કે, ટાઉન પ્લાનિંગ વિભાગના આ બંને સહિત તમામ અધિકારી જાણતા હતા કે ગેરકાયદેસર બાંધકામ કાયદેસર થઈ શકે તેમ નથી. કારણ કે, GPMC-૨૬૦(૨)ની નોટિસ બાદ ગેર કાયદેસર બાંધકામને કાયદેસર કરી શકાતું નથી. આ ડિમોલેશનની નોટિસ બાદ બાંધકામને કાયદેસર કરવા માટે રેગ્યુલરાઈઝની અરજી પણ કરી શકાતી નથી. જો અરજદારને વાંધો હોય તો વહીવટી તંત્રની નોટિસ સામે સિવિલ કોર્ટમાં દાવો કરવો પડે છે. જેને લઈને આ અગ્નિકાંડ સર્જાયા બાદ ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે સંકળાયેલા એમ. ડી. સાગઠિયા સહિતનાએ ઈમ્પેક્ટને લગતા ડોક્યુમેન્ટ્સ ઊભા કર્યા હતા. અગ્નિકાંડ બાદ બંને દ્વારા ખોટું રજિસ્ટર તૈયાર કરી પુરાવાનો નાશ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ત્યારે આ કામગીરીમાં તેમની સાથે અન્ય કોની સંડોવણી છે ? તેમજ કોના કહેવાથી બંનેએ આ કામ કર્યું હતું ? તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા તેઓની સઘન પૂછપરછ કરવામાં આવશે. આ માટે આરોપીઓનાં રિમાન્ડ મેળવવા પણ જરૂરી હોવાથી બંનેનાં ૭ દિવસનાં રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જો કે, અદાલતે ૫ દિવસ એટલે કે આગામી ૨૧ તારીખ સાંજના ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત રવિવારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તત્કાલિન ટીપીઓ મનસુખ સાગઠિયા સામે વધુ એક પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. અગ્નિકાંડ ત્રીજા દિવસે એટલે કે, ૨૭.૫.૨૦૨૪ના રોજ સાગઠિયાએ ગર્ભીત ધમકી સાથે કડક સૂચના આપી પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા મિનિટ્સ બુકની ખોટી માહિતી દર્શાવી હોવાનું સામે આવ્યું હતું. હાલ રાજકોટ મનપાના ચાર અધિકારીઓ સહિત કુલ ૯ આરોપીઓ રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે. જ્યારે જમીન માલિક આરોપી અશોકસિંહ જાડેજા રિમાન્ડ પર છે. ત્યારે પોલીસે વધુ બે અધિકારીની ધરપકડ કરી આ દુર્ઘટનાનાં મૂળ સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે.

# રાજ્યભરની મ્યુનિ. કોર્પો.ના કામકાજ અંગેની તપાસ કરવા હાઈકોર્ટનો સરકારને આદેશ

## અધિકારીઓની જવાબદારી નક્કી કરવા ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરવા આપ્યો નિર્દેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

રાજકોટ ગેમ ઝોનની દુર્ઘટના બાદ ગુજરાત હાઈકોર્ટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના અગ્ર સચિવને સ્પષ્ટ આદેશ જારી કર્યો હતો.

વિભાગ તેમજ ગુજરાત સરકાર દ્વારા કડક પગલાં લેવા જરૂરી છે અને સમગ્ર તંત્રને કામે લગાડો અને વ્યવસ્થિત કરો તેવી ટિપ્પણી કરતા હાઈકોર્ટે સરકારને રાજ્યભરની મ્યુનિસિપલ કોર્પોરેશનોના કામકાજ અંગે તપાસ કરવા જણાવ્યું હતું.

હાઈકોર્ટે આદેશ કર્યા મુજબ રાજ્યની એકંદર દેખરેખની ભૂમિકામાં પણ સરકારને તે જોવું જરૂરી છે કે તાજેતરના બનાવોને ધ્યાનમાં રાખીને રાજ્યમાં મહાનગરપાલિકાઓની કામગીરીની તપાસ કરવામાં આવે. મોરબી બ્રિજ , હરણી તળાવ બોટ દુર્ઘટના અને રાજકોટ TRP ગેમિંગ ઝોન આગની ઘટના જેવી કમનસીબ ઘટનાઓથી સ્પષ્ટ થાય છે ગુજરાત રાજ્યમાં સંબંધિત કોર્પોરેશનોના મ્યુનિસિપલ કમિશનરો તરફથી ફરજોની અવગણના થઈ રહી છે. ૨૭ લોકોનાં જીવ લેનાર રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના અંગે સુઓમોટુ અરજીની સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે નિર્દેશો જારી કર્યા છે. હાઈકોર્ટે અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માટે ત્રણ સભ્યોની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરવાનું પણ કહ્યું છે જે રાજકોટ મહાનગરપાલિકા મ્યુનિસિપલ કમિશનરો સહિત અધિકારીઓની TRP ગેમિંગ ઝોન બાબતે શરૂઆતથી અંત સુધીની ભૂમિકાની તપાસ કરશે. અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનારી વિસ્તૃત પૂછપરછમાં તેમના દ્વારા રચાયેલ સમિતિની સહાયથી, તેઓ દોષિત કે બેજવાબદાર જણાયેલ કોઈપણને બક્ષશે નહીં અને રાજકોટ મહાપાલિકાના અધિકારીઓની ફરજમાં બેદરકારી કે નિષ્ક્રિયતાના તમામ પાસાઓની તપાસ કરીને કરશે અને તે બાબતોને પ્રકાશમાં લાવવામાં આવશે અને રિપોર્ટ ૪.૭.૨૦૨૪ સુધીમાં સબમિટ કરવાનો રહેશે.

હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે આ પુનરાવર્તિત ઘટનાઓ દર્શાવે છે કે જાહેર સ્થળો દ્વારા અને મનોરંજનની જગ્યાઓ જ્યાં મોટા પ્રમાણમાં લોકો આવે છે અને માનવ જીવન માટે અસુરક્ષિત રાખવામાં આવે છે, કારણ કે ફરજો નિભાવવામાં બેદરકારી અથવા સંસ્થાના વડાની નિષ્ક્રિયતા દેખાય છે. અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તેમના વિભાગોને સુવ્યવસ્થિત કરવા માટે કડક પગલાં લેવાની જરૂર છે, કારણ કે તે સ્પષ્ટ છે કે રાજ્યમાં કોર્પોરેશનોના મ્યુનિસિપલ કમિશનરોની કામગીરીનું નિરીક્ષણ કરવાની જરૂર ઊભી થાય છે. હાઈકોર્ટે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવને આવી કડક કાર્યવાહી કરવી જરૂરી છે.

ઝઘડિયા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય છોટુભાઈ વસાવાના આકરા પ્રહારો

# રાજ્યભરના તમામ જમીન કૌભાંડોના બનાવોમાં રાજ્ય સરકાર અને ભાજપના નેતાઓ જવાબદાર

## હિન્દુત્વનું નામ લઈ સરકાર બનાવવાની અને હિન્દુઓને જ ડૂબાડી દેવાના : વસાવા

(સંવાદદાતા દ્વારા) ભરૂચ,તા.૧૬

ઝઘડિયા વિધાનસભા મત ક્ષેત્રના માજી ધારાસભ્ય અને ભારત આદિવાસી પાર્ટીના રાષ્ટ્રીય સંરક્ષક છોટુભાઈ વસાવાએ રાજ્યભરમાં ચાલતી જમીન કૌભાંડની ઘટનાઓને લઈ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર અને ભાજપાના નેતાઓને જવાબદાર ઠેરવ્યા છે, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભરૂચ જિલ્લામાં નહીં પુરા ગુજરાતમાં જમીન કૌભાંડ માટે ભુપેન્દ્ર પટેલની સરકાર જવાબદાર છે, નડિયાદમાં મામલતદાર ઓફિસમાં ભુપેન્દ્રભાઈ બેઠા તો ભરૂચ કલેકટર ની ખુરશી પર બેસી જિલ્લાના જમીન કૌભાંડા ક્યારે બહાર પાડશો? ભરૂચમાં એટલું મોટું જમીન કૌભાંડ છે કે પડાલમાં ૪૮ હેક્ટર જમીનમાં સરકારના મળતીયાઓએ કામ શરૂ કરાવ્યું છે, અધિકારી નેતાઓના

### ભાજપવાળાઓએ આ દેશને ખાલી કરી દીધો છે : છોટુભાઈ

મેળાપીપણામાં કૌભાંડો ચાલે છે, ભાજપ એ પાર્ટી મજબૂત કરવા જે લોકોની ભરતી કરે છે તે લોકો અત્યાર સુધી ગરીબોની વાત કરતા હતા, એ લોકો એમ જ તો પાર્ટીમાં જતા નથી એમને પણ અપેક્ષા હોય છે, તેવા લોકોને આવા કોન્ટ્રાક્ટમાં જોડી આપે છે, રાજ્યનું ખાણ ખનીજ વિભાગ છે તે મોટાપાયે ચોરી કરાવે છે, જેથી લોકો ત્રાહીમામ પોકારી ઊઠયા છે, લોકોની જમીનો છીનવી લીધી છે, આદિવાસીઓની અને જંગલની જમીનમાં ધંધો ચલાવે છે, ગૌચરની જમીન બાબતે જણાવ્યું હતું કે ગૌચરની જમીન પર પ્રતિબંધ છે, સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે ગૌચરની જમીન માં જે દબાણ છે તે દૂર કરો એ અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરો, તેમ છતાં રોજ નવું નવું બાંધકામ અને ખનીજ ખનનની પરમિશન આપી રહ્યા છે, કૌભાંડો અને ચોરી કરવા ડિપાર્ટમેન્ટો બનાવ્યા હોય તેમ લાગે છે, ભાજપ દુનિયામાં એવું બતાવે છે કે દુનિયામાં અમે સૌથી મોટી પાર્ટી બનાવી છે, ભાજપ વાળાએ જ આ દેશને ખાલી કરી દીધો છે તેમ તેમણે જણાવ્યું હતું. સુરતમાં હજારો કરોડ ની જમીનનું કૌભાંડ કોની રહેમ નજર હેઠળ થયું તેઓ વેધક પ્રશ્ન કર્યો હતો. વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ડેમમાંથી પાણી છોડી માનવસર્જિત હોનારત કરી તેમાં કેમ એફઆઈઆર કરવામાં આવતી નથી? મોટાપાયે ખેતીને નુકસાન કર્યું, લોકોના ઘરોને નુકસાન થયું, વાહનોને નુકસાન થયું તમ છતાં સરકારના પેટનું પાણી હાલતું નથી, હિન્દુત્વનું નામ લઇ સરકાર બનાવવાની અને હિન્દુઓને જ ડુબાડી દેવાના તેઓએ આક્ષેપ કર્યો હતો. આદિવાસીઓની જમીન માટે ખનીજ કાઢવાનો છૂટોદોર આપી દીધો છે, જેથી એમ લાગે છે કે સરકાર જેવું કશું છે જ નથી, ભુપેન્દ્ર પટેલે કલેકટરને આદેશ આપવો જોઈએ કે ૭૩ એએ ની જમીન પાછી આપે, લેન્ડ ગ્રેબિંગનો કાયદો બનાવ્યો તો ક્યાં કોઈના પર ફરિયાદ કરી છે? ફક્ત પૈસા જ ઉઘરાવી લીધા છે, પૈસા ઉઘરાવવા માટે તમે કાનૂન બનાવી દીધો છે જેથી લોકો પોતાના ત્યાં જ છે, એટ્રોસિટીની ઘટનામાં તમે કોઈને સજા કરી નથી, ઝઘડિયા તાલુકામાં ખનીજ ચોરી થાય છે તેની કોઈ પરમિશન નથી છતા આડેધડ ખનીજ ખનન ચાલે છે જેથી લાગે છે કે સરકાર જેવું કશું છે જ નથી તેવો આક્રોશ વ્યકત કર્યો હતો.

વાલીઓને ૧૮ જૂનથી સ્કૂલના ધક્કા ખાવા પડશે

# અનેક પડતર માગણીઓને લીધે સ્કૂલ વાહનચાલકો હડતાળ પર જશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના વાલીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. મંગળવારથી સ્કૂલ વાહનચાલકો હડતાળ પર જશે. ટ્રાફિક પોલીસ અને RTOની કામગીરીના વિરોધમાં સ્કૂલ વાહનચાલકો હડતાળ પર જશે. વાહનચાલકો તેમના પડતર પ્રશ્નો અને ધીમી પાસિંગ પ્રક્રિયાથી નારાજ ચાલી રહ્યા છે. ત્યારે સ્કૂલવર્ધી એસોસિએશને હડતાળ પર જવાનો નિર્ણય લીધો છે. હડતાળના નિર્ણયથી વાલીઓની ચિંતામાં વધારો થયો છે. વાલીઓએ નવી આફતનો સામનો કરવો પડી શકે છે. ગુજરાતમાં હજુ તો આ સપ્તાહે જ સ્કૂલો શરૂ થઈ છે ત્યાં વાલીઓએ મંગળવારથી સ્કૂલોના ધક્કા ખાવા પડી શકે છે. સ્કૂલવર્ધી એસોસિએશને આ વર્ષે શૈક્ષણિક સત્ર શરૂ થવાની સાથે જ ભાડામાં વધારો કરીને વાલીઓ પર મોંઘવારીનો બોજ નાંખ્યો છે. હવે વાલીઓએ સ્કૂલ વાહનચાલકોની હડતાળના કારણે સંતાનોને સ્કૂલે મૂકવા-લેવા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. સ્કૂલ વાહનચાલકોએ તેમના કેટલાક પડતર પ્રશ્નો અને મંથર ગતિએ થતી પાર્સિંગ પ્રક્રિયા સહિતની કેટલીક સમસ્યાનો ઉકેલ ના આવતાં અંતે મંગળવારથી હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. ટ્રાફિક પોલીસ અને RTO વિભાગની કેટલીક કાર્યવાહીના વિરોધમાં આ નિર્ણય લેવાયો છે. જો કે, વાલીગણે સ્કૂલ વર્ધી એસોસિએશનના હડતાળના નિર્ણયને વખોડી કાઢ્યો છે. ઉલ્લેખનીય છે કે, સ્કૂલ વાહનચાલકોના કેટલાક પડતર મુદ્દાને લઈને આજે (રવિવાર) એસોસિએશનની એક બેઠક હતી. બેઠકમાં સ્કૂલ રિક્ષા અને વેનમાં પાર્સિંગની પ્રક્રિયા ઝડપી બનાવવા માંગ કરાઈ હતી.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS